

કુમાર

વર્ષ : ૭૪

સળંગ અંક : ૮૮૧
મે ૨૦૦૧





ચિત્રકાર] **વયોવૃદ્ધ યહૂદી** [પિકાસો

પિકાસોની ચિત્રકાર તરીકેની કારકિર્દીના વિવિધ તબક્કાઓમાંથી 'ભૂરા તબક્કા 'તરીકે જાણીતા કાળનું આ ચિત્ર તેમાંના ભૂરા રંગની તીવ્રતા અને માનવ-આકૃતિની આબેહૂબ રેખાઓથી વિશિષ્ટ બન્યું છે. ઈ.સ. ૧૯૦૩માં કેનવાસ પર તૈલરંગમાં તૈયાર થયેલું ૧૨૫x૯૨ સે.મી.નું આ ચિત્ર મોસ્કોમાં 'મ્યૂઝીઅમ ઑવ્ મૉડર્ન વેસ્ટર્ન આર્ટ'માં સંગ્રહાયેલું છે.

પૂરા પરિવારનું સર્વલક્ષી સુરુચિપૂર્ણ
સામયિક

કુમાર

વર્ષ ૭૪મું — અંક ૫

સ્થાપના : ૧૯૨૪

સંસ્થાપક અને આદ્યતંત્રી
રવિશંકર મ. રાવળ

ભૂતપૂર્વ તંત્રી
બચુભાઈ રાવત

તંત્રી
ધીરુ પરીખ

ડિરેક્ટરો
હીરાલાલ હ. ભગવતી (ચેરમૅન)
બિહારીલાલ પો. શાહ
ભાલચંદ્ર ર. શાહ

સૂચના

- ★ કુમાર દર માસની ૧૭મી તારીખે પ્રકટ થાય છે. મહિનાની આખર સુધીમાં અંક ના મળે તો પોતાના વિભાગની પોસ્ટ ઑફિસે તપાસ કર્યા પછી જ જાણ કરવી. જો અંક સિલકમાં હશે તો બીજો મોકલી અપાશે. આવી અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રકટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે.
- ★ અહીં પ્રકટ થતાં લખાણોમાંના અભિપ્રાયની જવાબદારી તે તે લેખકની છે.
- ★ લેખકોએ પોતાનું લખાણ કાગળની એક બાજુએ, સ્વચ્છ અને સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. ઝેરોક્ષ નકલ મોકલવી નહીં.
- ★ સામાન્ય રીતે સ્વીકૃત કૃતિનો જવાબ એકાદ માસમાં અપાય છે, અન્યથા કૃતિ અસ્વીકૃત સમજવી. જવાબી ટપાલખર્ચ ન મોકલવું.
- ★ ગ્રાહકે પોતાના સરનામામાં ગામનો પિન કોડ સ્પષ્ટ અક્ષરે અચૂક જણાવવો. અંગ્રેજી અક્ષર સાથેનો આપનો ગ્રાહક નંબર પત્ર-વ્યવહારમાં અવશ્ય જણાવવો.

સાંકળિયું

કુમાર સળંગ અંક ૮૮૧

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી પ્રકાશક : ધીરુભાઈ ઈ. પરીખ
પ્રકાશનસ્થાન : કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ,
બઉવાની પોળ સામે, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ફોન નં. ૨૧૪૩૭૪૫)
કમ્પ્યૂટર કમ્પોઝ : કુમાર કાર્યાલય લિમિટેડ, ૧૪૫૪, રાયપુર ચકલા, પોલીસ ચોકીની પાછળ, અમદાવાદ.
મુદ્રક : દેસાઈ ઑફસેટ, ૪૯, શિવશક્તિ એસ્ટેટ, હોટેલ પ્રેસ્ટિજની પાછળ,નારોલ, અમદાવાદ ફોન : ૫૭૩૫૨
વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦; પરદેશમાં હવાઈમાર્ગે ડૉલર ૨૫, પાઉન્ડ ૧૫ અથવા રૂ. ૧૦૦૦.
અમને સીધું લવાજમ મોકલનાર માટે ૩ વર્ષના રૂ.૪૦૦ અને પાંચ વર્ષના રૂ.૭૦૦
આ અંકની છૂટક કિંમત રૂ. ૨૦ : ૦૦ + રવાનગી ખર્ચ રૂ. ૫ · ૦૦

વાચકો લખે છે

'કુમાર'ના ડિસેમ્બર ૨૦૦૦ના અંકમાં જ્યોતિ ભટ્ટનો પત્ર વાંચ્યો. 'જ્યોથિ', 'તિરુવંથ' જેવા ઉચ્ચારોથી તેમના જેવી જ અસ્વસ્થતા મેં પણ અનુભવી હતી.

આજે ૧૫ વર્ષ થયાં હૈદરાબાદમાં વસું છું અને ૨૦થી અધિક વર્ષો થયાં ગુજરાત બહાર વસી છું. ઘણાં દક્ષિણ ભારતીય લોકોના નિકટના પરિચયમાં આવી છું. એટલે આ પત્ર લખવાની ધૃષ્ટતા કરું છું. એને ધૃષ્ટતા કહેવાનું કારણ એક જ કે હું કોઈ ભાષાવિદ્ નથી, પણ ભાષાઓની ખૂબીમાં સામાન્ય કરતાં મને જરાક વધુ રસ પડે છે ને એટલે જ્યોતિભાઈના પ્રશ્ન પર થોડોઘણો પ્રકાશ પાડી શકું તેમ છું.

જ્યોતિભાઈનું અનુમાન તદ્દન સાચું છે. દક્ષિણ ભારતની ચાર ભાષાઓમાં (તેલુગુ, તામિળ, મલિયાલમ્ અને કન્નડ) TH સંજ્ઞા-સમન્વય ત અને થ બંને માટે વપરાય છે. જ્યારે T ટ અને ઠ માટે વપરાય છે. 'જ્યોથિ', 'વૈજયન્થિ' કે 'તિરુવંથ' લખીને પણ ઉચ્ચાર તો આપણે કરીએ છીએ એમ 'જ્યોતિ', 'વૈજયન્તિ' કે 'તિરુવંત' જ કરે છે. 'થ' અક્ષરની બારાખડીની ઉપસ્થિતિ માટે આ ચાર ભાષાઓમાં બે તારણ છે. તેલુગુ અને કન્નડ એ બંને સંસ્કૃતોત્પન્ન ભાષાઓ છે એટલે એમની બારાખડી ગુજરાતી જેવી જ છે. તામિળ ભાષા એક પ્રાચીન ભાષા છે, સંસ્કૃતથી પણ જૂની. (મારા અનુમાન પ્રમાણે મલયાલમ્ ભાષા પણ સંસ્કૃતોત્પન્ન જ છે, પરંતુ એની ઉપર તામિળ-પ્રભાવ કંઈક વિશેષ સ્વરૂપમાં ેવા મળે છે. મલયાલમ ભાષા વિશે કાંઈ ાતરીપૂર્વક કહેવું મારે માટે અશક્ય છે. ાચ અન્ય કોઈ વાચક એની પર પ્રકાશ શે.) તેલુગુ અને કન્નડ ભાષાઓ ઉપર પેળ ભાષાનો પ્રભાવ ઘણો છે. હવે તામિળ ખડી આપણી બારાખડી કરતાં જુદી છે. ામિળમાં 'ક, ખ, ગ, ઘ' માટે એક જ ા છે અને એ જ પ્રમાણે 'ચ, છ, જ, ઝ', ., ડ, ઢ' 'ત, થ, દ ધ' અને 'પ, ફ, બ, પ્રત્યેક માટે એક એક સંજ્ઞા છે. આને ો 'ત, થ, દ, ધ' માટે એમણે TH અને 'ટ, ઠ, ડ, ઢ' માટે T વાપરવાનું રાખ્યું છે. તામિળ માટે તો અંગ્રેજીમાં લખવા માટેનો પ્રશ્ન ઊકલી ગયો; પણ આ જ પદ્ધતિ તેલુગુ, કન્નડ અને મલિયાલમે પણ અપનાવી, જેને લઈને 'ત અને થ' માટે TH એવો વપરાશ ઊભો થયો.

હવે કોઈને પ્રશ્ન થશે કે તો પછી દ કે ધ - ની જગ્યાએ TH કેમ કોઈ નથી વાપરતું ? વાપરે છે, પણ કેવળ તામિળમાં, ક્યારેક ક્યારેક. અને તેલુગુમાં દ અને ધ માટે ક્યારેક DH વપરાય છે. બંનેનાં ઉદાહરણ આપું. શ્રીલંકાનો ક્રિકેટખેલાડી 'Muralitharan', એને કેમ બોલાવવો ? 'મુરલીથરન્' કે 'મુરલીતરન્'. બંને ખોટા ઠરશે. એ છે 'મુરલીધરન્' આ શબ્દ તામિળ ભાષા પ્રમાણે લખાયેલો છે. મારા એક તામિળ મિત્રના પિતાનું નામ છે દત્તાત્રેય પણ તેઓ લખે છે : 'Thatthathreya' અને એમના નામમાં પિતાના નામના આદ્યાક્ષર માટે વાપરે છે 'ટી.' હવે દ અને ધ માટે DHના વપરાશનું ઉદાહણ. અમારા એક બીજા મિત્ર તેલુગુ છે. એમનું નામ છે મધુસૂદન અને એ લખે છે, 'Madusudhana' !

મૂળ આ બધામાં નડે છે અંગ્રેજી ભાષાની અક્ષર-મર્યાદા ! ગુજરાતીમાં પણ ટ અને ત માટે T અને ઠ અને થ માટે TH વાપરીએ છીએ ને ! અને છતાંય આ ચારેય અક્ષરોનો ભાષામાં વપરાશ ભરપૂર છે. આ અક્ષર-મર્યાદાને પહોંચી વળવાનો પ્રયત્ન અક્ષરની નીચે નુકતા વાપરીને થયો છે- જેમ કે ણ માટે N અને ળ માટે L વગેરે. પણ એનો વપરાશ એટલો પ્રચલિત નથી.

ભારતના જુદા જુદા પ્રદેશના મિત્રો બનાવીને એક સરળ વાત હું શીખી છું. નામ વાંચું કે તરત ક્યાંનું નામ છે એ જાણીને ગુજરાતીમાં એ નામ કેવી રીતે ઉચ્ચારાય એ માટે થોડી ગણતરી કરવા માંડું, કારણ કે અનુભવે મને શીખવાડ્યું છે કે અંગ્રેજીમાં નામ ગમે તે રીતે લખો પણ મૂળ નામ તો આપણી જાણીતી ભાષામાંથી જ આવ્યું છે. દક્ષિણ ભારતની ભાષાઓ કરતાં બંગાળી ભાષા માટે આવી ગણતરીઓ ઝાઝી વાર કરવી પડે છે. પણ એનાં ગમ્મતભર્યાં ઉદાહરણો ફરી કોઈ વાર !

-હિના ગોખલે (હૈદરાબાદ)

*

નર્મદાકાંઠે ચાંદોદમાં, ગાયકવાડી રાજ્યકાળનું કાશીવિશ્વનાથ શિવાલય છે. એના ઘુમ્મટમાં કરાયેલ સુંદર ચિત્રોમાં પોતાની ભુજાઓમાં બંદૂકો ધારણ કરેલ લંકાપતિ રાવણ દર્શાવાયો છે. વડોદરાની સુશ્રી રણજિત કૉન્ટ્રાક્ટરે એમના પીએચ.ડી. માટેના સંશોધનમાં આ ભીંતચિત્રોનો સમય સન ૧૭૮૨ જણાવ્યો છે. વડોદરામાં કામનાથ મહાદેવ મંદિરના ઘુમ્મટમાં પણ બંદૂકધારી રાવણ જોવા મળે છે. આ ચિત્રો ચાંદોદનાં ચિત્રોની પહેલાં બન્યાં હોવાનો સંભવ છે. ઉપરોક્ત ચિત્રોમાં તોપ-ગોળા પણ જોવા મળે છે. તાત્પર્ય એ કે ભારતમાં ૧૭૮૨ પહેલાં બંદૂકો આવી ગયેલી, સામાન્ય થઈ ચૂકેલી.

ભારતમાં તીર, ભાલા, તલવાર વડે લડતા રણઘેલા રાજપૂતોને પરાજિત કરવામાં મુઘલોને અને ત્યાર બાદ એ બન્ને પર પોતાનું વર્ચસ જમાવી અંગ્રેજોનું સામ્રાજ્ય સ્થાપવામાં કારણરૂપ થનાર ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સૈનિકોને બંદૂકો તથા દારૂગોળાનો મોટો લાભ મળ્યો હતો. બંદૂકના વિકસિત સ્વરૂપ રાઈફલ માટેના કારતૂસમાં પ્રાણીની ચરબી વપરાતી અને કારતૂસનો ઉપયોગ કરતાં પહેલાં તેને મોઢામાં નાખી દાંત વડે ખોલવા પડતા હતા એ કારણે ૧૮૫૭ના વિપ્લવનું તે એક મહત્ત્વનું નિમિત્ત બની ગયું હતું. આ સંદર્ભો જોતાં 'કુમાર'ના માર્ચ ૨૦૦૧માં છેલ્લે પાને આપેલી માહિતી 'વિશ્વની પ્રથમ બંદૂક યુ.એસ.એ.માં સન ૧૯૩૫માં કોલ્ડ નામની વ્યક્તિએ બનાવી હતી' – માં વિગતોની જરા ભેળસેળ થઈ ગઈ હોય તેવું લાગે છે.

બંદૂકોમાં રસ ધરાવતા વડોદરાના એક યુવાન કલાકાર મિત્ર અભય ગાયકવાડ પાસેથી 'કુમાર'ના વાચકોને રસ પડે તેવી થોડી માહિતી પ્રાપ્ત થઈ શકી છે : (૧) તોપ-બંદૂકમાં વપરાતા દારૂની શોધ ૧૩મી સદીના આરંભકાળમાં ચીનમાં થયેલી. (૨) ઈંગ્લંડમાં ત્રીજા એડવર્ડના સમયમાં ૧૪મી સદીના પૂર્વાર્ધ દરમ્યાન તોપમાં દારૂ વપરાવાની શરૂઆત થઈ. (૩) હાથમાં રાખીને ઉપયોગ કરી શકાય તેવી નાની બંદૂકો સ્મૉલ આર્મ ૧૪મી સદીમાં વપરાવા લાગી હતી. (૪) અમેરિકામાં ૧૫મી સદીમાં કોલંબસે પગ મૂક્યો ત્યારે જ તેની સાથે યૂરપથી બંદૂકો ત્યાં પહોંચી અને ત્યાં યૂરપની ગોરી ત્વચાધારી પ્રજાઓનું સામ્રાજ્ય જમાવવામાં ફાળો આપ્યો.

ધીરેધીરે દરેક સમયે નળીમાં દારૂ ધરબી, તેની પર ગોળી ઠાંસી, સળગતી જામગરી ચાંપી દારૂનો ધડાકો કરી ગોળી છોડવાની

(અનુસંધાન પૃ. ૨૮૧)

તુમ બિન/ હસમુખ પાઠક

(ગાન)

કેશવ, તુમ બિન,
પ્રાણ-રહિત મન,
ચેતન બિન તન,
સકલ ઝૂરાય;
જલ બિન મચ્છી,
પવન બિન પંછી,
તેજ-રહિત ઋતુ,
સહુ મૂરઝાય.
તિમિર હરો પ્રભુ,
કામ ગ્રહો પ્રભુ,
પ્રેમ ધરો પ્રભુ,
જીવ હિજરાય !
કિંકર હસમુખ,
તુમ બિન રડમુખ,
તુમ સંગ બહુત-
બહુત હરખાય !

વેળ સઘળી

ચંદ્રકાન્ત સાધુ

(શિખરિણી • સૉનેટ)

સવારે શોભાઓ પુનિત પ્રગટે શૈલશિખરે,
પ્રભાતી પૂજામાં ખિલખિલ હસે પુષ્પ નમણાં,
વિહંગોની પાંખે મુખરિત થતાં ધન્ય શમણાં,
અને હર્ષોલ્લાસે અનિલ પરસે આત્મ નિખરે.

બપોરી વેળાએ સુભગ ધરતી સૌમ્ય વિલસે,
દ્રુમોની ડાળીએ વિહગણના શ્વાસ પમરે,
રજોટાઈ કાયા, સુરભિત થતી સદ્ય કરુણા,
થઈ આઘાંપાછાં મરક મરકે ક્યાંક તરણાં.

અને સાંજે શીળો પવન ફરકે, આભ સઘળું
વિહંગાઈ જાતું, પુલકિત થતું, રંગસરનાં
વહે કેવાં દૃશ્યો ગગનફલકે દિવ્ય કરનાં !
છુપાઈને છાનું રગરગમહીં કોણ અડતું ?

સવારો, બપ્પોરો, સરલ સરકે સાંજ નમણી,
કુંવારી છાતીમાં ધબક ધબકે વેળ સઘળી.

સૃષ્ટિ નવલી/ ગીતા પરીખ

(ગાન)

આ તડકો પોચો પાન પાન પર
લળી લળી લહરાયે,
એ તેજ લીંપણે આભે કેવો
રંગ સુંવાળો છાયે !

આ હરિયાળીના લીલા હૈયે
નવચેતન છંટાયું,
એ તેજધારમાં પલળી ભીનું
મને કોરું મલકાયું,
આ ઈન્દ્રધનુના દરવાજા-શી
કમાન નભ પર સોહે,
એ સપ્તરંગ પર ચઢી-ઊતરી
નજર માહરી મોહે.
આ આભ તણે ચંદરવે, ઝલમલ
ઝીણાં આભલાં ઝળકે
એ તેજે એના વિભાવરીનો
શ્યામ પાલવ ફરકે.

આ આશાવરીના સૂર સુકોમળ
તુષાર-જલ પર ઝૂલે,
એ સપ્ત-સ્વરોની સ્વરાવલિમાં
સૃષ્ટિ નવલી ખૂલે !

અઘરું પડ્યું

હરજીવન દાફડા

(ગઝલ)

હર પળે સંભાળવું અઘરું પડ્યું,
શ્વાસનું ઘર પાળવું અઘરું પડ્યું.

કેટલાયે કાંકરા મનમાં હતા,
રોજ ઊઠી ચાળવું અઘરું પડ્યું.

તાડથી ઊંચું અહમ્‌નું ઝાડવું,
છોડ માફક વાળવું અઘરું પડ્યું.

મન પ્રવાહી ના થયું એ કારણે,
કોઈ કદમાં ઢાળવું અઘરું પડ્યું.

રાખમાં પણ યાદ ઊભી છે હજી,
ઘર સદંતર બાળવું અઘરું પડ્યું.

મેં મથામણ જિંદગી આખી કરી,
તોય મૃત્યુ ટાળવું અઘરું પડ્યું.

શેરીમાં જઈએ તો

ધીરેન્દ્ર મહેતા

(ગાન)

શેરીમાં જઈએ તો સામા મળે,
ખડકી વાખીને તમે બેસી રો' તો શું મળે !
થોડાક ઉધામા મળે....

એકલી તો કોઈ દી હોતી નથી,
હોય ચરચારના ટોળામાં ભીંતો,
એનીય આગળ ઉંબરો હોય એ
છાયાની ઠોકરથી બીતો,
પૂછો સવાલ તો ઉત્તર એનો 'હા'માં મળે,
કદીક 'ના'માં મળે...

લાંબાંટૂંકાં થાય જ્યાં કને અજવાળાં,
ઊભું છે એવું આ ઘર,
નળિયાંની ઉપર ચાંદની રેલે ને
ચપટીક ચાંદરણાં ભીતર,
ઉંબરમાં, ખડકીમાં, ડેલીમાં મળે તો
કેવા વિસામા મળે !

<u>તુમ બિન</u> • પારંપરિક લય-ભાવની સૃષ્ટિનો આનંદ આપતા આ ગીતમાં 'હસમુખ'ની સામે પ્રયોજાયેલો 'રડમુખ' શબ્દ વિરહભાવને વળ આપે છે. <u>સૃષ્ટિ નવલી</u> • પોચા તડકાના સંકેતથી શરૂ કરી, આભના ચંદરવે ઝલમલતાં ઝીણાં આભલાં-શા તારકો અને અન્તે તુષાર-જલના ઉલ્લેખથી પરોઢના વાતાવરણને પ્રકૃતિ અને સંગીતની સૂરાવલીના નિર્દેશોથી રમ્ય બનાવાયું છે. ઈન્દ્રધનુની કમાનનો દરવાજો કહેવામાં કલ્પનાનાવીન્ય સાથે ચાક્ષુપ ચિત્ર પણ ખડું કરાયું છે. જેમ તડકાને પોચો કહી સ્પર્શ્ય અનુભૂતિ અભિવ્યક્ત કરાઈ છે તેમ. પ્રત્યેક પ્રહરે સૃષ્ટિના નવલા સ્વરૂપનો આહ્‌લાદ પ્રકટી રહે છે. <u>શેરીમાં જઈએ તો</u> • જે બારણાં બંધ કરીને બેસી રહે છે તે શું પામી શકે ? પણ જે ઘર છોડીને શેરીમાં નીકળી પડે છે તેને મહા વિસામો પ્રાપ્ત થાય છે તેવું અભિવ્યંજિત કરતું ગાન <u>વેળ સઘળી</u> • સવાર, બપોર અને સાંજની વેળાનાં વિવિધ ભાવરમ્ય પ્રકૃતિચિત્રો ખડાં કરી તેનો અનેરો આનંદ અભિવ્યક કરતું સૉનેટ <u>અઘરું પડ્યું</u> • જીવનમાં મન, ઈચ્છાઓ અને અહમ્ આને ટાળવાં-ખાળવાં કેટલાં અઘરાં છે તે વિવિધ શેર દ્વારા સુન્દર શબ્દભાવ ચિત્રોથી દર્શાવતી સરસ ગઝલ. -ધી.પ.

સૂત્રસાર

ચરમ અસલામતીનો દુષમકાળ

રાધેશ્યામ શર્મા

આ કાળને ચિંતકોએ અસુરક્ષિતતાનો યુગ (**age of insecurity**) કહ્યો છે. રશિયા યુદ્ધસ્પર્ધામાં કેટલું શાન્ત થઈ ગયું ! અમેરિકા આદિ દેશો સાથે સંપૂર્ણ શાન્તિકરાર કરી લીધા છતાં રશિયાની અંદર આઝાદ થયેલાં, અલગ થયેલાં રાજ્યોના શસ્ત્રસંગ્રહાલયો વિશે સોવિયેત યુનિયન કરતાં પણ વિશેષ અન્ય રાષ્ટ્રોને ભારે ચિંતા છે.

અણુ-પરમાણુ-રાસાયણિક-જંતુપ્રેરિત શસ્ત્રોના શાસ્ત્રજ્ઞો એકેએક પગલું અત્યંત સાવધાનીથી ભરે છે ને છતાં ડરે છે. પૂછીગાછી ગાળીગાળીને પાણી પીવાનો ઘાટ છે.

જેમનો હથિયારના ભંડાર પર હાથ ઊંચે છે અને જેમની દશા યાચકની છે એવા તમામ બિનસલામતીથી પીડિત છે.

યુદ્ધકરાર કર્યા કે સન્ધિકરાર થયા છતાં સંપૂર્ણ અને શુદ્ધ સુરક્ષાની રાહતભરી લાગણી કેમ સર્વત્ર દેખાતી નથી ?

મૂળમાં જ સંશય છે કે કશુંક ખયાલ બહાર રહી જશે તો ભોગ લેશે સૌનો.

સંદેહ જ સર્વત્ર પાકે પાયે નક્કી કરાવવાનો આગ્રહ રાખે. કશું ધારી લઈને, સારું સારું માની લઈને ના જીવાય. નહીંતર છેહ મળે, છેતરાઈ જવાય.

કાંઈ કહેતાં કાંઈ બાકી ના મેલવું જોઈએ. વેપારી દિવાળીએ બાકી નથી છોડતા. ચોપડે જમા-ઉધાર રોકડેથી વ્યવસ્થિત તાળા મળવા જ જોઈએ.

હિરણ્યકશિપુ બડો હિસાબી જીવ હતો. વરદાન માગવામાં એણે કેટલી બધી કાળજી રાખેલી ! મનુષ્યથી ના મરું, પશુથી ના મરું, આકાશમાં ના મરું, ભોંયે ના મરું, દહાડે ના મરું, રાતે ના મરું, હાથે ના મરું હથિયારથી ના મરું.

આમ તો એણે સ્પેસિફિકલી મૃત્યુનું જ વરદાન માગેલું, જેને એ જીવનરક્ષાનું વરદાન માનતો હશે.

નર-સિંહ અવતાર થયો. સંધ્યાસમયે સાથળ ઉપર નખથી હિરણ્યકશિપુ હણાયો. જીવનરક્ષાનું વર મૃત્યુદીક્ષાનું સાબિત થયું.

જ્યારે ભક્ત પ્રહ્‌લાદ ?

કશું પણ માગ્યા વિના વિશ્રામ અને વિરામની દિશામાં પ્રગતિ કરી ચૂક્યો હતો.

એ દિશા કઈ હતી ?

પરમ આશા અને ચરમ આસ્થાની દિશા ! પુષ્ટિ માર્ગમાં શ્રીમદ્ વલ્લભાચાર્યે શ્રીકૃષ્ણ શરણે સ્થિર થવાની આજ્ઞા કરી એમાં આશ્રિતોને પરમોચ્ચ આશ્વાસન અર્પવાનો મનોવૈજ્ઞાનિક ઉપક્રમ છે.

આસ્તિક માત્ર આશ્રિત છે, સુરક્ષિત છે, નિઃશંક છે. તેથી જ નિરાકુળ છે.

એવા જ ઉદ્‌ગારી શકે : ઓહ, એ વિશ્રામ.... બાકી જીવાતી જિન્દગીના પ્રત્યેક શ્વાસમાં જ કેટલાને વિશ્વાસ છે ? બધાં, બધાં જ ભંગુરતાની ભીંસમાં ભીડાયેલાં ઘૂમે છે, ભમરડાની પેઠ પળેપળ અરક્ષિત, નિરાશ્રિત.

વિશ્રામ-વિરામ-આરામ બધા ઠાલા શબ્દો છે. ખાલીખમ ભારખાનાના ડબ્બા !

> ઓહ, એ વિશ્રામ
> જેની સાથે સુરક્ષિતતા અનુભવતા હોઈએ
> એની સાથેની આરામદાયક લાગણી....
> ...નક્કી જ છે કે
> ભરોસાપાત્ર હાથ બધું સંભાળી લેશે.
> -દીનાહ મારીઆ મુલોક કેઈક

ક્યાંયે કુમકે આવી ચઢનારો કર કળાય છે ?

પત્નીને પોતાના પતિના હાથનોયે ભરોસો નથી. પાણિગ્રહણની ક્રિયાવિધિ પછી તે પાણિ વડે પત્નીએ પાણી પણ કેટલી વાર પીધું હશે ! છતાં બધે નિરાશાના વાયુ સદા વહેતા નથી. ત્યાંની કથા જ ન્યારી.

એક ક્ષત્રિય વરરાજા. કેડે તલવારને બદલે કટાર ઝૂલતી હતી. વેલમાંથી ઊતર્યો એવો નવોઢા પાસે પહોંચ્યો અને ખુલ્લી કટાર એના કંઠ પર ધરી દીધી.

ઊભેલાં સૌ સિયાવિયા થઈ ગયા, પણ નવવધૂ લેશ પણ ના ડરી. પાંપણ પણ ના ફરકી. બધા બોલ્યા : ખરી રાજપૂતાણી !

રાજપૂતે એકાંત મળતાં પૂછ્યું : તું કેમ ના ગભરાણી ? રાજપૂતાણી હતી એટલે કે પછી....

નવોઢાએ કહ્યું : માહ્યરામાં તમે હાથ ઝાલેલો ત્યારનો પાક્કો ભરોસો હતો કે તમારા હાથે મારું કશુંયે ના બગડે. પછી મરવાની તો બીક જ બિલ્લીપગે ભાગી ગઈ.... ❒

ઓગણીસમી સદીમાં જન્મી વીસમી સદીના એક મહાન વૈશ્વિક આંદોલન 'નાનું કુટુંબ સુખી કુટુંબ' માટે સંતતિનિયમનનાં આદ્ય પ્રણેતાં અને જીવનભર ઝઝૂમનાર મહાન સન્નારી



માર્ગરિટ સૅંગર

—— કમલા પરીખ ——

કેટલીક વ્યક્તિઓ તેમનાં ડહાપણ, દૃષ્ટિબિંદુ, હિંમત અને ઉમદા શીલથી મહાન બની જાય છે. આપણે આજે આવી વ્યક્તિને મળવું છે પણ તેને સાક્ષાત્ મળી શકાય તેમ નથી, કારણ અત્યારે તે હયાત નથી પણ, આવો, આપણે તેને શબ્દોના માધ્યમથી મળીએ. આ વ્યક્તિ એક મહિલા છે. તેનું નામ માર્ગરેટ સેંગર છે. તે જન્મી હશે ત્યારે તેના તકદીરમાં સતત કર્મરત રહેવાનું અને અંતે સફળતા પ્રાપ્ત કરવાનું લખ્યું હશે. સમસ્ત જીવન દરમિયાન એક ઉમદા વિચારને વિશ્વમાં જાગ્રત કરી અમલમાં મૂકવા માટે તેણે જબરી મથામણ કરી હતી અને વિજયને વરી હતી.

માર્ગરેટનો જન્મ ૧૪મી ડિસેમ્બર ૧૮૭૯માં ન્યૂ યૉર્કના કૉર્નિંગ નામના પરગણામાં થયો હતો. વિક્ટોરિયન યુગમાં જન્મેલી આ નારીએ સંતતિનિયમનને માટે જબરદસ્ત ઝુંબેશ ચલાવી હતી. એ યુગમાં સંતતિ-નિયમન માટે ઝઝૂમવું એ નાનીસૂની વાત નહોતી. અનેક મુશ્કેલીઓનો સામનો કરી એણે એ ઝુંબેશને સફળ અને કાયદેસર બનાવી હતી. 'સંતતિનિયમન' એ માર્ગરેટે નીપજાવેલો શબ્દ હતો અને આ શબ્દ તેના નામનો પર્યાય બની ગયો. આજના યુગમાં આપણે સહુ માર્ગરેટે ઉપાડેલી એ ઝુબંશનો લાભ ભોગવી રહ્યાં છીએ તે માટે તેનો આભાર માનવો જ રહ્યો.

તેના પિતા માઈકલ હેન્સી હિગિન્સ જાણીતા સલાટ હતા. પંદર વર્ષની ઉંમરે તેઓ ન્યૂ યૉર્કમાં હયદળમાં પડઘમ વગાડનાર તરીકે જોડાયા હતા. યુદ્ધ પૂરું થયા પછી આરસમાંથી દેવદૂતોનાં અને સંતોનાં પૂતળાં બનાવતા. વિક્ટોરિયન યુગમાં આ કુટુંબ વિક્ટોરિયાવાદમાંથી મુક્ત હતું. માઈકલ હિગિન્સે પોતાના બાળકોનાં ઘડતરમાં અમૂલ્ય ફાળો આપ્યો હતો. તેઓ કુટુંબના સભ્યોને કહેતા કે તમે મુક્ત મનનાં બનો, સ્વતંત્ર મનનો ઉપયોગ કરો અને આવતી પેઢીને કંઈક સરસ આપી જાવ. તેમણે ક્યારેય ધર્મની વાત કરી નહોતી. તેઓ સંતાનોને કહેતા કે તમે પગને હૂંફાળા રાખવા માટે જે બૂટ પહેરો છો તે બનાવનાર કારીગરોએ કેટલાં દુઃખ અને ગરીબી સહન કર્યાં છે તેનો ખયાલ રાખજો. તેમણે સંતાનોને સતત ઉપદેશ આપેલો કે ખ્રિસ્તીધર્મનું તત્ત્વજ્ઞાન જ એકલું નહીં, પણ તેનું આચરણ એ જ સાચો ધર્મ છે. મૃત્યુ પછી આપણું શું થશે તે વિચારવાનું નથી, પણ આ જીવન દરમિયાન અન્ય માનવીઓનાં જીવન સુંદર કેમ બને તે પ્રત્યે ધ્યાન આપવાનું છે. સ્વયંનાં ભૌતિક સુખનો વિચાર કરવાને બદલે આપણા પ્રામાણિક અનુભવોમાંથી સમાજને શું પાછું આપી શકીએ છીએ તે અગત્યનું છે. પિતાના આ સઘળા વિચારોની અસર માર્ગરેટના જીવનનાં શરૂઆતનાં સોળ વર્ષના ગાળામાં ઘેરી પડી હતી.

તેની માતા ઍન પર્સલ (Anne percell) શરીરે પાતળી, કફથી ભરેલી અને ક્ષય રોગથી પિડાતી હતી. તેનું કારણ એ હતું કે તે અગિયાર બાળકોની માતા બની હતી ! માર્ગરેટે માતાને હંમેશાં નવા બાળકની સંભાળ લેતી જોઈ હતી. પિતા સાથે ફરવાનો કે નાટકો જોવાનો તેને સમય જ મળતો નહોતો. તેનું અવસાન અડતાલીસ વર્ષની ઉંમરે થયું, જ્યારે પિતા ૮૦ વર્ષ જીવ્યા. આ બાળકોમાં આપણી માર્ગરેટનો છઠ્ઠો નંબર હતો. આ બાળકો પાંચ માઈલ દૂર આવેલી શાળામાં ભણવા જતાં અને આમ આટલે દૂર જવા-આવવામાં તથા બાકીનો સમય બીજાં બાળકોની સંભાળ લેવામાં તેમજ ઘરકામમાં જતો હતો. માર્ગરેટે જોયું કે જે કુટુંબ નાનાં હતાં તે સુખી હતાં, પણ મોટાં કુટુંબોવાળાં ગરીબાઈનો સામનો કરી રહ્યાં હતાં. આ નિરીક્ષણે નાનપણથી જ તેના મનમાં 'નાનું કુટુંબ એટલે સુખી કુટુંબ' એ સૂત્રના બીજનું આરોપણ કર્યું.

માર્ગરેટની ઈચ્છા તો નાટકમાં કામ કરવાની હતી. તેને અભિનેત્રી બનવું હતું. આમેય તે અભિનેત્રીની જેમ સ્થાનિક પાત્રોનો અભિનય કરતી અને તેનાં પ્રેક્ષકો બનતાં પડોશીઓ અને કુટુંબનાં સભ્યો. તેણે નાટકમાં ભાગ લેવા માટે નાટ્યશાળામાંથી અરજીપત્ર મંગાવ્યું, પણ તેમાં જે વિગતો ભરવાની હતી તે જોતાં તે ચોંકી ગઈ. આ અરજીપત્રમાં સ્ત્રીની પિંડીઓ, નિતંબ અને ઘૂંટીઓનાં માપ લખવાનાં હતાં. આ વાંચતાં જ તેને લાગ્યું કે સ્ત્રીની ગૌરવહાનિ થાય તેવું આ છે. તેણે અરજી કરવા માટે પડાવેલો

ફોટો ફેંકી દીધો, અરજીપત્ર ફાડી નાખ્યું અને અભિનેત્રી બનવાના વિચારને તિલાંજલિ આપી દીધી. તેનામાં કોઈ અવર્ણનીય શક્તિ વિકસિત થઈ રહી છે તેનું તેને ભાન થવા લાગ્યું હતું. નાનપણથી જ તેણે નાનામોટા ભયને જીતવાનો પ્રયાસ કરવા માંડ્યો હતો – જેમ કે દીવા વગર એકલાં સૂવા જવું, ઘાસના ઢગલા પરથી ત્રીસચાલીસ ફૂટ નીચે ભૂસકો મારવો, અંધરામાં ગીત ગણગણ્યાં વગર ભોંયરામાં જવું. આમ, નીડર બનવાના ગુણને વિકસાવવાનું તેણે ઉચિત ગણ્યું. તેને પોતાની તથા અન્યની નબળાઈ પ્રત્યે ખૂબ ધિક્કાર હતો.

શાળામાં પોતાને કેટલાં ભાઈબહેન છે એ કહેતાં તે શરમાતી. શાળામાં શિક્ષિકાએ એક વાર ઠપકો આપતાં તેણે શાળા છોડી દીધી. ત્યાર બાદ ૧૮૯૩થી ૧૮૯૬ સુધી ક્લૅવરેક કૉલેજમાં અભ્યાસ કર્યો. તેને ભણાવવાની જવાબદારી તેની બન્ને મોટીબહેનોએ ઉપાડી લીધી. અહીં તેને ફાવી ગયું. કારણ અહીં પરિપક્વ શિક્ષકો જ્ઞાનપિપાસુ વિદ્યાર્થીઓને ઉત્તર આપવા તત્પર રહેતા. તદુપરાંત બાઈબલ, ચર્ચ, રાજકારણ વગેરે વિષયો પર વિચારણા કરવા માટે મોકળાશ મળતી. માર્ગરેટે મહિલાઓના મતાધિકાર માટેની નૂતન ખોજની અભિવ્યક્તિ વિષે શાળામાં વક્તવ્ય આપવાનું વિચાર્યું, પરંતુ સહશિક્ષણની આ શાળાનાં કેટલાક વિદ્યાર્થીઓને ખબર પડતાં તેનો વિરોધ કરવા સ્ત્રીઓનાં પાટલૂન પહેરેલાં અને મોટી સિગારેટ પીતાં કાર્ટૂનો દોર્યાં. પણ માર્ગરેટ ડરી નહીં, ભલે, પ્રેક્ષકો ના મળે તો પણ કોઈની દરકાર કર્યા વગર પોતાના આત્મવિશ્વાસને કેળવવા કબ્રસ્તાનમાં કબર પર ઊભી રહે, દટાયેલા માનવીઓ સમક્ષ ભાષણ આપવાનો મહાવરો કેળવે અને આમ કરી તે સ્વપ્ન સેવતી કે કબરમાં સૂતલાં કેટલાંયે માનવીઓ તેને સાંભળી રહ્યાં છે. એક વાર શાળામાંથી બીજી છોકરીઓ સાથે ગ્રામનૃત્ય જોવા બારીમાંથી છાનીમાની તે ગઈ. મધ્યરાત્રી સુધી ગ્રામનૃત્યનો કાર્યક્રમ ચાલ્યો. શાળાના પ્રિન્સિપાલને જાણ થતાં ત્યાં પહોંચી છોકરીઓને પાછી લઈ આવી ઠપકો આપ્યો. માર્ગરેટને તેમણે સમજાવી કે, તેનામાં રહેલી શક્તિઓનો તે રચનાત્મક ઉપયોગ કરે તો તેની ઘણી કદર થશે. બસ, ત્યારથી તેને લાગ્યું કે તેનામાં કંઈક એવું પડ્યું છે કે, જેને કાબૂમાં રાખી યોગ્ય માર્ગે વાળવું જોઈએ. આ શાળામાં ગાળેલાં ત્રણ વર્ષ તેના માટે નવયુગ સર્જનાર બનવાનાં હતાં.

ત્યાર બાદ ન્યૂ જર્સીમાં તે શિક્ષણક્ષેત્રમાં જોડાઈ. પણ તેના સ્વભાવને માફક આવે તેવી આ નોકરી નહોતી. વળી, તેમાં માતાની માંદગી આવી અને માતા મૃત્યુ પામી. આ આઘાતથી પિતાનો સ્વભાવ બદલાઈ ગયો. પ્રેમાળ પિતા એ પુત્રીઓ પ્રત્યે ગુસ્સો, ઉશ્કેરાટ અને ઉત્તેજનાવાળા બની ગયા. માતાની માંદગી દરમિયાન માર્ગરેટને તબીબી પુસ્તકો વાંચવાનો યોગ સાંપડેલો તેથી તેને નર્સિંગના વ્યવસાયમાં જોડાવાની ઇચ્છા હતી, પણ પિતા એ ધંધાને અવગણતા હતા. આમ છતાં માતાના મૃત્યુના એક વર્ષ બાદ તેની કૉલેજ મિત્ર એસ્થેથરે તેને ન્યૂ યૉર્ક બોલાવી અને ત્યાં વ્હાઇટ પ્લેઇન્સ હૉસ્પિટલમાં તેને હંગામી ધોરણે નર્સિંગની તાલીમ માટે પ્રવેશ મળ્યો. તે દરમિયાન ક્ષયની ગાંઠ વધતાં તેને ઑપરેશનમાંથી પસાર થવું પડ્યું. પણ ઑપરેશનનાં બે અઠવાડિયાં બાદ તરત જ તે નર્સની ફરજ બજાવવા હૉસ્પિટલમાં પહોંચી ગઈ. તેને કેસની સારવાર કરવા દસ માઈલ દૂર પણ જવું પડતું. દર્દીઓ તેનામાં વિશ્વાસ મૂકતાં અને સ્ત્રીઓ તેને પૂછતી કે બીજું બાળક ના જન્મે તે માટે તેમણે શું કરવું જોઈએ. આ પ્રશ્નનો ઉત્તર માર્ગરેટ પાસે નહોતો તેથી તે પૃચ્છા કરનાર સ્ત્રીઓને જવાબ મેળવવા ડૉક્ટરો પાસે મોકલતી. ત્યારે ડૉક્ટરો ખીજાઈને કહેતા કે આવી નાની છોકરી જેવી નર્સ સાથે માતાઓએ આવી વાત કરવી ના જોઈએ. ત્યાર બાદ તબીબી શાખામાં અનુસ્નાતકનાં અભ્યાસ કરવા તેને ન્યૂ યૉર્કની મોટી હૉસ્પિટલમાં મોકલવામાં આવી.

દરમિયાનમાં એક વાર નૃત્યની એક મહેફિલમાં તે વિલિયમ સેંગર નામના સ્થપતિના પરિચયમાં આવી. રોમૅન્ટિક સ્વભાવના અને ચિત્રકલામાં રસ ધરાવતા વિલિયમ સેંગર સાથે માર્ગરેટ ૧૯૦૨ની ૧૮મી ઑગસ્ટે લગ્નગ્રંથિથી જોડાઈ. તેના પ્રથમ બાળક સ્ટુઅર્ટના જન્મ પછી તેની તબિયત બગડવા લાગી તેથી તેના પતિએ હડસન નદીના કિનારે કોલંબિયા કૉલૉનીમાં ઘર બાંધ્યું, જ્યાં માર્ગરેટ શાંતિથી રહી શકે અને તેની તબિયતમાં સુધારો થાય. તેઓ ત્યાં રહેવા તો ગયાં પણ ઘરમાં આગ લાગી. વિલિયમે ફરીથી ઘર સજાવ્યું પણ માર્ગરેટ આગના બનાવથી ભૌતિક પદાર્થોની નિરર્થકતાનો પાઠ શીખી. બીજા પુત્ર ગ્રાન્ટનો જન્મ થયો. તેની તબિયત સારી રહે તો બીજાં ચાર બાળકો વધારે થાય તેવી તેની ઇચ્છા હતી ! પણ આ મનોવાંછના ટકવાની નહોતી. ગૃહિણી બની જીવવાની તેની કામના ધીમે ધીમે વરાળ બની ઊડી જવા લાગી. શાળાકાળ દરમિયાન કબર પર ઊભા રહી ભાષણ કરવાની પેલી તાલીમ તેના હૈયામાં જાગૃત થવા લાગી અને ફરીથી તે નર્સિંગની પ્રવૃત્તિમાં જોડાઈ ગઈ. બાળકોનાં દાદીમા માર્ગરેટ સાથે રહેવા આવી ગયાં હતાં તેથી કુટુંબની જવાબદારીમાં તેને અનુકૂળતા રહી. લગ્નનાં દસ વર્ષ બાદ પોતે જાતે આજીવિકા મેળવવા લાગી. તેના જીવનમાં આ એક નવો વળાંક આવ્યો; જોકે તેનું લગ્નજીવન સુખી હતું પણ ઇબ્સનની ડોરાની જેમ તે ઢીંગલી બની જીવવા માગતી નહોતી. આમ, તે ન્યૂ યૉર્ક પછી આવી ગઈ.

હવે માર્ગરેટ સમાજવાદી પક્ષની સભ્ય બની. ૧૯૧૨માં ન્યૂ યાૅર્ક લૉન્ડ્રીમાં કામદારોની હડતાલ પડી. આ જ ગાળામાં મિલોના કામદારોની લૉરેન્સમાં પણ હડતાલ પડી. તેણે જાતે જઈને આ હડતાલનો અભ્યાસ કર્યો, અને તારણ કાઢ્યું કે ટૂંકા પગાર, કામ કરવાના કલાક વધારે, અને કુટુંબના સભ્યોની વધુ પડતી સંખ્યા – આ બાબતો કામદારોની સમસ્યા સાથે સંકળાયેલી છે, જે આ હડતાલ માટે કારણભૂત છે. તેણે સમાજવાદી પક્ષના સભ્ય બર્ગર સમક્ષ આ કામદાર સ્ત્રી-પુરુષોની દયાજનક સ્થિતિ, જેવી કે અપૂરતાં પોષણવાળાં બાળકો, તેમની માંદગી, તેમનાં કપડાંની દયાનજક સ્થિતિ વગેરે બાબતોનું બયાન કર્યું. પરિણામે રાષ્ટ્રવ્યાપી ધ્યાન હડતાલ પ્રત્યે દોરાયું. કામદારોની સમસ્યા હલ થઈ અને હડતાલ સમેટાઈ.

આ બનાવ પછી અનીતા બ્લૉક જે સમાજવાદી પક્ષની સભ્ય હતી અને તે સમયના અગ્રિમ વર્તમાનપત્ર 'ન્યૂ યૉર્ક સોશ્યલિસ્ટ ન્યૂઝ પેપર'માં દર રવિવારે 'કૉલ' નામનો સ્ત્રીઓનો વિભાગ આવતો હતો તેની સંપાદિક પણ હતી, તેણે એક વખત એક વક્તા આવી ન શકવાથી માર્ગરેટને કામદાર સ્ત્રીઓ સમક્ષ ભાષણ આપવા માટે આમંત્રણ આપ્યું.

માર્ગરેટે આ ભાષણમાં માતૃત્વ અને કુટુંબમાં બાળકોની વધુ પડતી સંખ્યા જ કામદારોની ગંભીર સમસ્યા છે એમ જણાવ્યું. ત્યાર બાદ જુદાં જુદાં મંડળોએ પણ તેને આ વિષય પર બોલવા માટે આમંત્રણ પાઠવ્યાં. આના પરિણામ રૂપે અનીતા બ્લૉકે માર્ગરેટને તેણે આપેલાં ભાષણોની લેખમાળા 'કૉલ'માં શરૂ કરવાનું સૂચવ્યું. પ્રથમ લેખમાળામાં 'દરેક માતાએ શું જાણવું જોઈયે' તે વિષય પર પ્રકાશ પાડ્યો. ત્યાર બાદ બીજી લેખમાળાનું શીર્ષક હતું : 'પ્રત્યેક કન્યાએ શું જાણવું જોઈએ.' આ લેખમાળાની શરૂઆત ૧૯૧૨ના નવેમ્બરની ૧૭મી તારીખથી થઈ. આ લેખો દ્વારા સ્ત્રીઓનું જાતીયતા પ્રત્યેનું વલણ બદલવાનો ઈરાદો હતો. બાર અઠવાડિયાં સુધી નિખાલસ અને વૈજ્ઞાનિક રીતે રજૂ થતા આ લેખોમાં તારુણ્યકાળે શરીરમાં થતા ફેરફારો, બીજકોષ, અંડવાહિનીઓ, ગર્ભાશય, અને સામાજિક રોગોનાં કારણો અને નિવારણ, ભય વગેરે વિષે માહિતી આપવામાં આવતી. આમ, સ્ત્રીઓમાં જાતીય સભાનતા જગાડવાનો પ્રયાસ આ લેખો દ્વારા માર્ગરેટે શરૂ કર્યો. પોતાના શરીર વિષે જાણવાની કોઈ પણ પાઠ્ય પુસ્તકે, સામયિકે અથવા શાળામાં આવી વાત કરવાની હિંમત હજુ સુધી કોઈએ કરી નહોતી. સ્ત્રીઓનાં સર્વાંગોનો સંપૂર્ણ અભ્યાસ દર્શાવતું કોઈ પણ પુસ્તક પ્રકટ થયું નહોતું. કેટલીયે સ્ત્રીઓએ આ લેખો વાંચી પ્રશંસાનાં પુષ્પો વેરતા પત્રો લખ્યા. પરંતુ કાયદાએ આ લેખમાળાને આગળ વધતી અટકાવી. ૧૯૧૩ના ફેબ્રુઆરીની નવમી તારીખે આ વર્તમાનપત્રમાં છાપવામાં આવ્યું, 'પ્રત્યેક કન્યાએ શું જાણવું જોઈએ, અને પોસ્ટખાતાના આદેશ અનુસાર 'કશું જ નહીં.' કૉમસ્ટૉક નામના એક સત્તાધીશને એવો અધિકાર આપવામાં આવ્યો હતો કે કોઈ પણ ટપાલ તે વાંચી શકે અને શું અશિષ્ટ છે તેનો નિર્ણય લઈ પગલાં ભરી શકે. આ સત્તાધીશ કૉમસ્ટૉક વિક્ટોરિયાકાલીન નૈતિકતાનો અવતાર હતો તેથી આ પ્રકારનાં લખાણોનો તે કટ્ટર વિરોધી હતો. માર્ગરેટે આ સત્તાધીશને પડકારવાનો નિશ્ચય કર્યો. આ લેખો લખવા માટે તેને રાતના ઉજાગરા કરવા પડતા, દિવસે ગરીબ દર્દીઓને ઘેર જવું પડતું - આ બધી પ્રવૃત્તિઓથી તે ફરીથી માંદી ના પડે તેની ચિંતા તેના પતિને સતાવતી હતી.

પણ માર્ગરેટ પોતાના ધ્યેયને વળગી રહી હતી. કામદાર સ્ત્રીઓના માતૃત્વ-પતનનો વિચાર તેના મગજમાં ઘૂમ્યા કરતો હતો. તેણે સાત આઠ માણસોનાં કુટુંબ ત્રણ ઓરડાના મકાનમાં રહેતાં જોયાં, જ્યાં નાની છોકરીઓને પુરુષોની હાજરીમાં કપડાં બદલવાં પડતાં હતાં. એક વાર એક સ્ત્રીની પ્રસૂતિ કરવા તે પહોંચે તે પહેલાં તે સ્ત્રીને પ્રસૂતિ થઈ ગઈ અને તેનો દસ વર્ષનો છોકરો તે સ્ત્રીની મદદમાં આવ્યો હતો. પેલી પ્રસૂતા સ્ત્રીએ માર્ગરેટને કહ્યું કે, તેને હવે બીજું બાળક જોઈતું નથી, પૂરતા પૈસા નથી, આ બાળજન્મને અટકાવવા માટે તેણે શું કરવું જોઈયે ? પણ માર્ગરેટ પાસે આનો કોઈ જવાબ નહોતો. તેણે જોયું કે ગર્ભ રહેતો અટકાવવા સ્ત્રીઓ જાતજાતના દેશી ઉપાયો કરતી. ચાના છોડ અને ટર્પેન્ટાઈનનાં પાંદડાં ખાંડ સાથે ખાતી, નીચે ગબડતી, સીવવાનો સોયો અને બૂટના હૂક ગર્ભાશયમાં મૂકતી. ગર્ભનિરોધની દવાની જો તેમને જાણ થતી તો દવાવાળાની સલાહ લેવા જતી, પણ ઘણાખરા દવાવાળા કાયદો ભંગ કરી સલાહ આપવાની હિંમત કરી શકતાં નહીં. આ બધું કેવી રીતે અટકાવવું તેના વિચારમાં તે રાત્રે ઊંઘી શકતી નહીં. એક ટ્રક ડ્રાઈવરની પત્નીનો ગર્ભપાતનો કેસ હતો ત્યારે માર્ગરેટે તેની પાસે રહી સારવાર કરી તેનું જીવન બચાવ્યું હતું. તે સ્ત્રીને બીજું બાળક ના જન્મે તે માટે સાવચેત રહેવા કહ્યું. પણ ફરીથી તે ગર્ભવતી થઈ અને ગર્ભપાતનો પ્રયત્ન કરતાં



છ માસના પ્રથમ સંતાન સ્ટુઅર્ટ સાથે

મૃત્યુ પામી. માર્ગરેટ આ બનાવથી ખૂબ વિક્ષુબ્ધ થઈ ગઈ. તેણે નિશ્ચય કર્યો કે અમેરિકામાં માતૃત્વની સ્વતંત્રતાની ઝુંબેશ ઉપાડવાનો સમય હવે આવી ગયો છે. તેના મત પ્રમાણે સ્ત્રીઓને ગર્ભનિરોધનાં સાધનોની માહિતી હોવી જ જોઈએ. આ માહિતી આપવા કોઈ તૈયાર જ નહોતું. છેવટે તેને જાણવા મળ્યું કે ફ્રાંસમાં કેટલાંય વર્ષોથી સ્ત્રીઓ પરિવાર-નિયોજન કરી રહી છે. તે તરત જ સહકુટુંબ પૅરિસ જવા ઊપડી.

પૅરિસમાં તેણે મકાન ભાડે રાખ્યું, પતિએ સ્ટૂડિઓ શોધી પોતાનું કામ શરૂ કર્યું, બાળકો શાળામાં જવા લાગ્યાં અને માર્ગારેટ કામદારોની વસાહતમાં ગર્ભનિરોધકની માહિતી મેળવવામાં લાગી ગઈ. એ સ્ત્રીઓએ તેને જણાવ્યું કે, ગર્ભનિરોધકનું જ્ઞાન તેમની દાદીએ તેમની માતાને આપ્યું હતું અને માતાએ પોતાની દીકરીઓને આપેલું. આમ, પેઢીઓથી આ જ્ઞાન ફ્રેંચ સ્ત્રીઓને મળતું હતું. આની ભૂમિકા એ હતી કે ૧૮૦૭માં નેપોલિયને એક કાયદો જાહેર કર્યો હતો કે, કુટુંબની મિલકત કુટુંબનાં બધાં બાળકો વચ્ચે સરખે ભાગે વહેંચવામાં આવે. ફ્રેંચ કામદારો અને ખેડૂતોએ આનો લાભ લીધો અને કુટુંબસંખ્યા મર્યાદિત બનાવી. પરિણામે ગર્ભનિરોધક સાધનોની પદ્ધતિ માતાઓએ દીકરીઓને શીખવી જે પેઢી દર પેઢી ચાલ્યું. ત્યાં બાળકોની સંખ્યા કરતાં બાળકોની ગુણવત્તાને વધુ મહત્ત્વ આપવામાં આવતું, અને સામાજિક ઉત્થાનમાં નાનું કુટુંબ ત્યાં સર્વસ્વીકૃત આદર્શ ગણાતો. ગર્ભનિરોધક પદ્ધતિઓ વિષે ત્યાં ચોપાનિયાં અને પુસ્તિકાઓ લોકોને વહેંચવામાં આવતાં. માર્ગરેટે ડૉક્ટરો, નર્સો, દવાવાળા અને કામદાર સ્ત્રીઓને મળી સારી એવી માહિતી એકઠી કરી. તેનો પતિ ચિત્રકામમાં જામી ગયો હતો. માર્ગરેટને જે જોઈતું હતું તે મળી ગયું. તેનો પતિ પૅરિસમાં રહ્યો. તે બાળકો સાથે ન્યૂ યૉર્ક પાછી ફરી, પણ ત્યારે તેને ખબર નહોતી કે તેના લગ્નજીવનના ભંગાણનો આ અંતિમ તબક્કો હતા ! બન્ને જુદી દુનિયાનાં રહેવાસી હતાં. તેમની વચ્ચે કોઈ

ખુલ્લી અસંમતિ નહોતી. બાર વર્ષ સુધી તેઓ વફાદારીથી રહ્યાં હતાં. ન્યૂ યૉર્કમાં આવી 'વુમન રેબેલ' નામનું સામયિક અમેરિકાની સ્ત્રીઓને ગર્ભનિરોધનું જ્ઞાન મળે એ હેતુ માટે બહાર પાડવાનું નક્કી કર્યું. આ માસિક કૉમસ્ટૉકના કાયદાને પડકારરૂપ હતું અને એનું સૂત્ર હતું 'દેવી-દેવતાઓ નહીં, માલિકો નહીં.' તેણે એકલે હાથે આ કામ ઉપાડ્યું. તે પોતે તંત્રી, નિયામક, ખજાનચી અને હિસાબનીશ બની રહી. કોઈ આર્થિક મદદ નહોતી, પણ જ્યાં નિશ્ચય દૃઢ હતો ત્યાં પૈસા અગત્યના નહોતા. 'ડગલું ભર્યું તે ના હઠવું ના હઠવું' નર્મદની એ ભાવનાને તે સાકાર કરતી હતી. ધીરે ધીરે તેને અનુમોદન આપનારા મળવા લાગ્યા. લેખકો, કારકુનો મજૂરો તેની મદદે આવ્યા. ૧૯૧૪ના માર્ચ મહિનામાં 'વુમન રેબેલ'નો પ્રથમ અંક બહાર પડ્યો. તેમાં દરેક માતાને ગર્ભનિરોધનાં સાધનો પ્રાપ્ત થાય તો ભયાનકતા ટળે એવું સૂચવ્યું હતું. તેણે સ્ત્રીઓને ઉદ્દેશીને આ માસિક દ્વારા જણાવ્યું કે માનસિક રીતે, શારીરિક રીતે અને આર્થિક રીતે જેની સંભાળ લઈ શકાય નહીં તેવાં નવાં શિશુઓને પૃથ્વી પર અવતારશો નહીં. ત્યાર બાદના આ માસિકના સાત અંકોમાં બાળજન્મ અને જાતીયતાની ગુલામીમાંથી સ્ત્રીઓની મુક્તિનો મુદ્દો છાપવામાં આવ્યો, જેમાં આ પ્રમાણે વિગત હતી કે, સ્ત્રીનું શરીર તેની પોતાની મિલકત છે; સ્ત્રીના ઉપર ઠોકી બેસાડવામાં આવેલું માતૃત્વ તેના મહિલા તરીકેના જીવન અને સ્વાતંત્ર્યના હક્કનો સંપૂર્ણ ઇન્કાર કરે છે. આ માસિકની ૫૦૦ નકલો વેચાઈ ગઈ અને તેના પ્રકાશન માટે તેને ૧૦,૦૦૦થી પણ વધારે પત્રો મળ્યા, જેમાં સંતતિનિયમનની પદ્ધતિઓ જાણવા માટે વિનંતી કરવામાં આવી હતી. પરંતુ કાયદાની મદદથી આ માસિકને પોસ્ટ નહીં કરવાની સરકાર તરફથી નોટિસ મળી. મે, જૂન, જુલાઈ અને ઑગસ્ટના અંકોને પોસ્ટ ખાતાએ પ્રતિબંધિત કર્યા. માર્ગરેટ એમ હિંમત હારે તેવી નહોતી. તેણે 'ફૅમિલી લિમિટેશન', નામની સોળ પાનાંની પુસ્તિકા તૈયાર કરી પણ ડરના માર્યા કોઈ છાપવા તૈયાર નહોતું. છેવટે તેને બિલ શૅટોફ નામની વ્યક્તિ મળી ગઈ, જેણે તેની લાખ નકલો છાપી. આ બધું કામ રાત્રે તેની દુકાન બંધ થયા પછી તે કરતો. આ માસિકની નકલનાં બંડલો પૂર્વમાં આવેલાં કારખાનાંઓમાં, લૉરેન્સમાં, દક્ષિણમાં આવેલી ખાણોમાં, શિકાગોમાં, સાનફ્રાન્સિસકો અને પેટર્સનમાં પહોંચી ગયાં. આ માસિક 'ફૅમિલી લિમિટેશન' આગળ જતાં સંતતિનિયમનની ચળવળનું બાઇબલ બનનાર હતું. તેનો અનુવાદ ઇટાલિયન, યિડિશ, સ્પૅનિશ, જર્મન, જપાનીઝ, ચાઈનીઝ, સ્વિડિશ એમ કરીને તેર ભાષામાં થયો. પછીનાં વર્ષોમાં એક કરોડ પ્રતો છપાઈ. તેના પિતા તથા કેટલાક શાણા માણસોએ આ પ્રવૃત્તિ બંધ કરવા તેને સમજાવી પણ તે પોતાના નિશ્ચયમાં અડગ હતી. કાયદાનો ભંગ કરવાના આરોપસર તેની ધરપકડ કરી તેના પર કોર્ટમાં કામ ચલાવવાનું નક્કી થયું. પણ તેને ઇંગ્લન્ડ તથા હોલૅન્ડમાં જ્યાં સંતતિનિયમનની ચળવળ ચાલતી હતી ત્યાં જવું હતું. તેથી તેણે કોર્ટમાં એક મહિનાની મુદત માગી પણ તે ના મળતાં તેને એક વર્ષની મુદત માગવાની ફરજ પડી છે, તેવો પત્ર ન્યાયાધીશને લખ્યોને તેણે મોન્ટ્રીઅલ જવા ટ્રેન પકડી. તેને ઘોર અપરાધીની કક્ષામાં મૂકવામાં આવી હતી તેથી બર્થર વૉટ્સન નામ ધારણ કરી વહાણમાં બેસી લંડન જવા ઊપડી. વહાણમાં એક સહપ્રવાસીએ તેને લંડન પહોંચી મદદ કરી. તેણે ગેરંટી આપી કે લંડન પહોંચી અમેરિકન એમ્બસીમાંથી તેનો પાસપોર્ટ તે મેળવી આપશે. આ ગેરંટી પર તેને લીવરપુલમાં પ્રવેશ મળ્યો અને ત્યાંથી તે લંડન પહોંચી ગઈ. લંડનમાં તેને હેવલૉક એલિસ કે જે જાતીયતાની બાબતમાં શોધ કરનાર હતો અને 'સાઇકૉલોજી ઑવ્ સેક્સ'ના સાત ગ્રંથો લખ્યા હતા તેનો પરિચય થયો. માર્ગરેટે તે પુસ્તકો વાંચ્યાં. તેને માટે એલિસ એક ફરિશ્તા સમાન હતો. બન્ને ગાઢ મિત્રો બની ગયાં. માર્ગરેટે બ્રિટિશ મ્યૂઝીઅમના વાચનાલયમાં એક કાયમી બેઠક આરક્ષિત કરાવી.

બ્રિટિશ મ્યૂઝીઅમમાં વાંચતા વાંચતાં તેને માલૂમ પડ્યું કે નેધરલૅન્ડમાં સંતતિનિયમનની માહિતી મળે તેમ છે તેથી તે હોલૅન્ડમાં પહોંચી. ત્યાં સંતતિનિયમનની પ્રવૃત્તિ કરી રહેલા ડૉક્ટરોને મળી. તેણે જોયું કે હોલૅન્ડમાં સંતતિનિયમનનું સમાજમાં રચનાત્મક બળ તરીકે સન્માન કરવામાં આવતું. 'અહીં પંદર જાતનાં ગર્ભનિરોધક સાધનોનો ઉપયોગ થતો તેણે જોયો. અહીં દરેક સ્ત્રીને તપાસી ક્યા પ્રકારનું સાધન તેને અનુકૂળ આવશે તે મૂકવામાં આવતું. આ માટે તાલીમ પામેલી નર્સની પસંદગી કરવામાં આવતી. માર્ગરેટ નર્સ હતી તેથી તેને આ તાલીમ લેતાં વાર ના લાગી. એક અઠવાડિયામાં તેણે ૭૫ સ્ત્રીઓને તપાસીને અનુકૂળ સાધનો આપ્યાં. તે ૫૦ દવાખાનાંમાં ફરી અને નોંધ્યું કે હોલૅન્ડમાં જન્મદર નીચો હોવાથી કામદારોની પરિસ્થિતિ અને પગારો સુધર્યા હતા. વધારે બાળકો શાળામાં જઈ શકતાં હતાં, વેશ્યાઓ થોડી હતી અને જાતીય રોગનો આંક ઓછો હતો. આ બધું સંતતિનિયમનને આભારી હતું. તેની બૅગ ગર્ભનિરોધક સંશોધનની માહિતીથી અને તેના આંકડાઓથી ભરાઈ ગઈ. તે લંડન પાછી ફરી. તેનું ભાષણ ગોઠવાયું. આ ભાષણમાં સૌપ્રથમ વાર નવ્ય માલ્થુસવાદને બદલે સંતતિનિયમન શબ્દનો તેણે ઉપયોગ કર્યો. આમ, હોલૅન્ડ, ફ્રાન્સ, સ્પેનમાં અભ્યાસ માટે ફરી, પણ પૈસા ખૂટવાથી અને કોઈ અજાણ્યો ભય તેને સતાવતો હોય તેવો ભાસ થવાથી, રોજ રાત્રે તેની દીકરી પેગીનો અવાજ તેને પાછી બોલાવવા માટે સંભળાતો હોય તેવી ભ્રાંતિ થવાથી તથા કૅલેન્ડરમાં છઠ્ઠી નવેમ્બરને ફરતું વર્તુળ દેખાવાથી એને લાગ્યું કે છઠ્ઠી નવેમ્બરે જરૂર કંઈક બનવાનું છે, જે તેના ભવિષ્યને અસરકર્તા થવાનું છે. તેનો ભય સાચો પડ્યો. ૧૯૧૪ની ૧૮મી ડિસેમ્બરે તેના પતિ વિલિયમ સૅંગરની ધરપકડ કરવામાં આવી છે તેવા સમાચાર મળતાં તે ન્યૂ યૉર્ક પાછી ફરી. વિલિયમને છટકું ગોઠવી પકડવામાં આવ્યો હતો. છૂપા વેષમાં પોલીસે આવીને 'ફૅમિલી લિમિટેશન'ની એક નકલ માંગી અને ખાનું ફંફોસતાં વિલિયમને એક નકલ મળી આવી, તે તેણે આપી. આ છટકામાં તે ફસાયો અને કૉમસ્ટૉકે જાતે આવીને તેની ધરપકડ કરી. તેના પર કેસ થયો. કોર્ટમાં તેણે જણાવ્યું કે આ પુસ્તિકા તેની પત્નીએ લખેલી છે અને તે એટલી શુદ્ધ અને પ્રામાણિક વિધાનોથી ભરપૂર છે કે કોઈ પણ ડૉક્ટર કે નર્સ પોતાના દર્દીને તે આપી શકે તેવી છે. આ પુસ્તિકામાં વ્યક્ત થયેલું સત્ય કદાપિ અશ્લીલ નથી જ. પરંતુ કોર્ટે તેને અનૈતિક અને દેશ તથા ઈશ્વરના કાયદાથી વિરુદ્ધ છે એમ ઠરાવી ચુકાદો આપ્યો કે વિલિયમ કાં તો જેલમાં જાય અથવા ૧૫૦

ડૉલર દંડ ભરે. વિલિયમે જેલમાં જવાનું પસંદ કર્યું અને કોર્ટમાં હાજર રહેલાં સ્ત્રીપુરુષોએ હૅટ અને હાથરૂમાલ ફરકાવી સૅંગરનું અભિવાદન કર્યું.

માર્ગરેટ પાછી ફરી, કુટુંબને મળી, અને ન્યાયાધીશ તથા આસિસ્ટંટ ઍટર્નીને તે પાછી આવી ગઈ છે તે જણાવતો પત્ર લખ્યો. દરમિયાન વિલિયમ સૅંગર ૩૦ દિવસની કેદની સજા ભોગવી મુક્ત થયો હતો. માર્ગરેટે પોતાનો કેસ લડવા માટે મિત્રો, 'સંતતિનિયમન સંઘ', અને ડૉક્ટરોનો સહકાર માગ્યો પણ નિરાશા સાંપડી. ૧૯૧૫ની ૨૧મી સપ્ટેમ્બરે સત્તાધીશ કાંમસ્ટૉક મૃત્યુ પામ્યો પણ તેનું મૃત્યુ કાયદો બદલી શકવાનું નહોતું, માર્ગરેટની દીકરી પેગીને ન્યૂમોનિયા થયો અને જે આંકડો તેને લંડનમાં વારંવાર દેખાતો હતો તે છઠ્ઠી નવેમ્બરે તે મૃત્યુ પામી ! દીકરીના મૃત્યુનો આઘાત તેના દિલ પર જબરો પડ્યો.

માર્ગરેટને કાયદેસર સમજૂતી કરવાની સલાહ મળવા લાગી, પણ તેના મત પ્રમાણે તેણે કાયદાનો ભંગ કર્યો નહોતો અને કશું અશ્લીલ પણ કર્યું નહોતું. તેણે પોતાનો કેસ જાતે જ લડવાનો નિશ્ચય કર્યો. તેના મુકદ્દમા દરમિયાન વર્તમાનપત્રોમાં છપાતા, તેની પુત્રીના મૃત્યુના સમાચાર, માર્ગરેટના તેના પુત્રો સાથે છપાયેલા ફોટાઓ આદિથી લોકોની સહાનુભૂતિ તેને પ્રાપ્ત થઈ. તેનો કેસ શરૂ થવાનો હતો પણ બે-ત્રણ વખત કેસ મુલતવી રહ્યો અને છેવટે રદ કરવામાં આવ્યો. માર્ગરેટ માટે આ મહાન વિજય હતો. તેણે સંતતિનિયમનને બીભત્સતાના ક્ષેત્રમાંથી મુક્ત કર્યું અને જેલમાં જવાને બદલે તે રાષ્ટ્રની વિખ્યાત વ્યક્તિ બની ગઈ. હવે તેણે ભાષણો આપવાની પ્રવૃત્તિ શરૂ કરી. ક્લીવલૅન્ડમાં સંતતિનિયમન પર ભાષણો આપ્યાં અને ભાષણોમાં સમાજના દંભનો અંચળો અને કાયદાના જુલમને ઉઘાડા પાડવાની શરૂઆત કરી. તેનું મુખ્ય ધ્યેય હતું માતૃત્વની સ્વતંત્રતા. પીટ્સબર્ગ અને કલીવલૅન્ડમાં 'બર્થ કંટ્રોલ લીગ'ની સ્થાપના થઈ. શિકાગોમાં પણ તે ભાષણ આપવા ગઈ. તે જ્યાં જતી ત્યાં ટોળાંબંધ લોકો તેને સાંભળવા આવતાં હતાં. સેંટ લુઈમાં કૅથોલિક પાદરીએ તેને ભાષણ આપતી અટકાવવા માટે થીએટરોને તાળાં મારવાનો હુકમ કર્યો. લોકો તાળાં તોડવા તૈયાર થયાં, પણ માર્ગરેટ મોટરમાં પાછલી સીટ પર ઊભી રહીને સંતતિનિયમન પર બોલવા લાગી ગઈ. છેવટે હુલ્લડ થવાના ભયથી ડ્રાઈવરે મોટર હંકારી મૂકી. લૉસ ઍન્જેલિસમાં તો પોલીસે તેને સત્કારી, પણ પોર્ટલૅન્ડમાં સંતતિનિયમનની પત્રિકા વહેંચવામાં ખુદ લોકોએ જ ભાગ લીધો. આ કાર્યથી પોલીસે માર્ગરેટની ધરપકડ કરી જેલભેગી કરી, પણ કેટલીયે સ્ત્રીઓ તેની સાથે જેલમાં જવા તૈયાર થઈ, કારણ તેમના કહેવા મુજબ તેઓ પણ પત્રિકાઓ વહેંચતી હતી ! બીજા દિવસે માર્ગરેટનો કેસ ચાલ્યો અને જેલમાંથી તેનો છુટકારો થયો. તેણે ડેટ્રૉઇટ, લૉસ ઍન્જેલિસ, ઇંડિયાનાપોલીશ-ટૅક્સાસમાં ભાષણો આપ્યાં. ત્રણ મહિનાનો વ્યાખ્યાન-પ્રવાસ તેના વિજયની પરાકાષ્ઠા હતો.

તે ન્યૂ યૉર્ક પાછી ફરી પણ તેને ભાષણોથી સંતોષ ના થયો. તેને લાગ્યું કે તેણે લોકોની આશા જાગ્રત કરી નવી દૃષ્ટિ આપી, પણ સંતતિ-નિયમનના સંદર્ભમાં વૈજ્ઞાનિક માહિતી ના આપી શકી. તેના પર હજુ પણ સ્ત્રીઓના પત્રો આવતા. આ પત્રો વાંચતાં તેને લાગ્યું કે, ભાષણો અને પત્રિકાઓથી મદદ નહીં મળી શકે પણ સંતતિનિયમનનું દવાખાનું ખોલવાની તાતી જરૂર છે. દેશના બીજા ભાગમાં પણ આવા પ્રકારનો નમૂનો તે પૂરો પાડવા માગતી હતી. હવે તેણે કાયદો



માગરિટ સૅંગર પોતાના પુસ્તકાલયમાં

તોડવા કમર કસી. બ્રુકલીનમાં બ્રાઉન્સવેલી ૪૬ ઍમ્બોય સ્ટ્રીટમાં પ્રથમ માળે બે ઓરડાનું ભાડાનું મકાન ૫૦ ડૉલરમાં રાખી દવાખાનું શરૂ કર્યું. પહેલાં બે મહિલા ડૉક્ટરો આ બાબતમાં ઉત્સાહપૂર્વક સાથ આપવાનું કહેતી હતી. પણ લાઈસન્સ ગુમાવવાની અને ખાનગી પ્રૅક્ટિસ પર તેની ઊંધી અસર પડે તે બીકથી ના પાડી દીધી. માર્ગરેટની બહેન એથલ બર્ન તેની મદદ માટે આવી ગઈ. દવાખાનું શરૂ થયું. તેણે જુદી જુદી ભાષામાં ચોપાનિયાં છપાવ્યાં અને આ ચોપાનિયાં ટપાલપેટીમાં નાખ્યાં, લોકોનાં બારણાં નીચેથી પણ સરકાવ્યાં. ચોપાનિયામાં સંતતિનિયમન બાબતની સૂચના અને સલાહ લેવા માટે સ્થળનિર્દેશનની જાહેરાત હતી. તેની નોંધણી ફી ૧૦ સેન્ટ હતી. ઉદ્ઘાટનના સમયે દવાખાનાની બહાર કેટલાંય સ્ત્રીપુરુષો ટોળાબંધ ઊભાં હતાં. પહેલાં દિવસે ૧૦૦ સ્ત્રીઓ અને પુરુષોએ માર્ગરેટની મુલાકાત લીધી. બીજે દિવસે જુદી જુદી ભાષાનાં વર્તમાનપત્રોમાં આ અહેવાલ પ્રકટ થયો. પરિણામે ન્યૂ જર્સી, મૅસેચ્યુએટ્સ, કનેકટીકટ, પેન્સિનવેલિયા અને લૉંગ આઈલૅન્ડમાંથી સ્ત્રીઓનો ધસારો દવાખાના પર થયો. ચર્ચનો વિરોધ હોવા છતાં, પ્રોટેસ્ટંટ, કૅથોલિક અને યહૂદી સ્ત્રીઓ પણ દવાખાનામાં આવવા લાગી. આ સ્ત્રીઓની વેદનાસભર હકીકત સાંભળી માર્ગરેટ બેચેન બની જતી. આ સ્ત્રીઓના ચહેરા રાત્રે ઊંઘમાં પણ તેનો પીછો છોડતા નહોતા. નવમા દિવસે એક મહિલા પોલીસ દર્દીનો ઢોંગ રચી સંતતિનિયમનનું સાહિત્ય માગવા આવી અને આ છટકું ગોઠવી બીજે દિવસે તેણે માર્ગરેટની ધરપકડ કરી. બહાર ઊભી રહેલી સ્ત્રીઓ રડવા લાગી. તેમનાં નામ અને સરનામાં લખી લેવામાં આવ્યાં. માર્ગરેટને અફસોસ એ થયો કે મહિલા પોલીસે એક મહિલાની ધરપકડ કરી ! તેને ગણવેશધારી પોલીસ માટે માન હતું, પણ આજની આ વર્તણૂકથી તેને એટલો બધો ધિક્કાર ઊપજ્યો કે તેણે પોલીસવાનમાં તેમની સાથે બેસવાને બદલે પગે ચાલવાનું પસંદ કર્યું. તે રાત્રે તેને જેલમાં રાખવામાં આવી. ઓઢવા માટે અક્કડ થઈ ગયેલો ધાબળો આપ્યો. ઠંડી હોવા છતાં તેણે તે ગંદો, રોગનાં જંતુથી યુક્ત ધાબળો ઓઢવાની ના પાડી. રાત્રે જેલની ભીંતમાંથી માંકડ નીકળતા હતા અને ઉંદરો ત્યાં ફરતા હતા. બીજા દિવસે જેલસુધારણાની મહિલા

કમિટી ત્યાં આવી અને માર્ગરેટને પૂછવા લાગી કે તેને માટે તેઓ શું કરી શકે. માર્ગરેટે સુંદર જડબાતોડ જવાબ આપ્યો કે જેલની કોટડીમાં આવીને ગંદી જગા સાફ કરી નાખો. માર્ગરેટને ખરેખર આ જવાબ માટે આપણે દાદ દેવી પડે. કેટલી નીડરતા, કેટલી હિંમત આ મહિલામાં હતી તેનો પરચો તેના આ જવાબમાં પ્રદર્શિત થાય છે. તેણે રિપોર્ટર્સને પણ કહ્યું કે બ્રુકલીનના ટૅક્ષ ભરનારાઓને વર્તમાનપત્રોમાં છાપીને જણાવો કે તેમના પૈસા કેવી ખરાબ રીતે જેલમાં વપરાય છે. તે જામીન પર છૂટી અને ફરીથી દવાખાનું શરૂ કર્યું. ફરીથી માર્ગરેટ અને તેની સહકાર્યકર એથલ અને ફેનીઆની ધરપકડ થઈ. આ વખતે પહેલાં ધરપકડ ટાણે સ્ત્રીઓનું જે રુદન કે ભય જોવા મળ્યાં હતાં તે ના મળ્યાં ટોળું શાંતિથી ઊભું હતું. માર્ગરેટને લાગ્યું કે લોકો પોતાના અધિકારનો બચાવ કરવાને બદલે કેટલા નિષ્ક્રિય બની ગયાં છે ! જે મકાનમાં દવાખાનું ચાલતું હતું તે મકાનમાલિકને પોલીસના હુકમથી દવાખાનું બંધ કરાવવાની ફરજ પડી. પોલીસે દવાખાનું બંધ કરાવ્યું ત્યારે પણ લાચાર કામદાર સ્ત્રીઓ લડત ના આપી શકી. તેને લાગ્યું કે સમાજના ઉપલા વર્ગની મહિલાઓ, બુદ્ધિશાળી અને ધનાઢ્ય સ્ત્રીઓ પૈસાની મદદથી ગરીબ સ્ત્રીઓનાં જ્ઞાન અને મુક્તિ માટે મદદગાર થઈ શકે તેમ છે. તેણે આવી મહિલાઓને વિનંતી કરી. પરિણામે શ્રીમતી જૂલિયટ રબ્લી, શ્રીમતી પિનચૉટ અને શ્રીમતી ડેલાફીલ્ડનો સહકાર મળ્યો અને સો જણની સમિતિ અસ્તિત્વમાં આવી. ધીમે ધીમે કમિટીની સંખ્યા વધવા લાગી. જૂલિયટ રબ્લીએ, માર્ગરેટને ઘણા ડૉક્ટરોનો સંપર્ક કરાવ્યો. હવે તે ન્યૂ યૉર્કનો પીનલ કોડ, જે સંતતિનિયમનના માહિતીની વિરુદ્ધ હતો તેનો ભંગ કરવા તૈયાર હતી.

વારંવાર મુલતવી રહેલો દવાખાનાનો કેસ ૧૯૧૭ની જાન્યુઆરીની આઠમી તારીખે શરૂ થયો. એથલનો કેસ કોર્ટમાં પ્રથમ લેવામાં આવ્યો. તેણે કબૂલ્યું કે દવાખાનામાં દર્દીઓને તે સંતતિનિયમનની માહિતી આપતી હતી, પણ પૈસા મેળવવા માટે દવાખાનું ખીલવામાં આવ્યું હતું તે આરોપનો તેણે સ્પષ્ટ ઇન્કાર કર્યો. તેને દોષિત ઠરાવી બ્લૅકવેલ આઈલૅન્ડમાં આવેલા વર્કહાઉસ જેવા અનાથાલયમાં ૩૦ દિવસ માટે મોકલવાની સજા ફરમાવી. તેણે ત્યાં કામ કરવાની ના પાડી અને ભૂખહડતાલ પર ઊતરી. સ્ત્રીજાતિના ભલા માટે તે મરવા પણ તૈયાર હતી. કેવી હતી આ સહકાર્યકર જે માર્ગરેટના ધ્યેયને સફળ બનાવવા માટે જાનની કુરબાની આપવા તૈયાર હતી ! છેવટે કમિશનરના હુકમથી તેને બળજબરીથી ધાબળામાં વીંટાળી દૂધ, ઈંડાં, બ્રાંડી વગેરે નાની નળી દ્વારા ગળામાં રેડવામાં આવ્યાં. માર્ગરેટે પણ તેને સમજાવતી, પણ તે માની નહીં. આ બાબત માટે માર્ગરેટ ગવર્નરને મળી અને જો એથલ કાયદાનો ભંગ ના કરે તો તેને મુક્ત કરવાની તૈયારી ગવર્નરે બતાવી. માર્ગરેટે ગવર્નરને વચન આપ્યું કે કેસ ચાલશે ત્યાં સુધી એથલ દવાખાનાની કાર્યવાહી નહીં કરે. એથલને છોડી મૂકવામાં આવી.

માર્ગરેટની બીજી સહકાર્ય ફેનીઆને 'પ્રત્યેક કન્યાએ શું જાણવું જોઈએ.' તે પુસ્તિકા વેચવા માટે પકડવામાં આવી હતી,' તેને દોષિત ઠરાવી ૫૦ ડૉલરનો દંડ ફટકારવામાં આવ્યો. હવે માર્ગરેટનો વારો આવ્યો. ૧૯૧૭ના જાન્યુઆરીની ૨૯મી તારીખે તેનો કેસ કોર્ટમાં શરૂ થયો. તે કોઈ પણ બાબતમાં સમાધાન કરવા માગતી નહોતી. તેના વકીલે તેને ઘણી સમજાવી પણ તે ટસથી મસ ના થઈ. સ્ત્રી-સાક્ષીઓએ ન્યાયાધીશને જણાવ્યું કે, તેઓ બાળકો ના થાય તેની માહિતી મેળવવા દવાખાનામાં જતી હતી. કોર્ટ તરફથી માર્ગરેટને આ પ્રવૃત્તિ બંધ કરવાનું ફરમાન કરવામાં આવ્યું, પણ તે પોતાના નિર્ણયમાં અફર હતી. તેણે ન્યાયાધીશને ચોખ્ખું સંભળાવી દીધું કે જે કાયદાને તે માન આપતી નથી તેનું પાલન કરવાનું વચન તે કદાપિ આપી શકશે નહીં. તેને ૩૦ દિવસની સજા ફરમાવવામાં આવી. જેલમાં પ્રવેશ કરતાં પહેલાં તેનાં આંગળાંની છાપ લેવાની કાર્યવાહી શરૂ થઈ, પણ તેણે તેનો સખત વિરોધ કર્યો કે તે કોઈ રીઢા ગુનેગારની કક્ષામાં આવતી નથી કે જેથી આંગળાંની છાપ લેવામાં આવે. તેણે જબરો સામનો કરતાં એ વાતને પડતી મૂકવામાં આવી. બીજે દિવસે તેને લૉન્ગ આઇલૅન્ડમાં ક્વીન્સ કાઉન્ટી પ્રાયશ્ચિત્તાલયમાં લઈ જવામાં આવી અને ૨૧૦ નંબરની કોટડીમાં પૂરવામાં આવી. વૉર્ડને તેને પ્રશ્ન પૂછવાનું શરૂ કર્યું કે 'તારો ધર્મ કયો'. જવાબ મળ્યો, 'માનવતા,' બીજો પ્રશ્ન પુછાયો કે 'તું ક્યા ચર્ચમાં જાય છે.' જવાબ મળ્યો, 'કોઈ ચર્ચમાં નહીં !' આ જગ્યામાં ૩૦૦ જેટલી વ્યક્તિઓને રાખવામાં આવી હતી. તેમાં દાણચોરો, વેશ્યાઓ, રીઢા ચોરો, ખિસ્સાકાતરુ અને ઉચાપત કરનારનો સમાવેશ થતો હતો. માર્ગરેટે આ લોકોને પણ ભાષણ સંભળાવવાનું શરૂ કર્યું. ૧૯૧૭ની ૬ઠ્ઠી માર્ચે તે છૂટવાની હતી ત્યારે પણ બે કલાક સુધી તેનાં આંગળાં પકડી પૅડ પર મૂકવાના પ્રયત્નો થયા, પણ તેમાં નિષ્ફળતા મળી. પૅડને સ્પર્શ થતાં પહેલાં તે આંગળાં બચાવી લેતી. તેના હાથે ઉઝરડા પડી ગયા. તે થાકી ગઈ, પણ હારી નહીં. છેવટે તેને આંગળાંની છાપ લીધા વગર જ મુક્ત કરવામાં આવી.

૧૯૧૭ના ફેબ્રુઆરી મહિનામાં તેણે 'બર્થ કન્ટ્રોલ રિવ્યૂ' નામનું સામયિક શરૂ કર્યું. આ સામયિકમાં એચ.જી. વેલ્સ, હેવલૉક એલિસ, પ્રોફેસર હેન્રિ પ્રૅટ ફેરચાઇલ્ડ જે ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં હતા. તથા હાર્વર્ડ યુનિવર્સિટીના ઈ.એમ. ઈસ્ટ જેવા મહાનુભાવોના સામાજિક, આર્થિક, અને વસ્તીની સમસ્યાના વિચારો વ્યક્ત કરતા લેખો છપાતા. પણ સામયિક ચાલુ રાખવા માટે આર્થિક મુશ્કેલી હતી, તેમાં જૂલિયટ રબ્લીની મદદ મળી રહેતી. તેણે સમસ્યા હલ કરવા ન્યૂ યૉર્ક વુમન્સ પબ્લિશિંગ કૉર્પોરેશનન્સ નામનું મંડળ શરૂ કરી તેના શેર વેચવાનું નક્કી કર્યું. એક શેરના ૧૦ ડૉલર એવા ૧૦૦૦ શેર બહાર પાડ્યા, જેથી સામયિકનો ખર્ચ નીકળી શકે. આ પગલાથી પૈસાદાર અને મોભાદાર મહિલાઓ આ ચળવળની કરોડરજ્જૂ સમાન બની રહી.

માર્ગરેટ ૧૯૧૪થી પતિથી અલગ રહી હતી. બાળક પ્રત્યે તે ધ્યાન આપી શકતી નહોતી. પણ તે પોતાના કુટુંબનો એક હિસ્સાનું ચળવળના મોટા ભાગ રૂપે બલિદાન આપવા તૈયાર હતી. ૧૯૧૮ની આઠમી જાન્યુઆરીએ સેક્શન ૧૧૪૫ અન્વયે ડૉક્ટરોને કાયદેસર રીતે પરિણીત વ્યક્તિઓને સંતતિનિયમનની સલાહ આપવાની મંજૂરી મળી, અને દવાવાળા પણ આ રીતે કાયદાના બંધનમાંથી મુક્ત થયા.

૧૯૧૫માં હેવલૉક એલિસે જર્મનીમાં બનતી નવી ગર્ભનિરોધક જેલીની વાત માર્ગરેટને કરી. દરમિયાન તેણે 'વુમન ઍન્ડ ધ ન્યૂ રેઇસ'

નામનું પુસ્તક લખવાનું શરૂ કર્યું હતું. આ પુસ્તકમાં પ્રથમ વાર જ માર્ગરેટે મહિલા ક્રાંતિકારીઓ અને હક્સલી અને ડાર્વિનના જીવશાસ્ત્રીય ઉત્ક્રાંતિના વિચારોનો સમન્વય કર્યો હતો, તથા એચ.જી. વેલ્સ, એલિસ અને ફ્રોઇડની માનસશાસ્ત્રીય વૈજ્ઞાનિક સીમાઓ અતિક્રમીને આગળ વધી. ૧૯૨૦માં આ પુસ્તક પ્રકટ કર્યું, જે આ ચળવળનું બાઈબલ બની ગયું. અમેરિકા અને બીજા દેશોમાં તેની ૨૫૦૦૦ નકલો એક જ વર્ષમાં વેચાઈ ગઈ !

૧૯૨૦માં તે જર્મની ગઈ. ત્યાં તેણે જોયું કે જર્મની લગભગ ભાંગી ગયું હતું. રસ્તાઓ શાંત હતા, ટ્રાફિક નહિવત્ હતો, લોકો જાણે હસવાનું ભૂલી ગયાં હતાં, પૈસો નહીં પણ ખોરાક અગત્યનો બની ગયો હતો. પોષણયુક્ત ખોરાક પુરુષોને આપવામાં આવતો. સ્ત્રીઓ ભૂખથી તેમનાં બાળકોને મરતાં જોઈ રહી હતી. યુદ્ધનાં ચાર વર્ષમાં એકાવન ટકા સ્ત્રીઓ વંધ્ય થઈ ગઈ હતી. માર્ગરેટ સમજી ગઈ કે જર્મની સંતતિ-નિયમનને માન્ય નહીં કરે. ડૉક્ટરોના હાથમાં ગર્ભપાતની સત્તા હતી. તેને લાગ્યું કે અહીં સત્તાવાદી પુરુષ સમાજ માટે તથા લશ્કર અને રાજ્ય માટે સ્ત્રીઓ બાળક ઉત્પન્ન કરવાનું સાધન મનાતી હતી. જર્મનીમાં જે વ્યક્તિ જેલી બનાવતી હતી તેને માર્ગરેટ મળી, પણ તે વ્યક્તિએ તેને પોતાની ફૅક્ટરીમાં પ્રવેશ આપવાની ના પાડી અને કહ્યું કે, તેની બહેન ન્યૂ યૉર્કમાં રહે છે તે આ ફર્મની એજન્ટ છે તેની પાસેથી જેલી ખરીદી શકશે. માર્ગરેટ આ માહિતી મેળવી લંડન ગઈ ત્યાં તેનાં ભાષણો ગોઠવાયાં. યુદ્ધ બાદ અંગ્રેજોની વર્તણૂક બદલાઈ ગઈ. હતી. હવે ઇંગ્લન્ડમાં સંતતિનિયમનને સમર્થન આપવામાં આવતું હતું, બે પાદરીઓ અને બે ડૉક્ટરોએ પણ તેને સમર્થન આપ્યું હતું. ઇંગ્લન્ડમાં સંતતિનિયમનનાં બે દવાખાનાં પણ શરૂ થયાં હતાં.

તે જેલીની માહિતી મેળવી ન્યૂ યૉર્ક પરત ફરી. 'ન્યૂ યૉર્ક સ્ટેટ ફેડરેશન ઑવ્ વીમેન્સ ક્લબ્ઝ' દ્વારા સંતતિનિયમનની તરફેણમાં ઠરાવ કરાયો. આ ચળવળને કાયદેસર બનાવવા માટે તે ઍસેમ્બીલના સભ્યોને અને રાજ્યના સેનેટરોને મળી. પણ ભયને લીધે કોઈએ સહકાર આપવાની તૈયારી બતાવી નહીં. હવે તેણે પ્રથમ સંતતિનિયમન પરિષદ અમેરિકામાં રાખવાનું નક્કી કર્યું, પણ તેને ક્ષયની ગાંઠનું દર્દ ઊપડતાં લંડન સારવાર માટે જવું પડ્યું. ગળાની ક્ષયની ગાંઠનું ઑપરેશન કરાવી તે ન્યૂ યૉર્ક પાછી ફરી. ૧૯૨૦ની ૧૧મી નવેમ્બરે આ સંમેલન શરૂ થવાનું હતું. આ માટે 'ધ અમેરિકન બર્થ કંટ્રોલ લીગ' રચવામાં આવી અને ટાઉનહૉલમાં જાહેર સભા રાખવામાં આવી. આ સભામાં સંતતિનિયમ નૈતિક છે ? - એ વિષય પર જાણીતા નેતાઓ, ડૉક્ટરો, હેલ્થ કમિશનર વક્તવ્ય આપવાના હતા, પણ માર્ગરેટને ટાઉનહૉલ પાસે ઊભેલા પોલીસોએ અટકાવી. પોલીસ કમિશનરને ફોન કરતાં જાણવા મળ્યું કે આવો કોઈ હુકમ થયો નથી. બારણા પાસે પોલીસે લોકોને અટકાવવા માટે રાખેલા હાથ નીચેથી માર્ગરેટ હૉલમાં ઘૂસી ગઈ. આમંત્રિતો ખુરશીમાં ગોઠવાઈ ગયાં હતાં. કેટલાક બહાર ઊભેલાં લોકો હૉલમાં આવવામાં સફળ થયાં હતાં. ત્યાં તો આર્ચબિશપના સેક્રેટરીએ સ્ટેજ પર ચઢી મીટિંગ બંધ કરવાની જાહેરાત કરી અને કારણ દર્શાવ્યું કે આવા અસભ્ય અને અનૈતિક વિષય પર ચર્ચા થવાની હોવાથી આ સભા ભરવા દેવામાં આવશે નહીં. રોમન કૅથોલિક ચર્ચના હુકમથી સભા બંધ કરવાનો પ્રયત્ન થયો, પણ માર્ગરેટે પ્લૅટફૉર્મ પાસે ઊભા રહી બોલવાનું શરૂ કર્યું. આથી પોલીસો તેના પર ગુસ્સે થયા અને બોલવાની મનાઈ ફરમાવી. તેને પકડી ત્યારે એક પછી એક સ્ત્રીઓ ભાષણ આપવા લાગી. એક સ્ત્રીને પોલીસ પકડે એટલે બીજી સ્ત્રી બોલવાનું શરૂ કરે. માર્ગરેટ ને કુમારી વિન્સરની ધરપકડ કરવામાં આવી. બીજે દિવસે કોર્ટમાં હાજર રહેવાની શરતે તેમને છોડી દેવામાં આવી. માર્ગરેટે બીજે દિવસે કોર્ટમાં પોલીસને પ્રશ્ન પૂછ્યો કે જે વસ્તુની શરૂઆત જ થઈ નહોતી તેને ક્યા કાયદાથી અટકાવી શકાય ? આખરે કેસ રદ કરવામાં આવ્યો. માર્ગરેટના બુદ્ધિચાતુર્યનો આ અનોખો નમૂનો છે. વર્તમાનપત્રોમાં પોલીસ અને ચર્ચની આકરી ટીકા કરવામાં આવી. કેમ્બ્રિજ યુનિવર્સિટીના એક પ્રોફેસરે માર્ગરેટને 'સંત માર્ગરેટ'નું સંબોધન કરી તાર કર્યો કે કે 'ધરપકડ અને મુક્તિ, મહાન વિજય.'

પ્રથમ વખત સંતતિનિયમનની બાબતમાં કૅથોલિક ચર્ચના આર્ચબિશપની સામે આ ખુલ્લું યુદ્ધ હતું. જે રૂઢીવાદી વર્તમાનપત્રો માર્ગરેટને ચક્રમ અને ઝનૂની ગણતાં હતાં તે પણ તેને બિરદાવવા લાગ્યાં. બીજી વખત પાર્ક થીએટરમાં સભા ભરવામાં આવી. લોકોનાં ટોળાં સમાતાં નહોતાં. કેટલીયે જાણીતી વ્યક્તિઓ પણ આવી હતી. સભા સફળ રહી. આમ, તેનું કામ તે આગળ ધપાવતી હતી. એક વખત હેઈઝ નામના આર્ચબિશપે સંતતિનિયમનોનો મુદ્દો લાવી કહ્યું કે સ્વર્ગમાંથી આવતાં બાળકો ઈશ્વરની ઇચ્છાથી આવે છે તેથી ઈશ્વરને એકલાને જ તેમના આગમનને અટકાવવાનો અધિકાર છે. જેઓ આ કાયદાનો વિરોધ કરે છે તેમને માટે આ દુઃખદાયક વસ્તુ છે. આ કથન માટે માર્ગરેટ પાસે ટીકાત્મક સુંદર જવાબ હતો કે જો આ ઈશ્વરીય કાયદો ચર્ચને માન્ય હોય તો પછી પાદરીઓ અને સાધ્વીઓ શા માટે અપરિણીત રહે છે ?

જપાનમાં માર્ગરેટને 'કેઈઝો ગ્રૂપ' તરફથી ભાષણ આપવા માટે નિમંત્રણ મળ્યું. તેનું વહાણ જાપાનના બંદરમાં પ્રવેશ્યું ત્યારે તેને કહેવામાં આવ્યું કે જો તે યુદ્ધ કે વસ્તી પર ભાષણ આપવાની હોય તો જપાનમાં પ્રવેશી શકશે નહીં. કેટલીયે વાટાઘાટો બાદ તેને પ્રવેશ મળ્યો. આ અટકાયતથી જનતાને તેના માટે વધારે રસ જાગૃત થયો. પોલીસ ખાતાએ કેટલાય ડિટેક્ટિવોને તે જ્યાં ઊતરી હતી ત્યાં ગોઠવી દીધા હતા. ઘણી મુશ્કેલીઓ બાદ તેને ભાષણ આપવાની છૂટ મળી. ૮૦૦૦ લોકો સમક્ષ તેણે ભાષણ આપ્યું, જેમાં વિદ્યાર્થીઓ, વેપારીઓ, વિદેશીઓ અને બૌદ્ધ સાધુઓનો સમાવેશ થતો હતો. તેણે જાપાનના વસ્તીવધારાનો ઉલ્લેખ કરી વિનંતી કરી કે જો આ પ્રમાણે વસ્તીવધારો ચાલુ રહેશે તો ભૂખમરો, આફતો અને યુદ્ધો સર્જાશે; માટે સ્ત્રીઓને બાળઉછેરનું યંત્ર બનાવવા કરતાં કંઈક વધારે સારી બનાવો. જપાનમાં તે સમયે વસ્તી ૬૦ મિલ્યન સુધી પહોંચવા આવી હતી. માર્ગરેટનાં ૨૧ ભાષણો ગોઠવાયાં. તેણે જોયું કે કારખાનાંમાં ૭૫ ટકા સ્ત્રીઓ કામ કરતી હતી. જ્યાં ત્યાં બાળકો જ દેખાતાં — પિતાના હાથમાં, માતાના હાથમાં, છોકરાંઓના ખભા પર. નાનાં બાળકો તેમનાથી નાનાં બાળકોને ઊંચકીને ફરતાં તેણે જોયાં. જપાનમાંથી તેને દસ રિક્ષા ભરીને ભેટો મળી. આ બતાવે છે કે તે કેટલી સફળ થઈ હતી !

(આવતા અંકે પૂરું)

ગુજરાત મેલમાં રહસ્યમય



રવીન્દ્ર ભટ્ટ

અમદાવાદનું સ્ટેશન. રાતના પોણા દશ વાગી ગયા છે. ગુજરાત મેલને ઊપડવાને થોડીક જ વાર છે. ઊતરતા શિયાળાની એ રાતે અનેક માણસો સાથે આછો આછો ઠંડો પવન પણ સ્ટેશન ઉપર લટાર મારી રહ્યો છે. સ્ટેશન બહાર એક મોટી મજાની મોટર આવીને ઊભી રહે છે. સ્ટેશન અંદર ગુજરાત મેલને ઊપડવાને બાકી રહેતા પાંચ મિનિટના ડંકા બજી ઊઠે છે.

મોટરમાંથી એક ત્રીસેક વરસનો યુવાન ઉતાવળે ઊતરે છે. મજૂર પાસે પોતાનો સામાન ઉપડાવી સ્ટેશનનાં પગથિયાં ઝડપથી ચઢી જઈ ગુજરાત મેલના પ્રવાસીઓનું લિસ્ટ જોવા અંદર દોડે છે. લિસ્ટમાં ઉપરથી નીચે સરકતી એની નજર પોતાના નામ રમેશ ઝવેરી સામે અટકે છે. ૪૨૧૩ નંબરનો ફર્સ્ટ ક્લાસ કૅરેજ. 'એફ' કમ્પાર્ટમેન્ટ, નીચેની બર્થ. એન્જિનથી પાંચમો ડબો. ત્યાંથી એ યુવાન મજૂર સાથે આગળ દોડે છે. ગાર્ડની ગુજરાત મેલને ઉપાડવાની સિસોટી સંભળાય છે. સદ્‌ભાગ્યે બે જ ડબા આગળ એનો ડબો છે. કૉરિડૉરવાળો ફર્સ્ટક્લાસ કૅરેજ છે. ઝડપથી બારણું ઉઘાડી એ જ્યાં પોતાનો સામાન મજૂર પાસે અંદર લેવરાવી લે છે ત્યાં છેક ત્રણસો માઈલ દૂર મુંબઈ તરફ ગુજરાત મેલને ઉપાડવાની તૈયારી કરતું તેનું એન્જિન પાવો વગાડે છે. પોતાની બર્થ ઉપર ફસડાઈ પડેલા રમેશ ઝવેરીના કાનમાં ગુજરાત મેલના સ્ટેશન બહાર સરતા ડબાનાં પૈડાં, પાટા ઉપર પેદા થતું પૉઇન્ટો સાથે અથડાતું અને યાર્ડમાં પડેલા ભારખાનાના ડબ્બાઓમાં વેરાઈ જતું અવાજનું સંગીત સંભળાવી રહે છે. તે રાત્રિના એ બે અપ ગુજરાત મેલના ૪૨૧૩ નંબરના ફર્સ્ટ ક્લાસ કૅરેજનો એ 'એફ' કમ્પાર્ટમેન્ટ છેક છેલ્લો છે. એમાં કેટલી બધી શાંતિ છે ! બે જ બર્થવાળા એ નાના ખાનામાં નીચે બેઠેલા રમેશ ઝવેરીની નજર થોડી થોડી વારે ઉપર જાય છે, પણ ત્યાં તો કોઈ માથે ઓઢીને સૂઈ ગયું છે. 'કોણ હશે ?' રમેશ વિચારે છે, 'એનું નામ તો બહાર લિસ્ટમાં હશે પણ હવે વંચાશે ક્યાં ?' આવા આવા વિચારોમાં રમેશ ઝવેરી ધીરે ધીરે કપડાં બદલાવી સૂવાની તૈયારી કરે છે, બહાર ગેરતપુરના નાના સ્ટેશનમાંથી પસાર થતી ગાડી ગતિ પકડી ચૂકી છે.

મહેમદાવાદના સ્ટેશને મેલ લાવીને ઊભો રહ્યો ત્યારે રમેશ નીચે ઊતર્યો અને એક લટાર મારી. બહાર લટકાવેલા પ્રવાસીઓના લિસ્ટ ઉપર એની નજર ગઈ, પણ અંધારામાં તે વંચાય તેમ નહોતું. પાછો તે ઉપર ચડી ગયો. અંદર પોતાના કૅરેજના બીજા દરેક કમ્પાર્ટમેન્ટનાં બારણાં અંદરથી બંધ થઈ ગયાં હતાં. ઘડીભર તો પોતે એકલો પડી ગયો છે એમ રમેશને લાગી ગયું. મેલ મહેમદાવાદથી ઊપડ્યો અને પોતાના કમ્પાર્ટમેન્ટનો દરવાજો ઉઘાડો રાખીને ઉપલી બર્થ ઉપર નજર નાખીને રમેશે પોતાની બર્થ ઉપર લંબાવ્યું. ઉપર માથે ઓઢીને સૂઈ ગયેલ માણસનો દેખાવ જ એવો હતો કે રમેશમાં ન સમજાય તેવો ભય પ્રેરી રહ્યો.

નડીઆદનું સ્ટેશન આવ્યું. તેનો રમેશને કેવળ અછડતો ખયાલ રહ્યો, પણ આણંદનું સ્ટેશન આવતાં તો તે ઘસઘસાટ ઊંઘમાં પડી ગયો. મહી નદીના પુલ ઉપર જ્યારે ગુજરાત મેલના ડબા ધણધણી ઊઠ્યા ત્યારે એ. 'એફ' કમ્પાર્ટમેન્ટની ઉપલી બર્થમાં સૂતેલો માણસ ધીરે ધીરે સળવળી રહ્યો. બર્થ ઉપર આડે પડખે થઈ સહજ રીતે એણે નીચે જોઈ લીધું. પછી એ સાવચેતીથી અવાજ કર્યા વગર નીચે ઊતર્યો અને પોતાનું ઓશીકું હાથમાં લીધું. હવાથી ભરીને વાપરી શકાય તેવું એ ઓશીકું હતું. એમાં હવા ભરવા તેની નળી એણે મોઢામાં લીધી.

રમેશ ઝવેરીને ઊંઘમાં સ્વપ્નાં આવતાં હતાં. ગુજરાત મેલ જાણે કે જંગલમાં પૂરપાટ દોડી રહ્યો છે. પોતે જાણે ઘડીક ઉપલી બર્થ ઉપર સૂતો હોય ત્યારે પોતાની પડખે કોઈ સૂતું છે એવું લાગે અને નીચેની બર્થ ઉપર સૂતો હોય ત્યારે ઉપલી બર્થ નીચે પોતે દબાઈ ન જતો હોય એવું લાગે. એનાથી સ્વપ્નમાં જ ગભરાઈ જવાયું. એ જાગી ગયો. જાગી ગયો તો ય ઊંઘમાં પાછો પડતો હોય એમ કેમ લાગ્યું ? આગલી રાતનો ઉજાગરો હતોને ! અર્ધજાગ્રત અવસ્થામાં પોતાને કોઈ ઊભું ઊભું ઓશીકામાં હવા ભરતું દેખાયું. તે સ્વપ્ન હતું કે સત્ય ? એ વધારે જાગ્રત થાય અને એના વિચારો વધારે સ્પષ્ટ થાય તે પહેલાં તો એની આંખ પાછી મળી ગઈ.

'ડી' કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરતા મુંબઈના શેરદલાલ રમણીકલાલ ઊંઘમાંથી જાગી ગયા. કારણ કે એકાએક ઝડપથી જતી ગાડીને બ્રેક લાગી. રમણીકલાલનું નાક તથા હોઠ પડખેની ઊભી ગાદી સાથે ભટકાયાં અને સારું એવું વાગ્યું. બીજા ત્રણ પ્રવાસીઓને કશું થયું નહીં. પોતાની નીચેની બર્થ ઉપર પછી બેઠા થઈ રૅડિયમ ડાયલવાળા કાંડાઘડિયાળ ઉપર દૃષ્ટિ કરી. સાડા બાર ઉપરનો સમય હતો. એણે બારી બહાર જોયું. પૂરઝડપે દોડતો ગુજરાત મેલ પાટા પડખેનાં નાનાંમોટાં વૃક્ષોને સરી જતાં દેખાડી રહ્યો હતો. રમણીકલાલે અનુમાન કર્યું કે ગાડીએ થોડી વાર પહેલાં જ વડોદરા મૂક્યું હોવું જોઈએ. એક-બે કરેલા અને એક-બે કરવાના બજારના સોદા એમના દિમાગને સતાવી રહ્યા અને કોઈ ઊંડા વિચારમાં ખોવાઈ જતા હાથ ઉપર હડપચી ટેકવી એ બેસી રહ્યા. ટ્રેન પાછી ચાલી. આખરે નિશ્વાસ નાખી બાથરૂમમાં જવા માટે એ ઊઠ્યા. એ કમ્પાર્ટમેન્ટના બીજા ત્રણ મુસાફરો ભર ઊંઘમાં હતા. એમને ખલેલ ન પડે તે માટે રમણીકલાલ ધીરેથી અવાજ કર્યા વગર બારણું ઉઘાડ્યું. તરત બહાર આવીને ડાબી તરફ વળતા એ અટક્યા. એ તરફ ત્રણ માણસો પેસેજ રોકીને ઊભા હતા. એ ત્રણ હતા કે ચાર એ પણ રમણીકલાલને સમજાયું નહિ, કારણ કે ત્રણની વચમાં કોઈ ચોથું હોવાનો એમને ભાસ થયો.

રમણીકલાલને જોતા એ બધા કંઈક વાતો કરીને હસી પડ્યા.

'અજબ છે ને ઉજાગરા કરવાવાળા' એવું પોતાના મનમાં જ આશ્ચર્ય દેખાડી રમણીકલાલ જમણી તરફ બાથરૂમમાં જવા વળ્યા. એ પાછા આવ્યા ત્યારે પેસેજમાં કોઈ નહોતું.

એકદમ રમેશ ઝવેરી જાગી ગયો. ગાઢ નિદ્રામાંથી માંડમાંડ જાગી ગયાનો એને ભાસ થયો. પોતાની બર્થ ઉપર એ બેઠો થઈ ગયો. સવારનું અજવાળું બારીમાંથી અંદર લંબાતું હતું. ગુજરાત મેલની પાટા ઉપરની ગતિને લીધે સર્જાતું સંગીત ફરી એક વખત એના કાનમાં ગુંજી રહ્યું. 'હું ક્યાં છું.' એવો ઘડીક રમેશ ઝવેરીને ભ્રમ થયો. પછી તો મૂકેલું મહેમદાવાદ સ્ટેશન, અડધી ઊંઘમાં જોયેલા નડીઆદ સ્ટેશનના દીવાઓ અને આગલી

રાતનાં સ્વપ્નાં – એ બધું એને યાદ આવી ગયું. એ સાથે એને ઝાંખુંઝાંખું યાદ આવ્યું કે પોતે છેલ્લો જાગી ગયેલો ત્યારે કોઈ એની પડખે ઊભા રહી ઓશીકામાં હવા ભરતું હતું. એને પોતાની ઉપલા બર્થના સહપ્રવાસીનું સ્મરણ થયું. એ હડફ દઈને બેઠો થઈ ગયો અને ઉપર જોયું. એ બીજો પ્રવાસી એમ ને એમ માથે ઓઢીને સૂતો હતો. ફરી એક વખત ભયની ધ્રુજારી રમેશ ઝવેરીના શરીરમાંથી પસાર થઈ. તરત જ એણે બારીમાંથી બહાર જોયું. ગાડી વાંદરાના સ્ટેશનમાંથી પસાર થઈ રહી હતી. ઝડપથી રમેશે કપડાં બદલાવી લીધાં અને સામાન બાંધી લીધો. સેન્ટ્રલ સ્ટેશને ઊતરવાનું હતું તો પણ એ દાદર ઊતરી જઈ ટેક્ષી કરી ગામદેવી પોતાને ઘેર પહોંચી ગયો.

સેન્ટ્રલ સ્ટેશને ખાલી થઈ ગયેલ ગુજરાત મેલના ડબા એક રેલવે પોલીસ તપાસી રહ્યો હતો. રોજ મળી આવતો, રહી જતો, ભુલાઈ જતો પ્રવાસીઓનો સામાન કે એ સામાનમાંનું સામાન્ય કંઈક આજે પણ એને મળી આવ્યું. 'કેવી તે આ ભુલાતું ભેગું કરવાની નોકરી ?' એ વિચાર કરતો કરતો, મેલના ૪૨૧૩ નંબરના, જેમાંથી કંઈ મળ્યું નથી એવાં, 'એ', 'બી', 'સી', 'ડી', 'ઈ' ખાનાંઓ જોઈ બહાર નીકળી 'એક' ખાનામાં દાખલ થાય છે. દાખલ થતાં જ ખચકાય છે. ઉપલી બર્થ ઉપર કોઈ સૂતું છે.

'એય, મિસ્ટર, ઊઠો. મુંબઈ ક્યારનું આવી ગયું.' અને રેલવે પોલીસ સૂતેલાને હલબલાવે છે.

કંઈ જવાબ મળતો નથી. કંઈ સળવળાટ થતો નથી. એક જ ઝાટકે ઓઢવાનું ખેંચી એ સૂતેલા પ્રવાસીની ઊંઘ ઉડાડવા રેલવે પોલીસ એને ખભે હાથ મૂકે છે. કશુંક અસામાન્ય લાગતાં બીજી જ ક્ષણે પાછો હટે છે. કંઈક શંકા જતાં એ ગભરાતો બહાર નીકળે છે. અને પછી એની સિસોટી કોઈ વેદનામાં વાગતી હોય એમ પ્લૅટફૉર્મ પર તીણા પડઘા પાડી રહે છે.

તે જ ક્ષણે ઝડપથી એક વ્યક્તિ એ ડબા પાસે આવે છે. બીજા પણ દોડી આવે છે. રેલવે પોલીસ અને અધિકારીઓ આવે છે. અને એ વ્યક્તિને જોઈને પૂછે છે, 'તમારા કોઈ સગા છે ?' 'ના. એ ધંધાના ભાગીદાર છે. એમનું નામ મોહન ઠક્કર. હું એમને લેવા આવેલો. ત્યાં તો એમની આ હાલત છે.' ડબામાંથી નીચે સ્ટેશનમાં પ્લૅટફૉર્મ ઉપર મુકાયેલી એ મૃત લાગતી વ્યક્તિને જોઈને એ કહે છે.

આસપાસ ભેગા થયેલા ટોળાને દૂર કરી એ મૃત લાગતી વ્યક્તિને સ્ટેશનના જ એક સંબંધિત ખંડમાં સંપૂર્ણ તપાસ માટે લઈ જવામાં આવે છે. કૉરનરને (મૃત્યુ કારણની તપાસ કરનારને) બોલાવવામાં આવે છે.

દરમ્યાનમાં મેલમાંથી ઊતરેલા પ્રવાસીઓ જુદાં જુદાં વાહનોમાં કે ચાલીને પોતપોતાના સામાન સાથે સ્ટેશન બહાર નીકળતાં થાય છે. એ બધાથી પાછળ ચાર જણાં ધીમે ધીમે ચાલે છે. એકની નજર વારેવારે પાછળ જાય છે. એનો ચહેરો ગંભીર અને વ્યથિત છે. ચહેરા ઉપર નહિ જેવી દાઢી છે. નાની મૂછ છે. ભ્રમર સહેજ મોટી છે. આછા રંગનાં ચશ્માં પહેર્યાં છે. એ ચાર ૪૨૧૩ નંબરના કોચના 'ઈ' ખાનાના પેસેન્જરો. નજીકની જ ધાંધલ અને ગિરદીને લીધે એ બધાને બહાર નીકળવામાં વાર લાગેલી.

*

મૃત લાગતી વ્યક્તિની સંપૂર્ણ તપાસ પછી ખાતરી થઈ કે શ્વાસાવરોધથી અવસાન થયું છે. ગળું દબાવાથી શ્વાસાવરોધ થયો હશે. ગળા આસપાસના ફોટા લેવાયા, પણ આંગળાંની છાપ ન હોવાની ખાતરી થઈ.

તપાસને અંતે જ્યારે લાગ્યું કે શબપરીક્ષાની જરૂર નથી ત્યારે ડૉક્ટરે તે પ્રમાણે પ્રમાણપત્ર આપ્યું અને મૃત વ્યક્તિને લેવા આવનારને પૂછી ખાતરી કરી કે એ વ્યક્તિનું કોઈ સગુંવહાલું મુંબઈ કે અમદાવાદમાં નથી. તેના ધંધા તથા અમદાવાદના ઘરના સરનામાની નોંધ લેવાઈ, લેવા આવનાર વ્યક્તિની પણ સંપૂર્ણ માહિતી અને નામસરનામું લેવાયાં. પછી એમને શબ લઈ જવાની પરવાનગી અપાઈ. મુંબઈ બહાર ન જવાની સૂચના અપાઈ.

*

બીજા દિવસે ગામદેવી વિસ્તારમાં આવેલા 'ઝવેરીસદન'માં રમેશની મા તારાબહેન જ્યાં પૂજા કરીને પાટલેથી બેઠાં થાય છે ત્યાં દીવાનખાનામાં કોઈ બહારથી આવનાર વ્યક્તિની વગાડેલી ઘંટડી રણઝણી ઊઠે છે. રમેશ હજી ન્હાતો હોય છે. ઘરનાં બીજાં કામમાં છે એટલે નવરાં પડેલાં તારાબહેન પોતે જ બારણું ઉઘાડે છે. બહાર જોતાં જ હેબતાઈ જાય છે. બહાર એક પોલીસ ઈન્સ્પેક્ટર જેવો લાગતો માણસ ઊભો છે. પૂછે છે, 'રમેશભાઈ ઝવેરી અહીં જ રહે છે ?'

'હા, કેમ ?' તારાબહેન એટલું માંડ પૂછી શકે છે. 'એક ખૂનની બાબતમાં અમારે તપાસ કરવાની છે. મૂંઝાશો નહિ. ગભરાઈ ન જાવ; પણ એમને પોલીસ સ્ટેશને લઈ જવા પડશે.'

'હેં... ખ...ખ...ખૂન ?' તારાબહેનનો અવાજ ફાટી જાય છે. એટલામાં ન્હાઈ ધોઈને તૈયાર થયેલો રમેશ આવી પહોંચે છે. બીજી બે ચાર મિનિટમાં જ પોલીસ ઈન્સ્પેક્ટર પાસેથી વાત જાણી, માને આશ્વાસન આપી ઊપડી જાય છે. ત્યાં સુધી દીવાનખાનામાં સ્તબ્ધ ઊભેલાં તારાબહેન ત્યાં ને ત્યાં જ નીચે ફસડાઈ પડે છે. બહાર દોડી આવેલી રમેશની નાની બહેન એને જાળવી લે છે. જરૂરી કામને અંગે દુકાને વહેલા ઊપડી ગયેલા રમેશના પિતાનો સંપર્ક સાધવા ઘરનો રામો ટેલિફોન હાથમાં લે છે.

*

બીજા બે દિવસમાં તો છાપામાં અને મુંબઈના ભદ્ર સમાજમાં જુદા જુદા સ્વરૂપે વાત વહેતી થાય છે કે મુંબઈ-અમદાવાદમાં મોજશોખની વસ્તુઓનો વેપાર કરતા એક મોહન ઠક્કરનું ગુજરાત મેલમાં પહેલા વર્ગમાં ખૂન થયું છે. બે જ બર્થના ખાનામાં એનો પ્રવાસ હતો અને સાથીપ્રવાસી જાણીતી ઝવેરાતની કમ્પનીના રમેશભાઈ ઝવેરી ઉપર શંકા જાય છે.

'રમેશ ઉપર ખૂનની શંકા !' રમેશના પિતા એકસાથે વેદના ને આશ્ચર્ય અનુભવે છે.

*

તે પહેલાં તો રમેશની વિગતે પૂછપરછ થઈ ગયેલી અને અમદાવાદથી ઊપડ્યા પછી, ઊંઘ મોડી આવવી, ખરાબ સ્વપ્ન આવવાં અને સવારે ઊઠ્યા પછી ન સમજાય તેવા કારણને લીધે ગભરાટ થવાથી દાદર ઊતરી જવું એ બધું જ વિગતે નોંધી લેવાયું. મુંબઈ બહાર ન જવાની સૂચના અપાઈ અને જે પોલીસ અધિકારી તેને ઘેર તેડવા ગયો હતો ને પાછો મૂકી પણ આવેલો. તે દિવસે રમેશ તેની મા તારાબહેન પાસે જ રોકાયેલો અને પિતાને ટેલિફોન ઉપર બધું કહેલું.

*

'રમેશ ઉપર....? છાપામાં એના વિશે આવા સમાચાર ?'

પિતા નગીનદાસભાઈ, કામમાં જીવ ન જતાં આમતેમ નજર ફેરવ્યા કરે છે. વારેવારે એમને રમેશનો જ વિચાર આવ્યા કરે છે.

*

'આ છોકરા ઉપર શંકા ?' છાપામાં ખબર વાંચીને મહેન્દ્રસિંહજી પોતાની ફ્લોરા ફાઉન્ટન પાસેની ચાર્ટર્ડ બૅન્ક બિલ્ડિંગવાળી ઑફિસમાં ખુરશીમાંથી ઊભા થઈ જાય છે.

હવે તો મહેન્દ્રસિંહજીને મુંબઈ ઠીકઠીક ઓળખતું થયું છે. ગુનો, મારઝુડ, દાદાગીરી, કજિયા વગેરેથી સર્જાતા પ્રસંગોના કટ્ટર દુશ્મન. પોતે પોલીસ નહીં તોય પોલીસ જેની મદદ લે એવા એ જૂના ગોંડલ રાજ્યના રાજકુટુંબ સાથે સંકળાયેલ એવી વ્યક્તિ. એમની ઑફિસની બહાર 'કૅપ્ટન મહેશ' એવું સાદું પાટિયું જ છે. જાણનારા એ જાણે છે. અજાણ્યા એ પાટિયું વાંચી વિચારમાં પડી જાય છે. કૅપ્ટન મહેશે ટેલિફોન હાથમાં લઈ નંબર જોડ્યો.

'નગીનદાસ માણેકચંદની કંપની'. સામેથી ટેલિફોન ઉપર જવાબ આવ્યો.

'નગીનદાસભાઈને આપો'.

નગીનદાસભાઈએ ટેલિફોન હાથમાં લીધો અને જ્યાં સામે છેડે મહેન્દ્રસિંહજી છે એમ ખબર પડી ત્યાં એમને ગળે ડૂમો બાઝવા માંડ્યો. ગોંડલ રાજ્યના પોતે ઝવેરી. કેવી પોતાની આબરૂ ! એ રાજકુટુંબના એક એક સભ્યની કેવી ગાઢ ઓળખાણ થયેલી ! એમાંના જ મહેન્દ્રસિંહજીને પોતાના છોકરા માટે કંઈક કરવા મળી શકત; પણ કાયદાનો માર્ગ જોઈ જોઈને પગલું માંડનારા કશું અયોગ્ય ન કરવા સજાગ રહેતા નગીનદાસ શેઠ કેમ કરીને પોતાનું મોઢું બતાવી શકે ?

'નગીનદાસભાઈ.' મહેન્દ્રસિંહજીનો માયાળુ બુલંદ અવાજ સંભળાયો.

'ચિંતા કરો મા. હું હમણાં જ પોલીસ કમિશનરને મળવા જાઉં છું. નિશ્ચિંત થઈ જાવ. તમારો રમેશ તો ઉંદરને મારતાં પણ ગભરાય એવી એની પ્રકૃતિ છે.' નગીનદાસ શેઠ ટેલિફોન સામે જોઈ રહ્યા. મહેન્દ્રસિંહજીએ ટેલિફોન મૂકી દીધેલો. એમના છેલ્લા શબ્દોથી પહેલી જ વાર હળવા થતા નગીનદાસની આંખમાં આંસુ ઊતરી આવ્યાં.

મુંબઈના પોલીસ કમિશનરને પોતાના કામમાં કોઈ માથું મારે એ પસંદ નહોતું. એક ધ્યાન ખેંચે એવો અપવાદ મહેન્દ્રસિંહજીનો હતો. એ એમને મળવા આવ્યા ત્યારે રમેશ ઝવેરીના આખા કિસ્સાની બધી જ માહિતી આપી. ગુજરાત મેલના ૪૨૧૩ નંબરના કોચનાં બધાં જ ખાનાંનાં બધાં જ પ્રવાસીઓનાં નામ સરનામાં બતાવ્યાં અને પોતાની કેટલીક શંકાઓ પણ જણાવી. પછી આગળ કહ્યું. 'કાયદામાં જેના ઉપર આરોપ હોય કે આવી શકે તેને પહેલાં તો નિર્દોષ માનીને જ એની સામે કોર્ટમાં કેસ ચલાવવાનો હોય છે. પછી જે સાબિત થાય નિર્દોષ કે ગુનેગાર તે ખરું. રમેશની બાબતમાં ત્રણ મુદ્દાઓ વિરુદ્ધ જાય છે. તેનું, બે જ બર્થના ખાનામાં સાથે પ્રવાસી હોવાનું. બીજું એના પિતાની કમ્પનીમાં મરનાર નોકરી કરતો હતો અને તેના આડા ધંધાથી તેનું અપમાન કરી તેને કાઢી મૂકવામાં આવેલો અને ત્રીજું, સેન્ટ્રલ સ્ટેશને ઊતરવાને બદલે દાદર ઊતરી જવું. એ બધાનો ખુલાસો જરૂરી છે. અને કોર્ટમાં જે નિવેડો આવે તે...'

'પણ આમાં નોકર શેઠ ઉપર વેર લે પણ શેઠ ?' મહેન્દ્રસિંહજીએ દલીલ કરી.

'તમારી વાત સાચી, પણ તમને ખબર છે કે નહીં તે જાણતો નથી. નગીનદાસની કમ્પનીમાં મરનાર તો નોકર હતો. પણ એ જ ગાળામાં એક બીજી વ્યક્તિ ભાગીદાર તરીકે રહેલી. એમણે થોડી મૂડી આપેલી અને યૂરપના શહેરોની ઓળખાણ. ચાલાક માણસ પણ કમ્પનીમાં નગીનદાસભાઈ કે બીજા કોઈને ખબર ન પડે તેમ કેટલીક ગોલમાલ કરેલી એવી કે કંપની પણ ફસાય. એવું કંઈ થાય એ પહેલાં એને મૂડી અને યોગ્ય વળતર આપી છૂટો કરવામાં આવેલો. મરનારને એ ગોલમાલની ખબર. તમે જાણો છો ?'

મહેન્દ્રસિંહજીને યાદ આવ્યું. નગીનદાસની કમ્પની સાથે સંબંધ હોવાથી થયેલ ગોલમાલનો અણસાર એમને આવેલો. એ વિચારે ચડી ગયા : આ તો ભારે થઈ ! આ વાત પણ રમેશની વિરુદ્ધ જાય. પણ રમેશ જેવો ગભરુ જીવ ખૂન સુધી પહોંચી જાય ? કોઈનું ગળુ દબાવવા જેટલી શક્તિ જ રમેશમાં નથી. ઊલટુ સામેની વ્યક્તિ પહોંચી વળે.' પોલીસ કમિશનર મહેન્દ્રસિંહજીના ચહેરા ઉપરના ભાવો જોઈ રહ્યા.

'તમારી શંકાઓ એ મારી પણ છે.' એમણે સ્મિત સાથે કહ્યું. આવી ગોલમાલની માહિતી મરનારના, એને સ્ટેશને લેવા આવનાર ભાગીદારે પૂરી પાડેલી. જે હોય તે, હવે કાયદો જે કરે તે ખરું.

મહેન્દ્રસિંહજી પોલીસ કચેરીએથી નીકળી અનુકૂળ સમયે નગીનદાસભાઈને મળી, ફરી આશ્વાસન આપી રમેશને નિરાંતે મળ્યા અને અમદાવાદથી ગુજરાત મેલ ઊપડ્યો ત્યાંથી એ પોતે દાદર ઊતરી ગયો તે બધી જ વાત ક્રમમાં કહેવા કહ્યું.

રમેશે બધું જ કહ્યું. આગલી રાતનો ઉજાગરો, ટ્રાફિક ગરબડને લીધે સ્ટેશને મોડું પહોંચાયું, કોચમાં ઉપલી બર્થ ઉપર સૂતેલ વ્યક્તિને જોઈ બીક લાગવી, ખરાબ સ્વપ્નાં આવવાથી જાગી જવાયું, ત્યારે ઓશીકામાં હવા ભરતી એક વ્યક્તિને જોવી, જાગી જવાને બદલે પાછું ઊંઘમાં પડવું, સવારે ઉપર સૂતેલ વ્યક્તિને એમ ને એમ સૂતેલી જોતાં બીક લાગવાથી દાદર ઊતરી જવું - બધુ જ.

મહેન્દ્રસિંહજીએ ધ્યાનથી સાંભળ્યું. એને જે યાદ રહી ગયું તે એ કે હવા ભરતી વ્યક્તિનું ઓશીકું રમેશની દિશામાં હતું.

મહેન્દ્રસિંહજીએ અમદાવાદ જવાનું નક્કી કર્યું. તાજા જ શરૂ થયેલા કૉરિડરવાળા ફર્સ્ટ ક્લાસમાં પ્રવાસનું નક્કી કર્યું. પોતાના સાથી કિરીટને સાથે લીધો. અમદાવાદમાં બે કામ પતાવવાનાં હતાં, તે પણ કારણ.

મરનાર મોહન ઠક્કરની માહિતી મુંબઈ પોલીસે મેળવી લીધેલી. અમદાવાદ મહાનગરપાલિકા પાસેથી એનો જન્મસમય, એના ઘરનું સરનામું અને વીમાની પોલીસી ઉતરાવી હોય તો તે પણ. એ જાણ્યા પછી મહેન્દ્રસિંહજીને થયેલું કે પ્રવાસના દિવસે બાજુના 'ઈ' ખાનામાં એક જ ગુજરાતી મનસુખલાલ ધીરજલાલની માહિતી પણ મેળવી લેવી જોઈએ તે કારણ, બીજું પ્રથમ વર્ગનું રિઝર્વેશન સૂચિત પ્રવાસના અગાઉના દિવસોએ કેવી રીતે થયું હતું તે પણ જાણવું, જેથી કદાચ ખૂનના રહસ્ય સંબંધમાં પ્રકાશ પડે. મનસુખલાલની માહિતી મેળવવામાં મુશ્કેલી ન પડી, કારણ એમની ઓળખાણ તથા લાગવગ સારી પેઠે હતાં. મુંબઈ પોલીસ ખાતાએ મોહન ઠક્કરની માહિતી મેળવેલી પણ મનસુખલાલની નહીં. આપણે જોઈ ગયા તેમ ૪૨૧૩ નંબરના કોચનાં બધાં પ્રવાસીઓનાં નામ-સરનામાં જ લેવાયેલાં. રિઝર્વેશન પદ્ધતિ પણ સામાન્ય હોય તેવી જ હતી. પણ પોતે તથા કિરીટે પ્રથમ વર્ગનું બે બર્થનું રિઝર્વેશન જે કરાવ્યું તેમાં મહેન્દ્રસિંહજીની પોલીસ તથા સરકારની ઓળખાણ ધારેલ ખાનામાં બે બર્થ મેળવવામાં કામ કરી ગયા. નહિ તો ક્રમમાં બીજે મળત. એ શક્યતાએ મહેન્દ્રસિંહજીને અમદાવાદના સ્ટેશન ઉપર વિચાર કરતા કરી મૂક્યા.

ગાડી ઊપડ્યા પછી પડખેના જ ચાર બર્થના ખાનામાંથી એક ભાઈએ મહેન્દ્રસિંહજીને બ્રિજ રમવા આમંત્રણ આપ્યું. એ ખાનામાં બ્રીજના શૉખીન ત્રણ હતા. ચોથો નહીં. એ તો ઘસઘસાટ ઊંઘતો હતો.

મહેન્દ્રસિંહજીની રમત જોઈને અને ગ્રાન્ડ સલામ મેળવવાની આવડત જોઈને ત્રણ પ્રવાસીઓ સ્તબ્ધ બની ગયા. બધાની રજા લઈ મહેન્દ્રસિંહજી પાછા પોતાના કમ્પાર્ટમેન્ટમાં આવી ગયા. બારણું બંધ કર્યું અને બેઠા. ઝડપથી જમણા હાથની આંગળી ટપકારતા વિચારે ચડી ગયા.

'શું વિચારો છો ?'

'એક તો મુંબઈ પોલીસે ચોક્કસ જરૂરી તપાસ કરી હશે કે નહિ તે અને જો નહિ કરી હોય તો તને પાછો મુંબઈથી અમદાવાદ મોકલવો પડશે. બીજું, આ કૉરિડૉરવાળા કમ્પાર્ટમેન્ટની રચના જોતાં જે બન્યું તેનો કંઈક આછેરો પણ સ્પષ્ટ ખ્યાલ આવે છે.

'પાનાં રમતાં રમતાં થયેલ ખૂન વિષે વિચાર કરતા હતા ?'

'આપણું આ બે બર્થનું કમ્પાર્ટમેન્ટ અને બાજુમાં ચાર કમ્પાર્ટમેન્ટનું. ખૂન થયું તે રાત્રિએ બે કમ્પાર્ટમેન્ટના છ પ્રવાસીઓ કેવી રીતે ભેગા થયા હશે ? બધા મિત્રો હોય — રમેશની ગણતરી ન કરીએ તો બધા સાથે જ રિઝર્વેશન કરાવે. એમ તો નથી. રમેશ અને જેનું ખૂન થયું એ પણ એ જ રાત્રિએ પ્રવાસમાં ? વિધાતા શતરંજનાં પ્યાદાં ચાલી હોય એવું લાગે છે.'

'વિધાતા નહિ' કિરીટે વાંધો લીધો, 'વિધાતા કસોટી કરે. કષ્ટ આપે. વિયોગવેદના કરાવે — પણ ખૂન નહિ. એ તો અજબ એવો માણસ જ કરે. વિધાતાને એક કોર બેસાડી દઈ પોતાની ધારી ચાલ — સામેના માણસને હરાવવાની નહિ — પતાવી દેવાની ચાલ ચાલે.'

'કિરીટ, રમૂજ હળવાશ અને સર્પની સામે ઝડપથી સરતા આવતા સર્પનો પણ ભય નહિ — એ ત્રણ ગુણો તારામાં અજબ ભેગા થયા છે !' GOD BLESS YOU' !

ચાલ 'હવે આરામ અને ઊંઘ કરી લઈએ.'

પાટા ઉપર સરજાતું પૈડાંનું સંગીત ડબામાં હાલરડું બની ગયું.

સવારે મહેન્દ્રસિંહજી રમણીકલાલ શેરદલાલને મળ્યા. તેની સાથે લંબાણપૂર્વક થયેલી વાતચીતમાંથી આટલું મહેન્દ્રસિંહજીને યાદ રહી ગયું.

'મને, સાહેબ, હું કમ્પાર્ટમેન્ટ બહાર નીકળ્યો ત્યારે કૉરિડૉરમાં કોઈ ત્રણ માણસો હતા કે ચાર તે બરાબર યાદ નથી આવતું. એક કંઈક બીજા કરતાં માંદો અને અક્કડ લાગ્યો. પણ તે ત્રણમાંનો એક કે ચારમાંનો એક તે ન કહી શકું.'

'બીજું કંઈ ?'

'ના, બીજું કંઈ ખાસ તો નહિ.' એટલું કહી રમણીકલાલ અટક્યા એમ મહેન્દ્રસિંહજીને લાગ્યું.

'મૂંઝવો મા, અખાસ હોય તો પણ કહો.' રમણીકલાલે ગાલ ઉપર હાથ ફેરવ્યો. એમનો ચહેરો જાણે કાંઈ અડધો અંદર જાણે કાંઈ અને અડધો બહાર સ્મિતમાં ફેરવાયો. 'સૂતી વખતે મારા ધંધાની ચિંતા કરતો હતો એટલે ઊંઘ થોડી મોડી આવી. ત્યાર પછી, હોઠ દબાઈ ગયા.' રમણીકલાલનું સ્મિત સ્પષ્ટ થયું. 'હું તરત જ ઊભો થયો. બીજા સૂતા હતા. કોઈને કંઈ થયેલું નહિ. પછી હું પાછો વિચારે ચડી ગયો, ધંધાના જ તો. પછી જ ઠીક વારે બહાર નીકળ્યો અને કૉરિડૉરમાં જે જોયું તે કહ્યું.'

મનસુખ ધીરજલાલની જે જે માહિતી કેબલ અને ટેલિફોન દ્વારા ખાનગીમાં પોતાના એજન્ટો મારફત મહેન્દ્રસિંહજી મેળવતા ગયા તે બધાએ તો કોઈ અજબ ગૂંચ ઊભી કરી. પોલીસ ખાતા તરફથી મેળવાયેલ માહિતી મર્યાદિત હતી. એ બધી માહિતીનો સાર એ હતો કે મનસુખ ધીરજલાલ એક નંબરનો પ્રામાણિક વેપારી. સારી સંપત્તિ ભેગી કરી ચૂકેલો. ધર્માદા કરનારો. અમદાવાદમાં જમીન અને મકાન લઈ આફ્રિકા પાછો ફર્યા પછી ઘર બહાર ઓછું નીકળે છે. બોલવા-ચાલવાનું ઓછું કરી નાખ્યું છે અને એક જ ગામમાં લાંબો સમય રહેવાનું ટાળે છે. પહેલાં એમ નહોતો કરતો. મિત્રવર્ગ અને ઓળખાણો પહેલેથી જ ઓછી છે, કે જેના આધારે વધારે અંગત માહિતી મેળવી શકાય.

'હં,' મહેન્દ્રસિંહજી વિચારમાં પડી ગયા.

'શું વિચારમાં પડી ગયા ?' કિરીટ પૂછી રહ્યો.

'વિચાર કરું છું કે આ મનસુખ ધીરજલાલ જેને મરનાર મોહન ઠક્કર સાથે કંઈ સંબંધ નથી તે બદલાઈ ગયો છે. એને તો મુંબઈવાળા મોહન ઠક્કરના ભાગીદાર સાથે કોઈ લેવાદેવા નહોતી. તો પણ એ ભાગીદાર ઉપરના પરોક્ષ સંપર્કમાં રહેવું યોગ્ય. કંઈક અણધારી માહિતી મળી આવે.'

'તો તે કેવી રીતે કરશો ?'

ધંધામાં ટપાલ અગત્યની વસ્તુ છે અને તેથી મારો વિચાર મુંબઈના પોસ્ટ માસ્ટર જનરલ મારફત એની ટપાલ ફોડવાનો છે. મહેન્દ્રસિંહજી એમ કહી મૂછમાં હસી રહ્યા.

મહેન્દ્રસિંહજી અમસ્તું નહોતા હસ્યા. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન એમણે આપેલી સેવાઓને લીધે એ જાણતા હતા કે સત્તા માટે ટપાલમાં ઘાલમેલ કરવી કેટલી સહેલી છે અને કેવી રીતે કોઈને ખબર પડ્યા વગર થઈ શકે છે. વળી, એવો લડાઈ વખતનો એક સેન્સર અધિકારી અને એમનો મિત્ર મુંબઈમાં જ હતો. એમણે અને મુંબઈના પોલીસ કમિશનરે બધી જોઈતી સગવડ કરી આપી.

બે દિવસ પછી પોસ્ટ માસ્ટર જનરલે મહેન્દ્રસિંહજીને એમની ખાસ ચેમ્બરમાં બોલાવ્યા. પેલા સેન્સર અધિકારી અને પોલીસ કમિશનરની હાજરીમાં એમના હાથમાં એક સિફતથી ઉઘાડવામાં આવેલ, ટપાલથી આવેલ, પરબીડિયું મૂક્યું. કાગળ આફ્રિકાથી હતો અને સરનામું મોહન ઠક્કરના ભાગીદારનું હતું. એમાં નીચે પ્રમાણે લખાણ હતું :

'ભાઈશ્રી,

થોડાં જ વર્ષોની આપણી ઓળખાણ એકબીજાને વિશ્વાસ પડે તેવી થઈ છે. તમને સોંપેલાં કામો થઈ જાય પછી મને તુરત જણાવજો. એટલે ઊપજેલ આવક જમે કરવાની સૂચના આપીશ. તમને અગાઉ સૂચના આપેલી તે પ્રમાણે રોકાણ નથી કરવાનું. અત્યારે મારી માનસિક સ્થિતિ ડામાડોળ છે. અમદાવાદ છોડ્યું ત્યારથી એ ફેરફાર થવા માંડ્યો. નવા જ નિર્ણયો લેવાના છે. થોડા વખતમાં જ તમને જણાવીશ.

લિ. તમે જાણો છો તે.'

આ કાગળ આશ્ચર્ય ઉપજાવે તેવો હતો. પહેલાં તો તેને યોગ્ય રીતે બીડી બંધ કરી ટપાલમાં યોગ્ય સરનામે રવાના કરી દેવાયો.

બે દિવસ પછી એ મોહન ઠક્કરના ભાગીદારને પોલીસ સ્ટેશને બોલાવવામાં આવ્યો અને પ્રશ્નો પૂછી જાણી લીધું કે ધંધાને અંગે એને આફ્રિકા તથા ઈંગ્લંડ સાથે પત્રવ્યવહાર રહે છે. (આવતા અંકે પૂરી)

ભગવાન બુદ્ધ, બૌદ્ધધર્મ અને કલા

કાન્તિ કાપડિયા

જગતમાં જેટલા ધર્મો પ્રચલિત છે તેના સ્થાપકો બધા એશિયા ખંડમાં જન્મ્યા. એશિયા ખંડને જંબુદ્વીપ પણ કહેવાય છે. તે ધર્મો પૈકી ભગવાન ઈસુ ખ્રિસ્તના ધર્મે અને ભગવાન બુદ્ધના ધર્મે કલાને ખૂબ જ પ્રોત્સાહન આપ્યું. સમગ્ર એશિયામાં બૌદ્ધધર્મે ખૂબ જ વૈવિધ્ય સર્જ્યું તે તેની કલાસામગ્રી પુરવાર કરે છે.

રોમન સમ્રાટ માર્કસ ઓરિલિયસે ખ્રિસ્તી ધર્મને રાજધર્મ જ્યારથી જાહેર કર્યો ત્યારથી આજ પર્યંત યૂરપનાં ખ્રિસ્તી દેવળોમાં કલાનો વિકાસ થયો. એને પગલે અમેરિકામાં યૂરપનાં ધર્મપ્રેમી લોકો ગયાં તેમણે અમેરિકામાં પણ મોટાંમોટાં દેવળો બનાવી ભગવાન ઈસુને જીવંત રાખ્યા.

એ જ રીતે ભગવાન બુદ્ધની સીધીસાદી વાતે લોકોનાં મન જીતી લીધાં અને પશ્ચિમે અફઘાનિસ્તાનથી માંડી મધ્ય એશિયામાં અને ચીન-કોરિયા-જપાન તેમજ દક્ષિણ પૂર્વ એશિયામાં બ્રહ્મદેશ, સિયામ, કેમ્બોડિયા, વીએટનામ, જાવા-સુમાત્રાના દ્વીપો તથા શ્રી લંકામાં બૌદ્ધકલા ફૂલીફાલી છે અને જગતને દંગ કરી દે છે.

ભારતમાં ભારહુત, સાંચી, અમરાવતી અને નાગાર્જુનકોંડામાં ભવ્ય સ્તૂપો સર્જાયા. અજંતા, ઈલોરા, કાર્લા, ભેડસા નાસિક, ખંડગિરિ, ઉદયગિરિ, ઔરંગાબાદ અને જોગેશ્વરી તથા કેનેરીમાં ભવ્ય ગુફામંદિરો નિર્માણ થયાં, જેણે જગતને ભવ્ય કલાવારસો આપ્યો. કલાના ઈતિહાસમાં તે અનન્ય છે. જીવતા પહાડમાંથી કંડારીને બનાવેલાં મંદિરો ભારત સિવાય ક્યાંય જોવા મળતાં નથી.

ભગવાન બુદ્ધે જે દયા, અહિંસા, પ્રેમ, સહિષ્ણુતા અને ત્યાગનો ઉપદેશ આપ્યો તે આર્ય સંસ્કૃતિ માટે નવીન નહોતો. કહેવાય છે કે આ જગતમાં વેદોની ઉત્પત્તિ ઈશ્વરપ્રેરિત હતી. જેમાં સમાજને જાગૃત કરી સુખશાંતિપૂર્વક રહેવા માટે આ મૂળ સિદ્ધાંતો જરૂરી હતા. પરંતુ આર્યોના ઉદ્ભવ સાથે યજ્ઞનું મહત્ત્વ વધ્યું. કહેવાય છે કે યજ્ઞથી પરજન્ય - વરસાદ પૃથ્વી પર પડે છે અને



બુદ્ધપ્રતિમા અને અન્ય મંદિરસર થાઇલેન્ડ-સિયામ (૧૬-૧૮મી સદી)

તેનાથી જમીનમાં અનાજ ઈત્યાદિ પાકે છે, સમૃદ્ધિ વધે છે.

પ્રથમ યજ્ઞમાં ઘી, ધાન્ય, જવ, તલ ઈત્યાદિ હોમાતાં, પરંતુ કાલક્રમે લોકોએ અંધશ્રદ્ધાથી પશુબલિ અને માનવબલિ પણ યજ્ઞમાં હોમવાનું



બોધિસત્ત્વ કે બુદ્ધ (કમ્બોડિયા-મધ્યકાલીન)



ગાંધાર બુદ્ધની બેઠેલી પ્રતિમા



શ્રી લંકાની બુદ્ધનિર્વાણની સૂતેલી પ્રતિમા સાથે પટ્ટશિષ્ય આનંદ ઊભો છે (અનુરાધાપુર)

ચાલુ કર્યું. તે ખરેખર અક્ષમ્ય એવી પ્રથાને નાબૂદ કરવા માટે ભારતમાં બુદ્ધ - મહાવીર જેવી વિભૂતિ જન્મી અને બંડ પોકાર્યું. આથી બુદ્ધ જેવી વિભૂતિ વિશે સવિસ્તર જાણવું જરૂરી છે.

દુ:ખની વાત એ છે કે જે ભારતમાં ભગવાન બુદ્ધ જન્મ્યા અને જે જેરૂસલમમાં ભગવાન ઈસુ જન્મ્યા – તે બન્ને જગ્યાએ આજે બૌદ્ધ અને ખ્રિસ્તી ધર્મ પ્રચલિત નથી ! આવી મંગળ વિભૂતિ વિશે જે કાંઈ માહિતી ઉપલબ્ધ છે તેને તથા એ ધર્મથી પ્રેરાઈ જે કલા વિકાસ પામી તે જાણવું અત્યંત જરૂરી છે. કહેવાય છે કે 'કલાવિહીન માનવજાત પશુ સમાન છે.'

આશરે ૨૫૦૦ વર્ષ પહેલાં આપણા નગાધિરાજ હિમાલયની તળેટીમાં ઘણાં નાનાંમોટાં ગણરાજ્યો ઉદય પામી વિકસ્યાં હતાં. તેમાંનું એક રાજ્ય તે કપિલવસ્તુ. ત્યાં ઈક્ષ્વાકુ વંશનો રાજા શુદ્ધોદન રાજ્ય કરતો હતો અને તેની રાણીનું નામ મહામાયા હતું. મહામાયા જ્યારે એક વાર સૂતી હતી ત્યારે એક સફેદ હાથી પોતાની સૂંઢમાં સફેદ કમળ લઈ એના ગર્ભમાં દાખલ થયો હોય એવું માયાવતીને લાગ્યું. જ્યારે પ્રસવનો સમય



મથુરાની ઊભેલી પ્રતિમાનું મસ્તક (ગુપ્તકાળનું શિલ્પ)


નજીક આવ્યો ત્યારે માયાદેવી પોતાને પિયર જવા નીકળી, પરંતુ રસ્તામાં જ જંગલમાં પુત્રપ્રસવ થયો. આ પુત્ર તે જ ભગવાન બુદ્ધ.

રાજા શુદ્ધોદનને પુત્રજન્મથી ખૂબ આનંદ થયો અને એના નામકરણ ઇત્યાદિ વિધિ માટે જોશી તેડાવ્યા. અસિત ઋષિએ એવું ભવિષ્ય ભાખ્યું કે, 'આ બાળક કાં તો ચક્રવર્તી રાજા થશે, કાં તો મહા સંત થશે અને ધર્મની ભાવનાને ફેરવી નાખશે. જોકે હું અત્યારે એટલો વૃદ્ધ છું કે એ જોવા સમર્થ થઈશ નહીં.'

પછી તો એ બાળકનું નામ સિદ્ધાર્થ પાડવામાં આવ્યું કે જેણે પોતાની માન્યતા સિદ્ધ કરી બતાવી લોકોમાં સુખશાંતિસમૃદ્ધિનું સ્થાપન કર્યું. કહેવાય છે કે ભગવાન બુદ્ધનો જન્મ વૈવસ્ત મન્વંતર એટલે કલિયુગમાં થયો.



બુદ્ધમસ્તક (કાંસ્ય શિલ્પ) થાઈલેન્ડ રાષ્ટ્રીય મ્યુઝિયમ



સાંચીના તોરણ પર રિલીફ



બુદ્ધપ્રતિમા જેનો તાજેતરમાં તાલિબાનોએ ધ્વંશ કર્યો (અફઘાનિસ્તાન)

રાજા શુદ્ધોદને પોતાના પુત્રને સાધુ-સંન્યાસી બનતો અટકાવવા એક એવા રાજમહેલમાં રાખ્યો કે જેથી એને બહારની દુનિયા, લોકોની પરિસ્થિતિ ઇત્યાદિનો ખયાલ ન આવે. ચારે બાજુ વનરાજિ અને સુંદર બાગબગીચાની રચના કરાવી.

કુમાર સિદ્ધાર્થનું શરીર એટલું નિરોગી અને સ્વાસ્થ્યપૂર્ણ સુંદર હતું કે દેવોને પણ શરમ આવે. એક વેળા સ્વાસ્થ્ય-હરીફાઈ યોજાઈ તેમાં પણ એ સર્વપ્રથમ આવ્યા.

આમ, સુખશાંતિમાં દિવસો પસાર થતા હતા. રાજા શુદ્ધોદને સિદ્ધાર્થનું એક અતિ સુન્દર કન્યા યશોધરા સાથે લગ્ન કરાવ્યું અને તેને એક રાહુલ નામના પુત્રનો જન્મ પણ થયો. આમ, બધી રીતે સુખશાંતિમાં દિવસો પસાર થતા હતા, પરંતુ સિદ્ધાર્થના મનમાં બેચેની હતી. બહારની દુનિયા જોવાનું કુતૂહલ પણ હતું, એટલે એક દિવસ સિદ્ધાર્થે સારથિ છંદને કહ્યું : 'મને શહેરમાં ફરવા લઈ જા.' છન્દ સિદ્ધાર્થને શહેરની પરિક્રમા કરાવવા રથમાં બેસાડીને લઈ ગયો. ત્યારે સિદ્ધાર્થે શહેરમાં ફરવા જતાં રસ્તામાં એક રોગી માણસને જોયો અને તેના વિશે માહિતી આપવા છંદને કહ્યું.



અજંતા-ચૈત્યદ્વાર (ગુફા નં. ૧૬)

આગળ ચાલતાં એક ઘરડો માણસ મળ્યો તેને જોઈ એના વિશે પણ પૂછ્યું. વળી, જરા આગળ ચાલતાં એક મૃત્યુ પામેલ માણસની નનામી જોવા મળી. અને તેના વિશે પણ પૂછ્યું. વધુ આગળ ચાલતાં એક ભિક્ષુક પણ નજરે પડ્યો અને તેના વિશે પણ પૂછ્યું.

આ બધું જોઈ સિદ્ધાર્થને મનમાં મંથન થવા લાગ્યું કે એ બધાં દુઃખોને નિવારવાનો ઉપાય શો ? તેમને આખી રાત ઊંઘ ન આવી. છેવટે એક જ ઉપાય દેખાયો કે આ સંસાર છોડી એના નિવારણનો માર્ગ શોધવો અને લોકોને સાચો માર્ગ બતાવવો.

શયનખંડમાં પત્ની યશોધરા અને પુત્ર રાહુલ બંનેને જોઈ હૈયું હચમચી ઊઠે છે. પરંતુ છેવટે આ સંસાર છોડી સત્યશોધન માટે ગૃહ છોડવાનો પાકો નિર્ણય કરે છે. અને મધરાતે સારથિ છન્દને જગાડી ઘોડા પર બેસી નીકળી પડે છે. આ પ્રસંગને બૌદ્ધધર્મમાં મહાભિનિષ્ક્રમણ કહે છે.

કંટક ઘોડા પર બેસીને જતા ઘોડાના પગની ખરીનો અવાજ ન થાય એ માટે દેવદૂતો ઘોડાના પગની ખરી પકડી લે છે. આ પ્રસંગનાં ચિત્રો અને શિલ્પો અમરાવતીમાં ખૂબ જ સુન્દર રીતે દર્શાવ્યાં છે. થોડે દૂર ગયા બાદ સિદ્ધાર્થ પોતાના લાંબા સુન્દર કેશ કાપી નાખે છે અને છન્દને આપે છે, અને છન્દને ઘોડા સાથે પાછો વિદાય કરે છે.

પછી જંગલમાં જઈ ઘોર તપ આદરે છે. અહીં જંગલનાં પશુઓ અને પંખીઓ એની ચારે બાજુ ફરી વળે છે.

આ તપનો ભંગ કરાવવા માટે માર પોતાના સમગ્ર સૈન્ય સાથે પ્રલોભનો ખડાં તો કરે છે, પરંતુ સિદ્ધાર્થ ચલિત થતા નથી. આ તપશ્ચર્યાથી શરીર એકદમ ક્ષીણ થઈ જાય છે. અજંતાનાં ભીંતચિત્રો, શિલ્પો તથા જાવામાં બોરોબુદુરનાં રિલીફ શિલ્પમાં આ પ્રસંગ બહુ સુન્દર રીતે આલેખાયો છે. છેવટે જંગલની કન્યા ભરવાડણ સુજાતા ખીર આપી પારણાં કરાવે છે.



મધ્ય એશિયાનું એક નારીચિત્ર (૧૨થી ૧૫મી સદી)

આ અન્તિમ તપશ્ચર્યા પહેલાં વનમાં ચાલતાં ત્રણચાર સાધુઓ મળે છે. તેમની સાથે ચર્ચા કરે છે, પરંતુ એમની સાથે વાતચીત કરતાં પણ કાંઈ સંતોષ થતો નથી. એટલે છેવટે 'બુદ્ધગયા' પાસે અંતિમ તપશ્ચર્યા કરે છે અને પીપળાના વૃક્ષ નીચે અન્તિમ જ્ઞાન મેળવે છે. તેથી સિદ્ધાર્થ તથાગત બુદ્ધ કહેવાય છે. અને પીપળાના વૃક્ષને 'બોધીવૃક્ષ' કહેવાય છે.

બુદ્ધની જીવન-ચર્યાના અનેક પ્રસંગોનું વર્ણન આપણને જાવાના બોરોબુદુર મંદિરનાં શિલ્પમાં જોવા મળે છે.

જાવાના બોરોબુદુરના ભવ્ય સ્તૂપમાં ૧૪૦૦ રિલીફ પેનલો અને ૫૦૦ બુદ્ધપ્રતિમાઓ છે, જે જગતનું મોટામાં મોટું બૌદ્ધસ્મારક ગણાય છે. જ્યારે સિદ્ધાર્થને અન્તિમ જ્ઞાન મળે છે ત્યારે એના પ્રચાર માટે નીકળી પડે છે અને બુદ્ધગયાથી સારનાથ જાય છે. રસ્તામાં પેલા ચાર સાધુને એ જ્ઞાન આપે છે અને તેઓ એમના પ્રથમ શિષ્યો બને છે. પછી પોતાના વતન કપિલવસ્તુ જાય છે, જ્યાં એમનાં પિતા, પત્ની અને પુત્રને મળે છે ને ત્યાં સાધુ બની દીક્ષા લે છે. પોતાની પત્ની યશોધરા અને પુત્ર રાહુલનો જ્યારે મેળાપ થાય છે તેનું સુન્દર ચિત્ર અજંતાના મ્યૂરલમાં જોવા મળે છે. આ રીતે એ પ્રચલિત ધર્મનું ચક્ર ફેરવી ધર્મચક્ર-પરિવર્તન કરે છે.

કહેવાય છે કે ભગવાન બુદ્ધ (સિદ્ધાર્થ) અંતિમ બુદ્ધ થતાં પહેલાં અનેક જન્મોમાંથી પ્રસાર થાય છે. એ જન્મોની કથા જાતકકથા નામે ઓળખાય છે. તેમાં મનુષ્યરૂપે નહીં પરંતુ પ્રાણીરૂપે પણ ભગવાન બુદ્ધ જન્મ્યા હતા અને પ્રેમ-ત્યાગ-દયા-અહિંસાને જીવનમાં ઉતારી જગતને દાખલો બેસાડ્યો હતો. આવી જાતકકથાઓની સંખ્યા આશરે ૨૪ છે.

આ ૨૫૦૦ વર્ષના ગાળામાં બૌદ્ધધર્મના બે વિભાગ પડ્યા : મહાયાન અને હીનયાન. મૂળ સિદ્ધાંતનું આદિ રૂપે નિરૂપણ થયું હોય તો તે આપણને શ્રીલંકા, બ્રહ્મદેશ, કેમ્બોડિયા, જાવા-સુમાત્રાની કલામાં જોવા મળે છે, જ્યારે મહાયાનમાં તાંત્રિકવાદની અસર જોવા મળે છે. નેપાળ, લદાખ, ભૂતાન, સિક્કીમ, તિબેટ મધ્યએશિયા અને કંઈક અંશે ચીન, જપાન, કોરિયાની કળામાં આપણને તાંત્રિકવાદની અસર ખૂબ જ જોવા મળે છે.



માયાદેવીનું સ્વપ્ન (ભારહુત, ઇ.સ. પૂર્વે બીજી સદી)

જ્યારે ભગવાન બુદ્ધ અંતિમ સમાધિ લે છે ત્યારે એમનો પટ્ટ શિષ્ય આનંદ શોકાતુર અને હૃદયભગ્ન અવસ્થામાં એમની પાસે જ હોય છે. એ પ્રસંગનું અદ્ભુત શિલ્પ શ્રીલંકામાં ખૂબ જ સારી રીતે કંડારાયેલું છે. અજંતામાં ૨૬ નંબરની ગુફામાં પણ એ પ્રસંગ તથા મારવિજયનું શિલ્પ અદ્ભુત રીતે છે. તદુપરાંત બ્રહ્મદેશ અને થાઇલંન્ડમાં પણ તે જોવા મળે છે.

ભગવાન બુદ્ધની પ્રચંડકાય પ્રતિમા અફઘાનિસ્તાન, બામિયાનમાં આવેલી છે. બે પ્રતિમાઓ ૧૭૩ અને ૧૨૦ ફુટ ઊંચી છે. તેમજ ચીન જવાના સિલ્કરૂટ પર તુનહાંગ ગુફામાં પણ છે. જ્યારે એ માર્ગ યૂરપ અને ચીન વચ્ચે ધોરી માર્ગ જેવો હતો ત્યારે આ નિર્જન માર્ગે થઈ ચીન સહીસલામત પહોંચે તેની બાધા રાખી, ભગવાન બુદ્ધનાં કાપડ પર ચિતરેલાં ચિત્ર જેને ટંકા કહેવામાં આવે છે તે ભગવાન બુદ્ધની પ્રતિમા આગળ ચઢાવાતાં. એ ટંકા મુખ્યત્વે તિબેટમાં બનતા. પ્રખર બૌદ્ધ પંડિત રાહુલ સાંકૃત્યાયન તિબેટથી પાછા ફરતાં અસંખ્ય ટંકા અને અન્ય સામગ્રી જીવના જોખમે હિમાલય ઓળંગી સાથે લાવ્યા હતા.

બુદ્ધનો પિત્રાઈ ભાઈ દેવદત્ત ખૂબ ઈર્ષાળુ હતો. એક વાર તે ગાંડા હાથીને ભગવાન બુદ્ધ તરફ દોડાવે છે, પરંતુ ભગવાન બુદ્ધની સમીપ જતાં તે હાથી શાંત થઈ ભગવાન બુદ્ધનાં ચરણમાં નમી પડે છે.

અંગુલીમાર નામના એક નરાધમને ગળામાં મનુષ્યની આંગળીનો હાર પહેરવાની તમન્ના હતી. તે માટે એ જ્યાં રહેતો તે ગામમાંથી એક પછી એક માણસની આંગળી કાપી નાખતો. આ વાત સાંભળી ભગવાન બુદ્ધ અંગુલીમલ રહેતો હતો ત્યાં જાતે ગયા. ભગવાન બુદ્ધને જોઈ એ એટલો પ્રભાવિત થયો કે એમનાં ચરણોમાં પડી ગયો.

મગધમાં તે વખતે આમ્રપાલી નામની ગણિકા-નર્તકી પ્રખ્યાત હતી. એક વાર તેણે ભગવાન બુદ્ધને પોતાને ત્યાં નિમંત્રણ આપી બોલાવ્યા અને ભીક્ષા આપી. ભગવાન બુદ્ધથી એ એટલી પ્રભાવિત થઈ કે તેમનાં ચરણોમાં પડી અને બૌદ્ધ-ભિક્ષુણી બની ગઈ.

આમ, લોકોમાં ભગવાન બુદ્ધની એક ચમત્કારી પુરુષ તરીકે ગણના થવા લાગી.

એક વાર એક બાઈ પોતાના મૃત બાળકને લઈ સજીવન કરવાની હઠથી ભગવાન બુદ્ધને મળવા ગઈ અને કહ્યું કે, આ મારા બાળકને સજીવન કરો. ભગવાન બુદ્ધે કહ્યું, આખા ગામમાં ફર અને જેમને ત્યાં કોઈ પણ વ્યક્તિનું મૃત્યુ થયું ન હોય તેને ત્યાંથી મૂઠીભર રાઈના દાણા લઈ આવ. બાઈ આખા ગામમાં ફરી પરંતુ બધાએ કહ્યું કે રાઈના દાણા તો તને આપીએ, પરંતુ અમારે ત્યાં કોઈ ને કોઈ વ્યક્તિનું મરણ તો થયું જ છે. આ વાત સાંભળી તે બાઈને સાચું જ્ઞાન થયું કે, મનુષ્યમાત્ર મૃત્યુને આધિન છે. આવી હતી ભગવાન બુદ્ધની સમજાવવાની રીત.

બૌદ્ધકલા સારાયે એશિયામાં વિસ્તૃત રીતે પથરાયેલી છે. અફઘાનિસ્તાન અને ભારતના સીમાડા વચ્ચે જે બૌદ્ધ શિલ્પો રચાયાં તે ગાંધાર શિલ્પો નામે પ્રખ્યાત છે. તેમાં ભગવાન બુદ્ધ અને બોધીસત્ત્વનાં તેમજ બુદ્ધનાં જીવનપ્રસંગોનાં અનેક શિલ્પરત્નો જોવા મળે છે. એ શિલ્પોમાં ત્યાંની પ્રજાનું પ્રતિબિંબ નજરે પડે છે.

અફઘાનિસ્તાનમાં બામિયાનમાં ૧૭૩ ફુટ ઊંચી ઊભેલી ત્યાંની પહાડીમાં જગતની મોટામાં મોટી પ્રતિમા બની છે. બીજી ૧૨૦ ફુટ ઊંચી છે જેનો તાજેતરમાં અફઘાન સરકારે ધ્વંસ કર્યો છે. મધ્ય એશિયામાં સિકિયાંગની સરહદે અનેક ચિત્ર-શિલ્પ સામગ્રીની રચના થઈ ભારતના તે વખતના 'આર્કિયોલૉજિકલ સર્વે ઑવ્ ઈન્ડિયા'ના વડા સર ઓહેલ સ્ટેઈન ૨૦મી સદીની શરૂઆતમાં ત્યાં જઈ અસંખ્ય કલાસામગ્રી લઈ આવ્યા તે દિલ્હીના સેન્ટ્રલ એશિયન ઍન્ટિક્વિટી મ્યૂઝીઅમમાં નજરે પડે છે.

ચીન, કોરિયા અને જપાનમાં નાનીમોટી બ્રોન્ઝની પ્રતિમાઓ પણ બની છે. તેમાં જપાનની કામાકુરા સ્થળની ભગવાન બુદ્ધની બેઠેલી પ્રતિમા છે. જે ૪૯ ફુટ ઊંચી છે. તેને પણ જગતની મોટામાં મોટી (બેઠેલી) પ્રતિમા ગણવામાં આવે છે. આવડું મોટું શિલ્પ કેવી રીતે ધાતુમાં ઢાળ્યું હશે! કમ્બોડિયામાં અંકોરવટ નામનાં અસંખ્ય મંદિર છે. જંગલમાં વર્ષો સુધી તે દેખભાળ વગર પડ્યાં રહ્યાં અને ઉપર ઝાડઝાંખરાં પણ ઊગ્યાં. એ મંદિરોમાં અસંખ્ય શિલ્પો છે. એક મંદિરની ચારે બાજુ દીવાલ છે અને તેના ઉપર લોકજીવનનાં શિલ્પો (રિલીફ) છે. તે ૧૨મી સદીનાં ગણાય છે.

શ્રીલંકામાં મધ્યકાલીન પાટનગર પોલોનારૂઆમાં પણ અનેક ચિત્રો-શિલ્પો સર્જાયાં છે. તેમાં ભગવાન બુદ્ધના નિર્વાણને દર્શાવતી આડી સૂતેલી પ્રતિમા છે, જે લગભગ ૫૩ ફુટ લાંબી છે. એમની બાજુમાં એમના પટ્ટશિષ્ય આનંદ ઊભો છે. એ પ્રતિમા પણ જગતમાં મોટામાં મોટી છે, આનંદની ઊભેલી પ્રતિમા લગભગ ૨૩ ફુટ ઊંચી છે.

રાજા પરાક્રમબાહુની દાઢી સાથે ઊભેલી પ્રતિમા જે અગત્સ્યની પ્રતિમા તરીકે પણ ઓળખાય છે તે સિંહાલી કલાનો સુન્દર નમૂનો ગણાય છે.



અમરાવતી શિલ્પ (૧૧મી સદી)



બોધિસત્ત્વની કાષ્ઠમાં કંડારેલી પ્રતિમા. યુઆનવંશ-ચીન (૧૨૬૦-૧૩૬૮ દરમિયાન)

આપણે ત્યાં મથુરાની ગુપ્ત સમયની ભગવાન બુદ્ધની ઊભેલી પ્રતિમા તથા સારનાથની બેઠેલી પ્રતિમા ખૂબ જ ભાવવાહી છે.

આમ, જગતમાં બૌદ્ધકલા આપણા દેશ સિવાય આખાય એશિયામાં જોવા મળે છે, જે જગતને સારામાં સારો કલાવારસો મળ્યો છે અને આશ્ચર્ય- જનક વાત તો એ છે કે એ બધાનો જન્મ અને વિકાસ ભારતીય કલાના પ્રતાપે છે. આપણે માટે તે ગૌરવની વાત છે.

જાવામાં જગતનો મોટામાં મોટો સ્મારક સ્તૂપ છે. તેના ધાબા પર ચારે બાજુ રીલિફ પેનલો કંડારેલી છે. તેમાં સમગ્ર બુદ્ધજીવનને આવરી લીધું છે તેમજ ભગવાન બુદ્ધની અનેક બેઠેલી પ્રતિમાઓ છે. એ તથા કમ્બોડિયાના મંદિરનો જીર્ણોદ્ધાર UNESCO એ તાજેતરમાં લાખો રૂપીઆ ખર્ચીને કર્યો છે. કહેવાય છે કે બોરોબુદરની રિલીફ પેનલોનો જોટો દુનિયામાં ક્યાંય નથી. ઉપરાંત જાવામાં પદ્મનાભની સાથે રામાયણને આવરી લેતાં શિલ્પ-મંદિરો અને બુદ્ધ-પ્રતિમાઓ છે. થાઇલૅન્ડમાં (શ્યામ) બૌદ્ધમંદિર અને સ્તૂપોની સંખ્યા એટલી બધી છે કે ગણ્યાં ગણાય નહિ. તેમજ બ્રહ્મદેશ અને થાઇલૅન્ડમાં બુદ્ધ ભગવાનની મૂર્તિ સુવર્ણમઢિત કાં તો નક્કર સોનાની છે અને મંદિરોનાં શિખર ખૂબ ઊંચાં મિનાર જેવાં અણિદાર છે. જગતમાં તેનો જોટો નથી. કહેવાય છે કે પૅરિસના એફિલ ટાવરની કલ્પના બ્રહ્મદેશ અને સિયામનાં મંદિરોએ આપી છે. આમ, જગતને બૌદ્ધધર્મે, ખાસ કરીને એશિયામાં, અજોડ કલાવારસો આપ્યો.

બુદ્ધની અસંખ્ય વિશાળકાળ મૂર્તિઓમાંની કેટલીકની વિગત :

(૧) અજંતા : ૨૬મી ગુફામાં નિર્વાણ બુદ્ધની સૂતેલી પ્રતિમા તથા માર-વિજયની પ્રતિમા. બન્ને હાઈ રિલીફમાં ૯મી સદીમાં થઈ છે.

(૨) શ્રીલંકાની બુદ્ધ ભગવાનની નિર્વાણની સૂતેલી પ્રતિમા અનુરાધાપુરમાં છે. તે ૧૨મી સદીમાં રાજા પરાક્રમબાહુએ બનાવી છે. પાસે પટ્ટશિષ્ય આનંદ ઊભો છે. તે ૪૬ ફુટ લાંબી છે અને આનંદની પ્રતિમા ૨૩ ફુટ ઊંચી છે.

(૩) નિર્વાણ બુદ્ધની પ્રતિમા બ્રહ્મદેશ મયનારમાં પણ છે. બ્રહ્મદેશ અને શ્યામ-થાઈલૅન્ડમાં સ્તૂપોની સંખ્યા એટલી બધી છે કે કહેવાય છે કે ત્યાંની જનસંખ્યા કરતાં પણ તે ચઢી જાય છે !

(૪) અફઘાનિસ્તાન બામિયાનમાં આવેલી સિલ્ક રૂટ ચાઇનાને જોડતા રસ્તા પર આવેલી ભગવાન બુદ્ધની પ્રતિમા ૧૭૩ અને ૧૨૦ ફુટ ઊંચી છે. જે જગતભરમાં ઊંચામાં ઊંચી છે. હાલની અફઘાન સરકાર તાલીબાને તોપ, રણગાડી ઇત્યાદિથી ધ્વંશ તેનો કરાવ્યો. જે ૨-૫ સદીની અંકાય છે.

(૫) શ્રીલંકામાં પરાક્રમબાહુની પ્રતિમા જે દાઢીવાળા ઋષિમુનિની ઊભેલી છે તે પણ લગભગ ૨૦ ફુટ ઊંચી છે. પહેલાં એને અગસ્ત્ય મુનિની પ્રતિમા તરીકે ઓળખતા. તે ૧૨મી સદીની છે.

(૬) શ્યામ થાઈલૅન્ડમાં બેઠેલી ૧૫ ફુટ ઊંચી બુદ્ધપ્રતિમા નક્કર સોનાની છે.

(૭) જપાનમાં કામાકુરાની બેઠેલી ભગવાન બુદ્ધની કાષ્ઠપ્રતિમા લગભગ ૫૦ ફુટ ઊંચી છે.

(૮) યૂરપ અને ભારતથી ચીન જવાના રસ્તા પર, જેને સિલ્ક રૂટ પણ કહેવાય છે, ત્યાં ચીને ગણી ગણાય નહીં એટલી બૌદ્ધપ્રતિમાઓ જીવંત પહાડમાં કંડારેલી છે. એ રસ્તો ચીન જવાના ધોરી માર્ગ જેવો છે, જ્યાંથી ચીની મુસાફર હ્યુ એન સાંગ અને યૂરપથી માર્કો

પ્રસંગકથા

વિનોદ ભટ્ટ

૧૬૮૮માં જન્મેલ કવિ ઍલેક્ઝાન્ડર પોપનો પિતા એક આબરૂદાર માણસ હતો ને પાંચમાં પુછાતો. કોઈ ખરાબ ક્ષણે તેણે એક-બે કાવ્યો લખી નાખ્યાં છે એવી બાતમી મળતાં તેના એક હિતેચ્છુ સ્નેહીએ તેને ટપારતાં સલાહ આપી હતી કે, ભઈલા, તારે આમાં પડવાની જરૂર નથી, તારા જેવા મોભાદાર માણસને આ શોભતું નથી. આ કામ તારા પુત્તર એલેક્ઝાન્ડરને સોંપી દે. તે આજકાલ નવરો છે, રખડ્યા કરે છે તો તે કામે લાગશે, આ ધંધો તેને ઠીક ફાવશે.

કવિતા એ કરવા જેવું કામ નથી ને કવિ 'ગુડ ફૉર નથિંગ' હોય છે એવા ખયાલથી લોકો તેને મજાક-મશ્કરી માટેની સામગ્રી ગણતા. કવિ માટે ગમે તેવો અભિપ્રાય મુક્તપણે બાંધી લેતા. 'લીવ્સ ઑવ ગ્રાસ'ના સર્જક કવિ વૉલ્ટ વ્હિટમૅન માટેય પ્રજામાં બે છેડાના મત હતા. એક વર્ગ એવો હતો જ વ્હિટમૅનને દેવતુલ્ય ગણતો ને કેટલાક તેને દાનવ રાક્ષસ જેવો માનતા. એક દિવસ આ કવિ વ્હાઈટ હાઉસ પાસેથી પસાર થતો હતો ત્યારે કોઈકે અમેરિકન પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકનને તેની તરફ આંગળી ચીંધતાં કહ્યું કે, 'જુઓ, આ કવિ વૉલ્ટ વ્હિટમન જાય છે.' કવિને જોઈને લિંકને અચરજથી ઉદ્‌ગાર કાઢ્યા, 'અરે, આ તો માણસ જેવો લાગે છે...'

ફિલ્માકાશ - ૫

ધ ન્યૂ થીએટર્સ
ઉત્તમ કલાકારોનો કાફલો
અને તેમનો કચવાટ

— રજનીકુમાર પંડ્યા —

ગમે તેવા સમર્થ કલાકારની કારકિર્દીમાં પણ એવો સમયગાળો આવતો જ હોય છે કે જે દરમ્યાન એમને એમની લાયકાતના પ્રમાણમાં ઇજ્જત મળતી નથી. કુંદનલાલ સાયગલના મામલે આવું બહુ ઓછા ગાળા માટે બન્યું હતું, પણ પંકજ મલ્લિકના કિસ્સે એવું બહુ લાંબો સમય ચાલ્યું એની કેટલીક આંતરિક વિગતો એમના સ્વજન રહી ચૂકેલા સંગીતકાર અજિત શેઠ દ્વારા સંપાદિત 'ગુજર ગયા વહ જમાના' નામના આત્મકથાત્મક-સંસ્મરણાત્મક પુસ્તકમાંથી મળે છે. એ પુસ્તક સંગીત ભવન ટ્રસ્ટ (ઇસ્માઇલ બિલ્ડિંગ ફ્લોરા ફાઉન્ટન, મુંબઈ - ૪૦૦ ૦૨૩) દ્વારા ૧૯૮૧માં બહાર પડ્યું હતું. ધ ન્યૂ થીએટર્સના છેક મૂક ફિલ્મોના યુગથી એટલે કે એ ફિલ્મનિર્માણ સંસ્થાના આરંભથી જ પંકજ મલ્લિકનો પ્રવેશ રાયચંદ બોરાલની જોડાજોડ જ થયો હતો. પણ સંસ્થાના ચોપડે મુખ્ય સંગીતકાર તરીકે રાયચંદ બોરાલનું નામ હતું અને તેથી ફિલ્મના ક્રેડિટ-ટાઇટલ્સમાં હંમેશાં એમનું એકલાનું નામ મોટા અક્ષરે દર્શાવાતું, પંકજદાનું નહીં જ. ૧૯૩૫ની 'કરોડપતિ'થી પંકજદાનું નામ અતિ ઝીણા, અક્ષરે દર્શાવવાની શરૂઆત થઈ. આ સીલસીલો પણ પહેલી વાર ફિલ્મ 'મુક્તિ' (૧૯૩૭)થી તૂટ્યો. એમાં પહેલી જ વાર પંકજદાનું નામ સ્વતંત્ર સંગીત-નિર્દેશક તરીકે પરદા પર આવ્યું. પણ ત્યાં સુધીની સંખ્યાબંધ ફિલ્મોમાં તેમનું નામ માત્ર સહાયક તરીકે જ પરદા ઉપર આવતું. ૧૯૩૩માં રજૂ થયેલી હિંદી ફિલ્મ 'રાજરાણી મીરાં'માં તો આખી ફિલ્મના સંગીતની સ્વરરચના પંકજદાએ જ કરી હોવા છતાં, ધ ન્યૂ થીએટર્સના અધિષ્ઠાતા બી.એન. સરકારે એમની પાસેથી આર.સી.બોરાલની તરફેણમાં પંકજદા પાસેથી લેખિત કબૂલાત લઈ લીધી હતી. ક્વચિત્ તેઓ આ અન્યાય સામે અવાજ ઉઠાવવાની પેરવી કરતા તો નોકરીમાંથી ફારેગ કરવાની વાત આવતી અને એથી અન્યાયનો ઘૂંટડો ગળી જઈ ખામોશ થઈ જતા. બાકી 'પૂરણ ભક્ત' ફિલ્મના ડબ્બાઓ ઊંચકીને એ લાહોર લઈ જવા જેવું મામૂલી કામ પણ તેમને સોંપવામાં આવતું ત્યારે તે દુ:ખી થઈને કરતા. મનુષ્ય સ્વભાવની નબળાઈઓ સ્વાભાવિક હોવા છતાં બી.એન. સરકારની રાહબરીમાં ધ ન્યૂ થીએટર્સની આગેકૂચ જારી હતી. જોવાની મજા એ હતી કે શરૂઆતમાં બોરાલ અને પછી દેવકી બોઝ, નીતિન બોઝ જેવા ધુરંધરોની એમના તરફની નાપસંદગી છતાં કુંદનલાલ સાયગલ પોતાના ગળાના કરિશ્માને કારણે બિનહરીફ કહેવાય એવું સ્થાન બનાવતા જતા હતા. અલબત્ત, ૧૯૩૨માં એમના દેશભરમાં સુપર-ડુપર હિટ થયેલાં ગીતો 'ઝુલના ઝૂલાઓ' અને 'હોરી હો બ્રજરાજ દુલારે' બિનફિલ્મી હતાં એટલે ફિલ્મી ગાયનોમાં તો ખરા અર્થમાં એમની ઓળખ ૧૯૩૪માં રજૂ થયેલી ફિલ્મ 'ચંડીદાસ'નાં ગીતોથી જ થઈ. આમ છતાં ૧૯૩૩માં રજૂ થયેલી ફિલ્મ 'પૂરણભક્ત'માં પણ એમનાં ગીતો 'ભજુ મૈં તો ભાવસે ગિરધારી' અને 'અવસર બીતો જાય' સારી એવી ખ્યાતિ પામ્યાં હતાં. પણ એ જ ફિલ્મના અંધગાયક કે.સી.ડે. નાં ગીતો, ખાસ કરીને 'જાઓ જાઓ એ મેરે સાધો રહો ગુરુ કે સંગ' અને 'કયા કારણ હૈ અબ રોનેકા' જેવાં વધુ બહોળી ખ્યાતિને વર્યાં હોવાથી સાયગલનાં ગીતો જરા દબાઈ ગયાં હતાં. આમ તો એ ફિલ્મમાં કુલ વીસ ગીતો હતાં. એમાં સાયગલનાં માત્ર ચાર હતાં, જે એમના ઉપર જ ફિલ્માવવામાં આવ્યાં હતાં. અને ફિલ્મમાં એમની બસ એટલા પૂરતી જ ભૂમિકા હતી, કોઈ ચોક્કસ પાત્ર નહોતું. તેથી નાયકનાયિકા કુમાર અને અન્વરી પછી ઘણું આગળ એવું સાવ છેલ્લે એમનું નામ ટાઇટલ્સમાં હતું. (આ એ જ કુમાર જેણે ૧૯૬૦ની 'મોગલે આઝમ'માં સંગતરાશ એટલે શિલ્પીની ભૂમિકા ભજવી હતી.)

કે.સી.ડે.ની વાત નીકળતાં જ બંગાળના એ સંગીતરત્નની અનોખી જીવનકથાના કેટલાક અંશોનું સ્મરણ થાય તે સ્વાભાવિક છે. એક આખા અલગ લેખનો વિષય બને એવી એ કથાને ચાર લીટીમાં સમેટવી મુશ્કેલ છે. પણ એટલું કહેવું જોઈએ કે એ વયમાં બી.એન. સરકારથી એક વર્ષ મોટા હતા તેથી સરકાર એમને એક વડીલ જેટલું માન આપતા હતા અને તેમની જોડે ટકરાવનો મોકો કદિ આવવા જ દેતા નહોતા. પિતા શિવચરણ ડે અને માતા રત્નમાલાદેવીને ત્યાં ૧૮૯૩ની જન્માષ્ટમીને દહાડે જન્મ્યા હોવાથી તેમનું નામ કૃષ્ણચંદ્ર પાડવામાં આવ્યું હતું. બચપણથી સંગીતનો અદમ્ય શોખ હતો અને જલસાઓમાં હાજરી પણ એ જ વયથી આપતા હતા. તેમના ભત્રીજા અને મશહૂર પ્લેબૅક સિંગર મન્ના ડેએ આ લખનાર સાથે કરેલી વાતચીત મુજબ માત્ર તેર વર્ષની ઉંમરે, મૅટ્રિકની પરીક્ષા વેળા અતિશય વાંચવાને કારણે માથાનો અસહ્ય દુખાવો એમને ઊપડ્યો અને એ પછી તરત જ એમની આંખોનું તેજ ચાલ્યું ગયું. તેઓ સદંતર





કે.સી.ડે. અને પંકજ મલ્લિક (બંને તસવીર : રમેશ ઠક્કર - રાજકોટના સૌજન્યથી)

અંધ બની ગયા. આ પછી તો એમની સંગીતસાધના વધારે વેગવતી બની. શશિભૂષણ ડેથી માંડીને ઉસ્તાદ બાદલખાન, રાધારમણ દાસ જેવા નામાંકિત ગુરુઓ પાસેથી તેમણે સંગીતની તાલીમ હાંસલ કરી, જેમાં ખયાલ અને ધ્રુપદની ગાયકી મુખ્ય હતી. ૧૯૧૭માં તેમની પ્રથમ ગ્રામોફોન રેકોર્ડ બહાર પડી. તેમના ભારે, દર્દીલા, છૂપા આર્જવવાળા અને ઘેઘૂર કંઠ સાથેની ભાવપ્રવણ ગાયકી દ્વારા તેઓ આખા બંગાળમાં છવાઈ ગયા. ૧૯૨૩માં એમણે બંગાળી રંગભૂમિ ઉપર પ્રવેશ કર્યો તે વખતે બંગાળમાં પણ નાટકોનાં ગીતો બહુ પ્રખ્યાત થતાં. ૧૯૨૪માં તેમણે જોગેશચંદ્ર ચૌધરીના પૌરાણિક નાટક 'સીતા'માં ગાયેલાં ગીત' અંધકારેર અંતરે તે અશ્રુબાદલ ઝરે' ગાણાએ તો આખા બંગાળમાં સંવેદનાનું એક જબરું મોજું ફેલાવી દીધું. એ રાતોરાત ગ્રામોફોન સેલિબ્રિટી' તરીકે ઓળખાવા માંડ્યા. આ નાટકે માત્ર આ જ ગીતના બળ ઉપર ૧૯૨૫ની પાંચમી જુલાઈ સો પ્રયોગો પૂરા કર્યા. એમનો અંધાપો એમની ભૂમિકાની ભજવણીમાં કદિ અંતરાયરૂપ ન બન્યો, તે તો ૧૯૨૮માં એમણે શરતચંદ્ર ઘોષના નાટક 'જાતિચ્યુત'માં ભજવેલી ગિરિનાથની ભૂમિકા પરથી સાબિત થઈ ગયું. એ પછી એમની રેકોર્ડ્ઝ ધડાધડ બહાર પડવા માંડી. એમણે જેમ 'અંધકારેર અંતરે તે 'માં રવીન્દ્રસંગીતના માધુર્યને બરાબર ઉતારી બતાવ્યું હતું તેમ બીજાં અનેક ગીતોમાં પણ એમણે રવીન્દ્રસંગીતને નિખાર આપ્યો હતો. કવિવર તેથી બહુ પ્રસન્ન થયા હતા. ૧૯૩૦માં તેમણે સ્ટાર થીએટરની મશહૂર ગાયિકા મિસ તારકબાલા ઉર્ફે મિસ લાઈટ સાથે ગુપ્ત લગ્ન કરી લીધું, કે જે એમના સંગીતના સમાનક્ષેત્રના કારણે એમના ગાઢ પરિચયમાં આવ્યાં હતાં. એમને પછીથી એક પુત્ર પણ જન્મ્યો હતો જે ચૌદ વર્ષનો થઈને ગુજરી ગયો હતો.

અલબત્ત, નાટકના ક્ષેત્રમાં જળહળતી સફળતા પછી તેમણે ફિલ્મના ક્ષેત્રમાં પ્રથમ પદાર્પણ કર્યું કલકત્તાના માદન થીએટર્સની ૧૯૩૧માં રિલીઝ થયેલી એક બંગાળી ફિલ્મમાં. એમાં તેમનાં બે ગીતો હતાં. જોકે આમ છતાં રંગમંચ સાથેનો નાતો એમણે તોડ્યો નહોતો અને બિનફિલ્મી ગ્રામોફોન રેકોર્ડ્ઝ દ્વારા તેમણે બંગાળના સંગીતરસિકોમાં બેમિસાલ સ્થાન પ્રાપ્ત કરી લીધું હતું.

જ્યાં સુધી ધ ન્યૂ થીએટર્સને લાગેવળગે છે ત્યાં સુધી તેમની અને સાયગલની અભિનેતા અને ગાયક તરીકેની સાચી એન્ટ્રી એકસાથે જ ૨૦મી મે ૧૯૩૩ના દહાડે કલકત્તાના ચિત્રા સિનેમામાં રજૂ થયેલી 'પૂરણ ભક્ત' ફિલ્મથી થઈ હતી. સાયગલની સાચી એન્ટ્રી એટલા માટે ગણાય કે અગાઉ 'જોશે મહોબ્બત'માં એમણે બે ગીતો ગાયાં હતાં પણ એની રેકોર્ડ્ઝ બની નહોતી, જ્યારે 'પૂરણ ભક્ત'નાં એમનાં બે ગીતોની રેકોર્ડ બહાર પડી હતી. આ ફિલ્મમાં ચૌધરી મોહમ્મદ રફીક, કુમાર, અન્વરી કે.સી.ડે., ઉમા શશી, મોલીના, અન્સારી, વિક્રમકપૂર અને તારા જેવાં કલાકારો હતાં. સાયગલને ભાગે ગીતો ગાવા સિવાય કોઈ એક ચોક્કસ પાત્ર તરીકે સંવાદો બોલવાનું પણ આવ્યું હતું. આ ફિલ્મના ડિરેક્ટર દેવકી બોઝ હતા પણ કેમરામેન હતા નીતિન બોઝ. એ બન્નેએ બોરાલની મમત આગળ ઝૂકી જઈને સાવ નામરજીથી એમાં સાયગલને કામ આપ્યું હતું. વારેવારે એ સૌને કહ્યા કરતા કે જોજો આ ઠેકાણા વગરના શરીરવાળા છોકરાને હું જ્યારે કેમરાથી શૂટ કરીશ ત્યારે કેમરાનો લેન્સ પણ ચિત્ર લેવાની ધરાર ના પાડી દેશે.

પણ આ જ નીતિન બોઝ આ ફિલ્મની જબરદસ્ત સફળતા અને એમાં પણ સાયગલના ગીત અને દેખાવને એટલા જ ઉમળકાથી વધાવી



આર.સી. બોરાલ, મોટી વચ્ચે યુસુફ મૂલજી

લેવાનો પ્રેક્ષકોનો ઉન્માદ જોઈને હક્કાબક્કા રહી ગયા. એ એક મિત્ર મણિ દાસગુપ્તા પાસે એમ બોલ્યા પણ ખરા કે, 'અત્યાર લગી હું એમ સમજતો હતો કે આભ અને ગાભના પરિણામની કોઈ આગાહી કરી શકતું નથી, પણ હવે એમાં હું બૉક્સઑફિસ શબ્દનો ઉમેરો કરું છું.'

ચિત્રા સિનેમા પછી કલકત્તાના જે વિલિંગ્ડન થીએટરમાં 'પૂરણ ભક્ત' રજૂ થઈ હતી તેમાં સદાય હાઉસ ફુલ હોવા છતાં સંચાલકો નિયત સમયમર્યાદા પૂરી થતાં જ બીજી કોઈ ફિલ્મને જગ્યા આપવા માટે 'પૂરણ ભક્ત' ને ઉતારી લેવા માગતા હતા. પણ બી.એન. સરકાર એની સામે કોર્ટનું ઈંજંકશન લાવ્યા અને ફિલ્મને ઊતરવા ન દીધી. પરિણામે પ્રેક્ષકોએ આ ફિલ્મને ધરાઈ ધરાઈને જોઈ અને માણી.


'પૂરણ ભક્ત'માં આર.સી. બોરાલે આપેલું સંગીત પણ બેનમૂન રહ્યું. એ તો સમર્થ હતા જ, પણ એમના વાસ્તવમાં સહાયક પંકજ મલ્લિકનો એ સંગીતને લોકભોગ્ય રંગ આપવામાં સિંહફાળો હતો. ભલે, એમને પૂરતો યશ ટાઈટલ્સમાં અપાયો નહોતો, પણ એમની એ નારાજગી એમની સર્જકતાની છોળને દબાવી ન શકી. એમને જ કારણે મશહૂર વાંસળીવાદક પન્નાલાલ ઘોષ અને એવા જ વિખ્યાત હાર્મોનિયમવાદક કોશી મોહમ્મદ આર.સી. બોરાલના વાદ્યવૃંદમાં જોડાયા હતા. તિમિર બરન જેવા ભાવપ્રવણવતાવાળું સંગીત આપનાર પ્રતિભાવાન સ્વરનિયોજક પણ પંકજદાના સંપર્કને કારણે જ ધ ન્યૂ થીએટર્સમાં આવ્યા. આ એ જ સંગીતકાર હતા કે જેમણે કે પાછળથી અત્યંત સફળ નીવડેલી હિંદી ફિલ્મ 'દેવદાસ' (૧૯૩૫)માં સ્વતંત્રરીતે સંગીત આપીને એને મ્યૂઝિકલ હિટ ફિલ્મ બનાવી દીધી. ૧૯૩૫માં આવેલી ફિલ્મ 'પૂજારીન'નું મધુર સંગીત પણ એમનું જ હતું, જેમાં સાયગલનું અમર ગીત 'જો બીત ચૂકી સો બીત ચૂકી, અબ ઉનકી યાદ સતાયે ક્યું' હતું.

ખેર, આ ઉપરાંત ધ ન્યૂ થીએટર્સની સંગીતમંડળીમાં આર.સી. બોરાલના ભાઈ જલુદા, એટલે કે બિશનચંદ્ર બોરાલ પણ હતા, જેમણે ધ ન્યૂ થીએટર્સની બંગાળી ફિલ્મ 'સીતા'થી સ્વતંત્ર સંગીત આપવાની હામ પણ ભીડી હતી. આ સિવાય આર.સી. બોરાલનું સંગીતના ક્ષેત્રમાં એક-

ચક્રી રાજ હતું. એક માત્ર ૧૯૩૨ની ફિલ્મ 'નટીર પૂજા' કે જેના દિગ્દર્શક અને વાર્તાકાર ખુદ રવીન્દ્રનાથ ટાગોર હતા (એની પૂરી વિગતો લેખાંક ૩માં આવી ગઈ છે) તેમાં રવીન્દ્રનાથના ભત્રીજા દ્વિજેન્દ્રનાથના પુત્ર દિનેન્દ્રનાથ ઠાકુરે સંગીત આપ્યું હતું. આ અને એક તિમિર બરન અને મિહિર કિરણ ભટ્ટાચાય જેવાના એકાદ બે ફિલ્મોના અપવાદ સિવાય બીજા કોઈ સંગીતકારનો ગજ વાગતો જ નહીં.

આર.સી. બોરાલને સંગીતના સંસ્કાર ગળથૂથીમાં જ મળ્યા હતા. એમના પિતા લાલચંદ બોરાલ પોતાના વિખ્યાત જમીનદાર કુટુંબના છતાં તે જમાનાના સુપ્રસિદ્ધ પખાવજવાદક હતા. ૧૯૦૩ના ઑક્ટોબરની ઓગણીસમીએ જન્મેલા રાયચંદ શિશુવયથી જ ઘરમાં સંગીતની મહેફિલોના વાતાવરણમાં ઊછર્યા. અલબત્ત, પાંચ વર્ષની ઉંમરે એમના સંગીતજ્ઞ પિતા તો અવસાન પામ્યા, પણ ગ્વાલિયર ઘરાનાના મશહૂર સરોદવાદક હાફીઝ અલીખાં સાહેબની સલાહથી મોટાભાઈ એમને તબલાંની તાલીમ માટે મજીદખાંની પાસે લઈ ગયા. થોડા જ દહાડામાં એ વયની એમની કોમળ હથેલી અને આંગળીઓ તબલા ઉપર એવી તો રમવા માંડી કે ઉસ્તાદ ખુદ ચકિત થઈ ગયા. અલબત્ત, બીજાં વાદ્યો પર પણ વય વધવાની સાથે એમનો હાથ બેસી ગયો, પણ તબલાં પરત્વે એમનો ઝુકાવ વિશેષ રહ્યો. એકવીસ વર્ષની એમની વયે લખનઊના અતિ મહત્ત્વના ગણાય તેવા સંગીતસમ્મેલનમાં તો એમની જબરી વાહવાહ થઈ. એ ઉંમરે એમને 'સારસ્વત મહામંડલ'ના ઈલકાબથી નવાજવામાં આવ્યા. ઈંડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસ (અત્યારનું આકાશવાણી) તરફથી સામેથી એમને સંગીત વિભાગ સંભાળવાનો પ્રસ્તાવ આવ્યો, જે એમણે નૃપેન્દ્ર મજુમદારની સલાહથી સ્વીકારી લીધો. એ જગ્યા એમણે એવી દીપાવી કે કોઈને એની ધારણા નહોતી. પ્રાચીન અને પ્રાશ્ચાત્ય સંગીતનો એમણે ભારતીય વાદ્યો દ્વારા ગજબનો સમન્વય કરીને સ્વદેશી ઑરકેસ્ટ્રાની રચના એમણે કરી એ વાત વિગતે આપણે આગળ ઉપર જોઈશું. તેમના રેડિયોના કાર્યકાળ દરમ્યાન જ એમને પંકજદાનો પરિચય થયો. પંકજદા એવા જ સક્ષમ સમર્થ સ્વરશિલ્પી અને વળી જાદુઈ કંઠના સ્વામી છતાં રેડિયોમાં બોરાલથી નીચેના ક્રમે રહેવાના કારણે એ લઘુતાભાવનું સાતત્ય એમને ધ ન્યૂ થીએટર્સમાં પણ કાયમ નડ્યા કર્યું. બન્ને વચ્ચેની દોસ્તી પ્રગાઢ હતી, પણ સમાન ક્ષેત્રના મિત્રો વચ્ચે પણ જે તંદુરસ્ત અને પ્રગતિદાતા સ્પર્ધાભાવ હોવો જોઈએ તે ન હતો. પરિણામે છૂટથી એમણે પોતાના ઉત્તમ કર્તૃત્વનો યશ બોરાલને ફાળે જવા દીધો. 'પૂરણભક્ત'ની સાયગલની ગાયેલી બે અતિસુંદર રચનાઓનું કર્તૃત્વ પંકજદાનું હતું, પણ નામ તો પરદા ઉપર બોરાલનું જ આવ્યું. યુસુફ મૂલજી કે જેઓ ધ ન્યૂ થીએટર્સના અતિકુશળ કૅમેરામેન હતા અને વળી બી.એન. સરકારના પણ વિશ્વાસુ સાથી હતા, તેમણે પંકજદાનો પક્ષ લઈને બોરાલને કાને એમની વ્યથા નાખવાની કોશિશ કરી પણ બોરાલે એમને પણ દાદ ન આપી. ઊલટાનું એમની સાથે પણ અંતર વધારી દીધું.

આમ છતાં ૧૯૩૩ની સાલ ધ ન્યૂ થીએટર્સ માટે આગેકૂચનું પ્રથમ વિરાટ પગલું સાબિત થઈ. ચાર બંગાળી ફિલ્મો 'મસ્તુતો ભાઈ', 'કપાલકુંડલા', 'સીતા', 'મીરાંબાઈ' ઉપરાંત 'પૂરણ ભક્ત', 'રાજરાણી મીરાં', 'યહુદી કી લડકી' અને 'દુલારી બીબી' એમ ચાર હીંદી ફિલ્મો



એક સમયનો ધ ન્યૂ થીએટર્સનો સ્ટૂડિઓ

બનાવી હતી. ઉપરાંત માત્ર ચારસો ફીટનું 'ઈદકા ગાના' અને ચારસો ત્રીસ ફીટનું 'જે. એમ. ગુપ્તાની સ્મશાનયાત્રા' જેવાં વૃત્તચિત્રો બનાવ્યાં ને મૂળ ફિલ્મો જોડે સાંકળીને દર્શાવ્યાં. 'નંદનાર' નામક એક તમીળ ફિલ્મ પણ બનાવી. (એ કોઈ બંગાળીનું જ તમીળ સંસ્કરણ હોવાનો સંભવ છે). 'યહૂદીકી લડકી'માં સંગીતકાર તરીકે આર.સી. બોરાલનું નામ છતાં પંકજ મલ્લિકે સાયગલના કંઠે મીરઝા ગાલિબની જાણીતી ગઝલ 'નૂકતાચીં હૈ ગમે દિલ' તથા બીજી એક પરંપરાગત રચના 'લગ ગઈ ચોટ કરેજવામેં હાય રામા' ગવડાવીને કમાલની સર્જકતા બતાવી. (હરમંદિર સિંગ 'હમરાઝ'ના ગીતકોશમાં એ ફિલ્મના સંગીતકાર તરીકે પંકજ મલ્લિકનું નામ છે. પણ એથી પણ વધુ અધિકૃત ફિલ્મોગ્રાફી પ્રમાણે એમાં આર.સી. બોરાલનું જ નામ છે.) એ ફિલમમાં સાયગલની ભૂમિકા પ્રિન્સ માર્કીવીસની, હતી, પણ તે રોમૅન્ટિક ભૂમિકામાં તેઓ જચતા નહોતા. બીજી હિંદી ફિલ્મ 'રાજરાણી મીરાં'માં નાયક પૃથ્વીરાજ કપૂર હતા અને નાયિકા હતાં દુર્ગા ખોટે. સાયગલની એમાં બહુ નગણ્ય નાની ભૂમિકા હતી. મ્યૂઝિક બોરાલનું હોવા છતાં બધાં જ ગીતો સ્ત્રી-કંઠમાં મહદ્અંશે ઈન્દુબાલાના કંઠમાં હોવાથી બહુ સફળ થયાં નહીં.

એક રસિક વાત અહીં નોંધવા જેવી છે. સાયગલ ગંભીર પ્રકૃતિના હતા અને ગીતોમાં વેદના નીચોવીને સાંભળનારાને રડાવી દેવા માટે નિષ્ણાત ગણાતા. પણ વારંવાર તેઓ પોતાની જાતને કૉમેડિયન તરીકે ઓળખાવીને સૌને હસાવ્યા કરતા. એમના એ મંતવ્યને લક્ષમાં લઈને એમને ૧૯૩૩માં માત્ર બે રીલની એટલે કે ત્રણ હજાર નવસો ફીટની લંબાઈની લઘુ ફિલ્મ 'દુલારી બીબી'માં નાયકની ભૂમિકા આપવામાં આવી હતી. એમાં મોલીનાદેવી કર્કશા પત્નીનો પાઠ ભજવતાં હતાં ને સાયગલ એમના દબાયેલા પતિનો. એ ફિલ્મ એ જમાનાના અતિ લોકપ્રિય હોલિવુડના અભિનેતાઓ લૉરેલ અને હાર્ડીની ફિલ્મ 'અવર વાઈવ્સ' (અમારી બૈરીઓ)ની સીધી નકલ જેવી હતી. ખરેખર પહેલા જ દશ્યમાં હાંફળાફાંફળા ઘરનો દાદરો ઊતરીને ભાગી આવતા સાયગલનું દશ્ય હતું. એમની પાછળ એમની પત્ની ધાતુના લોટા અને થાળીઓ ફેંકે છે એ દશ્ય જોવા માટે લોકો થીએટરમાં પણ 'વન્સ મોર' માગતા હતા !

પણ ધ ન્યૂ થીએટર્સનો ખરો વિજયખડંકો તો વાગ્યો ૧૯૩૪ની એની ફિલ્મ 'ચંડીદાસ'થી. બીજી રીતે પણ એ વર્ષ બહુ નોંધપાત્ર રહ્યું.

(ક્રમશઃ)

અનુ.] વાચકો લખે છે [પૃ. ૨૫૮થી

પ્રથામાં ઘણો સુધારો થયો. દારૂ અને ગોળીને સાથે રાખતા નાની ડબ્બી જેવા કારતૂસ વપરાવા લાગ્યા. વધુ કારતૂસોનો ઉપયોગ થઈ શકે તે માટે બે નળીવાળી 'જોટાળી' બંદૂકો તથા બે કે વધુ નળીવાળા તમંચા બનવા લાગેલા. તેમાં પણ સુધારો-વધારો કરી ૬ કારતૂસ સમાવતા અને પોતાની ધરી ફરતે ગોળ ઘૂમી શકતાં ખાનાંઓ(ચેમ્બર)વાળી રિવૉલ્વર યુ.એસ.એ.માં સેમ્યુઅલ કોલ્ટ (કોલ્ડ નહીં) નામના એક બંદૂકિયા કારીગરે (ગનસ્મિથે) સન ૧૮૩૫માં બનાવી હતી. કોલ્ટ નામે ઓળખાવા લાગેલ આ તમંચા પ્રકારની બંદૂક ત્યાર પછી અમેરિકન લશ્કરના સૈનિકો, માથાભારે લોકો તથા પોલીસોનું માનીતું શસ્ત્ર બની રહી. -જ્યોતિ ભટ્ટ (વડોદરા)

•

'કુમાર' માર્ચ ૨૦૦૧ના પૃ. ૧૭૭ પરની વિશ્વની પ્રથમ બંદૂક સંબંધી માહિતી ભ્રમપ્રેરક છે. એમાં સત્તરમી સદીમાં અમેરિકામાં બંદૂકની શોધ થયાનું જણાવાયું છે. હકીકતમાં ભારતમાં એથીય પહેલાં બંદૂક હતી. મને તાત્કાલિક હાથવગી થયેલી માહિતી આમ છે.

ભાવનગરના બાર્ટન સંગ્રહાલયમાં મુઘલ સમ્રાટ જહાંગીર (ઈ.સ. ૧૫૬૯-૧૬૨૭)ના સમયની બંદૂકનો નમૂનો મોજૂદ છે.

'જહાંગીરનામા'માં ઠેકઠેકાણે શિકાર તેમ જ યુદ્ધની ઘટનાઓને અનુષંગે બંદૂક, ગોળી, બંદૂકચી (બંદૂક-દારી, બંદૂક-ચાલક) અને બંદૂક-ધારી સેનાની ટુકડીઓના ઉલ્લેખ છે. એક દાખલો : 'અમને સૂચના મળી કે એક વાઘ આસપાસમાં છે જે નરભક્ષી છે અને જેનાથી પ્રજાને ઘણું કષ્ટ છે. અમે અમારા પુત્ર શાહજહાંને આજ્ઞા કીધી કે એ પ્રજાનું કષ્ટ દૂર કરે. એણે વાઘને ગોળીએ માર્યો ને રાતે અમારી પાસે લઈ આવ્યો.'

'A CONCISE HISTORY OF SCIENCE IN INDIA [Editors : D.M. BOSE, S.N. SEN, B.V. SUBBARAYAPPA]ના ગુજરાતી અનુવાદમાં જણાવાયા મુજબ, ઈસ્વી સનની સોળમી સદીમાં, મુઘલ યુગમાં બંદૂકો અને બંદૂકનો દારૂ ખૂબ વપરાશમાં હતાં. ઉક્ત પુસ્તકના પૃ. ૪૮૫ પરનું લખાણ છે : 'ઈ.સ. પંદરમી સદીના પ્રારંભમાં બંગાળમાં બંદૂક અને બંદૂકનો દારૂ વપરાશમાં હતાં, તેવું સૂચવતા પુરાવા છે'... 'શુક્રાચાર્યને આરોપિત સંસ્કૃત ગ્રંથ **શુક્રનીતિ** વિવિધ પ્રકારની બંદૂકોના ઉપયોગ માટે જુદાં જુદાં પ્રમાણોમાં સૂરોખાર, ગંધક અને કોલસો વાપરીને બંદૂકનો દારૂ કેવી રીતે બનાવી શકાય તેનું વર્ણન આપે છે'... 'બંદૂકના દારૂને અને બંદૂકને અનુક્રમે **અગ્નિચૂર્ણ** અને **નાલાસ્ત્ર** નામો આપવામાં આવે છે.'

-શિલ્પીન થાનકી (ભાવનગર)

•

એપ્રિલ, ૨૦૦૧ના 'કુમાર'ના છેલ્લા પાને નૌતમભાઈ વખારિયાની ગણિતગમ્મતના અનુસંધાનમાં ૫૮૧૪ પણ એવી સંખ્યા છે કે તેને કોઈ પણ રકમ વડે ગુણી તેમાંથી ૫ બાદ કરી તેને ૧૭,૧૮ તેમ ૧૯ વડે ભાગશો તો અનુક્રમે ૧૨,૧૩ ને ૧૪ શેષ વધશે.

ત્યાર પછી ૨૬૯૭૦ની સંખ્યા લો. તેને કોઈ પણ રકમ વડે ગુણી તેમાંથી ૫ બાદ કરી તેને ૨૯,૩૦ તેમ ૩૧ વડે ભાગી જોશો તો અનુક્રમે ૨૪,૨૫ ને ૨૬ શેષ વધશે.

વાચકો આ નમૂના જોઈ બીજી સંખ્યાઓ શોધી શકશે.

અંક ૮૮૦ 'સૂત્રસાર'માંના કવિ નિરાલાજીના પ્રસંગની જેમ શ્રી ગુણવંતભાઈ શાહનો પણ પ્રસંગ છે. ૧૯૯૪માં અમેરિકાનાં તેમનાં પ્રવચનોનો પુરસ્કાર જે ૨૦૦૦ ડૉલર જેટલો હતો તે સઘળો બારોબાર પિંડવળના સર્વોદય ટ્રસ્ટ માટે મોકલી અપાવ્યો. આમ તેઓ તેમને મળતો સઘળો પુરસ્કાર કોઈ ને કોઈ સેવા સંસ્થા માટે અપાવી દઈ 'જ્યોં કી ત્યોં ધર દીની ચદરિયા'નો આનંદ માણી લે છે.

વિ. ભટ્ટની 'પ્રસંગકથા'માંનો બીજો પ્રસંગ વાંચી થયું કે આજના શિક્ષકમાં આવું ગૌરવભાન છે ? આવું આત્મતેજ તેઓ ધરાવે છે? આવું સ્વમાન તેઓ દાખવી શકે કે ? હેડ માસ્તર ડૉ. બસ્બીનો કિસ્સો યાદ રાખવા જેવો.

'સર્જનયોગ' વાંચ્યા પછીથી એવી લાગણી થઈ કે છેલ્લા ફકરા વિના ચાલત.

'આંચકો' લઘુકથાએ પ્રચંડ આંચકો આપ્યો. માનું હૃદય તે માનું હૃદય. પોતાની ગાંડીઘેલી પણ વહાલસોઈ પુત્રી દટાઈ મરતાં તે આઘાત જીરવી લેવાનું જોમ ખોઈ બેઠી ને પોતે જ ગાંડી થઈ ગઈ !

કમલા પરીખના હળવા નિબંધો અવારનવાર જોવા મળે તો સારું એવી અપેક્ષા તેમનું 'ગૌમહિમ્ન સ્તોત્ર' વાંચીને થઈ.'

-લલિત શાહ (સુરેન્દ્રનગર)

'કુમાર'ના માર્ચ ૨૦૦૧મા અંકમાં શ્રી રજનીકુમાર પંડ્યાનો લેખ 'ફિલ્માકાશ-૩' રસપૂર્વક વાંચ્યો. હિંદી ફિલ્મક્ષેત્રે સંગીતસમ્રાટ ગણાતા કુંદનલાલ સાયગલ વિષે રસપ્રદ અને રોમાંચક માહિતી તેમાં અપાઈ છે. રજનીકુમાર જેવા અધિકૃત લેખક જ આવી સરસ માહિતી પૂરી પાડી શકે. લેખકને મારાં હાર્દિક અભિનંદન -નરોત્તમ વાળંદ (ભરૂચ)

•

માર્ચ-૨૦૦૧ના 'કુમાર'માં કલાકાર ગજેન્દ્ર શાહનો પરિચય આપે સરસ આપ્યો છે. મુખપૃષ્ઠ પર મુદ્રિત હોળીનું રંગચિત્ર વિષય અને અભિવ્યક્તિ બન્ને દૃષ્ટિએ બોલ્ડ-વજનદાર રહ્યું. વળી 'કુમાર' શીર્ષકમાં હોળીના સાતેય રંગે અનેરી ભાત પાડી છે. આ અંકથી આપે કરેલો ફેરફાર મને ખૂબ જ ગમ્યો. અને તે એ કે સ્વ. બચુભાઈના વખતથી અમે ટાઈપથી ટેવાયેલાં હતાં, તેવડા નાના ટાઈપમાં આખો અંક મુદ્રિત હોઈ ખૂબ જ આનંદ થયો. હવે આ ફેરફાર ફરિયાદ આવે તો પણ જાળવી રાખશો. કેમકે તેથી જગ્યાનો બચાવ થાય છે. તેના કારણે જ આ અંકમાં ૨ રંગચિત્રોની સાથે ૪૭ જેટલી તસવીરો-રેખાંકનો મૂકી શકાયાં. વળી, અક્ષરો પણ ટાઈપસેટિંગ હોવાથી રળિયામણાં લાગે છે. ખૂબ ખૂબ અભિનંદન

-પ્રતાપસિંહ જાડેજા (રાજકોટ)

•

દેશવિદેશમાં 'કુમાર' જાય છે ત્યારે આ સ્પષ્ટતા અસ્થાને નથી. એપ્રિલ ૨૦૦૧, 'કુમાર' અંકમાં 'આપણે સારા બનીએ' માં અકબર-બીરબલના નામે સંવાદ ઘુસાડ્યો છે તો માલૂમ થાય કે તે બાળ રામતીર્થ (ગણિતજ્ઞ) અને તે વખતના તેના શિક્ષક વચ્ચેનો છે.

-ભરત બી. જોશી (પાલીતાણા)

•

* (આ પ્રસંગ અમે 'શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર' દ્વારા પ્રકાશિત પુસ્તિકા 'જીવન સુવાસ'માંથી ઉદ્ધૃ કરાયો છે. -તંત્રી)

કેટલાક મહિનાથી પ્રકાશિત થતી 'ભારતનાં રાજ્યો'ની લેખમાળા આવકાર્ય છે. તે રસપ્રદ સર્વાંગલક્ષી, માહિતીપૂર્ણ તથા ચોકસાઈ-પૂર્વકની હોવાથી ઉપયોગી છે. તેને વધુ લંબાવી શકાય તેમ હોય તો હવામાન તથા ભૌગોલિક માહિતી ઉમેરી શકાય. ખાસ કરીને આ પ્રકારના લેખો સ્કૂલ-કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ અને અન્ય સૌ વાચકોને ઘણા ઉપયોગી થતા હોય છે.

-એસ.એન. પરીખ (અમદાવાદ)


હાજી કાસમની 'વીજળી'

કેટલીક ઘટનાઓ એવી હોય છે, જેને કાળનો પ્રવાહ વિસરાવી શકતો નથી. આજથી ૧૧૨ વર્ષ પહેલાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે સર્જાયેલી એક જહાજી દુર્ઘટનાને આજે આટલાં વર્ષો પછી પણ સૌરાષ્ટ્ર-કચ્છનાં લોકો ભૂલી શક્યાં નથી. દરમિયાન આ દુર્ઘટના અંગે અનેક સંશોધનો થયાં છે. આ સંશોધનોના નિષ્કર્ષરૂપે પ્રકાશમાં આવેલી વાતો ગુજરાતી પ્રજાને હરહંમેશ આકર્ષતી રહી છે. આ દરિયાઈ દુર્ઘટના એટલે હાજી કાસમની 'વીજળી'ની જળસમાધિ. તાજેતરમાં એક પીઢ પુરાતત્ત્વવિદે હાથ ધરેલાં સંશોધનમાં 'વીજળી'ની જળસમાધિ અંગેની અનેક રસપ્રદ હકીકતો બહાર આવી છે. આ હકીકતોની વિગતો સમજતાં પહેલાં આ ગોઝારી દુર્ઘટના અંગેની લોકકથા જાણી લેવી જરૂરી છે.

આજથી ૧૧૨ વર્ષ પહેલાં સને ૧૮૮૮ના નવેમ્બર માસની આઠમી તારીખે કારતક સુદ પાંચમ ને ગુરુવારનો દિવસ હતો. ચોર્યાસી બંદરના વાવટા જેવા કચ્છના માંડવી બંદરનો દરિયો આજે જાણે ગાંડો-તૂર બની ગયો હતો. પાણીનાં ઊછળતાં મોજાં ઘડીકમાં ઊંચે ચડતાં હતાં, ઘડીકમાં નીચે પછડાતાં હતાં. અરબી સમુદ્ર પરથી પૂરઝડપે દોડ્યાં આવતાં પાણી સાગરકિનારે પછાડા મારતાં હતાં.

માંડવી બંદરને કિનારે બપોરના બરાબર બાર વાગ્યે એક નવી-નકોર સ્ટીમર લાંગરી હતી. ઈંગ્લન્ડના ગ્લાસગો સિટીના 'ધ ગ્રેન્જ માઉથ શિપિંગ યાર્ડ'માં શેફર્ડ શિપિંગ કંપનીએ આ સ્ટીમર 'બૉમ્બે સ્ટીમર નેવિગેશન કંપની, માટે બનાવી હતી. ૧૭૦.૧ ફૂટ લાંબી, ૨૬.૫ ફૂટ પહોળી અને ૯.૯. ફૂટ ઊંચી આ સ્ટીમર પૂરેપૂરી સ્ટીલ બોડીની હતી. ખાલી આ સ્ટીમરનું વજન જ ૬૩ ટન જેટલું હતું. તેની વહન-ક્ષમતા ૨૫૮ ટન વજનની હતી. પ્રપેલર પંખાવાળી આ સ્ટીમરની ઝડપ એક કલાકના ૧૩ નોટિકલ માઈલની હતી. આ સ્ટીમરને તૈયાર થતાં ત્રણ વર્ષ લાગ્યાં હતાં. ત્રણ માળ અને ૨૫ કૅબિન ધરાવતી આ આલિશાન સ્ટીમરનું નામ 'એસ.એસ. વૅટરના' રાખવામાં આવ્યું હતું.

બૉમ્બે સ્ટીમર નૅવિગેશન કંપની મુંબઈના હાજી કાસમ જુસબ નામના એક મુસ્લિમ શ્રીમંતે કૅપ્ટન જેમ્સ શેફર્ડ નામના અંગ્રેજ સાથે ભાગીદારીમાં એ સ્થાપી હતી. કંપનીનો મુંબઈ ખાતેનો વહીવટ હાજી કાસમ જુસબ ખુદ જાતે જ સંભાળતા હતા. ગ્લાસગો બંદરેથી નવીનકોર વૅટરના પોતાની સૌપ્રથમ સફરે જવા રવાના થઈ ત્યારે બારાના સરકારી અમલદારોએ એને તોપની સલામી આપી હતી. વૅટરના વિલાયતથી ઊપડી હિન્દુસ્તાન આવે છે એના સમાચાર બધેય પ્રસરી વળ્યા હતા. આલમની યાંત્રિક રચનાની આ અજોડ બનાવટને નજરે નિહાળવા ભારતીય લોકો અરબી સમુદ્રની ક્ષિતિજે મીટ માંડી રહ્યાં હતાં. વૅટરના સ્ટીમરની ઝડપ વીજળી જેવી હતી. એ સમયે ભારતવાસીઓ એ વીજળીના દીવાઓ જોયા નહોતા. જ્યારે આ વૅટરના સ્ટીમર ઉપર અનેક દીવાઓ બળતા. આથી રાત્રે પણ વૅટરના સ્ટીમરનો ખૂણેખૂણો ધોળા દિવસ જેટલો જ પ્રકાશિત રહેતો હતો. ઝળહળતાં વીજળીનો પ્રકાશ અને તેજ ઝડપને કારણે આ સ્ટીમર દરિયાલાલમાં જાણે વીજળી સદેહે રમવા આવી હોય એવી લાગતી



કમનસીબ વૈતરણા - 'વીજળી' સ્ટીમર

હતી. આ સ્ટીમર ગ્લાસગો બંદરેથી ઊપડી કરાચી થઈ કચ્છના માંડવી બંદરે આવી હતી.

વીજળીના કૅપ્ટન ઈબ્રાહીમભાઈને આ સ્ટીમરની મજબૂતી ઉપર મગરૂરી હતી. કરાચીથી મુંબઈ સુધીની પહેલી સફરમાં મુસાફરી કરવાનો લહાવો લેવા એ જમાનામાં લોકો તલપાપડ બન્યાં હતાં. વિલાયતથી આ સ્ટીમરને મુંબઈની કંપનીની વડી કચેરીએ આવવાનું નક્કી કરાયું હતું. પરંતુ કોઈ કારણોસર પાછળથી એમાં ફેરફાર કરીને કરાચીથી જ મુસાફરોને લેવાની જાહેરાત કરવામાં આવી હતી. પરિણામે કરાચીમાંથી મુસાફરો ઉભરાયાં હતાં. ૧૯મી સદીની અજાયબી સમી આ સ્ટીમર મુંબઈના બારામાં લાંગરે ત્યારે એને નજરે જોવા માટેની બે બે આનાની ટિકિટો અગાઉથી વેચાઈ ગઈ હતી.

નવીનકોર 'વીજળી' સ્ટીમર મુંબઈ જવા માટે કરાચીથી ઊપડી ચૂકી છે, એવા સમાચાર કચ્છને ગામેગામ પહોંચી ગયા હતા. કચ્છને ખૂણેખૂણેથી કચ્છી માડુઓ વીજળીને જોવા અને તેમાં મુસાફરી કરવા માંડવીના બંદરે પહોંચી ગયા હતા. કચ્છનાં જુદાં જુદાં ગામોમાંથી તેર જાનો મોડબંધા વરરાજા સાથે મુંબઈ પહોંચવા માટે 'વીજળી' પર ચડવા માટે માંડવી બંદરે આવી પહોંચી હતી. માંડવીની ચાર જાનોની સફર તો મૂળ એક બીજી બોટમાં નોંધાયેલી, પણ આલમની અજાયબી સમી 'વીજળી'માં સફર કરવાની તક મળી હોવાથી તેમણે નોંધાવેલી સફર રદ કરીને 'વીજળી'માં ચડ્યા હતા. જાનૈયાઓના કંઠેથી ગવાતાં લગ્નગીતોથી માંડવી બંદરનો રેતાળ દરિયાકિનારો ગુંજી રહ્યો હતો. લગ્નનું શુભ મુહૂર્ત કાઢી આપનારા લગ્નવિધિના નિષ્ણાત ગોર મહારાજો પોતાના યજમાનો સાથે મુંબઈ સુધી જવા જાનમાં જોડાઈ ગયા હતા.

એ જ અરસામાં મુંબઈમાં મૅટ્રિકની પરીક્ષા શરૂ થવાની હતી. એ જમાનામાં મૅટ્રિકના વિદ્યાર્થીઓને પરીક્ષા આપવા માટે છેક મુંબઈ જવું પડતું હતું. કચ્છના સેંકડો યુવાન વિદ્યાર્થીઓ મૅટ્રિક પાસ થવાની મોટી આશા સાથે, ઉજ્જ્વળ ભવિષ્યનાં સપનાં જોતા 'વીજળી' પર ચડી ગયા હતા. 'વીજળી'નો ઊપડવાનો નિયત સમય થતાં તેના ભૂંગળામાંથી સાઈરનનો કર્કશ અવાજ સંભળાયાં ને થોડી પળોમાં જ તરતા રાજમહેલ જેવી આ સ્ટીમર પાણીમાં સરવા લાગી. માંડવી બંદરેથી ચડેલા કચ્છના સેંકડો મુસાફરોને પોતાની ગોદમાં બેસાડીને સાગરપટ પર હિલોળા લેતી 'વીજળી' માંડવી બંદરને અલવિદા કરી વીજઝડપે દ્વારિકા જવા આગળ

વધવા લાગી. દરિયાની ક્ષિતિજે તે દેખાતી બંધ થઈ ત્યાં સુધી મુસાફરોને વળાવવા આવેલાં કચ્છીઓ પોતાનો હાથ હલાવી પોતાનાં સ્વજનોને વિદાય આપતાં રહ્યાં હતાં. પણ તેઓને ક્યાં ખબર હતી કે, તેઓ પોતાના સ્વજનોને કાયમને માટે વળાવી રહ્યાં છે !

થોડા કલાકોમાં જ 'વીજળી' રૂપેણ બંદર થઈને દ્વારિકાના કિનારે લાંગરી. દ્વારિકા ખાતે એકમાત્ર મુસાફર - દ્વારિકાના ગુગળી બ્રાહ્મણ ભગવાનજી અજરામર ઊતર્યા. ભગવાનજીભાઈ કરાચીથી મુંબઈ પોતાના એક યજમાનની જાનમાં જવા નીકળ્યા હતા. માંડવીના બારામાં તેઓ સખત બીમાર પડી ગયા હતા. બીમાર ભગવાનજીભાઈને મુંબઈ સુધી પોતાથી મુસાફરી નહીં થઈ શકે એમ લાગતાં પોતાનું વતન દ્વારિકા આવતાં ત્યાં જ ઊતરી જવાનું પસંદ કર્યું હતું. પોતાના યજમાન સાથે 'વીજળી'માં બેસી મુંબઈ જવાની ઇચ્છા અધૂરી રહી. પરંતુ એ ભૂદેવને ક્યાં ખબર હતી કે, વિધાતાએ જ તેમને આ માંદગી મોકલી હતી...

દ્વારિકાથી ૧૮૫ મુસાફરોને લઈને 'વીજળી' પોરબંદર જવા ભરસાગરમાં માર્ગ કાપવા લાગી. 'વીજળી' રવાના થઈ ને થોડી વારમાં જ નિર્મળ આભમાં કાન ફાડી નાખે એવો કડાકો થયો. એકાએક દરિયાનાં પાણી ઊછળવા લાગ્યાં. ખુલ્લા સાગરનાં ઊછળતાં મોજાં વચ્ચે 'વીજળી' ડોલી રહી હતી. અરબી સમુદ્ર આજે એકાએક મસ્તીમાં આવી ગયો હતો. પરંતુ 'વીજળી'નો કપ્તાન ઇબ્રાહીમ મહાકાય 'વીજળી'ની તાકાત પર મુસ્તાક હતો. ધીમે ધીમે રૌદ્ર રૂપ ધારણ કરતા જતા દરિયામાં આગળ વધતી 'વીજળી' પોરબંદર પહોંચી. પોરબંદરથી તેમાં એક જાન અને મૅટ્રિકની પરીક્ષાના થોડા વિદ્યાર્થીઓ ચડવાના હતા.

પોરબંદરના દરિયામાં વીજળી સલામત ઊભી હતી ત્યારે દરિયામાં વાવાઝોડાના તોફાનનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. સાગરનું એ તોફાન પળે પળે વધતું જતું હતું. આકાશમાં કાળાં ભમ્મર વાદળાંની ઘનઘોર ઘટા ઘેરાવા લાગી હતી. કડાકાભડાકા સાથે આકાશમાં વીજળી ઝબકવા લાગી હતી. ડુંગર જેવડાં મોજાં ઊછળવા લાગ્યાં હતાં. એ સમયે પોરબંદર રાજ્યનો વહીવટ લેલી નામના એક અંગ્રેજ ઍડમિનિસ્ટ્રેટર સંભાળી રહ્યા હતા. આ અંગ્રેજની અનુભવી આંખો દરિયાના આ તોફાનને પામી ગઈ હતી. તેઓ 'વીજળી'ના કપ્તાન પાસે જઈ એ તોફાન શમી ન જાય ત્યાં સુધી 'વીજળી'ને પોરબંદરમાં જ થોભી રાખવાની વિનંતી કરી, પરંતુ 'વીજળી'ના કપ્તાન ઇબ્રાહીમને 'વીજળી'ની શક્તિનું અભિમાન હતું. તેમણે લેલીસાહેબની વાત નકારી કાઢી. લેલીસાહેબને લાગ્યું કે જો 'વીજળી' એક દિવસ પોરબંદર રોકાય તો નાહકનો ખર્ચ વધે એની કપ્તાનને ચિંતા હશે; આથી તેમણે પોરબંદર રાજ તરફથી 'વીજળી'ને તોફાનને કારણે રોકાણ થાય એનું તમામ ખર્ચ આપવાનું કહ્યું હતું, પણ કપ્તાને આ વાતને પણ ઠુકરાવી દીધી હતી.

આ પછી લેલીસાહેબે 'વીજળી'ના જે કોઈ મુસાફર પોરબંદર ઊતરી જવા માગતા હોય એને પોતાની તમામ મદદ આપવાની તૈયારી બતાવી હતી. પોરબંદરથી એક પણ ઉતારુ 'વીજળી'માં ચડી શકે નહીં એવો એમણે બંદોબસ્ત કરાવ્યો હતો. પોરબંદરથી કુલ ૨૨ મુસાફરો 'વીજળી'માં ચડવા માગતા હતા, પણ લેલીસાહેબે તેઓને ચડવા ન દીધા. લેલીસાહેબની વાત માની કોઈ મુસાફર 'વીજળી'માંથી નીચે ઊતરવા તૈયાર ન હતો. વરરાજાને લગ્નના ફેરા ફરવાની ઉતાવળ હતી, તો વિદ્યાર્થીઓને મૅટ્રિકની પરીક્ષા આપી ડિગ્રી મેળવવાની ઉત્સુકતા હતી. લેલીસાહેબે પોરબંદરના ઉતારુઓને 'વીજળી'માં ચડવા ન દીધા એથી



'વીજળી'નું એક કાલ્પનિક રેખાંકન

તેઓ ગુસ્સે થયા હતા. મૅટ્રિકની પરીક્ષા આપવા મુંબઈ જવા માટે આવેલા વિદ્યાર્થીઓના ગુસ્સાનો તો કોઈ પાર ન હતો. તેઓને મૃત્યુનો ડર ન હતો, પણ કીમતી વર્ષ બગડે એની ચિંતા હતી. આથી જ તેઓ લેલીસાહેબને વિનવી રહ્યા હતા. પરંતુ લેલીસાહેબ આજે માને એમ ન હતા.

આખરે લેલીસાહેબની અસંમતિ છતાં 'વીજળી'એ પોરબંદરથી ઊપડવાની સાઈરન વગાડી. ગાજતા અને ઊછળતા દરિયા પર થૈ થૈ ડગ માંડતી 'વીજળી' પોરબંદરના બારામાંથી વછૂટી માંગરોળ તરફ જવા ઊપડી. પોરબંદરના કાંઠે ઊભેલાં મુસાફરો કે જેઓ 'વીજળી'માં ચડવા માગતા હતા તેઓ લેલીસાહેબને ગાળો દેતા રોષભરી નજરે, 'વીજળી'ને જતી જોઈ રહ્યા. દરિયો ભલે ગાંડોતૂર બન્યો હોય, પણ એ 'વીજળી'ને કાંઈ જ કરી શકશે નહીં એવો વિશ્વાસ 'વીજળી'માં બેસી મુસાફરી કરનારાઓને હતો, કેમ કે વિલાયતના કારીગરોએ ભેજું લડાવી 'વીજળી'નું સર્જન કર્યું હતું. દરિયો તો શું, ઉપરવાળો પણ આ સ્ટીમરને કાંઈ કરી શકે એમ નહોતો એવો સ્ટીમરના કપ્તાનને વિશ્વાસ હતો.

'વીજળી' પોરબંદર અને માંગરોળની વચ્ચેના માર્ગમાં હતી ત્યારે ભયંકર પવન ફૂંકાવાનો શરૂ થયો હતો, જેને સૂરિયો કહેવાય છે. સૂરિયો એટલે કલાકના સો માઈલથી પણ વધુ વેગથી ફૂંકાતો પવન. આ પવનને કારણે 'વીજળી' હાલકડોલક થવા લાગી હતી. કાળના દૂત જેવાં મોજાં 'વીજળી'ને ગળી જવા મોં ફાડીને દોડ્યાં આવતાં હતાં. 'વીજળી' ઘડીકમાં એ મોજાં પર ઊંચે ચડતી હતી, ઘડીકમાં નીચે પટકાઈ પડતી હતી. ઊંચે આકાશમાં વાદળો ગરજી રહ્યાં હતાં. 'વીજળી'માં બેઠેલા મુસાફરોમાં ગજબનો હાહાકાર મચી ગયો હતો. જ્યાં લગ્નગીતો ગવાતાં હતાં ત્યાં કારમી ચીસો સંભળાવા લાગી હતી. દરિયામાં હાલકડોલક થતી ને ડચકાં ખાતી 'વીજળી' વેરાવળ સુધી તો દેખાતી રહી હતી. ત્યાર પછી તે એકાએક અદૃશ્ય થઈ ગઈ. 'વીજળી' જેવી મહાકાય સ્ટીમર દરિયાઈ તોફાન સામે ઝીક ઝીલી ન શકી અને વેરાવળ-માંગરોળ વચ્ચેના ઊંડા દરિયામાં ક્યાંક ગરક થઈ ગઈ.



એમ મનાય છે કે, ભારે તોફાની પવનને કારણે હાલકડોલક થતી 'વીજળી'ને તોફાની દરિયાએ નીચેથી ઉપાડી

કચ્છ અને કાઠિયાવાડની પ્રજાના મુખેથી ગવાતું એક ગીત

હાજી કાસમ, તારી વીજળી રે મધદરિયે વેરણ થઈ !
શેઠ કાસમ, તારી વીજળી રે સમદરિયે વેરણ થઈ !
ભુજ અંજારની જાનું રે જૂતી, જાય છે મુંબઈ શે'ર.
દેશપરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઈ શે'ર.
દસ બજે તો ટિકટું લીધી, જાય છે મુંબઈ શે'ર.
તેર તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર.
ચૌદ વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંનો નૈ પાર.
અગિયાર બજે આગબોટ હાંકી, જાય છે મુંબઈ શે'ર.
બાર બજે તો બરોબર ચડિયાં, જાય છે મુંબઈ શે'ર.
ઓતર દખણના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ.
મોટા સાહેબની આગબોટું મળિયું, વીજને પાછી વાળ્ય.
જહાજ તું તારું પાછું વાળ્યે, રોગ તડાકો થાય.
પાછી વાળું, મારી ભોમકા લાજે ! અલ્લા માથે એમાન.
આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા, વીજને પાછી વાળ્ય.
મધદરિયામાં મામલા મચે, વીજળી વેરણ થાય.
ચહમાં માંડીને માલમી જોવે, પાણીનો ના'વે પાર.
કાચને કુંપે કાગદ લખેર, મોકલે મુંબઈ શે'ર,
હિન્દુ મુસલમીન માનતા માને, પાંચમે ભાગે રાજ.
પાંચ લેતાં તું પાંચસે લેજે, સારું જમાડું શે'ર.
ફટ ભૂંડી તું વીજળી ! મારાં તેરસો માણસ જાય.
વીજળી કે' મારો વાંક નૈ, વીરા લખિયલ છઠ્ઠીના લેખ.
તેરસો માણસ સામટાં બૂડ્યાં, બૂડ્યા કેસરિયા વર.
ચૂડીએ કોઠેં દીવા જલે ને જુએ જાનું કેરી વાટ.
મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેં'ચાય ખાંડ.
ઢોલ ત્રંબાળુ ધ્રૂસકે વાગે, જુએ જાનુંની વાટ.
સોળસેં કન્યા ડુંગરે ચડી, જુએ જાનુંની વાટ.
દેશદેશથી તાર વછૂટ્યા, વીજળી બૂડી જાય.
વાણિયા વાંચે ને ભાટિયા વાંચે ઘર ઘર રોણાં થાય.
પીઠી ભરી તો લાડડી રુએ, માંડવે ઊઠી આગ.
સગું રુએ એનું સાગવી રુએ, બેની રુએ બાર માસ.
મોટા સાહેબે આગબોટું હાંકી, પાણીનો ના'વે પાર.
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર.
સાબ મદ્યમ બે દરિયો ડોળે, પાણીનો ના'વે તાગ.
હાજી કાસમ તારી વીજળી રે મધદરિયે વહેણ થઈ !

હશે. ઉપાડીને અધ્ધર મૂકી દીધી હશે. એના પંખા ઊડી પડ્યા હશે, સ્ટીમરનું એન્જિન બંધ થઈ ગયું હશે, 'વીજળી'ના દીવાઓ બુઝાઈ ગયા હશે ને ઘોર અંધારું છવાઈ ગયું હશે. ગોળ ઘૂમતી 'વીજળી' આખરે દરિયામાં ગરક થઈ ગઈ હશે. પોરબંદરથી ઊપડેલી 'વીજળી' નિયત સમય પ્રમાણે આવી પહોંચે તો સવારે ચારેક વાગ્યાના સુમાર માંગરોળ બંદરે લાંગરવી જોઈએ. પરંતુ સવારે માંગરોળના કાંઠે 'વીજળી' ન દેખાતાં પોરબંદર પૂછતાછ કરવામાં આવી કે 'આગબોટ 'વીજળી' પોરબંદરથી ઊપડી છે કે નહીં ? અને ઊપડી હોય તો ક્યારે ઊપડી છે ?'

પોરબંદરથી જાણ કરવામાં આવી કે, 'વીજળી' ગઈ કાલે રવાના થઈ ચૂકી છે. ત્યારે દરિયામાં ભારે તોફાન થયું હતું. ઊપડેલી 'વીજળી' દરિયામાં વિનાશક તોફાનનો સામનો કરતી માંગરોળ તરફ આગળ ને આગળ વધતી હતી ત્યારે રાત્રીના ત્રણેક વાગ્યે એ દરિયામાં ડૂબી હશે એમ માનવામાં આવે છે. આવી તોતિંગ સ્ટીમર કે જે તત્કાલીન આલમની અજાયબી ગણાતી હતી તેની પહેલી જ સફર અધૂરી રહી. પહેલી સફર જ તેની અંતિમ સફર બની રહી. તે દરિયામાં કેમ ડૂબી ? એનો જવાબ તો કોઈ પાસે ન હતો, પણ એવું માનવામાં આવે છે કે પોરબંદર અને માંગરોળની વચ્ચે, પણ માંગરોળની નજીકમાં દરિયાના તળિયે ધડો, એટલે કે દરિયાના તળિયામાં પાતાળકૂવો હતો, આમ તો એમાં કાયમ ચીકણી ભીની માટી જ રહે. દરિયામાં તળિયા જેવું તળિયું જ લાગે. પણ ક્યારેક પવન કે પાણીનાં કે બીજાં કોઈ ન કળાય એવાં કારણે ધડો ફાટે એટલે ઉપરનાં પાણી અને નીચેની માટી એકસામટાં એમાંથી ઉલેચાય ને પછી પાછાં ખેંચાય. 'વીજળી' એમાં ખેંચાઈ હશે ને એ ધડામાં દરિયાની માટીથી દબાઈ ગઈ હશે. દરિયાના રૌદ્ર સ્વરૂપમાં ૧૩૦૦થી વધુ મુસાફરો અને ખલાસીઓ સહિત કુલ ૧૩૯૦ માનવીઓનો બેડો સમાઈ ગયો હશે. આ અનુમાન સાચું હોય કે ખોટું, 'વીજળી'ના વિનાશનો કોઈ ખુલાસો આજ સુધી કોઈને પૂરો સંતોષ આપી શક્યો નથી.

કુલ ૧૩૦૦થી વધુ મુસાફરો, પીઠીભર્યા અને આશાભર્યા ૧૩ વરરાજા, લગ્ન મહાલવા ઊપડેલી તેર જાનોનાં જાનૈયાં અને જાનડીઓ, વિધવા માતાના ટેકણલાકડી સમા કેટલાક યુવાનો, આશાભરી બેનડીઓના ભાઈઓ, કોઈના બાપ તો કોઈની માતાઓ, કોઈની દીકરી તો કોઈની પત્ની 'વીજળી' સાથે મહાસાગરના અગાધ જળમાં સદાને માટે પોઢી ગયાં. પરિણામે કચ્છ અને કાઠિયાવાડનાં કેટલાંય ગામોમાં કાળો કેર વરતી ગયો. અનેક ગામોમાં ઘેરઘેર રોકકળ અને કલ્પાંત મચી ગયાં. કેટલાંયે ઘરો પર સદાને માટે તાળાં લાગી ગયાં. અનેક માતાઓ સંતાનવિહોણી બની ગઈ. અનેક બહેનો ભાઈવિહોણી થઈ ગઈ. અનેક સ્ત્રીઓ વિધવા બની ગઈ. વીજળીનો ભંગાર કે કોઈ માનવીની લાશ પણ ક્યારેય દેખાઈ નહીં. કચ્છ અને કાઠિયાવાડ માટે આલીશાન 'વીજળી' એક દંતકથા બની ગઈ.

દરિયાઈ તોફાન અને 'વીજળી' વચ્ચેનું યુદ્ધ ક્યાં થયું હશે ? ક્યાં સુધી ચાલ્યું હશે ? ને ક્યારે પૂરું થયું હશે ? એ વિશેની હકીકતો કહેવા કોઈ જીવિત રહ્યું ન હતું. તેથી આ અંગેની નક્કર હકીકતો પ્રાપ્ય નથી. સૌરાષ્ટ્રના સાગરકાંઠે સર્જાયેલી આ દુર્ઘટનાની સાચી હકીકતો પ્રકાશમાં લાવવા કેટલાક સંશોધકોએ ભૂતકાળમાં રસ દાખવ્યો હતો. હાલ સૌરાષ્ટ્રના પીઢ પુરાતત્ત્વવિદ્ વાય.એમ. ચિત્તલવાલા છેલ્લાં કેટલાંક વર્ષોથી 'વીજળી'ની જળસમાધિ અંગે સંશોધન કરી રહ્યા છે.

આજથી થોડાં વર્ષો પહેલાં 'ટાઈટેનિક' ફિલ્મ રજૂ થઈ ત્યારે દુનિયાભરનાં અખબારોએ 'ટાઇટૅનિક'ના ભંગારની શોધખોળ વિશે લેખો લખ્યા. ચિત્તલવાલાએ એ ફિલ્મ પણ જોઈ ને તેમનો સંશોધક જીવ જાગી ઊઠ્યો. તેમણે સૌરાષ્ટ્રના સાગરકાંઠે ડૂબી ગયેલી 'વીજળી'નું સંશોધન કરવાનું બીડું ઝડપ્યું.

ચિત્તલવાલાએ સંશોધન કરી જે આધારભૂત માહિતીઓ પ્રાપ્ત કરી છે એ ખૂબ જ રસપ્રદ છે. તેમના મતાનુસાર 'વીજળી'નું સાચું નામ 'વૈતરણા' હતું. શેફર્ડ શિપિંગ કંપનીની એ સમયે ભારતમાં ૧૦ થી ૧૫ સ્ટીમરો ચાલતી હતી. આ બધાં જ જહાજોનાં નામ ભારતની વિવિધ નદીઓનાં નામ ઉપરથી રાખવામાં આવ્યાં હતાં. જેમાં નીરા, સાવિત્રી, તાઇફ, જુવારી, ભીમા, ગોદાવરી, કાલી, ક્રિષ્ના, રાજાપુરી વગેરેનો

સમાવેશ થતો હતો. 'વૈતરણા' મુંબઈથી ગોવા, ત્રિવેન્દ્રમ્-કોંકણ, જેવાં દરિયાઈકાંઠાનાં સ્થળો વચ્ચે ચાલતી હતી.

'વૈતરણા' પાંચમી નવેમ્બર ૧૮૮૮ના રોજ સવારે ૭-૩૦ વાગે મુંબઈથી કચ્છના માંડવી બંદરે જવા ઊપડી હતી. એ કરાચી ગઈ જ નહોતી. છઠ્ઠી નવેમ્બરે તે માંડવી બંદરે આવી પહોંચી હતી. ૮મી નવેમ્બરે સવારે ૭-૩૦ વાગે તે માંડવીથી મુંબઈ જવા ઊપડી હતી. માંડવીથી દ્વારકા થઈ પોરબંદર, માંગરોળ, વેરાવળ થઈ મુંબઈ પહોંચતાં તેને ૩૬ કલાક જેટલો સમય લાગવાનો હતો. એ સમયે કચ્છ-સૌરાષ્ટ્રમાં રેલવે નવી હતી. દરિયાઈ માર્ગે મુસાફરી કરવાનું વધારે અનુકૂળ અને સસ્તું હતું. એટલે માંડવીથી અનેક કચ્છીઓ આ નવીનકોર સ્ટીમરમાં ચડ્યા હોય એ સ્વાભાવિક છે.

'વૈતરણા' એ જ દિવસે સાંજના સમયે પોરબંદરના દરિયાકાંઠાથી દૂર હતી ત્યારે જ પોરબંદરના દરિયામાં વાવાઝોડું શરૂ થઈ ગયું હતું. આથી 'વૈતરણા-વીજળી' પોરબંદરના બારા સુધી આવી જ ન હતી. પોરબંદરના હાલાઈ મેમણ હાજી કાસમ નૂરમહંમદ એ વખતે પોરબંદરમાં જ રહેતા હતા. 'વીજળી' પોરબંદર આવી ત્યારે હાજી કાસમ પણ દરિયે ઉપસ્થિત રહ્યા હતા. પોરબંદરના તત્કાલીન ઍડમિનિસ્ટ્રેટર લેલીસાહેબ આઈ.સી.એસ. હતા. તેમનું પૂરું નામ. સી.એફ.એલ. લેલીલ હતું. દરિયાને ગાંડોતૂર બનેલો જોઈ હાજી કાસમે અનેક મુસાફરોને 'વીજળી'માં ન જવાની સલાહ આપી હતી.

ચિત્તલવાલાને મતે માંડવીથી 'વીજળી'માં આશરે ૭૫૦ મુસાફરો ચડ્યા હતા. એ પછી દ્વારિકાથી ૧૦૦ મુસાફરો તેમાં ચડ્યાં હતાં. હાજી કાસમની સમજાવટને કારણે પોરબંદરથી એક પણ મુસાફર 'વીજળી'માં ચડ્યો ન હતો. 'વીજળી' સ્ટીમરનો સ્ટાફ ૪૦ સભ્યોનો હતો.

જેમાં એક એન્જિનિયર કેપ્ટન હતા, જેનું નામ કાસમ ઈબ્રાહીમ હતું. આ કાસમ ઈબ્રાહીમ મુંબઈ કોકણના હોવાનું મનાય છે. કાસમ ઈબ્રાહીમ શેફર્ડ શિપિંગ કંપનીના એક અનુભવી કેપ્ટન હતા, 'વીજળી'નું એન્જિન 'ડન્સ મુઈઝ ઍન્ડ જૅકશન કંપની'એ બનાવ્યું હતું, જે ૭૫ હોર્સ પાવરનું હતું. 'વીજળી' આશરે ૯૦૦ મુસાફરોને લઈને આગળ વધી ત્યારે એ માંગરોળ સુધી દેખાઈ હતી. એ માંગરોળથી વેરાવળ વચ્ચેના દરિયામાં ડૂબી હોવી જોઈએ. 'વીજળી'ને ગળચી જનારું એ વાવાઝોડું ૪૮ કલાક સુધી ચાલ્યું હતું. એ જ વખતે શેફર્ડ કંપનીની બીજી એક સ્ટીમર જાફરાબાદ પાસે હતી. પણ સદ્નસીબે એ સ્ટીમરને વાવાઝોડાથી કોઈ જ નુકસાન થયું ન હતું. 'વીજળી' જ ડૂબી, આથી એવી પણ શંકા રહે છે કે શું 'વીજળી'માં કોઈ યાંત્રિક ખામી તો નહીં હોય ને?

'વીજળી'નો કેસ બ્રિટનની અદાલતમાં ચાલ્યો ત્યારે તેમાં અનેક શખસોની ઈન્કવાઈરિ થઈ હતી. જેમાં એક અંગ્રેજ નિષ્ણાતે કહ્યું હતું કે, હિન્દુસ્તાનના સૌરાષ્ટ્ર પ્રદેશના સાગરકાંઠે મીટિઅરોલજિ સ્ટેશન (હવામાન-વાયુમથક) સ્થાપવાનું મેં સરકારને લેખિતમાં સૂચન કર્યું હતું, પરંતુ એ સ્વીકારવામાં આવ્યું ન હતું. જો આવું કેન્દ્ર સ્થાપવામાં આવ્યું હોત તો એ દરિયાઈ તોફાનની અગાઉથી આગાહી કરી શકાઈ હોત. કેમ કે એ તોફાન ભારે ચક્રવાત હતો. પણ કમનસીબે એ નિષ્ણાત અંગ્રેજની સલાહ અવગણાઈ, જેના કારણે આશરે ૯૦૦ જેટલા મુસાફરોને પોતાના ખોળામાં લઈને 'વીજળી' કાયમને માટે સૌરાષ્ટ્રના દરિયાકાંઠે પોઢી ગઈ.

('ફૂલછાબ'માંથી ટૂંકાવીને) -રાજેન્દ્ર દવે

ધ્યાનકથા

ગુરુ બજુવાનો પૉર્ટ્રેટ

બહાદુરભાઈ જ. વાંક

ગુરુ બજુવાના વ્યક્તિત્વથી હું ઘણી ઘણી રીતે પ્રભાવિત થયો હતો. જ્યારે પણ હું એમના આશ્રમમાં જાઉં, ત્યારે મારી આંખો એમના ઉપર જ મંડાયેલી રહે. તેઓ ભોજન કરતા હોય, પાણી પીતા હોય કે વાંચતા-લખતા હોય કે પછી અન્ય સાથે વાતો કરતા હોય તેમની પ્રત્યેક ક્રિયામાં લયબદ્ધતા અને સંગીતનું માધુર્ય જોવા મળે - જાણે તેમની પ્રત્યેક ચેષ્ટા કાવ્યમય !

ઘણા વખતથી મને તેમના સ્કેચીઝ બનાવવાની ઈચ્છા હતી. એટલે એક દિવસ ખાસ સ્કેચીઝ બનાવવા માટે જ હું તેમના આશ્રમમાં ગયો. તેમને પ્રણામ કરી હું તેમની સામે બેસી ગયો. તેઓ આશ્રમમાં આવેલા સત્સંગીઓ સાથે વાતો કરવામાં વ્યસ્ત હતા. થોડી વાર તેમના ફિગરનું સૂક્ષ્મ રીતે નિરીક્ષણ કરતાં કરતાં મેં સ્કેચબુક બહાર કાઢી. પેન ખોલીને સ્કેચબુકમાં હજુ એકાદ લીટી દોરું એ પહેલાં જ પેન અટકી ગઈ. પ્રયત્ન કરવા છતાંય કોણ જાણે કાગળ ઉપર પેન આગળ વધી શકી નહીં. ગુરુ બજુવાને જોતાં જોતાં જ હું ક્યાંક ખોવાઈ જતો હોઉં તેવી જ લાગણી થઈ આવી. સ્કેચ બનાવવા માટે ફરી ફરી પ્રયત્ન કરું, ને તેમને જોતાં જોતાં જ હું સ્કેચ બનાવવાનું ભૂલી જાઉં, કે પછી હું પોતે જ વિચારશૂન્યતામાં સરી પડું. આવું કેમ થતું હશે ? મને કંઈ જ સમજાતું નહોતું.

આમ ને આમ બે-ત્રણ કલાક પસાર કરી નાખ્યા, છતાં કાગળ ઉપર હું એકાદ રેખા પણ ઉતારી શક્યો નહીં. એટલે અંદરખાને હું સારી એવી મૂંઝવણ પણ અનુભવી રહ્યો હતો.

અચાનક ગુરુ બજુવા મારી સામે જોતા બોલ્યા : 'શું મારો સ્કેચ બનાવવા પ્રયત્ન કરો છો ?'

'હાજી આપના થોડા સ્કેચીઝ બનાવીને તેના ઉપરથી કૅનવાસ ઉપર ઑઈલ કલરમાં આપનો પૉર્ટ્રેટ દોરવાની ઈચ્છા હતી, પણ કોણ જાણે આજે પ્રયત્ન કરવા છતાંય હું આપનો એકાદ સ્કેચ પણ બનાવી શક્યો નહીં.' નિરાશા અને ખેદ વ્યક્ત કરતાં હું આગળ બોલ્યો : 'મારા હાથનું કૌવત જ કોણ જાણે આજે ક્યાં ચાલ્યું ગયું હશે !'

ગુરુ બજુવા બોલ્યા : 'ના...ના.... તમારે નિરાશ થવાનું કોઈ કારણ નથી. ઊલટાનું આજે તો તમે મારો અદ્વિતીય પૉર્ટ્રેટ બનાવી નાખ્યો છે ! ને એ માટે હું તમને ધન્યવાદ પાઠવું છું !'

તેમની વાત સાંભળી મને આશ્ચર્ય થયું. સ્કેચબુકનું કોરું પાનું તેમને બતાવવાં હું બોલ્યો. 'આપ આમ કેમ કહો છો ?' આપ જ જુઓને, સ્કેચબુકમાં હું એકાદ રેખા પણ દોરી શક્યો નથી.'

બજુવા બોલ્યા : 'સાવ કોરું પાનું એ જ તો મારો સાચો પૉર્ટ્રેટ છે ! તમારા સિવાય આવો પોર્ટ્રેટ બીજું વળી કોણ દોરી શકવાનું હતું ?'

હું તેમનો કહેવાનો મર્મ સમજી ગયો એટલે સ્કેચબુક તેમની પાસે મૂકતાં બોલ્યો: 'તો હવે કોરા પાના ઉપરના આપના પૉર્ટ્રેટમાં આપની સહી તો કરી આપો.'

ને હસતાં હસતાં ગુરુ બજુવા બોલ્યા : 'હું સહી કરી આપું તો તો મારો પૉર્ટ્રેટ જ વીંખાઈ જાય ને !'

કુંદીની કલાકારીગરી

કિરીટ ભાવસાર

કુંદી એટલે ધોયેલાં કપડાંને સફાઈદાર કરવાની એક ક્રિયા. આ કુંદીની પ્રક્રિયા દ્વારા તૈયાર થયેલા રેશમી કાપડને સાંગી, ગુલબદાન, મશરૂ અને કિનખાબ તરીકે ઓળખવામાં આવતું હતું. આ પ્રક્રિયામાં વણેલા કુદરતી રેશમી કાપડને ધોઈને, સફાઈદાર કરીને, ગડી વાળીને ચળકાટવાળું બનાવીને ગ્રાહકના ઑર્ડર મુજબ, અડધિયાના થાનમાં બજારમાં મોકલવામાં આવતું હતું. આ કુંદીકામ કરનારા કારીગરવર્ગને કુંદીગરા (કુંદીકાર) તરીકે ઓળખવામાં આવતો હતો. આ કારીગરવર્ગમાં ભાવસાર, ખત્રી અને છીપા લોકો સંકળાયેલાં હતાં. સુતરાઉ અને રેશમી વસ્ત્રો ઉપર કુંદી-ક્રિયા કરવામાં આવતી હતી. સુતરાઉ ઉપર થતી કુંદી-ક્રિયાને ગળીના અડધિયાના કામ તરીકે ઓળખાતી હતી. આ કાપડ શિયાળામાં સ્ત્રીઓ પહેરતી હતી અને તેનાથી ઠંડીમાં સારી એવી રાહત મળતી. રેશમી કાપડ ઉપર થતી કુંદીને ગજિયાણી[1] કાપડું તરીકે ઓળખવામાં આવતું હતું. આ ગજિયાણી વસ્ત્ર ભરવાડ, રબારી અને કાઠી કોમોની સ્ત્રીઓ લગ્ન, સીમંત આદિ શુભ-પ્રસંગોએ પહેરતી.

અમદાવાદમાં માણેકચોક પાસે બાદશાહના હજીરા પાસેની કાપડની પેઢીઓ ગજિયાણી કાપડનો વેપાર કરતી હતી. આ ગજિયાણી કાપડ ઉપર કુંદી કરનારો કારીગરવર્ગ ભાવસાર જ્ઞાતિનો હતો અને આસ્ટોડિયાથી મદનગોપાલની હવેલીના મુખ્ય રસ્તા ઉપરની બદોપોળ, સુથારવાડો, દેપડીની પોળ વગેરે પોળોમાં તેઓ વસવાટ કરતાં હતાં. આજે પણ આ લોકો અહીં જ રહે છે. આ વિસ્તાર ૧૯મી સદીમાં 'ભાવસારવાડ' તરીકે ઓળખાતો અને આ પોળોની નજીક રંગાટીબજાર હતું અને આજે પણ છે.

વેપારી વર્ગ ગજિયાણી કાપડ રંગવા માટે રંગારાને આપતા. તેઓ કાપડને લાલ, પીળા, લીલા રંગમાં રંગીને તથા ધોઈને એનાં અડધિયાં પોતાની જ્ઞાતિનાં કુંદીગરા લોકોને કુંદીકામ માટે આપતાં. દરેક વેપારીના કુંદી કરનાર કારીગરો બાંધેલા હતા અને માલની ખપત અને જરૂરિયાત પ્રમાણે કુંદીગરાને ગજિયાણી કાપડનાં અડધિયાં પહોંચાડાતાં હતાં. આ ગજિયાણી વસ્ત્રો ઉપર કુંદી કરવાની હસ્તકલાકારીગરી ભાવસાર જ્ઞાતિનાં કેટલાંક કુટુંબોએ ગૃહઉદ્યોગ તરીકે સ્વીકારી હતી, જેમાં કુટુંબનાં તમામ નાનાંમોટાં સ્ત્રી-પુરુષો સાથે રહીને તથા કારીગરોને કામ ઉપર રોકીને કુંદીકામ કરતાં. કામમાં ૫ થી ૧૦ કિલો વજનના લાકડાના ગોટીલા (પીટની)થી ટીપી ટીપીને ગજિયાણી કાપડને ચળકાટવાળું કરવાની હસ્તકલાકારીગરી હતી. આજે ભાવસાર જ્ઞાતિમાં કોઈની પાસે આ હસ્તકલા જીવન્ત રહી નથી. આજથી ચાર દાયક પૂર્વેથી આ કલા મૃતપ્રાયઃ થઈ ચૂકી છે. એક સમયે ૮થી ૧૦ કુટુંબો કુંદીકામ કરતાં હતાં. અમદાવાદમાં છેલ્લે ભાવસાર જ્ઞાતિના કુંદીગરા ઈશ્વરભાઈ પૂંજાલાલ ભાવસાર[2] ૧૯૬૨ સુધી કુંદીનું કામ કરતા હતા. આ હુન્નર બંધ થવાનાં કારણોમાં કુંદીના કારીગરોનો અભાવ અને કાપડ ઉદ્યોગમાં નવી આધુનિક ટેકનિકોનો પ્રવેશ છે.

૧૯૪૦માં એક અડધિયાની મજૂરી પેટે બેથી અઢી રૂપિયાનો દર હતો અને તેમાંથી અડધી મજૂરી કારીગર વર્ગને ચૂકવવાની રહેતી હતી. આ કારીગરવર્ગમાં કુટુંબનો પુરુષવર્ગ જ્ઞાતિના બીજા લોકો સાથે કામ કરતો હતો. મુસ્લિમ, છીપા, વગેરે એકસાથે મળીને કુંદીકામ કરતા હતા. બે નંગનું એક અડધિયું ગણાતું અને મજૂરી અડધિયા ઉપર મળતી હતી. કુંદીના કારખાનાના માલિકો કારીગરોને વરસે વાલ કે અડધો વાલ સોનું અને દિવસમાં ખાવા માટે સુખડી આપતા હતા. ચોમાસામાં કુંદીનું કામ બંધ રહેતું તે સમયે ગળીનાં અડધિયાં - સુતરાઉ કાપડ ઉપર સાદું કુંદી-કામ ચાલતું હતું, જેમાં મહેનત ઓછી અને વળતર વધુ રહેતું હતું, પણ એનો વપરાશ શિયાળા પૂરતો જ રહેતો હતો. જો ચોમાસામાં વેપારીને ગજિયાણીની ખપત ઊભી થાય તો ગુંદર છાંટેલા કાપડને કોલસાના શગડા ઉપર સૂકવીને વરાળ ઉડાડીને કુંદીકામ કરવામાં આવતું હતું. સાદા કુંદીકામમાં દસ નંગ લીંબુ, અને અડધો શેર ખાંડના પાણીમાં થાનને પથ્થરની પ્યાલીમાં, થાનની ઉપર બે ઈંચ પાણી રહે તે રીતે, પલાળવામાં આવતું હતું. રેશમી વસ્ત્ર હોય તો લીંબુની જગ્યાએ અરીઠાંનો ઉપયોગ થતો હતો. કુંદીગરા રેશમી થાનને ધોઈને, ગડી વાળીને કુંદી વડે ટીપતા હતા.[3]


કુંદીકામમાં બે સાધનો મુખ્ય હતાં. કુંદીથડો અને કુંદી કરવા માટે લાકડાનો ગોટીલો/મોગરી/પીટની. આ ગોટીલા નાના અને મોટા એમ બે

૧. ગજિયાણી એટલે ગજીપનાનું એક ગજ માપનું રેશમી કાપડ-કોરાં અથવા ગજીઆણી. ઈ.સ. ૧૮૫૧માં આના ૬૦ વેપારીઓ હતા. ગજીઆણી બનાવવામાં પણ બહુ ફેરફાર નથી. એમાં તાણો અને વાણો બન્ને રેશમના હોય છે. એને ફીણાયા પછી રંગ દેવાય છે. રંગાયા પછી ફૂંકારીને કુંદી કરાવે છે. અમદાવાદની ગજીઆણી બહુ મજબૂત થાય છે. એનાં ૧૬ ગજનો તાકો બંધાય છે. કેટલીક વખત એનો ભાવ તોલ ઉપર પણ થાય છે. આ કાપડ સ્ત્રીઓના પહેરવેશમાં વપરાય છે.


('ગુજરાતનું પાટનગર અમદાવાદ,' પૃ. ૫૧૨)


૨. આ ઈશ્વરભાઈ ૧૯૭૨માં ગુજરી ગયા ૮૦ વર્ષની ઉંમરે તેમનાં મોસાળામાં ૧૦ વર્ષની ઉંમરથી તે કુંદીના કામમાં જોતરાયા હતા. તે છેક ૭૦ વર્ષ લાગલગાટ કુંદીકામ કરતા રહ્યા હતા. તેમના મોસાળમાં તેમના નાના જેઠાલાલ મોહનલાલ (બદોપોળ, હળદરવાળો ખાંચો,) ના ઘરે કુંદીનું કામ ખૂબ મોટા પાયા ઉપર ચાલતું હતું, જ્યાં મકાનમાં નીચેના ભાગમાં ૨૫ કારીગરો કામ કરતાં હતાં. આ કારખાનામાં કુંદીકામના ૧૨ થડાં હતા અને દરેક કારીગરની જોડ દિવસ દરમ્યાન ૫ થી ૭ નંગ અડધિયાંનું કુંદીકામ કરતી હતી.


૩. રેશમી માલમાં અમદાવાદનાં મશરૂ, પાંચપટા, ગજીઆણી, શોળાં, અતલસ ઘણું વખણાતું. કાંકરિયા તળાવ પાસે તથા દરિયાપુરમાં ચંદનતલાવડી પાસે કેટલાક ખાસ કૂવા હતા એનાં પાણીમાં રેશમ ધોવાથી રેશમમાં અસાધારણ ચળકાટ અને કુમાશ આવતાં ભંડેરીપુરમાં પ્રેમ દરવાજા પાસે એ કૂવાનું પાણી રેશમ ધોવાના કામમાં વપરાતું. આ કૂવા મશરૂ કૂવા કહેવાતા.




















કુંદી કલાકારીગરના કાપડના બે નમૂના

કદના રાખવામાં આવતા હતા. કુંદીથડા રાયણના થડમાંથી બનાવવામાં આવતો હતો[૪] કુંદીગરાઓ રાયણના ઝાડનું થડ ખરીદી લેતા અને એના ઘડનારા ખાસ સુથારો પાસે થડો અને ગોટીલો ઘડાવતા હતા. રાયણના થડને છોલીને તેને જમીનમાં ૩થી ૪ ફૂટ ઊંડો ખાડો ખોદી આ થડની આજુબાજુ નદીની કોરી રેત મૂકીને દાટી દેતા હતા. કુંદીથડાનો ૩ થી ૪ ઈંચ અર્ધ ગોળાકાર ભાગ જમીનની બહાર રહે અને થડાની ઉપરના ભાગની મધ્યમાં ગજ પનાના માપથી થોડો મોટો અર્ધગોળાકાર ભાગ ઊપસેલો રાખવામાં આવતો. આ અર્ધગોળાકાર ભાગ ઉપર તેલ ચોપડીને અને કાચની ધાર વડે છોલીને તેને આરસ જેવો લીસો કરવામાં આવતો હતો. આ અર્ધગોળાકાર ભાગ ઉપર ગજિયાણી કાપડું મૂકીને લાકડાના નાનામોટા બે ગોટીલા વડે કુંદીના ઘા એકસરખી રીતે જોરપૂર્વક ઝીંકવામાં આવતા હતા. આ ગોટીલો પણ રાયણના લાકડામાંથી ઘડવામાં આવતો હતો. ગોટીલાનો હાથો ચિતોરાના લાકડામાંથી બનાવવામાં આવતો હતો. ગોટીલો હાથા તરફ છેડેથી નાનો અને બહારની બાજુએ મોટો થતો જતો હોય છે. આ ગોટીલાને લંબચોરસ કાચની પટ્ટીની ધાર વડે ઘસીઘસીને લીસો કરવામાં આવતો હતો. લીસો થયા પછી તેની ઉપર તેલ ચોપડીને હાથથી ગોટીલાને માલિશ કરવામાં આવતી અને ફરીથી કાચ વડે ઘસીને લીસો અને ચળકતો કરવામાં આવતો હતો. કુંદીગરાઓ નાનામોટા બેઉ ગોટીલા ટીપવા માટે રાખતા હતા. એક થડાની પાસે બે કારીગરો હોય અને તેમની પાસે નાના-મોટા ચાર ગોટીલા રાખતા હતા. આ બે મુખ્ય સાધનો ઉપરાંત કુંદીકામ માટે ગુંદરનો ઉપયોગ કાપડને ચળકાટવાળું અને મજબૂત બનાવવા માટે થતો હતો. ધાવડાનો ગુંદર અને અમપિયો ગુંદર વાપરવામાં આવતો હતો. આ ગુંદર પલાળવાનું પાત્ર પથ્થરનું રહેતું.

આગલા દિવસના કામના પ્રમાણમાં કુંદીગરાઓ પથ્થરની પ્યાલીમાં ગુંદર પલાળી રાખતા હતા. વહેલી સવારે કુંદીગરાની સ્ત્રીઓ ઊઠીને પહેલાં ગુંદરને પવાલીમાં જ બરોબર હાથ વડે મસળી નાખતી અને પછી કપડાના ગળણા વડે વાપરવાયોગ્ય બનાવી ગાળી લેતી હતી.

ગજિયાણી વસ્ત્રને પહેલાં પાણી વડે ફૂંકારતા અને ભીંજવતા હતા. પછી કાપડને ભેગું કરીને એક ભીના કાપડ ઉપર મૂકી દેતા. ત્યાર બાદ એને આઠ પડમાં સંકોરતા અને એ ભીના કપડાં ઉપર કાચા કામ તરીકે હલકા હાથે ગોટીલાના ઘા મારીને કુંદી કરતા હતા. તેની ઉપર ગુંદરનો થર હાથ વડે ચોપડી પછી સામસામાં બેઠેલાં કારીગરો વસ્ત્રને પોતપોતાની બાજુથી પકડીને એકબીજાની વિરુદ્ધ દિશામાં વળ ચઢાવીને ગુંદરને કાપડનાં આઠે પડમાં પ્રસરાવી દેતા અને જો ઓછો ગુંદર લાગે તો તેની ઉપર ગુંદરવાળો હાથ ઘસતા હતા. આથી આખું ગજિયાણી કાપડું ગુંદરવાળું થઈ ગયા પછી એનાં પડ ઉકેલીને થોડી વાર વળગણી ઉપર સૂકવવા માટે મૂકી દેતાં. તે વખતે ગુંદર સુકાય નહીં અને તેના છેડાઓ વળી ન જાય તેનું ખાસ ધ્યાન રાખવામાં આવતું. થોડું સુકાય, છતાં ભેજવાળું રહે ત્યારે વરાપવાળા કાપડને બરોબર ખેંચીને તેમાં કરચલિયો ભાંગવામાં આવતી અને તેને આઠ પડમાં ગડ વાળવામાં આવતી હતી. તે વખતે કાપડના કોઈ પણ પડની અંદર જો સહેજ પણ કરચલિયો રહી જાય તો કુંદીના ગોટીલાના ઘાથી રેશમી વસ્ત્ર તરત જ ચિરાઈ જાય. તેથી કુંદી કરતાં પહેલાં રેશમી કાપડની ગડમાં સહેજ પ્રણ કરચલિયો ન રહેવી જોઈએ એની સાવચેતી રખાતી. ગુંદરથી ભીંજવેલા થાનને કુંદીથડા ઉપર એક છેડેથી મૂકવામાં આવે, તે વખતે એક કારીગર મોંમાં ગુંદરનો કોગળો

(અનુસંધાન પૃ. ૩૦૪)

૪. અમારાં હથીઆરાં જે રાયણનાં લાકડાનાં થાય છે તે ઊતરતી જાતનાં છે. આ ઉપરથી રાજાએ અમદાવાદથી એવા લાકડાનાં ઓજારો ગાડાં ભરીને મંગાવ્યાં, પણ તેથી કાંઈ વળ્યું નહિ.

પસ્તીનાં પાનાં

— ડૉ. પ્ર. ચુ. વૈદ્ય —

લીટીઓ વચ્ચે વાંચી જુઓ

તા. ૧૯-૮-૮૩. અંગ્રેજીમાં '**Reading between the lines**' કહે છે તેનો અર્થ એ કે સામાન્ય બુદ્ધિ, અનુભવ કે તર્કના આધારે લખ્યું હોય તેનાં કરતાં જુદાં પરિણામો તારવવાં. આવાં 'રીડિંગ બિટ્વીન ધ લાઇન્સ'નો હમણાં મને એક સચોટ અનુભવ થયો.

મારા એક મિત્ર શ્રેયસ ટેકરા પાસે બે માળનું એક મકાન બનાવે છે. તેના કૉન્ટ્રાક્ટરે આવાં લગભગ ૪૦ મકાન બનાવ્યાં છે. તેની સહકારી મંડળી બનાવી તે તો જાણે સમજ્યા, પણ કૉન્ટ્રાક્ટરે એક સોગંદનામું મારા મિત્રને સહી કરવા માટે આપ્યું. સોગન્દનામા માં પોતે આર્થિક રીતે પછાત **economically backward** છે એવું ન્યાયાધીશની હાજરીમાં કહેવાનું હતું. સવા બે લાખનું મકાન અને માલિક આર્થિક રીતે પછાત ! મિત્રે તેની ઉપર સહી નથી કરી... આ એક વાત.

થોડા દિવસ ઉપર સમાચાર વાંચ્યા કે અમદાવાદની આસપાસ એક મોટો જમીનનો પટ્ટો **Green Belt** (હરિયાળી પટ્ટી) તરીકે અનામત હતો તે પટ્ટાની જમીન છૂટી કરવાનો સરકારે નિર્ણય કર્યો છે અને આ છૂટી કરાયેલી જમીન આર્થિક રીતે પછાત વર્ગોને રહેઠાણ બાંધવા માટે અપાશે. આ બીજી વાત.

હમણાં ગુજરાતની કૉંગ્રેસ (જેનું પ્રધાનમંડળ રચાયું છે)માં જૂથબંધી ઉગ્ર બની છે અને દક્ષિણના આદિવાસી કાર્યકર ઝીણાભાઈ દરજી સરકારની ટીકા કરવા માંડ્યા છે. દરજીએ છાપામાં નિવેદન આપ્યું કે, ગ્રીન બેલ્ટની ફાજલ જમીન સમાજના નબળા વર્ગને ભાગે આવતી જ નથી. આ ત્રીજી વાત. ઉપરના ત્રણ સમાચારનું **Reading between the lines** કરતાં સ્પષ્ટ છે કે આ જમીનમાં બબ્બે લાખનાં મકાનો બંધાય છે અને સરકારી પ્રધાનો આ જાણે છે. અને આ ચલાવી લેવાય છે, કારણ કે કૉન્ટ્રાક્ટરો તેમને 'સાચવી' લે છે. અને ઝીણાભાઈ દરજીને આ ખબર પડી ગઈ લાગે છે ! આગળ શું થશે તે તો રાજકારણની વાત છે. મને તો આ 'લખેલી લીટીઓ' વચ્ચેનો અર્થ તારવવામાં જ રસ છે.

ઈનસેટ ઉપગ્રહો

તા. ૧૦-૯-૮૩. ભારતના બહુહેતુક ઉપગ્રહો (**Multipurpose Satellites**)ના કાર્યક્રમની દશા બેઠી લાગે છે. આ કાર્યક્રમનું ટેક્નિકલ નામ **INSAT** (ઇનસેટ) છે. **INSAT** એ **Indian Satellite**નું ટૂંકું રૂપ છે. આયોજન તો ઈનસેટ ૧, ઈનસેટ ૨, ઇનસેટ ૩ એવી શ્રેણી યોજવાનું છે. તેમાં ૧ શ્રેણીના ત્રણ ઉપગ્રહો **INSAT I-A, I-B** અને **1-C** અમેરિકા ફોર્ડ એરોસ્પેસ કૉર્પોરેશનને ઑર્ડર આપી બનાવરાવવા દરમિયાન ભારતમાં મોટા ઉપગ્રહો બનાવવાની ગોઠવણ થઈ જાય એટલે **INSAT II** અને તે પછીના ઉપગ્રહો ભારતમાં જ બનાવવા. આપણા આવડા મોટા દેશમાં ડાઈરેક્ટ ડાયલિંગ ટેલિફોન વ્યવસ્થા ગોઠવવા માટે આવા ઉપગ્રહની સેવાની જરૂર રહે જ. એશિયાડ વખતે આ સેવા મળી રહે અને દેશવ્યાપી ટી.વી. કાર્યક્રમો યોજી શકાય તે માટે ગયે વર્ષે ઈનસેટ **I-A** જુલાઈમાં છોડ્યો. પણ તેમાં કાંઈક મૂળભૂત ખામી હશે. તેને વિષુવવૃત્ત ઉપર ગોઠવ્યો તો ખરો પણ તેની સૌર બૅટરી ચાલુ કરવા તેની બે સૌર પાંખ ખુલવી જોઈએ, તેમાંની એક જ ખૂબી, બીજી ખોલવા બહુ મથામણ કરી, પણ આ મથામણ કરવામાં તેની અંદરનું બળતણ વપરાઈ ગયું અને એક મહિનામાં તો તે કામ કરતો બંધ થઈ ગયો.

મૂળ યોજના પ્રમાણે **INSAT I-B** તો **I-A**ને મદદ કરવા 'હાથવાટકા' જેવો હતો, પણ **I-A** તો મરી પરવાર્યો એટલે **I-B**ને મોટો ભા બનાવવાની જરૂર પડી. તે મુજબ તેની ડિઝાઇનમાં ફેરફાર કરી તેને ચેલેન્જર મારફતે તરતો મૂક્યો. પણ તેમાં પણ એ જ માયા ઊભી થઈ. તેની બે સૌર (**Solar arrays**)માંથી એક ખૂલી, બીજી હજી ખૂલી નથી. ગયે વખતે આ ખોલવાની મથામણમાં બળતણ વપરાઈ ગયું હતું. એટલે આ વખતે તો ભાઈને 'પારણે ઝુલાવવાની' પ્રવૃત્તિ ચાલે છે. અંદરના બૂસ્ટર રોકેટ ચાલુ કરવાને બદલે **Rocking** (ઝુલાવવું, હલબલાવવું) શરૂ કર્યું છે !

અમારે ઘેર ટેબલ-ફૅન છે તેનું પણ આ ઇનસેટ જેવું જ છે. આ ટેબલફૅન ૧૯૫૫માં ખરીદ્યો હતો. હવે તો બૂઢો થઈ ગયો છે, પણ 'ચાલે છે' ખરો. બે દિવસ પહેલાં અમે જમતાં હતાં અને ફૅન ચાલુ કર્યો. ચાલ્યો પણ પાછો એકાએક ધીમો પડીને બંધ થઈ ગયો. મને થયું કે વીજળી ગઈ હશે. પણ બીજી સ્વિચ કરી તો લાઇટ તો ચાલુ જ હતી. હાઉં, ઊઠીને પંખાની સ્વિચ બંધ કરી, જરા તેને ઠમઠોર્યો અને સ્વિચ ચાલુ કરી તો પંખો ચાલવા માંડ્યો ! બસ આવું જ અમારા નવા નક્કોર ઈનસેટ **I-B** નું છે. તેને ઠમઠોરવાનું શરૂ થયું છે, કોઈ રીતે ચાલુ થતો હોય તો !

આ આપણો બજારુ ઇનસેટ તો અમારા બજારમાંથી ખરીદેલા પંખા જેવો નીકળ્યો. સ્પષ્ટ છે કે કૃત્રિમ ઉપગ્રહો બજારમાંથી ખરીદવાને બદલે આપણા વૈજ્ઞાનિકો અને ટેકનિશ્યનોએ તૈયાર કરવો જોઈએ અને હવે એમ જ થશે તેવું લાગે છે.

વૌઠાનો મેળો અને ચોગમ મેળો

તા. ૨૫-૧૧-૮૩. અઠવાડિયામાં અહીં બે મેળા ભરાયા. એક તો વૌઠાનો મેળો અને બીજો ચોગમ મેળો. આ બેમાં વૌઠાના મેળાનું તો તમે સાંભળ્યું હશે. ધોળકા તાલુકાના વૌઠા ગામે દર કાર્તિકી પૂનમે મેળો ભરાય છે. પણ આ ચોગમ મેળાની તમને ખબર નહિ હોય. ચોગમ એટલે **CHOGM (Commonwealh Heads of Government Meet)** આપણે હવે અમેરિકન થવા લાગ્યા છીએ અને પહેલાં પહેલાં અક્ષર લઈ નવા શબ્દો રચવા લાગ્યા છીએ. અમદાવાદનું અટીરા (**ATIRA**) આવું જ છે. **Non Alligned Meet**ને આપણે નામ (**NAM**) કહેતા. હવે નામ પરથી ચોગમ ઉપર આવ્યા છીએ.

પણ વૌઠાના મેળામાં તો કશુંક ઉપયોગી થાય છે. આ વર્ષે મેળામાં ૬ હજાર ગધેડાં વેચાયાં અને બે હજાર ઊંટ વેચાયા. પેટ્રોલના ભાવ વધ્યા પછી ગધેડાં અને ઊંટની માગ ઘણી વધી છે, અને ઠેઠ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશથી ગધેડાં વેચવા લોકો વૌઠાના મેળામાં આવે છે.

અને અમારા ચોગમ મેળામાં તો ગધેડાંયે વેચાતાં નથી. હા, ગધેડાં ન કરે તેવા અવાજે અહીં એકબીજાંનાં વખાણ કરીએ છીએ. આ વૌઠાના મેળાનાં ગધેડાં અને ઊંટના વેપાર અને સાથે જ દિલ્હીમાં ભરાયેલ ચોગમ મેળાને જ અનુલક્ષીને જાણે એક કવિએ નીચેનો સંસ્કૃત શ્લોક રચ્યો હશે.

(અનુસંધાન પૃ.૨૯૦)



સંમુખ સાગરમઠ-૨૫

કારણે-અકારણે હર્ષ

પ્રીતિ સેનગુપ્તા

સરકારી શોધખોળ અને જાંચ-તપાસ પૂરી થઈ ગયા પછી પણ થોડી વાર અમારે અટકી રહેવું પડ્યું. તપાસ-થાણાથી આગળના રસ્તા પર કામ ચાલતું હતું. એ માટેનું રોલર ફરી ચાલે, ને આઘું ખસે, પછી જ બસ જઈ શકે. એ આગળ જાય નહીં ત્યાં સુધી, પહોળી કરેલી શાલ ઓઢીને હું એમ ને એમ બેસી રહી – મારી નોંધપોથી ઉપર.

છેવટે બસ આગળ વધી. અને અતીવ સુંદર દશ્યપ્રસ્તાર દૃષ્ટિગત થઈ આવ્યો. મનની અંદર ફરી હર્ષની છોળ છલકાઈ આવી. હાથનાં બનાવેલાં નેપાલી પાનાંવાળી, લાલ પૂંઠાવાળી સરસ નોંધપોથીને બહાર કાઢી હૃદયસરસી કરી. ને પછી એને ખોલીને ખોળામાં મૂકીને હું બેઠી. હજારો ફીટની ઊંચાઈ પરની ખૂબ પહોળી અને સપાટ એવી આટલી બધી ખીણો જોયાં પછી પણ મારી નવાઈનો પાર નથી. હજી એક વધારે એવી, ઊંચા પર્વતો વચ્ચે 'ઝૂલતી' ઉપત્યકા જોઉં છું ને ફરીથી વિસ્મયવિભોર થઈ જાઉં છું. તિબેટી નિસર્ગ-પટની સૌથી વિશિષ્ટ, ને સૌથી હૃદયગ્રાહી, રૂપાકૃતિ આ ઉપત્યકાઓ લાગે છે મને. આ પર્વતો ખૂબ ઊંચા છે, ને એકમેકથી ખાસ્સા દૂર રહેલા હોય છે, તેથી પ્રયાણ અત્યંત વિસ્તૃત અને નિર્બાધ ભૂમિ પર થતું રહે છે. ધરાનું આ બંધારણ તિબેટમાં છે એવું બીજે ક્યાંયે નથી. ઊંચા છાપરા પર બાગની કલ્પના કરીએ તો સમજાય, કારણ કે આ ઊંચાં ખીણ ને મેદાનો પર જીવન છે – લોકો, ઘરો, પશુગણ, વનસ્પતિ. આ બાબત એક જાતનો આધાર, એક પ્રકારનું આશ્વાસન આપતી રહે છે.

ઉપરાંત, વચ્ચે આ પ્રમાણેનું અંતર હોય છે તો અતૂટ ગિરિપંક્તિને નિહાળવા માટેનો અનેરો પરિપ્રેક્ષ્ય પ્રાપ્ત થતો રહે છે. માર્ગની બંને બાજુ પર એ મોજૂદ છે, પણ અત્યંત નિકટ નથી. એમનાં પરિમાણ પામી શકાય છે, એમનાં શિખર જોઈ શકાય છે. હાથ લંબાવીએ એટલે દૂર રહેલા હોવાથી આ મહાગિરિઓ અભિભૂત કરે છે, પણ અભિત્રસ્ત નથી કરતા.

મને સતત થાય છે કે આ ઊંચાં મેદાનો પ્રત્યેનો મારા મનનો ઉત્સાહ, તથા આવેગ, ફરી ફરીને, વારંવાર, છતો કર્યા જ કરું! નિસર્ગની એટલી આભારી છું કે એક પછી એક એ આવતાં જ રહે છે, દેખાતાં જ રહે છે. વાસ્તવમાં, આ આખો પ્રવાસ-પથ, અને કદાચ આ સમગ્ર પ્રદેશ, એ ઉચ્ચસ્તરીય સમતલ ભૂભાગોથી ભરેલો લાગે છે.

આવા એક સુંદર, લીલોતરા મેદાન પાસે અમે બસને ઊભી રાખી. ઘણાં યાક પ્રાણી ત્યાં ચરતાં હતાં. બધાં પુષ્ટ હતાં. મેં વિચાર્યું, આવી ખુલ્લી, સપાટ, શાંત અને શુદ્ધ હવાવાળી જગ્યાએ ચરવા, રહેવા, જીવવા મળ્યું છે તો એ બધાં ખુશ પણ હોવાં જ જોઈએ. ઓહ, મને થાય છે કે હું પણ ભરી લઉં ફેફસાં આ હવાથી, ને કરી લઉં સમૃદ્ધ મારી આંખોને આ અનન્ય દશ્યોથી.


બધાંએ યાકના ફોટા લીધા, એમને પંપાળ્યા, એમની સાથે ફોટા પડાવ્યા, એમની સાથે થોડો સમય ગાળ્યો. પ્રાણીઓ શાંતિથી ચરતાં રહ્યાં. આવી દખલથી એમનાં જીવનમાં કોઈ ફેર પડવાનો નહોતો. આપણા આખલાના ભારે દેહ પર કાળી ત્વચા અને લાંબા લાંબા વાળ હોય તો એ યાક જેવા લાગે. એક કાળે યાક જંગલી પ્રાણી હતાં, ને ઉન્મુક્ત થઈને આ મેદાનો પર ફરતાં ને દોડતાં રહેતાં. તિબેટના ગ્રામીણ લોકો એમને ગાય ને બળદ જેવાં ઘરેલુ પશુ બનાવી દીધાં. ત્યારથી યાક પ્રાણી શાંતિથી આછું ઘાસ ચરે છે, હળમાં જોતરાય છે, ભાર વહે છે અને તિબેટી લોકોને મદદરૂપ થઈને રહ્યાં છે. અમને આમ આખું ધણ જોવા મળી ગયું. ક્યાંય કોઈ માણસ દેખાયું નહીં. ધણને પાછું ઘેર લઈ જવાના સમયે ધણી પણ પાછા આવી જતા હશે, પણ ક્યાં જતા રહેશે એ ત્યાં સુધી ?

બીજા બેએક કલાક પછી અમે તિન્ગરી ગામની પાસે આવી પહોંચ્યાં. તેર હજારથી વધારે ઊંચું એ સ્થાન હતું, ને ત્યાંથી જ નયન-સંમુખ થતી હતી હિમાલય નગ-સંપુટમાંની ઉચ્ચતમ ગિરિમાળા. નકશામાં છે તે પ્રમાણે સર્વોચ્ચ શૃંગ હતું ૮,૮૪૮ મીટર. એ જ તો એવરેસ્ટ, કે ચોમોલુન્ગ્મા, કે ચોમોલાન્ઝો, કે સાગરમાથા અથવા સાગરમઠ. પુનઃ સંમુખ થતો હતો ભવ્યાતિભવ્ય એ નગાધિરાજ. પૂર્વ તરફ હતો એ. વાદળોમાં ભળી જતું હતું એનું હિમમંડિત શિખર, ને છતાં વિશદ-સ્પષ્ટ પણ હતું એ. સીધું પંખી ઊડે તો એના સુધી પહોંચતાં દસેક માઇલ થાય. નરી આંખે પણ એટલું જ દૂર. પર્વતોમાં હિમાલય, ને હિમાલયમાં સાગરમઠ પોતે. પ્રયત્ન વગર ઊંચું કરેલું શીર્ષ. એટલે ઊંચે તો સાવ એકલું એ શૃંગ. કોઈ જ નહીં એની સમીપે. સૌમ્ય સ્વાભાવિક મુદ્રા. નહીં વિદ્રોહ, નહીં અહંકાર. મૂર્તિમંત ગરિમા. ઉચ્ચાધિપતિ સ્વયં.

કેટલો બધો બરફ હતો એના ત્રિકોણાકાર પર. કેટલાયે થરના થર. નરી આંખે પણ અપૂર્વ દર્શન થતું હતું, પણ એક સાથીના દૂરબીન દ્વારા જોતાં તો એ તદ્દન હાથવગો લાગતો હતો. અને અદ્ભુત રીતે આકર્ષક. એના હિમસ્તરોની સર્વ છાયા, એની આકૃતિની સર્વ છટા – આહા, શું એ પરમ ઉપસ્થિતિ, શું એનો શબ્દાતીત મહિમા.

હાથમાંથી દૂરબીન છોડતાં ઘણું કષ્ટ થયું – જોકે સાગરમઠ નયનગમ્ય તો હતો જ. વળી, એની જમણી તરફ આખી નગ-શ્રેણી હતી. એની અંદરનાં શૃંગો પણ તીક્ષ્ણ અને હિમાચ્છાદિત હતાં, અને ઊંચાં પણ ખરાં જ ને. માકાલુ, લ્હોત્સે, પુમોરી, ચોઓયુ વગેરે, ને છેક છેલ્લે કદાચ ગૌરીશંકર (૭,૧૩૪ મીટર). એ સર્વથી દરબાર ભર્યોભર્યો લાગતો હતો. શું દમામ, શું દબદબો !

અસાધારણ ગૌરવાન્વિત દર્શન ક્યાંય સુધી કર્યા કર્યું. એ શૃંગોને નિહાળ્યાં, તસ્વીરે મઢ્યાં, નેત્રોથી નવાજ્યાં, હૃદયથી પૂજ્યાં. જાણે ત્યાંથી



કૅમેરાની આંખે ખૂબ જ નજીકથી

ખસીએ જ નહીં, જાણે મનને સંતોષ જ નહોતો થતો. પણ બસમાં બેસવા માંડ્યાં એટલામાં તો પડદો પડી ગયો એવરેસ્ટ પર. વૈષ્ણવ મંદિરમાં થાય છે તેમ અહીં પણ દર્શન બંધ થઈ ગયાં. કહે છે તેમ, 'આજનો લ્હાવો લીજિયે રે, કાલ કોણે દીઠી છે ?'

અફસોસને ક્યાં કારણ જ હતું ? ને હજી ઘણું દેખાતું હતું - સામે ખુલ્લું મેદાન, કામ કરતાં લોકો, પસાર થતું પેલું ઘોડાગાડું, એની પાછળ શ્યામરંગી પહાડો, ને પછી ઊંચે રહેલાં, નજરને જપ્ત કરતાં, અનેક હિમ-શૃંગો. શું અદ્‌ભુત સ્થાન, શું સુભગ સમાવલોકન !

રસ્તાની સાથે સાથે નિએન ચુ નામની નદી જતી હતી. ક્યારેક દેખાય, ક્યારેક એ દૂર થઈ ગઈ હોય. ઢોળાવો પ્રકાશ ને પડછાયા પ્રમાણે જુદા જુદા રંગના લાગે - લીલા, ભૂખરા, ગુલાબી પડતા, શ્યામલ. મેદાન ચાલ્યું જતું હોય. પહાડ આવતાં પૂરું થતું લાગે, પણ ના, ના; પહાડ પૂરો થાય-કે દૂર જતો રહે, પણ મેદાન ચાલતું જ રહ્યું હોય. એવું થાય ત્યારે મને બહુ ગમે. એક પ્રકારનો ટાપુ જાણે ! ને આપોઆપ રવીન્દ્રનાથનું એક મુખર થઈ આવ્યું. કાવ્ય. 'મારાં સંવેદન કઈ હવાને કારણે ઉન્મત્ત થાય છે ? મારું મન અકારણ હર્ષથી ઝૂલી રહ્યું છે.'

સમય જતો જાય છે. બપોર થતાં કુમળો પ્રકાશ અનવરુદ્ધ તડકો બન્યો છે. કેટલો ઉજ્જ્વળ છે દિવસ. રસ્તો પાકો ચણેલો નથી, સાવ કાચો છે, પણ કાદવિયો નથી, કોરો છે, ને તેથી મુસાફરી થોડી આસાન બની છે. હા. આજે અમે કલાકના વીસેક માઈલની ઝડપે જઈ શકીએ છીએ ! એટલી ગતિ પણ આજે સારી ઝડપી લાગે છે !

પરિસર નિર્જન હતો, પણ જોવો ગમે એવો. વચમાં એકાદી કંદરા આવી - બહુ સાંકડી કે બહુ ઊંડી તો નહીં જ, પણ નામની ગણાય એવી. સહેજમાં પૂરી પણ થઈ ગઈ. એમ કરતાં રસ્તો ઘાટ પર ઊંચે ચઢવા માંડ્યો. એ બધા પહાડો હતા પહોળા, છૂટા પથરાયેલા, એટલે ભયાનક ને ભીષણ ના લાગે. નજીકમાં તો એક તરફ ખુલ્લું મેદાન હોય - ખૂબ લાંબું, ખૂબ પહોળું. કેવા વિશાળ પરિમાણનું ! એમાં પાછા નાના, નીચા પહાડ હોય. સંકડાશ નહીં તેથી ચઢાણનો થાક ના લાગે.

એવા મોકળા મેદાનને નીચે દૂર થતું જોઈએ, ને પ્રયત્નપૂર્વક બસ બીજો ઢાળ ચઢતી હોય. એ પૂરો થાય ત્યાં બીજું, હજી વધારે ઊંચું મેદાન આવ્યું જ હોય. એ નીચલું સ્તર જાણે હતું જ નહીં. આ નવું, વધારે ઊંચેનું જ સાચું ! હું જોતી રહું, ને મને અજાયબી થતી રહે, થતી જ રહે. કલ્પના ના કરી શકાય, જોયા પછીયે વર્ણવી ના શકાય તેવી આ રચના છે. આ ધરાને ઈશ્વરે જીવંત તત્ત્વોનું વૈવિધ્ય નથી બક્ષ્યું, પણ બસ, સમસ્ત ધરાને સાંગોપાંગ લાવણ્યમયી બનાવી છે. (ક્રમશઃ)

લઘુકથા

આફ્ટર શૉક

પ્રકાશ પુરોહિત 'નિર્દોષ'

મિલ બંધ પડવાથી તે જેમતેમ કરી પનારે પડેલાં પેટોના ખાડા પૂરતો હતો. એટલે ઝઘડાએ તેના ઘરમાં કાયમી વસવાટ કર્યો હતો.

વહેલી સવારે થયેલા ઝઘડાથી કંટાળી આપઘાત કરવાના ઈરાદે એ પોતાના ફ્લૅટની સીડી ઊતરતો હતો. અચાનક ધરતી ધ્રૂજવા લાગી. એ કાંઈ વિચારે તે પહેલાં પત્તાના મહેલની માફક તૂટી પડતા ફ્લૅટના કાટમાળ નીચે બધાંની જોડે તે પણ દટાયો.

જીવતાં બચી ગયેલાં તેને દવાખાનામાં ખસેડાયેલાં. અઠવાડિયા પછી સરકારી અધિકારીએ કહ્યું, 'મિ. પટેલ, તમારી દીકરી અને પત્નીને તમે આ હોનારતમાં ગુમાવ્યાં છે તેનું મને દુઃખ છે. પણ કુદરત આગળ આપણે લાચાર છીએ. તમે હિંમત રાખશો તો હિંમત વધશે.'

સરકારી સહાયનો રૂ. બે લાખનો ચેક સ્વીકારતાં તે ચોધાર આંસુડે રડી પડ્યો. ભૂકંપની આગલી સાંજે જ વેવાઈએ દહેજના પ્રશ્ને દીકરીની સગાઈ ફોક કરી નાખેલી !

અનુસંધાન] પસ્તીનાં પાનાં [પૃ. ૨૮૮થી

ઉષ્ટ્રાનાં તુ ગૃહે લગ્નં
ગર્દભાઃશાન્તિપાઠકાઃ ।
પરસ્પરં પ્રસંશંતિ
અહો રૂપં અહો ધ્વનિઃ ॥

વૌઠામાં ગધેડાં અને ઊંટના વેપાર થાય અને ચોગમમાં એકબીજાનાં વખાણનાં ભાષણ થાય છે. 'અહો રૂપં અહો ધ્વનિ.'

પણ કદાચ તમને ચોગમમાં આવતા કૉમનવેલ્થ શબ્દનો પરિચય નહિ હોય. બ્રિટિશ સામ્રાજ્યમાંથી જેમ જેમ દેશો સ્વતંત્ર થતા ગયા તેમ તેમ આ દેશોએ બ્રિટિશ સંબંધનો ઇતિહાસ જાળવી રાખવા એક સંઘ રચ્યો તે કૉમનવેલ્થ. પહેલાં તેનું નામ બ્રિટિશ કૉમનવેલ્થ હતું અને ગ્રેટ બ્રિટન, કૅનેડા, ઑસ્ટ્રેલિઆ, ન્યૂઝીલૅન્ડ અને દક્ષિણ આફ્રિકા તેનાં સભ્યો હતાં. ભારત આઝાદ થયા પછી બ્રિટિશ શબ્દ કાઢીને કૉમનવેલ્થ ઑવ નૅશન્સ નામ રાખ્યું. આ કૉમનવેલ્થના ૪૪ દેશો છે અને તેમાંથી ૪૩ સરકારી વડા (**Heads of Government** આપણે તેમને HOG કહીશું અથવા ગુજરાતીમાં હોગ કહીશું. અહીં ચોગમ મેળામાં આવ્યા છે. હોગની સાથે તેમની પત્નીઓ (તેમને હોગી કહીશું ?) પણ આવી છે અને આ હોગીઓ માટે પણ ખાસ કાર્યક્રમો ગોઠવાયા છે. પણ ૪૩ હોગમાંથી ૩ હોગ સ્ત્રીઓ છે. ભારતની ઇન્દિરા ગાંધી, બ્રિટનની માર્ગરેટ થેચર અને ડોમિનિકર્થ રિપબ્લિકની મિસ ચાર્લ્સ. આમાં મિસ ચાર્લ્સ તો પરણેલી નથી. ઇન્દિરા ગાંધી પરવારેલી છે પણ માર્ગરેટ થેચર તો પોતાની સાથે મિ.ડૅનિસ થેચરને (તેને હોગો કહીશું ?) લેતી આવી છે. એટલે જેમ બધી હોગીઓ માટે જુદા કાર્યક્રમો ગોઠવાયા છે તેમ આ એક હોગા માટે પણ ખાસ કાર્યક્રમ ગોઠવવો પડ્યો છે !

આમ વૌઠામાં ગધેડાં અને ઊંટોનું મિલન તો ચોગમમાં હોગ. હોગીઓ અને હોગાનું મિલન... (ક્રમશઃ)

પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો-૪

યોગેન્દ્ર માંકડ

જ્ઞાનપ્રકાશયુગીન મૂલ્યો

જ્ઞાનપ્રકાશ યુગે તર્કનિષ્ઠા, અનુભવવાદ, પ્રગતિ, માનવ સ્વભાવ, વૈજ્ઞાનિક અભિગમ અને દૃષ્ટિકોણ, કૉસ્મોપોલિટાનિઝમ વગેરે જેવાં કેટલાંક વિશિષ્ટ ખયાલો અને મૂલ્યો આપ્યાં. આ બધાં જ ખયાલો અને મૂલ્યો પોતપોતાની રીતે અને સંદર્ભમાં મહત્ત્વનાં છે (અહીં તેમાંથી કેટલાંકને થોડીક વિગતે સમજાવવાનો હેતુ છે.) તેમાં. 'કૉસ્મોપોલિટાનિઝમ' અત્યંત મહત્ત્વનું મૂલ્ય છે. 'ફિલૉસૉફીસ'નો એવો દાવો હતો કે 'રીઝન'નો પ્રકાશ વૈશ્વિક છે, જે ન્યાયનાં વૈશ્વિક ધોરણોને શક્ય બનાવે છે અને તેનું સંચાલન કુદરતના નિયમને અધિન છે. તે ઉપરાંત મનુષ્ય સ્વભાવ પણ બધે સરખો જ છે અને તેનાં લક્ષણો પણ સરખાં જ છે.

'ફિલૉસૉફીસ' પોતાને વૈશ્વિક માનવીઓ તરીકે ઓળખાવવાનું પસંદ કરતા. તેઓ સંકીર્ણ પૂર્વગ્રહો ઉપરાંત સંકીર્ણ રાષ્ટ્રવાદ કે સંકુચિત દૃષ્ટિના પણ વિરોધી હતા. સમગ્ર માનવજાતનું કલ્યાણ એ તેમની નિસબતનો મુખ્ય વિષય હતો. તર્કનિષ્ઠાનો શાશ્વત પથદર્શક તરીકે સ્વીકાર અને તેના પ્રત્યે સંપૂર્ણ પ્રતિબદ્ધતા એ તેમનો જીવનમંત્ર હતો. દરેક પ્રકારની સંકુચિતતાને અતિક્રમવાની તેમની આ શક્તિને કારણે બાકીના વિશ્વ સાથે તેઓ સફળતાપૂર્વક નાતો જોડી શક્યા. તેમની બૌદ્ધિક અને તર્કનિષ્ઠાની અધિકૃતતાના મૂળમાં આ હકીકત પડેલી છે. આથી સાચી 'ફિલૉસૉફી' એટલે સમગ્ર નાગરિક સમાજ સાથે નાતો બાંધવો, પછી પોતે ગમે ત્યાં હોય. કોઈ પણ દેશમાં સુધારા વિષે અધિકારપૂર્વક વાત કરવા માટે કે તેની સંસ્થાઓની ટીકા કરવા માટે જે તે દેશના નાગરિક હોવું આવશ્યક નહોતું કે તેના સાંસ્કૃતિક વારસાનો ગહન અભ્યાસ પણ જરૂરી નહોતો. ઉદાહરણ તરીકે રશિયાના કૅથેરાઈન બીજાને સલાહ આપવામાં દિદેરો મૂળ ફ્રાંસનો વતની હતો તે બાબત આડે આવતી નહોતી. અલબત્ત, કૉસ્મોપોલિટાનિઝમ એ ફિલૉસૉફીસે આપેલું કોઈ મૌલિક મૂલ્ય નહોતું. અને એક અર્થમાં તેમાં કશું નવું કે અસાધારણ પણ નહોતું. આ ચિંતકો સ્પષ્ટપણે માનતા હતા કે અગાઉ સંસ્કૃતિઓ અને સરહદો વચ્ચે સેતુ તરીકે જે સ્થાન ખ્રિસ્તી ધર્મનું હતું તે હવે 'રીઝને' લીધું છે. બીજું, તેમના આંતરરાષ્ટ્રિયવાદે રાષ્ટ્રપ્રેમનું સ્થાન લેવાનો પ્રયત્ન નહોતો કર્યો. આથી પણ વધુ મહત્ત્વનું, જ્ઞાનપ્રકાશયુગે વિશ્વને જે ક્રાંતિકારી વિચારોનો વારસો આપ્યો અને જેનો પ્રભાવ રાજકીય અને સામાજિક ચિંતન પર વર્તાય છે તેમાં કૉસ્મોપોલિટાનિઝમનો ખયાલ મોખરે છે. માનવીના સમગ્ર પ્રયત્નોનું અંતિમ / સર્વોચ્ચ ધ્યેય વૈશ્વિક સમાજનું નિર્માણ છે, એ સમજ-સભાનતા તેના હાર્દમાં છે. આ વિઝન પાછળ ધારણા એ હતી કે સમગ્ર માનવજાતનાં હિતો અને જરૂરિયાતો અંતે તો સરખાં છે અથવા તેમાં એક પ્રકારનું વૈશ્વિક સામ્ય રહેલું છે. આ વિઝને મુક્તિલક્ષી આકાંક્ષાઓને જન્મ આપ્યો, જેણે માર્ક્સવાદ અને ઉદારમતવાદને એક નિશ્ચિત સ્વરૂપ પ્રદાન કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો છે. આ બન્નેનું ધ્યેય, એક પાયાના અર્થમાં, અનુક્રમે મૂડીવાદ અને રાજ્યની નાબૂદીનું રહ્યું છે જેથી સ્વતંત્રતા, સમાનતા અને ન્યાય-આધારિત એવા 'કૉસ્મોપોલિટન વિશ્વ'નું નિર્માણ શક્ય બને. રસપ્રદ વાત એ છે કે આજના વૈશ્વિકીકરણના યુગમાં આવો જ એક સમાજ - **a community of fate** - આકાર લઈ રહ્યો છે એવો વિચાર અત્યંત બળવત્તર બનતો જાય છે. માલસામાન, મૂડી, લોકો, પ્રત્યાયનો, ગુનાઓ, સભ્યતાઓ, પ્રદૂષકો, ડ્રગ્સ, ફૅશન, વિચારો કે માન્યતાઓ સુધ્ધાંનું આદાનપ્રદાન બધા જ સમાજો અને સંસ્કૃતિઓને વત્તેઓછે અંશે પ્રભાવિત કરી રહ્યું છે અને તેમાંથી સંપૂર્ણ રીતે મુક્ત રહી શકાય તેમ નથી તેવી માન્યતા ઉત્તરોત્તર દૃઢ બનતી જાય છે. રાષ્ટ્રિય સીમાડાઓ તૂટતા જાય છે. ક્ષિતિજો વધુ ને વધુ નજીક આવતી જાય છે અને સંસ્કૃતિઓ વધુ ને વધુ પારદર્શક બનતી જાય છે એ હકીકત આ વાસ્તવિકતાની દ્યોતક છે એમ વૈશ્વિકીકરણના સમર્થકો માને છે. અલબત્ત, આ વૈશ્વિકીકરણ મૂડીવાદપ્રેરિત, બજારપ્રમાણિત અને માધ્યમપ્રસારિત છે અને તેના કેટલાક બીજા સૂચિતાર્થો પણ હોઈ શકે. પણ તે એક જુદો વિવાદ છે) કૉસ્મોપોલિટાનિઝમનો સર્વોચ્ચ આદર્શ તરીકેનો નિર્દેશ કાન્ટનાં લખાણોમાં સાંપડે છે. તેના પોતાના શબ્દોમાં, 'ઘણી ક્રાંતિઓ અને તેમની પરિવર્તનલક્ષી અસરો પછી એક આશાનો સંચાર થયો છે, જેમાં વૈશ્વિક કૉસ્મોપોલિટન અસ્તિત્વ ધરાવતો સમાજ શક્ય બનશે જેની અંદર સમગ્ર માનવજાત પોતાનામાં રહેલી સર્જનાત્મક શક્તિઓ અને ક્ષમતાઓને બહાર લાવી શકશે.'

જ્ઞાનપ્રકાશયુગનો બીજો મહત્ત્વનો ખયાલ કે મૂલ્ય તે તર્કનિષ્ઠા (રૅશનાલિટી) છે. માનવીની વિચારશક્તિની ક્ષમતા પોતાના જ બૌદ્ધિક સ્રોતોની મદદથી વ્યક્તિ, સમાજ, સંસ્કૃતિ અને બ્રહ્માંડનાં રહસ્યો કોઈ પણ સાક્ષાત્કાર કે ચમત્કાર કે પ્રાપ્ત જ્ઞાન (**received knowledge**) વગર પામી શકે છે એવી ચેતનાને કારણે જ્ઞાન, વિજ્ઞાન, વૈશ્વિક વ્યવસ્થામાં મનુષ્યનું સ્થાન, કુદરત અને તેની સાથેનો સંબંધ વગેરે વિષેના ખયાલોમાં ઉદ્દામવાદી પરિવર્તનો આવ્યાં. આ પ્રકારનાં વૈચારિક પરિવર્તનોએ ચર્ચની સત્તાની ઈજારાશાહી પર કુઠારાઘાત કર્યો અને એ રીતે ધીરેધીરે ચર્ચની એકહથ્થુ સત્તાના ધોવાણની પ્રક્રિયાની શરૂઆત થઈ. આ સંદર્ભમાં પ્રબુદ્ધતાએ આપેલા 'સ્વ' (સેલ્ફ) વિશેની વિભાવના સમજવા જેવી છે : ૧. આ 'સ્વ' સ્થિર છે, સુશ્લિષ્ટ છે અને તેના વિશે સમજણ કેળવી શકાય છે. ૨. આ 'સ્વ' 'રીઝન' દ્વારા પોતાને અને વિશ્વને સમજી શકે છે. એ અર્થમાં રીઝન એ માનસિક/બૌદ્ધિક કાર્ય કરતું સર્વોચ્ચ અને વસ્તુલક્ષી સ્વરૂપ છે. ૩. આ વસ્તુલક્ષી, રૅશનલ 'સ્વ'નિર્મિત વિચારપદ્ધતિને 'વિજ્ઞાન' કહેવામાં આવે છે. આ વિજ્ઞાન દ્વારા વિશ્વનાં 'સત્યો' પામી શકાય છે અને તેને વ્યક્તિના સ્થાન કે દરજ્જા સાથે કોઈ સંબંધ નથી. ૪. વિજ્ઞાન નિર્મિત જ્ઞાન એ જ 'સત્ય' અને શાશ્વત છે. ૫. વિજ્ઞાનનિર્મિત જ્ઞાન / સત્ય હંમેશાં પ્રગતિ અને સપૂર્ણતા તરફ લઈ જશે. માનવનિર્મિત સંસ્થાઓ અને વ્યવહારોનું વૈજ્ઞાનિક વિશ્લેષણ થઈ શકે અને તેમાં સુધારો થઈ શકે. ૬. આથી 'સત્ય' એ જ સાચું (કાનૂની) અને એ જ સારું (નૈતિક) છે. અને 'રીઝન' જ તેનું અંતિમ નિર્ણાયક હોઈ શકે. આથી રીઝને પ્રસ્થાપિત/સંશોધિત જ્ઞાનને અનુરૂપ કાયદાઓને અધિન રહીને ચાલવું એટલે જ સાચી સ્વતંત્રતા. ૭. 'રીઝન'શાસિત વિશ્વ જ સત્યમ્, શિવમ્ અને સુંદરમ્‌નો પર્યાય હોઈ શકે તેમજ સત્ય, કાનૂન અને નીતિમત્તા વચ્ચે વિરોધાભાસ હોઈ શકે નહિ વગેરે.

કૉસ્મોપોલિટાનિઝમ સાથે અવિભાજ્ય રીતે સંકળાયેલું બીજું મહત્ત્વનું મૂલ્ય માનવવાદ છે. માનવવાદ એ શબ્દનો પ્રયોજક નિટહાઈમર નામનો એક જર્મન વિદ્વાન હતો જેણે ગ્રીક અને લૅટિન ભાષામાં લખાયેલ

પ્રશિષ્ટ સાહિત્યના અભ્યાસ માટે આ શબ્દનો ઉપયોગ કર્યો. આ સાહિત્યની પુનર્ચેતના ઇટાલિયન નવ જાગૃતિનો મહત્ત્વનો અંશ હતો. સમય જતાં આનો પ્રચાર સમગ્ર યુરોપમાં **'new larning'** તરીકે થયો. આ અભ્યાસોની માનવકેન્દ્રી અભ્યાસ એટલે કે ઇતિહાસ, સાહિત્ય અને કલાનાં ક્ષેત્રોમાં માનવનિર્મિત સાહિત્ય અને વિચારનો અભ્યાસ. આ વિચારની મુખ્ય અસર રૂપ માનવવાદનાં શબ્દ તરીકે ઉપયોગ એવા અભ્યાસો માટે થવા માંડ્યો કે જેમાં મનુષ્યના સ્વ વિશેના, ઈશ્વર વિશેના કે કુદરત વિશેના જ્ઞાનનો આધાર અનુભવ હોય. આ ખ્યાલ તર્કનિષ્ઠ કે ક્રિટીકલ વૈજ્ઞાનિક પરીક્ષણનો પાયો હતો. વાસ્તવમાં આ પદ્ધતિ દ્વારા કુદરતી વ્યવસ્થાનો સફળતાપૂર્વક અભ્યાસ કરનાર સૌ પ્રથમ વૈજ્ઞાનિક/બુદ્ધિજીવી ન્યુટન હતો એટલે આ ખયાલની ઉત્તરોત્તર વધતી જતી લોકપ્રિયતાનો યશ ન્યુટનને જાય છે. રસપ્રદ બાબત એ છે કે ફ્રેંચ ફિલાંસૉફીસ એમ માનતા હતા કે માનવી અને સમાજનો અભ્યાસ પણ આ જ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા થઈ શકે. એ રીતે જોતાં સિદ્ધાંતજડ ખ્રિસ્તી ધર્મના માનવી, કુદરત અને સમાજને સમજવા/સમજાવવાના 'અધિકૃત' દાવાઓ સામે ધર્મનિરપેક્ષ માનવવાદનો ખ્યાલ ધીરેધીરે નક્કર આકાર ધારણ કરવા માંડ્યો. વૈજ્ઞાનિક પદ્ધતિએ ધર્મના ઉત્તરોત્તર ધોવાણની પ્રક્રિયા શરૂ કરી અને તેની સાથે પશ્ચિમી સમાજના બિનસાંપ્રદાયીકરણની શરૂઆત થઈ. વૈજ્ઞાનિક માનવવાદનાં જે પગરણ મંડાયાં તેનો અર્થ એટલો જ હતો કે કેવળ વૈજ્ઞાનિક પદ્ધતિ દ્વારા જ વિશ્વસનીય જ્ઞાનનું નિર્માણ થઈ શકે અને કુદરતી વિજ્ઞાનો અને માનવવિજ્ઞાનો (સમય જતાં) પરિકલ્પનાઓ અને ધર્મ-આધારિત જ્ઞાનનું સ્થાન લઈ શકે અને વિશ્વ તેમજ માનવી વિશેની રૅશનલ અને સર્વગ્રાહી સમજ પૂરી પાડી શકે.

આ અર્થમાં જોતાં માનવવાદને બૃહદ્ અર્થમાં એક પ્રકારનું વલણ કે અભિગમ કહી શકાય. વિચારો અને માન્યતાઓનું આ એક એવું પરિમાણ હતું કે જેમાં અનેક દૃષ્ટિકોણોનો સમાવેશ થાય છે. તેનું કોઈ નિશ્ચિત માળખું નથી, કેવળ વ્યાપક રીતે સ્વીકારાયેલી ધારણાઓ છે. તેમાંની બે મુખ્ય ધારણાઓ આ પ્રમાણે છે :

૧. મનુષ્યનું મનુષ્ય તરીકેનું એક પ્રચ્છન્ન પણ આગવું મૂલ્ય છે અને તેની સ્વીકૃતિ એ બધાં જ મૂલ્યો અને અધિકારોનો સ્રોત છે. આ મૂલ્ય ક્ષમતાઓ/શક્યતાઓ પર આધારિત છે અને તે બધા જ મનુષ્યોમાં વિશિષ્ટ રૂપે પડેલી છે, જેને કારણે સર્જન અને સંવહન શક્ય બને છે (આમાં ભાષા, માનવસંબંધો, કળાઓ, વિજ્ઞાન, સંસ્થાઓ વગેરેનો સમાવેશ થાય છે.) આ સર્વે પ્રચ્છન્ન શક્તિઓ છે જેને એક વાર મુક્ત કરવામાં આવે તો (દા.ત. શિક્ષણ દ્વારા) વાંછિત જીવનઘડતરની પસંદગી માટેનું સ્વાતંત્ર્ય પ્રાપ્ત થાય અને મનુષ્ય તે માટે સક્રિય પણ થઈ શકે.

૨. એવી કોઈ પણ વિચારપ્રથાનો ઇન્કાર જેને (અ) મનુષ્યની સર્જનાત્મક શક્તિમાં વિશ્વાસ ન હોય અથવા તો જે શૂન્યવાદી હોય, જેને માનવજીવનનો કોઈ અર્થ ન દેખાતો હોય (બ) જે મનુષ્યને વિનિપાતગ્રસ્ત માનતી હોય અને દૈવી કૃપા દ્વારા જ તેને બચાવી શકાય એવી માન્યતામાં વિશ્વાસ ધરાવતી હોય અથવા (ક) માનવચેતનાની બાબતમાં અલ્પાખ્યાવાદી (**reductionist**) કે નિયતિવાદી હોય અથવા (ડ) જે એમ માનતી હોય કે સ્ત્રી-પુરુષ તરીકે કોઈ એક રાજકીય કે આર્થિક પ્રથાનાં પ્યાદાંથી વિશેષ કોઈ મૂલ્ય નથી.

એ જ રીતે પ્રગતિ વિશેના જ્ઞાનપ્રકાશયુગીન વિચારો પોતાનું આગવું મહત્ત્વ ધરાવે છે. પ્રબુદ્ધતાના પ્રવક્તાઓ માટે પ્રગતિ એ કાર્યક્રમ પહેલાંનો અનુભવ હતો. અને અનુભવને આધારે તેમણે પોતાના કાર્યક્રમો ઘડ્યા. વિચારો ઘણી વાર આયનો કે મહોરું હોય છે. પરંતુ આ વિચારો જાણેકે અદાકાર પુરવાર થયા. તેમની વચ્ચેના વિચારોનું આદાનપ્રદાન એ કોઈ ટોળટપ્પાં મારવા માટેનો ચોતરો નહોતો. અઢારમી સદીના બિનસાંપ્રદાયિક લેખકો એમ માનતા હતા કે તેમનો સમય સમગ્ર માનવજાતના ઇતિહાસમાં ઝળહળતો અને સૌથી વધુ પ્રગતિશીલ તબક્કો હતો. મધ્યયુગીન અને આધુનિક યૂરપની શરૂઆતના સમયનો 'દૈવી પ્રકોપ' કે ફાટી નીકળતા રોગચાળાઓ ભયંકર અને ભીષણ ભૂતકાળની ઉત્તરોત્તર, સતત ઝાંખી થતી જતી છબી જ માત્ર હતી. દા.ત. ૧૮૫૫માં લિસ્બનમાં થયેલા વિનાશકારી ભૂકંપથી પણ આ લેખકો હચમચી ઊઠ્યા નહોતા. એ જ રીતે સત્તરમી સદીમાં ઇંગ્લંડમાં થયેલી બંધારણીય ઊથલપાથલો પણ ભૂતકાળનો અંશ બનતી જતી હતી. પશ્ચિમ અને ઉત્તર યૂરપમાં આર્થિક સમૃદ્ધિ વધવાને કારણે વસતિમાં પણ વધારો થતો જતો હતો. આથી એ જમાનાના સંદર્ભમાં ફૅશનેબલ કહી શકાય તેવા જ્ઞાનપ્રકાશયુગીન વિચારોના નવા ઉપભોક્તાઓ ઊભા થયા અને તેની સાથે અખબારોનો ફેલાવો વધ્યો.

જેમ જેમ બિનસાંપ્રદાયીકરણની પ્રક્રિયા આગળ વધતી ગઈ તેમ તેમ એ હકીકતની પ્રતિતિ સ્પષ્ટ થવા માંડી કે મનુષ્યના દુન્યવી પ્રશ્નોનું નિરાકરણ પણ દુન્યવી જ હોઈ શકે અને તેને માટે કોઈ 'દૈવી કૃપા' કે આશીર્વાદની જરૂર નથી. ૧૬૮૧ અને ૧૭૯૫ વચ્ચેના ગાળામાં મનુષ્યની નિયતિ પર ઈશ્વરના અબાધિત આધિપત્યના ખયાલનું મોટા પાયા પર ધોવાણ શરૂ થઈ ચૂક્યું હતું. વૉલ્તેર, દાલંમ્બર્ત અને તુર્ગો જેવા ચિંતકો તો સ્પષ્ટ રીતે માનતા હતા કે મનુષ્યજાતનો સમગ્ર ઇતિહાસ એક તરફ દુર્બોધ અને બીજી તરફ પ્રકાશ, એક તરફ બદમાશ આપખુદો અને પાદરીઓ અને બીજી તરફ પરિષ્કૃત અને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ અને અભિગમ ધરાવતા માણસો વચ્ચેના સંઘર્ષનો ઇતિહાસ છે. તેઓ એમ પણ માનતા હતા કે સાંપ્રત વિશ્વમાં આ સંઘર્ષ એક તરફ તેમની પોતાની મૂળભૂત રીતે કૉસ્મોપૉલિટન બિરાદરી અને બીજી તરફ સિદ્ધાંતજડ ખ્રિસ્તીધર્મનાં ચર્ચો વચ્ચેનો સંઘર્ષ હતો. પરંતુ આ સિદ્ધાંતજડતાનાં હવે વળતાં પાણી થવા માંડ્યાં હતાં, કારણ કે તેમને હવે પ્રબુદ્ધતાનો, વિજ્ઞાન, કલાઓ અને 'પ્રબુદ્ધ' રાજાઓનો સામનો કરવાનો વારો આવ્યો હતો.

પ્રગતિ અંગેના તેમના આ સિદ્ધાંતના હાર્દમાં 'આદ્યપાપ' (**original sin**)ના ખયાલનો ઇન્કાર હતો. ગુણ વિકસાવવા માટેની ક્ષમતા કે ઉપકારક થવા માટેની નૈતિક સંવેદનશીલતા કે પૂર્ણતા પામવાની યોગ્યતા એ માનવજાત માટે સહજ કે સ્વાભાવિક બાબત છે. મોટા ભાગના 'ફિલાંસૉફીસ' માટે પરોપકારપરક પૂર્ણતા એ જ મનુષ્યની પ્રગતિનું પાપ હતું. સુખમાં વૃદ્ધિ અને પીડામાં ઘટાડો એ જ તેમની મુખ્ય ફિલૉસૉફી હતી. એ રીતે જોવામાં આવે તો જ્ઞાનપ્રકાશયુગની સદી અઢારમી સદી પશ્ચિમી સમાજના આધુનિકતા તરફના પ્રયાણમાં એવો સમય હતો કે જેણે નવી જીવનચેતના અને જીવનહેતુનો સંચાર કર્યો. કુદરત અને સ્વ પર જાતે પ્રયોજેલ નિયંત્રણની લાગણી જન્માવતી ચેતના. મહામારી, અપમૃત્યુ, વિનાશકારી યુદ્ધો અને અશાંતિનો યુગ જાણે કે અસ્ત થવા આવ્યો. હવે તેનું સ્થાન સમાલોચક પ્રજ્ઞાએ લેવા માંડ્યું. એક સમયે પરિવર્તન એ ભય અને ઈશ્વરવિરોધનો પર્યાય હતો. હવે સ્થગિતતા

(અનુસંધાન પૃ. ૨૯૪)

અમેરિકામાં ભારતીયો : આત્મઓળખની ખોજમાં - ૩૦

પ્રા. પ્રવીણ ન. શેઠ

સમીક્ષા અને અનુશીલન

થોડા દસકા પહેલાં અમેરિકાની ચૂંટણીમાં અહીંના મુખ્ય બે પક્ષોને કે તેના ઉમેદવારોને ચૂંટણીફાળો આપીને સંતોષ માનતા ભારતીયો હવે બંને પક્ષોની સંગઠન સમિતિઓ, તેમજ ચૂંટણી ઝુંબેશવિષયક રાષ્ટ્રિય અને રાજ્ય કક્ષાની સમિતિઓમાં સભ્ય કે ડેલિગેટ બન્યા છે. ૨૦૦૦ની પ્રમુખીય ચૂંટણીમાં ભારતીય અગ્રણીઓને પ્રમુખ ક્લીન્ટન, અને ડેમોક્રેટ તેમજ રીપબ્લિકન ઉમેદવારો દ્વારા મળેલા મહત્ત્વના અહીંના વૃત્તપત્રોએ નોંધ લીધી છે. પ્રમુખ કલીન્ટન માર્ચ, ૨૦૦૦માં ભારત આવ્યા તે પહેલાં વ્હાઇટ હાઉસે ભારતીય અમેરિકનોના અગ્રણીઓને વૉશિંગન ડી.સી. પરામર્શ માટે બોલાવેલા તે પણ તેમના મહત્ત્વને ટોચની કક્ષાએ માન્યતા મળી છે, તેનો પુરાવો છે.

સૂચક બીના એ છે કે મોટેલ-હોટેલ અને મેડિકલ ક્ષેત્રોની જેમ રાજનીતિમાં પણ પહેલી સાથે બીજી પેઢી ઝડપથી સક્રિય થઈ રહી છે. અને આ ક્ષેત્રમાં ભારતીય અમેરિકન હિત અને ભારત-અમેરિકા વચ્ચે પરસ્પર હિતકારક સંબંધો વધારવામાં ફાળો આપી રહી છે. આમ, પહેલી સિદ્ધિ અને ભૂમિકાનું સાતત્ય જાળવાઈ રહેશે, તેનાં સ્પષ્ટ એંધાણો મળી રહે છે. ભારતીયોનું વ્યક્તિત્વ દ્વિધા, દ્વૈત અને દ્વિધ્રુવી વલણો દ્વારા ઘડાયું છે. ભારતના ગ્રામપ્રદેશ કે સાધારણ કૉલેજમાં ભણીને અહીંનાં આંજી નાખે તેવા પચરંગી મહાનગરમાં આવી પડનાર નવાગંતુક ભારતીય અનામિતા અને વણપ્રીછ્યા રહેવાની ઓછપ અને ન્યૂનતાભાવ અનુભવે છે. પણ એના નિરાકરણમાં તે મંદિર-સંપ્રદાયની પ્રવૃત્તિઓમાં પડીને, ધાર્મિક ઘેલછા અને સામાજિક રૂઢિવાદનો આશરો લે છે. અને તેને જ પરિશ્રમની સભ્યતા કરતાં ઉચ્ચતર ભારતીય સંસ્કૃતિ ગણીને તે પોતાનો નવો મગનાધાર શોધી લે છે, તથા અમેરિકન સભ્યતા અને તેમાં પરોવાયેલા ભારતીયો માટે ઘૃણાભાવ સેવે છે. ભારતીયો સમકાલીન ભારતના ગતિવિધિ અને ઘટનાપ્રવાહોની ટીકા કરે છે, પણ બહારનાં લોકો સમક્ષ ભારતીય સંસ્કૃતિનો બચાવ કરતાં હોય, તેવું પણ નોંધી શકાય તેમ છે. ભારતીયો પોતાના ધંધા કે કૉર્પોરેટ ક્ષેત્રની ઉચ્ચ નોકરીઓ કરતાં અમેરિકન ભાષા, પહેરવેશ, કાર્યનીતિ, અનુશાસન અને ઉચ્ચ સ્તરની સંચાલનક્ષમતા બતાવીને આધુનિક દેખાય છે. પણ ઘર અને નિજી વર્તુળમાં કુટુંબના પરંપરાગત મૂલ્યને વ્યવહારમાં જાળવે છે. ધર્મ અને નૈતિક-સાંસ્કૃતિક મિશનોની પ્રવૃત્તિઓમાં ઉમરભર ભાગ પણ લે છે. ખરેખર તો અતિ આધુનિક સાધનો-માધ્યમોનો ઉપયોગ પોતાના પરંપરાગત સંસ્કૃતિ વારસાને જાણવા અને જાળવવા માટે કરે છે.

ખરેખર તો, ભારતીય અમેરિકન તરીકેની આત્મઓળખનું નિર્માણ અને પુનઃ ઘડતર એ અહીં દોનધ્રુવી સંસ્કૃતિઓના માહોલમાં સતત ચાલુ રહેતી હોય, તેવી પ્રક્રિયા છે. કેટલાક ભારતીયો, ખાસ કરીને પહેલી પેઢીના, ભારતથી લાવેલ સાંસ્કૃતિક સામાનનો કેટલોક ભાગ વિવેક વાપરીને અહીં ત્યજી દે છે. ભારતના કૌટુંબિક રિવાજ, સામાજિક વ્યવહાર, ધાર્મિક પ્રણાલીમાં જે બિનજરૂરી તત્ત્વો લાગે તે છોડી દે છે. અને તેને સ્થાને સમજી વિચારીને અહીંનાં નવાં તત્ત્વો ગ્રહણ કરે છે અને તે રીતે જીવનને વધુ હેતુપૂર્ણ બનાવે છે, તથા અહીંની અપનાવેલી ભૂમિના માહોલ અને 'સિસ્ટમ'ને માટે અનુરૂપ કે પ્રસ્તુત બને તે રીતે જીવનવ્યવસ્થાને ગોઠવે છે. તે વિસ્તૃત કુટુંબપ્રણાલીમાંથી પોતાનાં માબા / વડીલોને અહીં બોલાવીને સાથે રાખે છે અને તે રીતે અહીં ન્યુક્લીઅ કુટુંબ માટે લાક્ષણિક એવા ઘરમાં ભાસતા સામાજિક શૂન્યાવકાશન સમસ્યાથી મુક્ત રહે છે. બીજી બાજુ ઘણાં ભારતીયો, છેલ્લાં થોડાં વર્ષોથ આવકવ્યવસાયના એકમાર્ગી પુરુષાર્થને બદલે નાગરિક તરીકે કાર્યશીલ બનીને, રાજકીય (જાહેર) પ્રશ્નો કે પ્રક્રિયામાં રસ લેવા ૨૧મી સદીન આ પહેલા દશકામાં અતિઓળખને સુઅંકિત કરવાની આ ઓળખ રાજકારણ અને રાજનીતિની ઓળખ - આ બંને સ્તરે ભારતીયોન ખોજમાં વેગવ તેવાં એંધાણો પણ મળે છે.

ભારતીયોએ જે કાંઈ 'અમેરિકન' છે તે બધું અપનાવી લેવું, અમેરિકાના ભૌતિક-ટેક્નોલૉજિકલ કે વ્યવસ્થાપન ક્ષેત્રે જે અદ્ભુત સિ મેળવે છે તેના પ્રભાવમાં આવી જઈને અમેરિકાના મધ્યપ્રવાહન સંસ્કૃતિને સહસા વશ થવું એ અનિચ્છનીય છે અને તેવું વલણ તંદુરસ્ પણ નથી. તો બીજી બાજુ, પોતાનાં મૂળ, સંસ્કૃતિ અને પરંપરાઓનો જ બચાવ કર્યે રાખવો, તેવું કેટલાંક ભારતીયોનું વલણ પણ કાલગ્રસ્ત અ બંધિયાર મનની નિશાની છે. ભારતીય પરંપરાનાં જડ માળખાંઓ અ તેની કેટલીક થીજી ગયેલી સાંસ્કૃતિક તરાહો તો અમેરિકન આધુનિ પરિવેશમાં તૂટવાની જ છે, જે લવચીક હશે તે દેશકાળ પ્રમાણે અમેરિકમ રહેવાની વાસ્તવિકતાને અનુકૂળ થશે, અને તેથી વધુ સંપન્ન થશે. આમ જેની જરૂર છે તે અમેરિકા યા તો ભારતને ધ્રુવીકૃત માનસથી મૂલવી ગમે તે એકની સપૂચી પ્રશંસા કરવી કે તેને નીચી પાડવાની નથી. નવવસાહતી ભારતીયો માટે ઇષ્ટ છે તે ભારતીય કે અમેરિકન પ્રભાવમ સપડાયેલા 'સંસ્થાન ગ્રસ્ત માનસિકતા' નહીં, પણ પોતાની અસ્મિતા બુનિયાદનું સંગોપન કરીને અહીંના મધ્યપ્રવાહ સાથે જરૂરી અને શક હોય એટલો સમન્વય સાધીને, મહત્તમ માત્રામાં ભળી જવું.

અમેરિકાના બહુ સાંસ્કૃતિક સમાજમાં યહૂદી, ઇટાલીઅન મુસ્લિમ, ચીની વગેરે પ્રજાઓની જેમ ભારતીયોએ પણ પોતાની ઓળ એકંદરે ટકાવી રાખી છે. અલબત્ત, અમેરિકાના શક્તિશાળી અને બધા એકરૂપ કરવા તાકતી આધુનિકીરણ, મીડિઆ, એક સફળ નીવડેલ ભૌતિક સભ્યતાના પરિબળોની અસર નીચે આવી ઓળખને ભારતીયો મઠારી છે. બીજી પેઢી પૈકીનાં સંતાનો પોતાની ભારતીય તેમજ અમેરિક ઓળખને પોતાની રીતે ખોજ કરે છે, અને જાણે છે, તેને નવેસર ટંકારવા મથે છે. પહેલી પેઢીના અને બીજી પેઢી ભારતીયોની તે સાંસ્કૃતિક અસ્મિતા વિશેની સમજ અને તે વિશેના વ્યવહાર પણ નોખ છે, તેવું જ અમેરિકામાં વિશાળ પ્રભાવક વર્ગના બનેલ 'ભારતી મધ્યપ્રવાહ'ની ભારતીય આત્મઓળખ વિશેના ખયાલથી થો નારીવાદીઓનો એક ઉદ્દામ હિસ્સો, ગે અને લેસ્બીઅન જેવા સામાજિ ઉદામો આ મુદ્દે જ જુદા પડે છે. પણ તેઓ તેમની સંખ્યા અને અસર દૃષ્ટિએ સીમાવર્તી બળો છે. પણ આ બધાને કારણે 'આત્મઓળખ રાજકારણ' આકાર લે છે, તેની સુનયન મૈરા અને રજની શ્રીકાન્ત જે

નારીવાદી લેખકોએ નોંધ લીધી છે.

એકંદરે ભારતીયોએ પોતાનાં કુટુંબ-કેન્દ્રી મૂલ્યો અને આપસી સમુદાયભાવનાને કારણે નિજી આત્મઓળખ જાળવી રાખી છે, એમ કહી શકાય. જેમણે મોટેલ-હોટેલ ક્ષેત્રમાં, સ્ટોર્સ જેવી રીટેલ સેવાઓ વિકસાવવામાં જે સફળતા પ્રાપ્ત કરી છે, તેમાં તેમની આવી સુઅંકિત ઓળખ અને સામાજિક રીતે સ્થિર સ્થિતિનો પણ ઉપકારક ફાળો છે. તેવું જ સિલીકોન વેલીમાં ઉદ્યોગસાહસિકોએ વ્યક્તિગત અને એક ભારતીય અમેરિકન સમૂહ તરીકે જે હેરતભર સિદ્ધિ મેળવી છે. તેમાં હૉટલમાં કે વ્યવસાયી મિલનોમાં ભારતીય ભોજન લેતાં લેતાં જ પરસ્પર સહાયક એવા જે સંબંધોની જાળ (એક અમેરિકન પત્રકારલેખકે તેને **Curry Network** તરીકે આલેખી છે) જેવા સાંસ્કૃતિક કડીતત્ત્વનો પણ ફાળો છે. આમ, એમનાં સાંસ્કૃતિક પરિબળોએ ભારતીયોને એકંદરે સુખી અને સ્થિર જીવન સાથે ભૌતિક વિકાસ સાધવામાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. આવી ઘટનાની ઉપકારક ભૂમિકા તેમાંય અનેક જાતિઓમાંથી બની રહેલ એક સંમિશ્રિત અમેરિકન મહાનીતિના બનેલા આ દેશમાં, તેની સાંસ્કૃતિક બહુવિધતા અને સામાજિક બહુલતાએ ભારતીયોને ભારતીય રહેવા સાથે નવા ભારતીય નવવસાહતી ભારતીય અમેરિકન બની રહેવાનો પૂરેપૂરો અવકાશ આપ્યો છે.

બૃહદ્ અમેરિકન સમાજ વિશે સમાજવિદ્યાવિદોએ વિવિધ સંકલ્પનાઓ પ્રયોજી છે. 'મેલ્ટિંગ પૉટ' (બધા સામગ્રીતત્ત્વોને તેમના આગવા સ્વાદરૂપ ઓગાળીને તેમને એકરૂપ બનાવતો ઊકળતો ચરુ), 'મોઝેઇક', 'અમ્બ્રેલા' 'રેઇનબો', 'ઓરકેસ્ટ્રા', 'કવીલ્ટ' (અનેક રંગના કાપડકકડાને ગૂંથીને પૅટર્ન વૈવિધ્ય ધરાવતી રજાઈ) એ બધાં રૂપકો ઓછાવત્તા પ્રમાણમાં અનેક ડાયેસ્પોરાના (જાતિકેન્દ્રી મોજાંઓ જ્યાં નવવસાહતીઓ તરીકે અહીંની ભૂમિને ભીંજવીને, તેમાં નીચે ઊતરવા લાગ્યા છે, તેવો સમાજ) ઓળખાવવા માટે પ્રસ્તુત છે, જો કે અમેરિકા મેલ્ટિંગ પૉટ છે એવું ખૂબ સ્વીકૃત અને વારંવાર વ્યાપક રીતે વપરાતું એવું રૂપક સાચું નથી. કારણ અહીંનો ગોરો, અમેરિકન મધ્યપ્રવાહ 'પોતે મેલ્ટ' થઈને પોતાની સંસ્કૃતિ, સામાજિક આગ્રહો અને વર્તાવનાં ધોરણો, કે વિશ્વદૃષ્ટિને છોડી દઈને ચરુના પ્રવાહીમાં ઓળખને ઓગાળી દેવા માગતો નથી, તો બીજી નવવસાહતી જાતિઓમાંની ઘણી જાતિઓ રૂપી તત્ત્વ-સામગ્રી પણ તેમાં ઓગળી જઈને એકરસ થવા માગતી નથી.

અમેરિકાને જો મોઝેઇક કે ક્વીલ્ટ તરીકે ઓળખાવીએ, તો અહીંના ભારતીય અમેરિકન સમાજનાં સ્વરૂપ અને પ્રકૃતિને કેવી રીતે ઓળખાવી શકાય ?

અહીંના ભારતીય સમાજને પણ 'પેચવર્ક શાલ' તરીકે જોઈ શકાય. અનેક રંગ, આકાર અને પૅટર્ન ધરાવતા વિવિધ કાપડ-થીંગડાને સીવીને રજાઈ બનાવી હોય, તેવો પણ તે દેખાય છે. અનુરાધા મિત્રે તેની 'ખીચડી' તરીકે ઓળખ આપી છે. ચોખા, થોડી (તુવેર કે મગની) દાળને પાણીમાં બાફવા સાથે તેમાં મીઠું હીંગ વગેરે મસાલો નાખો. કોઈ તેને હીંગ-રાઈનો કે મેથીનો વઘાર આપે છે તો કોઈ વળી તેમાં બટાકા ને કાંદા ઉમેરે છે. ભારતમાં ખૂબ વ્યાપક રીતે લોકપ્રિય ખાદ્યવાનગી તરીકે, ગરીબની સંપની વર્ગોની થાળીઓમાં અવારનવાર દેખાતી હોય તેવી ખીચડીને ભારતના 'રાષ્ટ્રિય ખાદ્યવાનગીના રાષ્ટ્રગીત' તરીકે સ્વીકૃતિ મળી શકે તેમ છે.

યુનોના જાણીતા ભારતીય અધિકારી અને લેખક શશી થુરૂર ભારત દેશ માટે 'થાળી' એવું રૂપક વાપર્યું છે. ભોજનની થાળીમાં રોટલી, દાળ, ભાત, શાક, કચુંબર, અથાણું એમ એકમેકથી રંગ, ટેક્ષ્ચર, ફ્લેવર, આકાર, સ્વાદમાં એકમેકથી જુદી પડી આવતી ખાદ્ય ચીજો હોય પણ સાથોસાથ તેઓ એકમેકની પૂરક પણ છે. દાળ,ભાત, ઘી એ બધાં એકસાથે લેવાયાં એ વધુ આસ્વાદ્ય બને છે. અને આવી વાનગીઓ એક સાથે હોય, તો તે પૂરું ભોજન-થાળી બની રહે છે. અનેક ભાષા, પ્રાદેશિક પેટા સંસ્કૃતિઓ, રિવાજો, ધર્મ-સંપ્રદાય, જ્ઞાતિમૂળને ધોરણે એકમેકથી નોખા હોવા છતાં તેઓ એકમેકના પૂરક બની રહે છે અને એક જ થાળીમાં સાથે મૂકાયેલા રહે છે.

અમેરિકાના ભારતીય સમાજના સ્વરૂપને એક મોટી થાળીના રૂપકથી સમજાવી શકાય. આ થાળીમાં પ્રસંગાનુસાર બે પ્રકારે વાનગીઓ મૂકવાની ગોઠવણ થાય છે. કોઈ વાર બધી વાનગીઓ એકસાથે થાળીમાં જુદી જુદી જગાએ મુકાય છે. તો કોઈ વાર કેટલીક વાનગીઓ (જેમ કે પંજાબી શાક, ગુજરાતી દાળ, દહીં, મદ્રાસી સંભાર, વગેરે જુદી જુદી વાડકીઓમાં મુકાય; જ્યારે ગુજરાતી રોટલી / રાજસ્થાની બાટી / હિંદી પ્રદેશની ચપાટી / પંજાબી નાન, વગેરે) છૂટી મુકાય. આ બધાં અલગ છતાં એકમેકના પૂરક બનીને, કે સાથે લેવાથી આસ્વાદ્ય બને છે. ભારતીય અમેરિકન સમુદાયની થાળીમાં પંજાબીઓ, ગુજરાતીઓ, બંગાળીઓ. તેલુગુભાષીઓ, પટેલો, કાયસ્થો, પંજાબી જાટો, આયર બ્રાહ્મણો રૂપી સાંસ્કૃતિક વાનગીઓ અલગ અલગ, પણ સાથે ભેળવી શકાય એટલી નજીક મુકાયેલી ભાસે છે. અને થાળીની વર્તુળાકાર ધાર-સીમા તેમને એક જ રાષ્ટ્રના હોવાની, એકત્વની ભાવના અર્પે છે. અહીં આમ અનેક પ્રાદેશિક ભાષાકીય, સાંપ્રદાયિક આત્મઓળખ ધરાવતા ભારતીય સમૂહો સાથોસાથ વિશાળ ભારતીય અસ્મિતાની સભાનતા પણ ધરાવે છે. તેઓ એ જ રીતે પરસ્પર મિલનો ગોઠવે છે, સાંસ્કૃતિક સહકાર સાધતા રહે છે, તેને કારણે તેઓ ભારતીય અમેરિકનો તરીકે બીજી વંશીય પ્રજાઓ અને અમેરિકન મધ્યપ્રવાહ સાથે સંપર્કસમાગમ કરે છે. અને સંબંધ બાંધે છે આમ, થાળીની સીમા તેમને ભારતીયત્વથી સભાન રાખીને. સાંસ્કૃતિક રીતે સધિયારો આપી રહે છે. (સંપૂર્ણ)

અનુસંધાન] પ્રબુદ્ધતાનાં વિચારતત્ત્વો [૨૯૨થી

નિસબતનો સ્રોત બની તે જ પ્રમાણે નવીનીકરણ અનૈતિકતાનું બીજું નામ હતું. હવે તેનાથી વધુ વખાણવાલાયક બીજી કોઈ બાબત નહોતી. કુદરત સામેના સંઘર્ષમાં સત્તાનું સંતુલન મનુષ્યની તરફેણમાં ઢળતું જતું હતું. એ વિશે શંકાને હવે કોઈ સ્થાન નહોતું. વાસ્તવમાં પશ્ચિમમાં આર્થિક/ભૌતિક સમૃદ્ધિ અને પ્રગતિના ખયાલને કુદરત પરનાં નિયંત્રણ સાથે સાંકળવામાં આવ્યો છે. મૂડીવાદી વિચારધારા અન્વયે આર્થિક વિકાસની જે સિદ્ધાંતતરેહ (**paradigm**) અસ્તિત્વમાં આવી તેમાં કેટલાક ચોક્કસ ખયાલો પડેલા છે. દા.ત. તેમાંનો એક ખયાલ એ છે કે સૃષ્ટિનાં સંસાધનો અમર્યાદ છે ને તેમનું અવિરત અને તીવ્રાતિતીવ્ર સંશોધન થઈ શકે. બીજું, આર્થિક/ભૌતિક વિકાસની કોઈ સીમા હોઈ શકે નહિ. જરૂર છે કેવળ વિકાસના મૉડલને અનુરૂપ ટેક્નોલૉજિ વિકસાવવાની. ત્રીજું ઔદ્યોગિકીકરણ એ ઝડપી, અને કાયમી વિકાસની ચાવી છે. (ક્રમશઃ)

ઍન ફ્રૅન્કની રોજનીશી



અનુવાદ
હિના ગોખલે

બુધવાર ૧૦મી માર્ચ ૧૯૪૩
પ્રિય કિટી,

ગઈ કાલે રાત્રે અમારે ત્યાં શોર્ટ સર્કીટ થઈ ગઈ હતી. અને ઉપરથી બંદૂકના ધૂમધડાકા ચાલુ જ હતા. મારો ગોળીબારનો અને વિમાનોનો ડર જરાય ઓછો થયો નથી. લગભગ રોજ રાત્રે હું પપ્પાના પડખામાં ઘૂસી જાઉં ત્યાં સુધી સોરી વળતી નથી. મારું વર્તન કેટલું બાલિશ છે એની મને પણ ખબર છે. પરંતુ તને તો આ બધાનો અંદાજ આવવો મુશ્કેલ છે. એ. એ. બંદૂકના ધડાકા તો એવા જોરદાર હોય છે કે તમને પોતાનો અવાજ પણ સંભળાય નહિ. અમારાં આ દૈવવાદી શ્રીમતી વૅનડાન પણ ગભરાતે સાદે કહેતાં હતાં, 'મને આ જરાય ગમતું નથી. જુઓ, ગોળીબાર પણ કેવા જોરથી કરે છે !' જેનો ખરેખર અર્થ હતો 'બાપ રે, મને તો બહુ ડર લાગે છે.'

એ રાત્રે અંધારાની સરખામણીમાં મીણબત્તીનો પ્રકાશ સારો લાગતો હતો. અંધારામાં ડરને લીધે હું તો એવી થરથર ધ્રૂજતી હતી જાણે તાવ ન આવ્યો હોય ! મેં પપ્પાને રાતે ફરી મીણબત્તી કરવા ઘણું વિનવ્યા. પણ એમની પર કાંઈ જ અસર નહોતી અને મીણબત્તી કાંઈ સળગાવી નહિ. એટલામાં અચાનક મશિનગનના ધડાકા શરૂ થયા. અને એ તો બંદૂક કરતાં દસગણા ખરાબ. એક ઝટકાએ મમ્મી પથારીમાંથી બહાર આવી અને પીમને ગણકાર્યા વિના મીણબત્તી સળગાવી, એમના વિરોધમાં મમ્મીએ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું, 'ગમે તે કહો ઍન કાંઈ સૈનિક નથી જ !' અને ત્યાં એ વાતનો અંત આવ્યો.

શ્રીમતી વૅનડાનને આ સિવાય પણ શેની બીક લાગે છે એવી મેં તને વાત કરી છે ? કદાચ નથી કહી. મેં તને 'ગુપ્તનિવાસ'ની સર્વ હકીકતથી વાકેફ કરવાનું નક્કી કર્યું છે એટલે તને આ વાત પણ કરવી જ રહી. એક દિવસ રાત્રે શ્રીમતી વૅનડાનને ભ્રમ થયો કે ઉપર માળિયે કોક ચાલે છે. અને એટલાં તો બી ગયાં કે એમણે શ્રી વૅનડાનને ઉઠાડ્યા. બરોબર ત્યારે જ ચોરલૂંટારા ગાયબ થઈ ગયા અને શ્રીમતી વૅનડાનના ધડધડ થતા હૃદયના ધબકારા સિવાય એમને કાંઈ જ સંભળાયું નહિ. 'અરે, પુટ્ટી (શ્રી વૅનડાનનું હુલામણું નામ) મને ખાતરી છે કે નક્કી ચોર ઉપરથી સોસેજ, ચોળા, વટાણા ચોરી ગયા હશે. સાંભળો તો, એ લોકો પીટરને તો નહિ ઉપાડી ગયા હોય ને ?', 'ના રે ના, પીટરને તો નહિ જ લઈ ગયા હોય. હવે ચિંતા કરવાનું છોડ અને મને સૂવા દે.' પણ એની અસર કાંઈ થઈ નહિ. શ્રીમતી વૅનડાન એવાં તો ગભરાટમાં હતાં કે એમને તો મટકું મારવું પણ અશક્ય હતું. એના થોડાક દિવસો પછી એક રાતે કાંક ભયાનક અવાજોથી વૅનડાન કુટુંબ જાગી ગયું. પીટર ટૉર્ચ લઈને ઉપર ગયો, અને ઓત્તારી, ને જોયું તો મોટી મોટી ઘૂસનું એક ટોળું. અમને ખબર પડી કે અમારા દાણાદુણીના ચોર કોણ છે. એટલે રાત્રે માઉશીને ત્યાં સૂવા રવાના કરવા માંડી. અને વણનોતર્યા મહેમાનો ફરી ત્યાં આવ્યા નહિ, એમાંય રાત્રે તો નહિ જ. એકબે દિવસ પહેલાં સાંજે પીટર ઉપરના મેડામાંથી જૂનાં છાપાં કાઢવા ચડ્યો. મેડાનું બારણું એણે એક હાથે બરોબર પકડ્યું હતું. જોયા વિના બીજો હાથ એણે નીચે મૂક્યો... અને એકદમ અચાનક એ સીડી પરથી નીચે ગબડી પડ્યો. અજાણતાં એનો હાથ એક મોટી ઘૂસ પર પડ્યો. ઘૂસ એને હાથે ખાસ્સી કરડી ગઈ. અમારી પાસે પહોંચ્યો ત્યાં સુધીમાં તો એ સાવ ફીક્કો પડી ગયો હતો. ગોઠણ છોલાયું હતું અને લોહીથી પાયજામો પણ ખરડાઈ ગયો હતો. દર્દ પણ ખૂબ થતું હતું. થાય જ ને ! ઘૂસને પંપાળવી એ કાંઈ આનંદદાયક ઘટના તો ન જ કહેવાય અને ઉપરથી એ કરડી ગઈ તે નફામાં.

લિ. ઍન.

શુક્રવાર ૧૨મી માર્ચ ૧૯૪૩
પ્રિય કિટી,

આવો, આજે હું તમારી ઓળખાણ યુવાનોના નેતા સમાં માતુશ્રી ફ્રૅંક સાથે કરાવું ! થોડું વધારે માખણ આપવાના પ્રશ્નથી માંડીને યુવાનોને સતાવતા આધુનિક જમાનાના પ્રશ્નો સુધી મમ્મીના વિચારો હંમેશાં યુવાનોની તરફેણમાં. અને થોડી રકઝક પછી પોતાનું ધાર્યું જ કરે. આજે બાટલી ભરીને આથેલી સોલ (એક પ્રકારની માછલી) બગડી ગઈ એટલે આજે તો માઉશી અને મોફી (બૉશ)ની મિજબાની છે. હજી તારી ઓળખાણ બૉશ સાથે નથી થઈ. ખરું તો અમે અહીં આવ્યાં એ પહેલાંથી જ એ અહીં છે. એને વખાર અને ઑફિસ સંભાળવા રાખી છે. એને કારણે ભંડકિયામાં ઉંદરડાની વસ્તી પર નિયંત્રણમાં રહે છે. એના આ રાજકારણીય નામ પાછળ એક કારણ છે. થોડા સમય પહેલાં પેઢીએ બે બિલાડીઓ પાળી હતી. ક્યારેક ક્યારેક આ બિલાડીઓ આમ સામે આવી જતી અને ત્યારે અચૂકપણે બેય જબરજસ્ત બાઝતી. ઝગડામાં વખારની બિલાડી હંમેશાં જરા જોર જમાવતી, અને છતાં માળિયાની બિલાડી છેલ્લે જીતતી - બે રાષ્ટ્રોની વચ્ચે થાય એમ જ. એટલે વખારની બિલાડીનું નામ પાડ્યું જર્મન અથવા બૉશ અને માળિયાની બિલાડીનું નામ પાડ્યું અંગ્રેજી એટલે કે ટૉમી. અમે અહીં આવ્યાં એ પહેલાં જ ટૉમીને કાઢી મૂકવામાં આવી હતી. હવે અમે નીચે ઑફિસમાં જઈએ ત્યારે બૉશ અમારું મનોરંજન કરે છે.

અમે એટલા તો ચોળા અને વટાણા ખાધા છે કે હવે એને જોઈને જ મને કાંક થવા માંડે છે. એના વિચારે પણ ઊબકા આવે છે. આજકાલ સાંજના જમણમાંથી બ્રેડને વિદાય આપવામાં આવી છે. હમણાં જ પપ્પા બોલ્યા કે એમને ઠીક નથી. ફરી એમની આંખો ઉદાસ દેખાવા લાગી છે બિચારા પપ્પા !

ઈના બાઉડિયર - બાકરની 'બારણે ટકોરા' નામની ચોપડી મારે માટે છોડવી અશક્ય થઈ પડી છે. એક કુટુંબની વાત છે, અત્યંત સુંદર રીતે આલેખી છે. એ સિવાય એમાં યુદ્ધ, લેખકો અને સ્ત્રીસ્વાતંત્ર્ય વિશે વાત આવે છે, જેમાં સાચું પૂછો તો મને ખાસ રસ પડતો નથી.

જર્મની પર ભયાનક હવાઈ હુમલો કરવામાં આવ્યો છે. શ્રી વૅનડાનનો મૂડ જામતો નથી - કારણ સિગારેટની તંગી, સાચવેલાં

(અનુસંધાન પૃ. …)

ઈતિહાસધારા

— અશોક હર્ષ —

ભારત પરની અંગ્રેજી હકૂમતને હરાવવા દક્ષિણ ભારતમાં ક્રાન્તિનો ઝંડો ફરકાવનાર સીતારામ રાજુનું નામ આજે તો લગભગ વીસરાઈ ચૂક્યું છે, પણ એક કાળે એના નામમાત્રથી અહીંની વિદેશી હકૂમત થથરતી. તેણે એને નામ આપેલું 'રંપા ફિતૂરી'. આન્ધ્ર પ્રદેશમાં ગોદાવરીની આજુ બાજુ આવેલી નલ્લઈ-મલ્લઈની પહાડીઓમાં



એણે પોતાનો પડાવ રાખેલો, જ્યાં રહીને ત્યાંના આદિવાસીઓને તે સશસ્ત્ર તાલીમ આપતો. આ બધો વિસ્તાર 'રંપા' નામે ઓળખાતો હોઈને અંગ્રેજોએ તેને 'રંપાફિતૂરી' નામ આપેલું. એ વિસ્તારના આદિવાસીઓ આજે પણ સીતારામને આદરપૂર્વક યાદ કરે છે.

ઈ. ૧૮૯૭ની ૪થી જુલાઈએ આ વિસ્તારના ભોગ્ગુલુ ગામમાં જન્મેલા સીતારામને શાળાજીવનથી જ વૈદક અને જ્યોતિષમાં રસ રહેલો. શાળાજીવન દરમિયાન તે ગાંધીવાદી આંદોલન પ્રત્યે આકર્ષાયેલા, પરંતુ પછી તેમને લાગ્યું કે દેશમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા માટે સશસ્ત્ર ક્રાન્તિ સેવાય અન્ય કોઈ માર્ગ નથી. પિતાનું છત્ર નાનપણથી જ એ ગુમાવી બેસતાં કાકા રામકૃષ્ણને ત્યાં ઊછરેલા.

સીતારામ નાનપણમાં એક વાર પિતા સાથે જઈ રહ્યા હતા ત્યાં સામેથી એક અંગ્રેજને આવતો જોઈ એને નમસ્કાર કરવા જતાં પિતાએ તેને તેમ કરતો વારતાં કહ્યું : 'આ ગોરા જ આપણા દેશને લૂંટનારા છે. એમણે જ આપણને ગુલામ બનાવ્યા છે. એ આપણા મિત્ર કેવા ?'

પિતાનાં આ વેણ નાનકડા રાજુના મન પર કાયમ માટે અંકાઈ ગયાં. ક્રાન્તિમાર્ગે વળેલા રાજુએ 'સીતામાઈ' નામની ગુફામાં આધ્યાત્મિક સાધના કરી અને આદિવાસીઓનો સંપર્ક વધારવા માંડ્યો. દક્ષિણ ભારતમાં એમણે ક્રાન્તિની હવા વહેતી કરી. અંગ્રેજ સરકારે સીતારામ રાજુને હાથ કરવા રૂ. ૧૦,૦૦૦નું ઈનામ જાહેર કર્યું પણ આ ઈનામ તે ય આદિવાસીને લલચાવી ન શક્યું.

સીતારામ રાજુના સાથીઓમાંનો એક વીરૈયા દૌરા ઈ. ૧૯૧૮માં પોતાની ટુકડી સાથે અંગ્રેજો સામે લડવા જતા પકડાઈ ગયો. પરંતુ જેલમાંથી એ પાછો જંગલમાં પહોંચી ગયો. એ પછીના મુકાબલામાં તે અંગ્રેજ અફસરને હાથ પડતાં તેને કેદમાં ધકેલી દેવાયો આવ્યો. એના પર ફાંસીના ઓળા ઝળૂંબવા લાગ્યા.

સીતારામ રાજુએ પોતાના સાથી વીરૈયાને અંગ્રેજોના હાથમાંથી છોડાવવાની ખુલ્લેઆમ જાહેરાત કરી. રીતસરની ચેતવણી આપીને ત્રાટકનાર સીતારામ રાજુ સામે ઝૂઝવાની હિંમત અંગ્રેજ ફોજમાં નહોતી તે વીરૈયાને હાથકડી પહેરાવી અદાલતમાં લઈ જવામાં આવતો હતો ત્યાં જ સીતારામ રાજુ તેના માણસો સાથે ત્રાટક્યો. વીરૈયાને છોડાવીને જંગલમાં ગુમ થઈ ગયો. એની ભાળ મેળવવા અંગ્રેજ સરકારે આદિવાસીઓ સામે જુલ્મ ગુજારવા માંડ્યો, પણ કશી ભાળ ન અપાઈ.

વીરૈયા છૂટતાં સીતારામ રાજુની શક્તિ વધી ગઈ. એને અને એના સાથીઓને હાથ કરવા અંગ્રેજ સરકારે કેરળથી મલબાર ટુકડી મોકલી આપી. આ ટુકડી સાથેના મુકાબલામાં રાજૂના કેટલાક મિત્રો મરાયા, પણ રાજૂ છટકી નીકળ્યો. મલબારની ટુકડીને નાલેસીભેર પાછા ફરવું પડ્યું. ગોરા વર્ણના રાજુએ પાછળથી અંગ્રેજોને ભુલાવામાં નાખવા દાઢી વધારેલી.

વર્ષો સુધી અંગ્રેજોની ઊંઘ હરામ કરી દેનાર દક્ષિણ ભારતનો આ ક્રાન્તિદીપ ઈ. ૧૯૨૪ના મેની ૭મીએ પોલીસની ગોળીએ ૨૭ વર્ષની ઉંમરે વીંધાઈ ગયો. ❐

અનુસંધાન] ઍન ફ્રેન્કની રોજનીશી [પૃ. ૨૯૫ થી

શાકભાજી વાપરવાં કે નહિ એની પર થયેલી ચર્ચાનો અંત તરફેણમાં આવ્યો છે.

હવે મને મારા એકેય બૂટ થઈ રહેતા નથી. સિવાય કે સ્કી-બૂટ, જે ઘરમાં વાપરવાયોગ્ય નથી. સાડા છ ફ્લોરીનનાં સાદાં સેન્ડલ જેમ તેમ એક અઠવાડિયું જ ચાલ્યાં. કદાચ છાનાંમાનાં મીપ કાંક લાવી આપશે. પપ્પાના વાળ હવે હું જ કાપું છું. પીમ કહે છે હું એટલા સરસ વાળ કાપું છું કે યુદ્ધ પછી પણ એ કોઈ હજામ પાસે જવાના નથી. ફક્ત મને એમ થાય છે કે એમના કાન હું જરા ઓછા કાતરતી હોત તો સારું થાત.

લિ. ઍન.

ગુરુવાર, ૧૮મી માર્ચ ૧૯૪૩

પ્રિય કિટી,

તુર્કસ્તાન યુદ્ધમાં ઊતર્યું છે. અમારી ઉત્સુકતા વધવા માંડી છે. વધુ સમાચારની આતુરતાથી રાહ જોવાય છે. લિ. ઍન.

શુક્રવાર ૧૯મી માર્ચ ૧૯૪૩

પ્રિય કિટી,

કલાકમાં જ અમારો આનંદ નિરાશામાં પલટાઈ ગયો. હજી સુધી તો તુર્કસ્તાન યુદ્ધમાં ઊતર્યું નથી. એ તો કૅબિનેટ મંત્રીનું વક્તવ્ય હતું કે થોડા જ વખતમાં એમને માટે તટસ્થ રહેવું અશક્ય બનવાનું છે. અને ચાર રસ્તે છાપાં વેચતા છોકરાની 'તુર્કસ્તાન ઈંગ્લેન્ડના પક્ષે'ની બૂમો સાંભળીને એનાં છાપાં ચપોચપ વેચાઈ ગયાં, અને આનંદના સમાચાર અમને મળ્યા. ૫૦૦ અને ૧૦૦૦ ગિલ્ડરની નોટો નાબૂદ કરવામાં આવી છે. કાળાબજારિયાને પકડવાનો આ એક રસ્તો છે. અને ખાસ તો 'બીજા પ્રકારનાં' કાળાંનાણાં ધરાવતાં લોકોને અને ભૂગભમાં ગયેલાં લોકો માટે ગોઠવેલું છટકું છે. તમે ૧૦૦૦ ગિલ્ડરની નોટ વટાવવા જાઓ તો એ તમારી પાસે કેવી રીતે આવી એ કહેવું જ પડે. કર ભરવા માટે વાપરી શકાય પણ તેય આવતા અઠવાડિયા સુધી જ. ડસેલને પગથી ડ્રિલ ચાલે એવી દાંત-તપાસણીની ખુરશી લાવી આપી છે. એટલે આવતા અઠવાડિયે મારી સંપૂર્ણ દંત-ચકાસણી થશે. 'જર્મનનો નેતા' આજકાલ ઘાયલ સૈનિકોને મળવા જાય છે. એમની વાતોય દયાજનક લાગે છે. એમના સવાલ જવાબ કાંઈક આવા હતા :

'મારું નામ હેન્રિક શેપલ.'

'ક્યાં ઘાયલ થયા ?'

'સ્ટાલીનગ્રાદ નજીક.'

'જખમ કેવી જાતના છે ?'

'બંને પગ ઠુંગરાઈ ગયા છે અને ડાબો હાથ ખડી ગયો છે.' બસ, આવી જ ભયાનક વાતો રેડિયો પર ચાલે છે. ઘાયલોને જખમોનું અભિમાન હતું – જેટલા વધારે એટલું વધુ સારું. એક તો વળી એમના નેતા સાથે હસ્તાંદોલન (એ પણ હાથ બચ્યો હોય તો) કરવા મળ્યું એ વાતથી જ ગળગળો થઈ ગયો હતો, બોલી પણ શકતો નહોતો.

લિ. ઍન.

ક્રમશઃ

સંગીતશાસ્ત્ર - ૪૯

ડૉ. હસુ યાજ્ઞિક

વીસમી સદીમાં સંગીત

એકવીસમી સદીને આંગણે આવીને આપણે જ્યારે ઊભા છીએ ત્યારે સંગીતક્ષેત્રે આટલી સુદીર્ઘ પરંપરાએ શું, કેટલું, ક્યાં, કેવું સિદ્ધ કર્યું એનું વિહંગાવલોકન કરવું રસપ્રદ જ નહીં, કેટલેક અંશે તો તૃપ્તિપદ પણ છે. આનું કારણ વીસમી સદીમાં થયેલો માનવ-સમાજનો વિકાસ છે. વિજ્ઞાન, ટેક્નોલૉજિ, ઉદ્યોગ જેવાં અનેક ક્ષેત્રોમાં આ સદીનો વિકાસ નોંધપાત્ર રીતે ઊંચો છે. માનવની સભ્યતાનો આરંભ ઈસુની સદી પહેલાનાં આઠ-દશ-હજાર વર્ષ જેટલો પ્રાચીન છે. અનેક જાતિઓની સભ્યતા અને સંસ્કૃતિના વિકાસનાં પદચિહ્નો તો ઈસુ પૂર્વેનાં પાંચેક હજાર વર્ષ પહેલાં જોવા મળે જ છે. એ પહેલાનાં પાંચ હજાર વર્ષમાં માનવસમાજે શું સિદ્ધ કર્યું હશે, એના અનુમાન પર પહોંચી શકાય છે. આ દૃષ્ટિએ તૃણના ગ્રહ પૃથ્વી પરના માનવ સમાજના સભ્યતા અને સંસ્કૃતિના ગણનાપાત્ર વિકાસનો આરંભ દશેક હજાર વર્ષ પહેલાં થઈ ચૂક્યો હતો. માણસે પોતાને જ સમજવાનો પ્રયત્ન કર્યો અને એ સાથે જ એને પ્રકૃતિનાં રહસ્યોને પામવાની પ્રવૃત્તિ કરવી પડી. જેમ જેમ માણસ પોતાને સમજતો ગયો તેમ તેમ તેને પ્રકૃતિનું પોતાના પર રહેલું વર્ચસ સમજાતું ગયું અને અંતે પોતે પણ પ્રકૃતિનું જ એક ધબકતું અંગ છે, એની પણ પ્રતીતિ કરી.

આ દશ હજાર વર્ષ પૂર્વેનો આરંભ એક રીતે તો વલોણાની જ પ્રક્રિયાનો, મંથનનો જ આરંભ હતો. આ મથનના જ પરિણામે માનવ સભ્યતાએ જે નવનીત તારવ્યું એ વીસમી સદીમાં જ ઉપર આવ્યું. વીસમી સદીએ જે વિકાસ કર્યો તે આ રીતે છેલ્લાં દશ હજાર વર્ષના માનવીય પ્રયત્નોનું પરિણામ છે. આ સદીમાં વિજ્ઞાન, ટેક્નોલૉજિ અને ઉદ્યોગોનો વિકાસ થયો તે સાથે જ અનેક પ્રકારની સામાજિક, આર્થિક, પ્રાકૃતિક અને રાજકીય પરિસ્થિતિની સમસ્યાઓ પણ જન્મી. અનેક રાષ્ટ્રોના ઇતિહાસની સાથે જ ભૂગોળ પણ બદલાઈ. સામાજિક ધારાધોરણો બદલાયાં. નવા વર્ગો જન્મ્યા અને વિગ્રહો જન્મ્યા. પરંતુ આ સદીએ જે વિશેષ સિદ્ધ કર્યું તે અનેક ભિન્ન-વિભિન્ન વિદ્યાઓને એકબીજી સાથે જોડવાનું ! પ્રત્યેક વિદ્યા અને જ્ઞાનશાખા પોતપોતાના જ ક્ષેત્રમાં રહેતી હતી, જોતી હતી તે હવે પરસ્પર સંકળાવા લાગી. ભૌતિકવિજ્ઞાન, રસાયણશાસ્ત્ર, ગણિત, જીવવિજ્ઞાન વગેરે તો પરસ્પર સંકળાય, પરંતુ ઈજનેરી કૌશલ્ય, અવકાશવિજ્ઞાન વગેરે પણ જોડાયાં. વીસમી સદીમાં બે મહાવિશ્વયુદ્ધો થયાં અને એનાં સ્વરૂપ અને પરિમાણ એટલાં વ્યાપક બનતાં ગયાં કે વિજ્ઞાન અને ટેક્નોલૉજિને પ્રત્યક્ષરૂપમાં યુદ્ધ સાથે સંકળાવું પડ્યું. અને યુદ્ધ પછીની પરિસ્થિતિએ જે પરિણામો સર્જ્યાં એ કારણે તો અર્થશાસ્ત્ર, મનોવિજ્ઞાન અને સાહિત્યશાસ્ત્ર કે સૌન્દર્યશાસ્ત્રને પણ નવો જ સંદર્ભ મળતો થયો. આમ, વિશ્વમાનસનું નવું જ સ્વરૂપ પ્રગટ થયું અને અનેક પ્રકારની વિચારણાઓ અને તેમાંથી જન્મેલા વાદોને કારણે આ સદીથી જ આમવર્ગ કેન્દ્રમાં આવ્યો. છેક સત્તર-અઢાર સદી સુધીના કોઈ પણ વિદ્યા, કલા કે તન્ત્રના કેન્દ્રમાં ઉચ્ચ વર્ગ જ રહ્યો છે. વિદ્યા અને કલાક્ષેત્રે જે કંઈ અવનવું શોધાતું ગયું, આવતું ગયું એનો લાભ માત્ર ઉપરના વર્ગને જ મળતો હતો અને રાજકીય કે આર્થિક સત્તા તેમ જ ધર્મસત્તા જે વર્ગના હાથમાં હતી તેવા રાજવીઓ, શ્રેષ્ઠીઓ અને ધર્માચાર્યોના વર્ગ સુધી જ નવી વિદ્યાઓ અને કલાઓના વિકાસના લાભ સીમિત રહેતા હતા. સભ્યતાના વિકાસથી જીવનની જે કંઈ આશાયેશ અને સુખ-સગવડ વધતાં હતાં તે બધા જ આવા ઉપરના વર્ગમાં વહેંચાતાં હતાં. નિમ્ન વર્ગ, જેમાં આમવર્ગનો જ ઘણો મોટો ભાગ હતો, સુધી તો ઓગણીસમી સદીના ઉત્તરાર્ધ સુધી બહુ ઓછું પહોંચ્યું હતું. માત્ર ભારતના જ આમવર્ગનો વિચાર કરો તો એમને કલા અને શાસ્ત્રનાં ક્યાં અંગો અને અંશોનો સર્વસામાન્ય ગણાય એવો લાભ મળતો હતો ? સ્થાપત્ય, શિલ્પ, નૃત્ય, સાહિત્ય અને સંગીતનો જ્યાં, જેવો અને જેટલો ધર્માશ્રય હતો, તેવો અને તેટલો જ આમવર્ગને મળ્યો છે. રાજ્યાશ્રયે આ પ્રકારની વિદ્યાઓ અને કલાઓનો જે વિકાસ થયો તેનો લાભ જનસામાન્યને ગણ્ય પ્રમાણમાં તો ક્યારેય મળ્યો જ નથી. ધર્માશ્રયી કલાઓનો પણ લાભ આમવર્ગનાં કેટલાં લોકોને મળતો હતો, તે પણ વિચારો તો ભાગ્યે જ એક-બે ટકાને એવો લાભ મળતો હતો તે જોઈ-સમજી શકાશે. બધાં જ મંદિરો કંઈ શિલ્પસ્થાપત્યથી અને નૃત્યસંગીતાદિ કલાથી સમૃદ્ધ ન હતાં. અને જેટલાં ધર્મસ્થાનો આ રીતે સમૃદ્ધ હતાં, તેમાં કંઈ બધાં જઈ શકતાં, જોઈ શકતાં ન હતાં. કરોડો માણસો માટે તો એમનાં ગામડાંગામનાં નાનકડાં રામજી મંદિરો હતાં. હવેલી પણ કંઈ બધે ન હતી અને જ્યાં હતી ત્યાં બધે જ કંઈ પુષ્ટિમાર્ગીય શાસ્ત્રીય વા ઉપશાસ્ત્રીય સંગીત ગવાતું ન હતું. ઉત્તમ ગવૈયા હતા, વાદ્યકારો હતા, પરંતુ એ બધા જ બહુધા રાજદરબારે ગાતા-વગાડતા, જેનો લાભ અલ્પ સંખ્ય એવા ઇતરજનોને મળતો હતો.

વીસમી સદીએ બધી જ કલાઓની બારીઓ આમજનતા માટે ખુલ્લી કરી. સમગ્ર વિશ્વમાં આમજનતા સુધી આગળની સદીઓમાં ક્યારેય નહોતી પહોંચી એવી કલાઓ વીસમી સદીમાં પહોંચી શકી. કલાઓ અને વિદ્યાઓને અગાઉનાં વર્ષોમાં ક્યારેય નહોતો મળ્યો એવો કલાકારોનો, અભ્યાસીઓનો, ભાવકોનો વર્ગ વીસમી સદીમાં મળ્યો છે. ભારતમાં નૃત્યકલા, નાટક અને સંગીતકલાએ વિકાસનાં શિખરો સર કર્યાં, વિશ્વની બધી જ વિકસિત જાતિઓમાં એ કલાઓ વિકસી, પરંતુ ક્યાંય કોઈ કલાને આવો-આટલો મોટો વર્ગ નહોતો મળ્યો. ક્યારેય આટલા મોટા આમવર્ગની જનતાએ આ બધી જ કલાઓના આટઆટલા ઉત્તમ અંશોનો આસ્વાદ નહોતો લીધો. એ શક્ય જ ન હતું. લોકો માટે તો એમના પોતાના ઉત્સવો હતા, સંસ્કારવિધિઓ હતાં, પર્વો હતાં અને એ નિમિત્તે લોકનાટ્ય અને લોકસંગીતો, લોકનૃત્યોનો આનંદ ઉઠાવતાં હતાં. લોકવિદ્યાઓની આવી આટલી સુદીર્ઘ અને વૈવિધ્યસભર નૃત્ય, નાટ્ય, સંગીત અને સાહિત્યની પરંપરાઓમાંથી જ સામગ્રી અને દૃષ્ટિ લઈને પ્રશિષ્ટ પ્રવાહમાં તે તે લોકવિદ્યાઓની પ્રશિષ્ટ પરંપરાઓનો વિકાસ થયો, એનાં શાસ્ત્રો રચાયાં, નવીનવી વિદ્યાશાખાઓ જન્મી, એનો વિકાસ થયો, પરંતુ એ બધાંને અંતે જે કંઈ સિદ્ધ થયું તે બધું જ રાજવીઓ, અધિકારી

સત્તાધીશો, શ્રેષ્ઠીઓ, ધર્માચાર્યો સુધી જ પહોંચ્યું. આમવર્ગને તો એનું કોઈ તક મળે ત્યારે અલપ-ઝલપ દર્શન થતું હતું. કોઈને તીર્થયાત્રાનો લાભ મળે ને સમૃદ્ધ પરંપરા ધરાવતા મંદિરમાં જવાનું થાય કે યજ્ઞનાં સત્રો ચાલતાં હોય તે સ્થળે જઈ શકાય એવાં નજીકનાં સ્થળે જે લોકો વસતાં હોય અથવા ક્યારેક કોઈક નિમિત્તે કોઈને રાજદરબારમાં પ્રવેશવાની તક મળે કે રાજકુટુંબમાં લગ્ન જેવો પ્રસંગ આવે, આવાં અપવાદરૂપ નિમિત્તોને બાદ કરો તો કોઈ પણ પ્રશિષ્ટ કલાનો લાભ આમવર્ગને ખૂબ જ સીમિત રૂપમાં મળ્યો છે. સાહિત્યનો પણ લાભ કોને ? કેટલાંને - જનસામાન્યને તો ઓરલ ડિસ્કોર્સ – **oral discourse** – રૂપે જે કંઈ આખ્યાન, રાસ, પદ્યકથા સાંભળવા મળે, એટલો જ લિખિત પ્રશિષ્ટનો પરિચય ! શોખ હોય ને પોતાની રીતે જ લિખિત કૃતિ વાંચવી હોય, પોતાના અનુકૂળ સમયે નિરાંતે પોતાની રીતે આસ્વાદવી હોય, તો એની હસ્તપ્રત કરાવવાનું કેટલાં લોકોને પોષાય ? કાયસ્થ લહિયાએ લખેલી હસ્તપ્રત વસાવવાનું કેટલાં લોકોને પોષાય ? જાતે હસ્તપ્રત તૈયાર કરવાની કેટલાંને અનૂકૂળતા હોય ? શાકુંતલ, મૃચ્છકટિક, ઉત્તરરામચરિત ઉત્તમ નાટકો. એ જ જમાનામાં ભજવાતાં હશે એ જમાનામાં પણ એને ક્યાં લોકો, કેટલાં લોકો જોઈ શકતાં હશે ? - આ બધો વિચાર કરો તો જ વીસમી સદીની મુદ્રણકલાએ જે ચમત્કાર કર્યો, તેનો અંદાજ આવે.

વીસમી સદીમાં સામયિકો, વર્તમાનપત્રો, ગ્રામોફોન રેકોર્ડ્ઝ, ઑડિયો ટેપ, રંગભૂમિ, ફિલ્મ, રેડિયો અને ટેલિવિઝન જેવાં માધ્યમ દ્વારા કલાઓ આમવર્ગ સુધી પહોંચી છે. વિશ્વયુદ્ધોએ વિશ્વનો ચહેરો બદલ્યો. જીવનના પ્રત્યેક ક્ષેત્રે સંકુલ સમસ્યાઓ જન્મી. એની જ અસર કલાઓ પર પડી. સ્થાપત્ય, શિલ્પ, ચિત્ર, સાહિત્ય, નૃત્ય અને સંગીત એ કલાઓ જીવનનો ભાગ છે અને જીવનનો જ સંદર્ભ લઈને આવે છે. એથી વીસમી સદીમાં વિશ્વમાનસમાં જે પરિવર્તન આવ્યું તેનું પ્રતિબિંબ વત્તેઓછે અંશે બધી જ કલાઓમાં ઝિલાયું. આ દૃષ્ટિએ વીસમી સદી કલાઓનો સન્ધિયુગ છે. ભવિષ્યના અભ્યાસમાં કલાઓને વીસમી સદી પહેલાની અને વીસમી સદી પછીની એવા પૂર્વાર્ધ-ઉત્તરાર્ધમાં વિભાગીને જોવી પડે, એટલા પ્રમાણમાં પરિવર્તન થયું છે. જે કલાઓ જીવનને જ સામગ્રીરૂપે પ્રત્યક્ષરૂપમાં પ્રયોજે છે, તેમાં આવું પરિવર્તન પ્રગટ રૂપમાં જાણી શકાય છે. સાહિત્ય અને ચિત્ર એ બે એવી કલાઓ છે, જેની મૂળ સામગ્રી જીવનમાંથી લેવામાં આવે છે. આવી સામગ્રીનું કલામાં રૂપાન્તર થાય છે, પરંતુ સામગ્રીનું જે બદલાયેલું રૂપ છે તે તો તેમાં ટકી રહે છે. આ દૃષ્ટિએ સંગીત સંપૂર્ણ રીતે મુક્ત છે. એટલે તો સંગીત જ શુદ્ધતમ કલા - **Purest Art** - વિભાવને પોષે છે અને ઇલિઝાબેથ ડ્ર્યૂ 'ઓન્લિ મ્યૂઝિશિયન ઇઝ ધ આર્ટિસ્ટ' એમ કહે છે. જીવનના કોઈ બાહ્ય સ્થૂળ અંશ સાથે એને સંબંધ નથી. પોતાનામાં પોતાની રીતે એ મુક્ત છે. આથી યુદ્ધોત્તર પરિસ્થિતિની સામગ્રીગત અને વિભાવનાસંલગ્ન જે અસર સાહિત્ય પર વીસમી સદીમાં પડી, તેવી અસર સંગીત પર નથી પડી. સંગીતે આ રીતે બેવડો લાભ લીધો. વીસમી સદીના વિજ્ઞાને, ટેક્નોલૉજિએ જે સિદ્ધ કર્યું એનો પૂરો લાભ ઉઠાવ્યો, પરંતુ એ કલાનું આંતરિક રૂપ વીસમી સદીની પરિસ્થિતિએ પલટાયું નહિ. એ પોતાનું આંતરિક સ્વરૂપ પોતાનું હતું તેવું રાખી શક્યું.

શાસ્ત્રીય સંગીત તો શુદ્ધમાં શુદ્ધતમ જેવું છે. એનું પ્રશિષ્ટરૂપ છે તે તો જીવનની બધી જ બાહ્ય બાબતોથી મુક્ત છે. બહારની જે કંઈ સમસ્યા અને પરિસ્થિતિ છે, ઉદ્વેગ, અશાંતિ, ધાંધલધમાલ છે, એની એના પર અસર પડતી નથી. કલા તરીકેનો એના સ્વરૂપને, એની ગતિને, મૂળભૂત હેતુ અને સુદૃઢ, સુનિશ્ચિત એવી પરંપરાને બાહ્ય પરિબળો બદલાવી શકતા નથી. પ્રશિષ્ટ સંગીત જીવનો શિવ સાથેનો સંવાદ છે. આત્માનું પરમાત્મા સાથેનું અનુસંધાન છે. પ્રશિષ્ટતાનાં ચુસ્ત ધોરણોને કારણે એણે ક્યાંય બિનજરૂરી બાંધછોડ ન કરી, પ્રયોગ ખાતર પ્રયોગના અખતરા અને ઉધામા ન કર્યા. જીવનની બાહ્ય એવી કોઈ જ સ્થિતિને વશ થયા વગર જ શાસ્ત્રીય સંગીતે માનવમનના ઊંડા સ્તરે વિહરતી ભાવસૃષ્ટિને જ લક્ષમાં રાખી. મનહૃદયની ભાવસ્થિતિનું જે સ્વરૂપ શાસ્ત્રીય સંગીત આરાધે છે તે તો દેશકાળથી પર છે. એમાં દેશ, પ્રદેશ, જાતિ, જ્ઞાતિ, કાળ બધું જ વિગલિત થઈ જતું હોય છે. આથી શાસ્ત્રીય સંગીતની સામગ્રી પર, એના આંતર-બાહ્ય સ્વરૂપ પર યુગના વાસ્તવની સ્થૂલતાની કોઈ જ અસર ન પડી. માત્ર ભારતીય શાસ્ત્રીય સંગીત માટે જ નહીં, પરંતુ પશ્ચિમના શાસ્ત્રીય સંગીત માટે પણ આ સાચું છે.

પરંતુ એનો અર્થ એવો નથી કે વીસમી સદીની પ્રગતિ અને ગતિવિધિની ભારતીય શાસ્ત્રીય સંગીત પર કોઈ જ અસર નથી. કહેવાનો અર્થ એટલો જ છે કે એનું આંતરિક સ્વરૂપ શાસ્ત્રીય સંગીતે બદલ્યું નથી. ગતિ-પ્રગતિનો જે લાભ મળ્યો તે તો બધો જ ઉઠાવ્યો છે. કદાચ અન્ય કોઈ પણ કલાને મુકાબલે આધુનિક ઉપકરણોનો વિશેષ લાભ આ કલાને મળ્યો છે. સંગીત તો ગ્રામોફોન અને રેડિયો નહોતાં ત્યાં સુધી રૂબરૂ જ રજૂ થઈ શકતી કલા હતી, નૃત્ય અને નાટકની જેમ વીસમી સદી પહેલાં પણ સાહિત્ય પાસે તો લિપિ હતી. એને અક્ષરબદ્ધ લિપિબદ્ધ કરી શકાતું હતું. હસ્તપ્રતના માધ્યમે સાહિત્યકારનું સર્જન પોતે જ સર્જકના પ્રત્યક્ષ કે પ્રગટ માધ્યમ વગર ભાવક સુધી મૂળભૂત રૂપમાં પહોંચી શકતું હતું. ભારતમાં તો સ્વરાંકન માટેની લિપિ પણ ન હતી. પશ્ચિમે નોટેશન વહેલું સિદ્ધ કરેલું. પરંતુ સાહિત્યકારનો લખેલો શબ્દ વાંચીને બોલી શકાય છે, કહો કે અક્ષર પોતે બોલે છે, સંગીતનું સ્વરાંકન કંઈ ગાતું નથી. સ્થાપત્યકાર, શિલ્પકાર, ચિત્રકાર અને સાહિત્યકાર પાસે તો એવાં કલાભિવ્યક્તિનાં ભૌતિક માધ્યમો હતાં કે એને જોરે તે પોતે હાજર ન હોય તો પણ પોતાનાં સર્જનને ભાવક સુધી પહોંચાડી શકે. નૃત્યકાર, અભિનેતા અને સંગીતકાર પાસે આવાં ભૌતિક માધ્યમ ન હતાં કે તેના દ્વારા તે પોતે પ્રત્યક્ષ ન હોય ને પોતાની કૃતિને મોકલે ! હા, નૃત્યકારનું માધ્યમ એનું પોતાનું શરીર, એ રીતે ભૌતિક માધ્યમ, પરંતુ એને પ્રત્યક્ષ કરવું જ પડે.

આથી પોતાના જ શરીરના માધ્યમે જે કલાકાર કલા રજૂ કરે તે પોતાની કલાસર્જનની કૃતિને પોતાના શરીરના પ્રગટ પ્રત્યક્ષ રૂપમાં જ કરી શકતો હતો. ફિલ્મ આવી, ચલચિત્ર બન્યાં તે પછી જ અભિનેતા અને નર્તકો પોતાની કૃતિને, સર્જનને પોતે પોતાના શરીરમાધ્યમે હાજર ન હોય તે સ્થિતિમાં બીજે મોકલી શક્યા. રેકોર્ડ આવી ત્યારે જ ગાયકો પોતાનાં ગાનને, વાદકો પોતાનાં વાદનને પોતાનાથી દૂર મોકલી શક્યા. આમ બન્યું ત્યારથી જ, આ વીસમી સદીથી જ ગ્રામોફોન, રેડિયો, ટેપરેકોર્ડર, ફિલ્મ, ટેલિવિઝન વગેરે દ્વારા એક જ સમયે, એક જ સાથે લાખો-કરોડો સુધી પહોંચી શક્યા. (ક્રમશઃ)

—धारावाही બંગાળી નવલકથા—

સુખનું અસુખ

મૂ.લે. વિમલ મિત્ર /અનુ. ચન્દ્રકાન્ત મહેતા

થોડા દિવસ પછી એક સવારે અમે બન્ને નાસ્તો કરતા હતા. કશી બોલાચાલી નહિ, ચર્ચા નહિ, ને એકાએક કારમો બનાવ બની ગયો. રીટાએ ઈંડાની રકાબી ધડ દઈને મારા મોઢા પર ફેંકી. હું કશું બોલ્યો નહિ. બાથરૂમમાં જઈને આંખમોઢું ધોયાં.

પણ નોકરો, રસોઈયો, બધાએ એ જોયું. એ વિષે નોકરોમાં કશી ચર્ચા થાય એથી રીટાને મેં કશું કહ્યું નહિ. ચૂપચાપ જાણે કશું થયું જ નથી એ રીતે તરત જ ઑફિસ જવા માટે ગાડીમાં બેઠો.

ઑફિસમાં જતાં જ આ વાત ભૂલી ગયો. ઑફિસ એ એવી જગ્યા છે જ્યાં જઈને મારા હુંપદને તૃપ્તિ થતી હોય છે. દરવાજેથી જે સલામની શરૂઆત થાય તે હું મારી ઑફિસના ખંડમાં પેસું ત્યાં સુધી એકસરખી ચાલ્યાં કરે.

ત્યાં જઈને સલામ ઝીલવાની ને 'સર'નું સંબોધન સાંભળ્યાં કરવાનું. હું બધાનો સાહેબ, અન્નદાતા, કર્તાહર્તાવિધાતા. એનો પણ એક પ્રકારનો નશો છે. ડૉક્ટર, જાણો છો કે એ પણ એક પ્રકારનું ઝેર છે. જ્યાં નજર પડે ત્યાં મારું સામ્રાજ્ય ને એ સામ્રાજ્યનો હું એકમાત્ર સર્વેસર્વા. એ ભાવ માણસ માટે કેવો વિનાશકારી છે તેની મને જાણ થઈ. જોકે મને એ બધું ગમતું. દારૂ કે સિગારેટ પીવાં એ ઝેર ખાવા બરાબર છે એ જાણવા છતાં જેમ અનેક લોકો દારૂ પીતા હોય છે, સિગારેટ પીતા હોય છે તેવી રીતે બધા સર સર' કરે એ ખરાબ છે એમ જાણવા છતાં, એ મને બહુ ગમતું, હું જાણતો કે મારી નબળાઈ છે તેમ છતાં.

પણ જ્યારે હું સંસારી બન્યો ત્યારે એવી બધી નબળાઈ મારામાં આવ્યા વિના રહે જ નહિ. એમાં હું અપવાદ શી રીતે હોઈ શકું ? એ મારી સંસાર પાસે માગણી હોવાની જ. મારી પાસે ધનનો ભંડાર છે, તમારે મારું સન્માન કરવું જ જોઈએ.

લોકો સન્માન આપતાં પણ હોય છે. મારી ઑફિસ મારું સન્માન કરે છે. મારી ક્લબ પણ સન્માન કરે છે અને આપણો બંગાળી સમાજ પણ સન્માન કરતો હોય છે.

પણ તમને હું કહું છું કે એ સન્માન જ સર્વસ્વ નથી. આપણા આ બહારના દેહની અંદર પણ એક માણસ રહેલો છે. જે આ સલામો અને સન્માન સિવાય બીજું પણ કંઈક ઇચ્છતો હોય છે.

એ 'બીજું કંઈ' મનનો ખોરાક છે. હું તમને કહું છું કે એ મનના ખોરાકની દિશામાં હું ભિખારીથી પણ અધમ છું. ત્યાં હું એક કંગાળ સિવાય બીજું કંઈ છું જ નહિ.

પણ એ બધી વાત જવા દો. અસલ વાત કહું. એક દિવસ હું એક ડૉક્ટરની પાસે ગયો. એને વિગતથી બધી જ વાત કરી. તેણે ઘેર આવીને એકાંતમાં રીટાને અનેક પ્રશ્નો પૂછ્યા, ને ઊલટપાલટ તપાસ કરી. બહાર આવીને તેણે મને પૂછ્યું, 'તમે લગ્ન કર્યાને કેટલાં વર્ષો થયાં ?' 'પાંચ' મેં કહ્યું. 'તમારી પત્નીને સુવાવડ આવી છે ?' તેણે પૂછ્યું.

'ના'

ડૉક્ટરે પૂછ્યું, 'ડૉક્ટરી તપાસ કરાવી છે ?'

મેં કહ્યું, 'હા. ક્યાંય કશું ગર્ભને અટકાવનારું જણાયું નથી.' કહીને મેં એને તપાસના બધા રિપોર્ટ બતાવ્યા. ડૉક્ટરે એ જોઈને મને પાછા આપ્યા. તે પછી મારી પર સવાલોની ઝડી વર્ષાવી.

પૂછ્યું : 'તમે તમારી પત્નીને રોજ કેટલો સમય આપો છો ?' મેં કહ્યું, 'ઓફિસના કામમાં ગળાબૂડ ડૂબેલો હોઉં છું. તેથી વધારે સમય આપી શકતો નથી. પણ શનિવાર-રવિવાર એને ક્લબમાં લઈ જાઉં છું. એક દિવસ એકાએક એણે બ્રાન્ડીનો પ્યાલો મારી પર ફેંક્યો. તે પછી વારેવારે એમ પ્યાલા મારી પર તાકીને ફેંકવાનું શરૂ થયું. એક દિવસ નાસ્તાના ટેબલ પર, ઈંડાંથી ભરેલી રકાબી મારા મોઢા પર ફેંકી ત્યારથી હું ડરી ગયો છું. એટલે તમારી પાસે આવ્યો'. ત્યાર પછી પૂછ્યું 'ના, પૈસાનો તો સવાલ જ નથી.' એનું મગજ તો નહિ ફટકી જાય ને ?'

ડૉક્ટરે કહ્યું, 'ફટકી જાત. પણ અત્યારથી જ ચિકિત્સા કરીએ તો ઘણું કરીને નહિ ફટકે.'

એમણે દવાઓની યાદી આપી. પછી કહ્યું. 'દવા તો આપું છું. પણ આ રોગની ચિકિત્સા માટે તમારે પણ થોડો સમય ફાળવવો પડશે.'

મેં પૂછ્યું, મારે શું કરવું પડશે ?'

ડૉક્ટરે કહ્યું, 'તમે તમારી પત્નીને લઈને ક્યારેય કલકત્તાની કે દેશની બહાર ગયા છો ?'

મેં કહ્યું, 'ના.'

ડૉક્ટરે કહ્યું, 'તમે કેમ એને લઈને બહાર નથી ગયા ?'

તમારે ખર્ચાનો તો સવાલ જ નથી.'

'ના, પૈસાનો તો સવાલ જ નથી.'

'તો....'

'મને સમય જ મળતો નથી.' ડૉક્ટરે પૂછ્યું. 'સમયની કિંમત વધારે છે, કે તમારા મનની શાન્તિની ? વહુને તમે સમય ન આપી શકો, તો પછી એની જોડે લગ્ન શા માટે કર્યાં ? આમ જોવા જઈએ તો તમારી પત્નીની માંદગી માટે તમે જ જવાબદાર છો.'

હું એમને કશું કહી શક્યો નહિ.

ડૉક્ટરે પૂછ્યું, 'તમારા સસરા, સાસુ કે સાળી છે ?'

મેં કહ્યું. 'ના'

ડૉક્ટરે કહ્યું, 'તો તો તમારી મુશ્કેલી વધી ગઈ. તમારી જવાબદારી અનેકગણી વધારે છે. તમે જો ઇચ્છતા હો કે તમારી પત્ની સાજી થઈ જાય તો આજથી જ ઑફિસે જવાનું બંધ કરી દો. પૈસાનો તો સવાલ જ નથી. એક કામ કરો, તમે તમારી પત્નીને લઈને પ્રવાસે ઊપડી જાઓ. હમણાં તો સવારે જ ગાડીમાં એને ફેરવો, જેસોર રોડ પર સડસડાટ ગાડી હંકારો. ત્યાં મેદાનમાં ઘાસ પર સૂતાં સૂતાં આકાશ તરફ જોયાં કરો. તે પછી જ્યારે ભૂખ લાગે ત્યારે પાસેની જ કોઈ હોટેલમાં ખાઈ લેજો. જો એ ન ફાવે, તો ઘેરથી ખાવાના ડબ્બામાં ભોજન અને પાણીની બાટલીમાં પાણી લઈ જજો. અને મેદાનમાં બેસીને જ ખાઈ લેજો. આમ જીવનને કુદરત જોડે સાંકળી દેજો. કુદરતથી આપણે વિખૂટાં પડ્યાં છીએ તેથી જ માણસો રોગમાં ઝડપાય છે. જ્યારે આપણે એરકન્ડિશન્ડ ઓરડામાં બેસીને નીલ આકાશ અને બહારની કુદરતી હવાથી દૂર આવ્યાં છીએ ત્યારે કુદરત બદલો લેવાની જ. જાતજાતના રોગો હુમલો કરવાના જ.

ડૉક્ટરે મને લાંબું ભાષણ આપ્યું. હું કોઈ અણસમજુ બાળક હોઉં તેમ એ બોલ્યે જ ગયા. એણે જે કંઈ કહ્યું તે બધું હું જાણતો જ હતો. તો પણ મેં એમની વાતનો પ્રતિવાદ શા માટે ન કર્યો ? મેં એ માટે પ્રતિવાદ ન

કર્યો કે મારે થોડો આઘાત પામવાની જરૂર હતી. રૂપિયાએ મારું સત્યાનાશ વાળ્યું. એ પૈસા જ, એ જ મારું પાપ હતું મારો અપરાધ હતો. એના નશામાં જ કુદરતને હું અવગણતો હતો. ડૉક્ટર તો આ બધું કહીને ચાલ્યા ગયા એક મહિના પછી એમણે મને રિપોર્ટ આપવા કહ્યું.

ત્યારથી મેં ચિકિત્સા શરૂ કરી દીધી. રીટાને લઈને મળસ્કે જ જેસોરરોડ પર ગાડી હંકારી મૂકી. ગાડી કલાકના સિત્તેર એંશી માઈલની ઝડપથી જતી હતી. ડ્રાઈવરને કહી દીધું હતું કે ગમે ત્યાં જેટલી દૂર ગાડી લઈ જઈ શકાય તેટલી લઈ જા. મારી બૅગમાં રૂપિયા હતા તથા જાતજાતનું ખાવાનું હતું. ત્યારે મનમાં થતું નહિ કે તાપ લાગશે, ટાઢ લાગશે, કે હું લક્ષાધિપતિ છું. ત્યારે હું પ્રકૃતિ જોડે એકાકાર થઈ ગયો હતો. ત્યારે મનમાં થતું નહિ કે હું ગ્રીયરસન કંપનીનો મૅનેજિંગ ડિરેક્ટર છું. મને લાગતું કે હું ફક્ત સામાન્ય જન છું. ત્યારે એક ક્ષણ પણ મને વિચાર ન આવ્યો કે મારી કંપનીનો ઑડિટનો સમય થઈ ગયો છે. મારી કંપનીનું અંદાજપત્ર તૈયાર કરવાનું કામ બાકી છે. કે ભારત સરકાર અને શેરહોલ્ડરો આગળ મારે હિસાબ રજૂ કરવો પડશે. આવી બધી ચિંતા મને કનડતી નહિ. ફક્ત એક જ વાત મારા મનને ઘેરી વળતી કે રીટા મારી પત્ની છે અને હું એનો પતિ છું.

આ રીતે એક મહિનો વિતાવ્યા પછી ડૉક્ટરને ઘેર બોલાવ્યો. ડૉક્ટરે આવીને રીટાને બરાબર તપાસી અનેક પ્રશ્નો પૂછ્યા અને કહ્યું કે તમારી પત્નીના સ્વાસ્થ્યમાં ઘણો સુધારો થયો છે. આ રીતે થોડા મહિના ફરતા ફરો. તમને એકાદ સંતાન હોત તો ઝડપથી તબિયતમાં સુધારો થાત.

ડૉક્ટર તો ચાલ્યા ગયા. પણ ત્યારથી જ અમારા જીવનમાં એક વિપદ શરૂ થઈ.

ડૉક્ટર ! એક વાર કાર્લમાકર્સને કોઈએ પૂછ્યું કે સુખ શું છે ? એમણે જવાબ આપ્યો હતો સંગ્રામ. એનો અર્થ જે માણસ સુખ ખોજવા જાય તેના જેવો મૂરખ બીજો કોઈ નથી. સંગ્રામ જ એકમાત્ર સુખ છે. સુખ જો ધનમાં હોત તો તો હું બહુ સુખી જ રહ્યો હોત. બંગલો, ગાડી ને નોકરોનું લશ્કર હોવાથી, સુખ મળતું હોત તો તો હું બધા કરતાં વધારે સુખી હોત.

પણ મારા જીવનમાંથી હું જે શીખ્યો છું ડૉક્ટર, તેને આધારે હું તમને કહું છું. તમે કામમાં સુખ ઢૂંઢો છો પણ રોગીઓની સેવા દ્વારા સુખ પ્રાપ્ત કરવા પ્રયત્ન કરો.

હવે હું તમને કહું કે બીજી શી આફત આવી. તે દિવસે પણ રીટાને લઈને ગાડીમાં ફરવા નીકળ્યો હતો. એક જગ્યાએ જોયું કે રસ્તાની ડાબી બાજુએ એક ગામના પરિવેશમાં ચાની દુકાન હતી. રીટાએ કહ્યું 'ચાલો આ દુકાનમાં બેસી ચા પીએ' અમારી પાસે ફ્લાસ્કની અંદર ઘણીબધી ચા હતી, મેં કહ્યું. 'ચા તો ફ્લાસ્કમાં છે. પીવી હોય તો પી'. રીટાએ કહ્યું, 'એ ચા નહિ. એ ચા તો રોજ પીએ છીએ. આજે દુકાનની સસ્તી ચા પીવાનું મન થયું છે. માટીની કૂલડીમાં બધા જે ચા પીએ છે તે પીવાનું મન થયું છે.'

પ્રચુરનો એક દોષ છે. ઘણુંબધું હોય તે એક શાપ છે. જરૂરિયાત કરતાં વધારે હોય તેવું કશું સારું નથી. ઘણાં છોકરાં, ઘણી વિલાસિતા કે વધારે ધન જેમ સારાં નથી, તેવી રીતે ઘણો આરામ, કે ઘણી ફુરસદ પણ સારાં નથી. એથી જીવન કડવું થઈ જાય છે. તેમાંથી જીવનનું બધું માધુર્ય લુપ્ત થઈ જાય છે.

અમને જોઈને દુકાનદાર તો અવાક્ થઈ ગયો. દુકાનને એક ઝૂંપડી કહી શકાય. એક વાંસનો માચડો હતો. તેની પર બે બેકાર જેવા લોકો બેઠા હતા. તેમનાં શરીર ઉઘાડાં હતાં, પગમાં કંઈ નહોતું. કમર પર મેલી પોતડી વીંટાળેલી હતી.

અમે ગયા કે એ લોકો ત્યાંથી ખસીને ઊભા થઈ ગયા. અમારા જેવા મોટા માણસ આવી મોટી ગાડીમાંથી ઊતરીને તેમની દુકાનમાં બેસીને ચા પીએ એ ઘટનાએ તેમને આશ્ચર્યચકિત કરી મૂક્યા.

એનાથી થાય તેટલા ભક્તિભાવથી એણે અમારા ત્રણ જણ માટે ચા બનાવી. કાચના પ્યાલા ગરમ પાણીથી ધોઈ એ ચૌ આપવા જતો હતો ત્યાં રીટાએ કહ્યું. 'ના, આ માટીની કૂલડીમાં ચા આપો.'

'દુકાનદાર તો હેબતાઈ ગયો. આવી માગણી તો કોઈએ ક્યારેય કરી નહોતી.'

એણે કહ્યું, 'તમે અમારી ગંદી જગ્યામાં શા માટે હેરાન થવા આવ્યાં ? તમે ગાડીની અંદર બેસો. હું ગાડીની અંદર આવીને ચા આપી જઈશ. તમે ત્યાં આરામથી ચા પીજો. અહીં ઘણો કાદવ છે.'

મેં રીટાને કહ્યું,' એ ઠીક કહે છે. શા માટે તું ગાડીમાંથી ઊતરે, અહીં ઘણો કાદવ છે.'

રીટાએ કહ્યું, 'ના હું નીચે ઊતરીશ, ભલે કાદવ હોય. મેં વધારે દબાણ કર્યું નહિ. કારણ કે એમ કરવાથી રીટાની તબિયત બગડે. મેં રીટાનો હાથ પકડ્યો. એને ઉતારી, દુકાનમાં બેસાડી પછી હું બેઠો. મે જોયું કે રીટાનો ચહેરો બદલાઈ ગયો હતો. એ માટીની કૂલડીમાંથી ચા પીતી હતી, અને ચારે બાજુ નજર ફેરવ્યાં કરતી હતી.

દુકાનદારે પૂછ્યું, 'ખાંડ બરાબર છે ? વધારે ખાંડ આપું ?' રીટાએ કહ્યું, 'ના, બહુ સરસ ચા થઈ છે.'

જોકે મને ચા કડવી લાગતી હતી. કારણ એ કડક ચા હતી. જે ચા મને પીતાં કષ્ટ થતું હતું તે ચા રીટાને શા માટે સારી લાગી તે મને સમજાયું નહિ.

દુકાનદારે પૂછ્યું 'બિસ્કુટ આપું, હજૂર ?'

મેં કહ્યું, 'આ બિસ્કીટ અમને નહિ ચાલે.'

રીટાએ કહ્યું, 'ના, ના, આ બિસ્કીટ જ મને આપો.'

જે બિસ્કીટ આમારા ઘરમાં કૂતરાંબિલાડાં પણ ન ખાય એ બિસ્કીટ રીટા આરામથી ખાતી હતી. જવા દો. જેનાથી રીટા ખુશ રહે તેવું જ કરવું જોઈએ. હું એ રાજી રહે એ પ્રમાણે જ વર્તીશ, ડૉક્ટરે મને એ પ્રમાણે જ વર્તવાનું કહ્યું હતું.

મેં જોયું કે થોડા દિવસમાં જ રીટાનો ચહેરો બદલાઈ ગયો હતો. હવે પહેલાંની તુંડમિજાજી એ રહી નહોતી. બધાની જોડે સારો વર્તાવ કરતી હતી. ડૉક્ટરે પણ એમ જ કહ્યું હતું. ડૉક્ટરે પૂછ્યું, 'તમને કેમ લાગે છે. મિસીસ સેન ?'

મેં કહ્યું, 'પહેલાં કરતાં ઘણું સારું છે.'

'હવે પહેલાંની જેમ ચાના પ્યાલા કે ખાવાનાની રકાબી મારતી નથીને ?'

મેં કહ્યું, 'ના, હવે રોગનાં કશાં ચિહ્નો નથી દેખાતાં.' ડૉક્ટરે કહ્યું, 'તો હવે એ જ ઉપચાર ચાલુ રાખો અને વહુને લઈને જેમ ફરો છો તેમ ફરતા રહો. તમારી ઑફિસને યાદ કરશો જ નહિ.'

'ડૉક્ટર ! જીવન ન ઊકલે એવો કોયડો છે. જો કે આપણે બધા જ કોયડાના રૂપના જેવા જ છીએ. જે પત્નીને માટે મેં ઑફિસ છોડી, બધું જ છોડ્યું એ જ પત્ની છેવટે મારી મોટી દુશ્મન બની ગઈ. એ જ વાત આજે હું તમને કહું છું, સાંભળો. (ક્રમશઃ)

આથમતાં અજવાળાં - ૭

ઓરડાનો અસબાબ

ભગીરથ બ્રહ્મભટ્ટ

મહેસાણા મલકમાં આવેલાં અમારાં ઘર સામાન્ય રીતે એક જ પ્રકારની બાંધણીવાળાં. બહારનો ભાગ ખુલ્લો, પછી ઓશરી અને છેક છેલ્લે એક ખંડ. એ છેલ્લો ખંડ એટલે ઓરડો. એ જ ઘરનું મસ્તિષ્ક. કીમતી દ્રવ્યોનું સંગ્રહસ્થાન કહો કે ગોપનીય પ્રવૃત્તિનું કેન્દ્ર ! આંગણાનો ઉજાસ ઓરડાના અંધારામાંથી તાલીમ લઈને જાણે બહાર આવે. આમ તો ઓરડો એટલે ઘરના પ્રવેશદ્વાર પછીનો છેલ્લા ખંડનો મુકામ. એક પ્રકારની સીમા. ઓરડામાં એક વાર પ્રવેશો પછી બીજે મારગે બહાર ન નીકળી શકો. ઓરડામાં જ અટવાયા કરો. બહાર નીકળવા માટે પાછા ફરવું જ પડે. ઓરડામાં અટવાઈ ગયેલા માર્ગ જ ખોળતા હોય છે.

ઓરડાનો દેહ જુઓ : કેટકેટલો ઠઠારો ! એક ખૂણામાં છે અનાજ ભરવાની આઠ-દસ ફૂટ ઊંચી, વીસ મણ અનાજ સમાય એવડી મોટી કોઠી, જેને અમે માટીની ઘઢી પણ કહેતા. બીજા ખૂણામાં લોખંડના પતરાના ટ્રંક, જેમાં વરસોનાં વરસો ચીજવસ્તુમાં રૂપાંતરિત થઈને પડ્યાં હોય. સામી દીવાલે હરોળમાં ગોઠવેલી નાની નાની માટીની ઘઢીઓ. તેના ઉપર ત્રાંબાના દેગડા, દેગડા ઉપર પિત્તળનાં નાનાં મોટાં બોઘરણાં. એનીય ઉપર ત્રાંબા-પિત્તળનો ચકચકિત લોટો ! ઊતરડમાં આખો ઓરડો ઝિલાય ! છેક બારણે કોઈ આવે તો ચકચક્તિ વાસણમાં પડતું એનું પ્રતિબિંબ કહી આપે કે કોઈક આવ્યું છે. કેવી ચિત્રવિથીકા ! બાના હાથની હથેળીની હળવાશથી આદ્રોજાશ પ્રાપ્ત કરેલાં એ વાસણોના ચળકાટમાં ઓરડાનો અંધાર છોભીલો પડી જાય છે. બા કોઈ વાસણમાં ચોખા, તો કોઈમાં ખાંડ, તો કોઈમાં દાળ તો કોઈમાં ગૉળ રાખતાં. અમે નાના હતા ત્યારે ગૉળ ખૂબ ખાઈ જતા. કોકવાર બા, વાડામાં હોય અને અમે ઓરડામાં હોઈએ ત્યારે ગૉળની શોધમાં દેગડા ફેરવીએ. બા પણ એવાં પાકકાં કે દેગડા બદલી નાખતાં, એટલે અમે ગભરાટમાં બીજું, ત્રીજું એમ ખાંખાંખોળાં કરવા મંડીએ. ત્યાં તો બધાં વાસણ પડે, ધડધડ... અવાજ થાય. બા દોડી આવે. કોક વાર અમારી આબરૂ સાચવવા બિલાડી બાની સામે ડોકાય, અને બધો ગુસ્સો પછી બિલાડી ઉપર ! અમે ડાહ્યાડમરા થઈ એક કોર બેસી જઈએ. કોક વાર અમારી મુખમુદ્રા જોઈ બા ગુનેગાર ઠેરવે, ધીબે. એ ઓરડામાં અનાજપાણી, રેત કે રાખમાં દાબેલું કઠોળ, જૂના ચોપડા, જૂનાં કપડાંનાં બાચકાં, કાટમાળ, નેતરાં, છાશ બનાવવાનો સરંજામ (માટીની ગોળી, નેતરાં, માંકરી, સુંથિયું, રવૈયો એવું તો કેટકેટલુંય) ઓરડો સાચવી જાણે.એક પા ડામચિયો ને બીજી પા મજૂસ. ડામચિયો એટલે ગોદડી કે ગાદલાં ગોઠવવાનું લાકડાનું સ્ટૅન્ડ, અને મજૂસ એટલે લાકડાનો પટારો, જેમાં જાતભાતનાં ખાનાં. ખાનેખાને વાર્તા. પાછલી પછીતે એક નાનકડી બારી પડે. એ બારીમાંથી અમે બહારની દુનિયા જોતા થયેલા, પાછલા મહોલ્લામાં ઝઘડો થતો હોય, કોઈ કન્યા નવેળીમાં ન્હાતી હોય, કોઈને ચિઢવવો હોય ત્યારે અમે એ બારીએ પહોંચી જતા.પનો ટૂંકો પડતો તોય પહોંચી વળવાના પ્રયત્નો કંઈ ઓછા ન્હોતા કરતા ! બારી દ્વારા 'બારી બહાર' જોવાનો લ્હાવો કંઈ પ્રહ્લાદ પારેખ એકલાનો થોડો છે ! અમેય કંઈ કમ નથી. બારીમાંથી ખુશી, મજાકમશ્કરી, આનંદ ઓરડામાં એવી રીતે પ્રવેશી જાય કે અમને તો ખબરેય ન પડે ! ઓરડો જ અમારો ધનકુબેર. કશું કંઈ અમને તો ખબરેય ન પડે ! કશું કંઈ મેળવવું હોય તો ઓરડાની આરાધના કરવી પડે. અમે પ્રસન્નતા પામવા ઓરડાને આશરે ઘણી વાર ગયા છીએ. ઓરડાએ અમને નિરાશ કર્યાં નથી.

ઘણી વાર બાપુજી એમના ચોપડા પાથરી ઓરડામાં જ બેઠા હોય, એ ઉકેલે - મને ન સમજાય. હું જોયા કરું. એ એમના બોડિયા અક્ષરે ચોપડો ચિતર્યા કરે.... કશું પકડાય નહિ એટલે હું મૂંઝાઉ. બા ચા લઈને આવે. કોક વાર મારાથી ચાનો કપ ચોપડામાં ઢોળાય. બધું જ ભૂંસાઈ જાય... બાપુજી બગડે. ફરી ચીતરે. બા ફરી ચા બનાવી લાવે.... હું મૂંઝાયા કરું.

લીંપણને કારણે અમારા એ ઓરડાએ કેટકેટલા સ્વાદ કર્યા છે. ઓરડાએ ચા પીધી છે, શાક ખાધું છે, દાળ પીધી છે. દૂધ પીધાં છે ! ઓરડો એ બધુંય આરોગે પણ ક્યારેય એઠોજૂઠો થયો નથી. તરત બા ગાર લાવી લીંપી નાખે એટલે પાછો નવોનકોર ! બાપા ઓરડે બેસી ગીતા વાંચે ત્યારે અને બા ઓરડો લીંપે ત્યારે ઉભય પાત્રોને જોવા જેવાં ! બાપાની ગીતા ઓરડો સાંભળે અને બાની કારીગરીથી ઓરડો હરખાય. ઓરડો લીંપવાનો હોય ત્યારે મને બહુ કાઠું પડતું. કેટલો બધો અસબાબ ખસેડી નાખવો પડે ! ઓરડાની બહાર અસબાબ લઈ જવો એ સહેલું કામ થોડું છે ? મોટું મજૂસ કંઈ એકલાથી ઊંચકાય ? માણસોય બોલાવવા પડે. ખાલીખમ્મ થયેલો ઓરડો મને બહુ ગમતો, પણ એ ઝાઝી વાર ખાલી રહે જ નહિ. દિવાળીટાણે બા એમની હથેળિયુંથી કળાત્મક પ્લાસ્ટર કરતાં એ ક્રિયા જ ભાવાત્મક. ત્યારે રાત્રે થતી લીપણક્રિયાથી આખા ઓરડામાં ઉમળકાનો ઉજાસ પથરાતો. ત્યારે નહોતો થાક લાગતો બાના હાથને કે બાના મનને. કેવળ પ્રસન્ન મુદ્રા હતી એમની. ઘરમાં વહુઓ આવ્યા પછી મજિયારા ઓરડાની અને મજિયારી માની જે દુર્દશા થાય છે...! ઓરડામાં જ પેઢીનામું પડ્યું છે અને પેઢીની ખાનગી વાતોનો ઇતિહાસ, પોપડા ખોલીએ તો બધુંય જડે. ઓરડે બેસીને અમારા ઘરમાં કેટલાય પરિવારોની કૂથલી થઈ છે, ઘરના સભ્યોને ઠેકાણે પાડવાની યોજનાઓ વિચારાઈ છે. ઓરડામાં પંચો મળ્યા છે. કુટુમ્બીઓય મળ્યા છે.

એ ઓરડામાં એક દીવાલે ગોખલો છે. એ ગોખલામાં એક સુક્કું નાળિયેર છે. છેલ્લાં ચાલીસ વરસથી તો હું જોઉં છું. એની એ સ્થિતિમાં ગોખલો સાફ કરી નાળિયેર ત્યાંનું ત્યાં જ રખાય છે. મેં ઘણી વાર મારાં બાને પૂછેલું : 'આ નાળિયેર શાનું છે ?' નાનો હતો ત્યારે 'તારે શી પંચાત ?' એવો જવાબ મળેલો. મોટો થયો ત્યારે પણ બાએ તો એમ જ કહ્યું : 'હું પરણીને આવી તે પહેલાંનું છે, ઘૈડિયાંવાળીનું, છો રહ્યું, આપણને એ શું નડે છે ?'

'પણ એ શાનું છે ?'

'હશે કોઈ માતાજીનું !'

હજુ કિયાં માતાજી મારા ઓરડામાં નાળિયેરરૂપે જગ્યા રોકીને બેઠાં છે એ હું ઓળખી શક્યો નથી. નાળિયેર તો હજુય છે. એ વિસ્મયને ઓગાળવા નાળિયેર કાઢી નાખવાનું, ફોડવાનું મન થઈ આવે છે, પણ આજ સુધી એવી હિમ્મત કરી શક્યો નથી. આમેય મનના ઓરડાનું બધું કંઈ થોડું કળી શકાયું છે ?

ડામચિયાની તો વાત જ ન્યારી. અમે ઘણી વાર સંતાકૂકડી રમીએ ત્યારે એની પાછળ સંતાઈએ, એની ઉપર સૂઈ જઈએ. ઉપર ગોદડી ઓઢાડી દીધી હોય પછી તો શાના જડીએ ? ગાદલાં તો ક્યાં હતાં ત્યારે ?


ગાભાની ગોદડીઓ. એક પછી એક ગોઠવેલી હોય એ ડામચિયા ઉપર, અને પથારી પાથરવાની હોય ત્યારે એ ડામચિયા તરફ જતાં અમે ડરી જતા, ઓરડાનું અંધારું અમને ભૂત જેવું ભાસતું ત્યારે. કોઈનાં લગ્નમાં જાનૈયા થઈને જવાનું હોય ત્યારે અમે અમારા ધોયેલા પહેરણને ગડી વાળી એ જ ડામચિયાની ગોદડીઓ નીચે દબાવી રાખતા. ડામચિયાના કારણે જાનૈયા તરીકે અમે વટ મારી શકતા. અમે રિસાઈ જતા ત્યારે ડામચિયાનો આશરો લેતા. જ્યારે જ્યારે ઝઘડા કરી ઘરે આવતો ત્યારે બા ઓરડે લઈ જઈ ધીબતાં, ઓરડામાં પૂરી પણ રાખતાં, પછી જશોદામૈયાની જેમ મનાવતાં પણ ખરાં.

ઓરડામાં એક દીવાલે લાકડાની ખીંટી છે. એ ખીંટીએ મારાં બા કઢાઈ ભરાવતાં. ગામમાં કોઈનેય ત્યાં સત્યનારાયણની કથા હોય, કે કોઈને વધારે માત્રામાં વસાણું બનાવવું હોય ત્યારે એ કઢાઈ લોકો માગી જતાં, ખાસ્સી ઘસાઈ ગઈ છે, પણ એ કઢાઈ ઓરડાની જાણે શોભા! ઓરડામાં ક્યારેક હીંચકો બંધાય... મહોલ્લાનાં બધાં છોકરાં ભરાય, તોફાન કરે, વાસણકૂસણ પાડે. બા ખિજાય. હીંચકો છોડીને મૂકી દેતાં. એ હીંચકો જ્યારે બંધાતો ત્યારે આખો ઓરડો જાણે પ્રસન્ન મુદ્રામાં લયહિલ્લોળ! ઓરડાના મોભ ઉપર લટકતાં કાળાં થઈ ગયેલાં કડાં જુઓ તો ઝૂલતા ઓરડાનો, મહિમા સમજાય!

મારા બાપુજી મૃત્યુ પામ્યા ત્યારે સવા મહિના સુધી મારાં બા એ ઓરડામાં બેસી રહેલાં... ખૂણે ભરાઈ ગયેલાં. બાપાના મૃત્યુનો શોક બાના હૃદયમાંથી ઓરડામાં વ્યાપી ગયો હોય તેમ એ સમે ઓરડો મને ગમગીન લાગેલો. પરંતુ ભેંસ વેચી, જે પૈસા આવ્યા તે પૈસા ઓરડે બેસીને મેં બાને ગણી આપેલા ત્યારે બા ગમગીન થઈ ગયેલાં, કારણ તો એ જ હતું કે બાપાના બારમાનું ખરચ કરવા દૂઝણી વહાલી ભેંસ વેચાઈ ગઈ હતી. ઓરડો એ બધાનો સાક્ષી. એ 'ઓરડો' મારા બેઠકરૂમ કરતાં સહેજેય ઊતરતો નથી. આપણે નગરમાં જઈ આવાસો ઊભા કરીએ એમાં કળાત્મક ખંડો બનાવીએ, એમાં રંગરોગાન કરાવીએ તો પણ એ માટીના ઓરડાની આત્મીયતાની તોલે એ આવાસોનાં અંજન ક્યારેય આવી શકવાનાં નથી. ❒

ચેસ-કૉર્નર : કોયડો-૯

કાળું



સફેદ

-સફેદ મહોરાની ચાલ અને બે ચાલમાં કાળા રાજાને મહાત કરવાનો.

રાજકોટના હર્ષદ દવેએ કોયડાના ચિત્ર ઉપરાંત મહોરાની ગોઠવણી શબ્દોમાં દર્શાવવાનું સૂચન કરેલું છે. સૂચન અમે સ્વીકારીએ છીએ. મહોરાની ગોઠવણી નીચે મુજબ છે.

સફેદ : **Kd3, Qd6, Ne6, Nf5, P-a2, b2, C4, d4, e4, g2**

કાળાં : **ke8, Qh6, Rc8, Rh7, Nd7, P-a4, b7, c5, e5, f6, g5.**

આ કોયડાનો ઉકેલ આગામી પંદરમી તારીખ સુધીમાં પહોંચે તે રીતે લેખિકાના સરનામે – અર્પી શાહ, ૧૦, મંગલમ્ એપાર્ટમેન્ટ્સ, ભગવાન નગરનો ટેકરો, પાલડી, અમદાવાદ ૩૮૦૦૦૭ (e-mail **shaharpi@hotmail.com**) મોકલી આપવા વાચકોને આમંત્રણ છે.

જવાબમાં માત્ર ઉકેલ દર્શાવવાનો છે. કોયડાની ચર્ચા કરવાની જરૂર નથી. સાચો ઉકેલ મોકલનારનાં નામ જુલાઈ મહિનાના 'કુમાર'ના અંકમાં પ્રકટ કરવામાં આવશે.

*

'કુમાર'ના ફેબ્રુઆરી ૨૦૦૧ના અંકમાં આવેલા કોયડા નં - ૪નો ઉકેલ.

સફેદ	કાળું
(૧) **Kc4 !**	[! = સરસ ચાલ]
(રાજાની રાહ જોતી ચાલ છે.)	
(i) જો.....	**Ba6**
તો(૨) **QxB#**	
(ii) જો.... **Bc8**	
તો(૨) **Qxb8#**	
(iii) જો........ **Na7/Nb8/Nd4/Nb4/Ne7**	
તો(૨) **QxB#**	
(iv) જો..... **Nd8**	
તો(૨) **Qa6#**	
(v) જો..... **Na5+**	
તો(૨) **QxN#**	

આ વખતે વાચકોનો પ્રતિભાવ સારો રહ્યો છે. મુંબઈ, રાજકોટ, અમદાવાદ, અમરેલી વગેરે જગ્યાએથી વાચકોના પત્રો મળ્યા છે જે પૈકી નીચેના બે વાચકોના જવાબો સાચા છે : (૧) ઝેડ. એલ. ઝાલાવાડિયા (અમદાવાદ) (૨) હર્ષદ મ. દવે (રાજકોટ) -ધી. પ.

અડકો દડકો

કીડીબાઈએ નાત જમાડી !

ચંદ્રકાન્ત શેઠ

એક કીડીબાઈ બહુ કામઢાં. આખો દિવસ કંઈ ને કંઈ કામ કરતાં જ હોય. થાકનું નામ નહીં. આડીઅવળી વાતોમાં સમય વેડફે નહીં. હંમેશાં ભવિષ્યનો વિચાર કરીને જ વરતે. વરસાદ આવવાનો હોય અષાડમાં, પરંતુ તેની સામે સાવચેતીનાં પગલાં લેવાનું શરૂ કરે ચૈતરથી. ચૈતર બેસે કે ચોમાસા માટેનો ખોરાકનો પુરવઠો જમા કરવા માંડે.

કીડીબાઈનો જીવ ભારે ઝીણો. કંઈ પણ કામ કરતાં તેનાં હજાર ગણિત માંડે. સગાંવહાલાંય તેમની ચિપાશ ને ચિકાસથી કંટાળી જતાં. કોઈ કહેતુંય ખરું : 'આ કીડીબાઈનો જીવ કેવો છે ! ગમે તેટલું મળે પણ મૂઈનું મન જ એવું છે કે એનાથી જરાયે ભોગવાશે નહીં. નર્યો અજંપાનો જ અવતાર છે એનો.' આવી વાતો કીડીબાઈના કાને નહોતી આવતી એમ નહીં, પણ એ સાંભળી-ન સાંભળી કરીને, થોડો બડબડાટ કરીને મૂંગાં રહી જતાં.

એમ કરતાં કીડીબાઈને ઉંમર થઈ. હવે પહેલાં જેવું કામ ખેંચાતું નહોતું. એમને થયું, 'મેં આજ સુધી ઘણો ઢસરડો કર્યો, હવે જીવનનો છેડો હાથવેંતમાં છે ત્યારે થોડું કાયાનું કલ્યાણ થાય એવું કરું.' એમને પોતાની બહેનપણીઓ-સહીપણીઓમાં આ વિચાર મૂકી જોયો. સારા વિચારમાં કોણ સાથ ન આપે ? સૌએ કહ્યું, 'વાત સાચી છે. તમારી ઉંમર થઈ છે. હવે તમારે કંઈ દાનપુણ્યનાં કામ કરવાં જોઈએ.' ને આ દાનપુણ્યની વાત આવતાં આપણા દેશની કીડીને તો જાત્રાની કે જમણવારની જ વાત સૂઝે. કીડીબાઈને થયું, 'પહેલાં હું નાત જમાડું ને પછી સાકરિયા મહાદેવની જાત્રાએ જઈશ.' આ સાકરિયા મહાદેવ કીડીબાઈના ઘેરથી થોડા દૂર હતા. પણ ત્યાં ઘણી કીડીઓ જતી. ત્યાંના મહાદેવને સાકરનું પાણી ચડાવાતું ને કીડીઓ પવિત્ર પાણી પ્રસાદીરૂપે લેવા ખાસ જતી.

કીડીબાઈએ નાત જમાડવાનો વિચાર કરતાં, પાછું ગણિત ગણવા માંડ્યું. એમની પાસે જે પુરવઠો જમા હતો તેમાંથી એક લાડુ તો થાય જ. ને એક લાડુમાંથી હજારેક કીડીઓને તો જમાડાય જ, ને તોય થોડો લાડુ તો વધવાનો જ. કીડીબાઈને થયું કે 'કીડીઓ ભેગું કોઈ પવિત્ર પ્રાણીનેય જમાડું તો ખોટું નહીં. નાત જમાડતાંય થોડો લાડુ તો વધવાનો જ છે.' કીડીબાઈએ પવિત્ર પ્રાણીઓને યાદ કરવા માંડ્યાં. દેખીતી રીતે ગાય પહેલી યાદ આવી, પણ એક ગાયે જ પોતાના વડવાઓને કચડી નાખેલા એ વાત કીડીબાઈથી ભુલાઈ નહોતી. તેમણે ગાયનો વિચાર જતો કર્યો. ત્યાં એક ટીખળી કીડીએ કહ્યું, 'તમે પેલા ગોસાંઈ બાવાના મદનિયાને બોલાવો. મદનિયાનું તો મોઢુંય ગણપતિનું. ગણપતિને જમાડ્યા જેટલું પુણ્ય લાગશે.' ને કીડીબાઈને તો આ વાત એકદમ ગમી ગઈ. મદનિયાને જમાડાય તો કીડીઓની આખી નાતમાં વટ રહી જાય. તેમણે લાડુ થોડો વધારે વરે તો ભલે પણ જમાડવો તો મદનિયાને જ એમ નક્કી કર્યું. એકબે શાણી કીડીઓએ આ બાબતે શાંતિથી વિચારવાની સલાહ આપી જોઈ, પણ આપણાં કીડીબાઈ કંઈ માને ? ઊલટું એમણે પેલી સલાહ આપનાર કીડીઓનો ઊધડો જ લઈ નાખ્યો.

કીડીબાઈએ તો નાત જમાડવાની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી. આમ જાય ને તેમ જાય. કોઈને આ વાત કહે, કોઈને બીજી વાત કહે. પૂરું ખાય નહીં કે પૂરું ઊંઘેય નહીં. કોઈએ તો કહ્યું પણ ખરું, 'આ ડોશલી નાત જમાડતાં જમાડતાંમાં જ અધમૂઈ થઈન જાય તો સારું.' કીડીબાઈએ નાતની અંદર સૌને પૂનમના દિવસે જમવાનું નોંતરું ફેરવાવ્યું. એ પછી બે કીડીઓની સંગાથે ગોંસાઈબાવાના અખાડે મદનિયાને નોંતરું આપવા ઊપડ્યાં. મદનિયો ત્યારે વડના ઝાડ તળે ઊભો ઊભો ડાળાંપાંખડાં ભાંગી ભાંગીને મોઢામાં ઓરતો હતો. કીડીબાઈ તો તેનું ગુફા જેવું મોઢું જોઈને જ હેબતાઈ ગયા. ક્ષણ વાર તો એમ થયું કે હું ક્યાં આને નોંતરું દેવા આવી ? પણ પાછી મનમાં હિંમત એકઠી કરી ને જોરથી ખોંખારો ખાધો. પણ આ તો કીડીબાઈનો ખોંખારો ! મદનિયાના સૂપડા જેવા કાન સુધી શેનો પહોંચે ? કીડીબાઈ તો ખોંખારા ખાઈને થાક્યાં. છેવટે કીડીબાઈએ ગોસાંઈબાવાની એક બકરી બાજુમાં બાંધેલી એને વાત કરી. બકરી કીડીબાઈની વહારે ધાઈ. એણે બેંબેં કરતાં કરતાં મદનિયાને કીડીબાઈના નોતરાની વાત કરી. મદનિયાને સાંભળતાં તો હસવું જ આવ્યું, પરંતુ કૃપાભાવથી કીડીબાઈને કહ્યું કે 'હું જરૂર આવીશ.'

કીડીબાઈએ ઘેર જઈ આજુબાજુથી અનેક કીડીઓને બોલાવી. ઘઉંનો લોટ કાઢ્યો. ખાંડ કાઢી. ટીપે ટીપે ઘી પણ જમા કર્યું. ને મજાનો લાડુ તૈયાર કરી દીધો. સેંકડો કીડીઓ ખાવાની લાલચે લાડુની આસપાસ આંટા મારતી જાય ને લાડુને વખાણતી જાય. કેવો રૂપાળો લાડુ હતો ! સાકર-ઘીનો પહાડ સ્તો આ કીડીઓની નજરે તો. તેમણે લાડુની આસપાસ નાચગાનની બરોબર મહેફિલ જમાવી. સૌને કકડીને ભૂખ લાગેલી, પરંતુ મુખ્ય મહેમાન જમ્યા પહેલાં કંઈ પોતાથી જમાય ? સૌ આતુરતાથી મુખ્ય મહેમાનની રાહ જોતાં હતાં ત્યાં પીઠ પરના ઘંટના ટકોરા ખખડાવતો મદનિયો આવી લાગ્યો. કીડીબાઈની છાતી તો ફૂલી સમાતી નહોતી. કીડીને ઘેર કુંજર ! આવું પહેલાં કદી બન્યું નહોતું ને ભવિષ્યમાં કદાચ બનશે પણ નહીં. મદનિયો તો બકરીબાઈનો દોર્યો ઘર આંગણે આવી લાગ્યો. બકરીબાઈ કહે : 'કીડીબાઈ, મહેમાન આવી ગયા છે, રસોઈ તૈયાર હોય

તો પીરસો.' કીડીબાઈ કહે : 'બધું તૈયાર છે. અબઘડી પીરસું.'ને સેંકડો કીડીઓની મદદથી પેલો તૈયાર કરેલો લાડુ મદનિયા પાસે લાવવાના પ્રયત્નો આરંભાયા. મદનિયાને તો કીડીઓનો આ પ્રયત્ન જોતાં જ ભારે હસવું આવ્યું. એણે તો સૂંઢ હલાવી ને એના એક સપાટે લાડુને કેટલીક કીડીઓસોતો ઉપાડીને મોંમાં ગોઠવી દીધો, કોઈ દવાની ટીકડી મોંમાં મૂકે એમસ્તો. ને આ થતાં આખી કીડીઓની જાતમાં હાહાકાર થઈ ગયો. કીડીઓ માટે ખાવાનું કંઈ બચેલું નહીં, પચીસ-પચાસ કીડી તો લાડવાસોતી મદનિયાના મોઢામાં ગઈ ને કેટલીક કચરાઈ ગઈ. કોઈના પગ ભાંગ્યા તો કોઈની કેડ. આપણાં કીડીબાઈ તો હેબતાઈ જ ગયાં ને ભાન આવતાં જ ભાગીને બાજુમાંના ઝાડના થડની એક તિરાડમાં ભરાઈ ગયાં. મદનિયાના ગુસ્સાનો પાર નહોતો. એક તો જમવા બોલાવ્યો ને એક લાડુથી વધારે કશું હતું નહીં. એણે તો ગુસ્સાથી કીડીની આખી વસાહતને થાંભલા જેવા પગથી ધમરોળી નાખી. બકરી પણ મદનિયાનો આ ગુસ્સો જોઈ થરથર ધ્રૂજતી હતી, પણ વળી મદનિયાને આખી પરિસ્થિતિ સમજાઈ એટલે ગુસ્સો કાબૂમાં રાખ્યો ને ત્યાંથી તે સૂંઢ વીંઝતો, આજુબાજુનાં ઝાડનાં ડાળ-પાંદડાં તોડીને મોંમાં નાખતો બકરી સાથે પાછો વળી ગયો.

પેલા ઝાડના થડની તિરાડમાં લપાઈ ગયેલાં કીડીબાઈ તો ત્રણચાર દહાડા બહાર જ નહી નીકળ્યાં. જમવાનું તો રહ્યું, પણ સેંકડો કીડીઓનો ખુરદો વળી ગયો હતો. કીડીબાઈ તો જે પસ્તાય, જે પસ્તાય... તેમણે જે કીડીઓ બચેલી એ સૌની માફી માગી અને નક્કી કર્યું કે હવે જેટલું આયખું બચ્યું છે તેટલું એ કીડીઓની સેવામાં જ આપવું. ❒

જાણીતા માણસની અજાણી વાતો

પુષ્કરભાઈ ગોકાણી

ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઈ કોઈ પ્રસંગે સોમનાથ આવ્યા હતા, ત્યાંથી દ્વારકા આવ્યા. અહીં ગાયત્રી મંદિર અતિથિગૃહમાં થોડો વખત રહ્યા. અમે સાથે હતાં. દર્શન કરાવવા માટે કલેક્ટર સાહેબ અને રાજ્યમંત્રી આવ્યા કે મંદિર થોડો સમય માટે સવારે ૯-૩૦થી ૧૦-૪૫ મુખ્ય આરતી સુધી લોકો માટે બંધ રાખી દર્શનની વ્યવસ્થા ગોઠવી શકાશે. પણ મોરારજીભાઈએ સૂચના આપી કે લોકોને જાણ પણ ન કરવી. સાદી ગાડીમાં મંદિરે જવું એટલે લોકોનું ધ્યાન પણ ન આકર્ષાય. સામાન્ય માણસની માફક તેઓ મંદિરમાં પ્રવેશ્યા. સહેજ આગળથી તેમને પ્રવેશ આપ્યો. તેમણે મૌન રહી પરમાત્માના ચરણમાં મસ્તક ઝુકાવ્યું. પાંચેક મિનિટ આંખો બંધ રાખી બેસી રહ્યા. પછી મેં થોડું તેમને શ્રીકૃષ્ણના સમયના આ ભગવદાલય વિષે કહ્યું. પૂરો રસ લઈ સાંભળી રહ્યા અને કહે. 'હવે બીજા કોઈ મંદિરમાં દર્શન કરવાં નથી. 'સર્વ દેવ નમસ્કાર,' કેશવં પ્રતિ ગચ્છતિ.' થોડી વાર આપણે કરી મૌન ધ્યાન કરીશું. પછી કશું જ બોલશો નહિ. હવે એમને હૃદયસ્થ કરી નીકળી જવું છે. મેં તે મુજબ સાથે રહેલાને સૂચના આપી. તેઓ ફરી આંખો મીંચી મૌન થયા. અને સહજ જ બહાર નીકળી ગાડીમાં બેસી ગયા. કોઈ બહુ જૂજ લોકોને તેઓ આવ્યાની ખબર પડી અને સામાન્ય માણસ જેમ તેઓ વી.આઈ.પી. માહોલ છોડી શ્રીકૃષ્ણને વંદી ચાલ્યા ગયા.

અનુસંધાન| કુંદીની કારીગરી |પૃ. ૨૮૭થી

ભરે અને તેને કાપડ ઉપર ફૂંકારે, તો બીજો કારીગર પાણીનો કોગળો ભરી ફૂંકારે. તે પછી સામસામે બેઠેલા કુંદી કરનારાઓ પાસે નાનોમોટો ગોટીલો હોય તે વડે રેશમી કાપડ ઉપર ટીપતા જાય. આ ટિપવાનું કામ જમણા હાથેથી બેઉ એક પછી એક ટીપતા જાય અને ડાબા હાથ તરફ ટીપતા ટીપતા આગળ વધે. આમ, દરેક વખતે ત્રણ વાર ટીપાતા તેનો એટલો ભાગ સામેનો કારીગર પોતાની તરફ ખેંચે અને બીજો ટીપાયા વગરનો ભાગ કુંદીથડાના અર્ધગોળાકાર ભાગ ઉપર મુકાય અને ફરી બેઉ જણ એકસાથે ટીપતા જાય. એમ હારબંધ ટીપતા ટીપતા એક આખું ગજિયાણી ટીપાઈ જાય એટલે કુંદીકામ પૂરું થાય. પછી મોહરા વડે થાનને ઘસવામાં આવે, પછી ગડી વાળીને ઉપરના ભાગે હલકા હાથે ગોટીલાથી ટીપીને સુંવાળું અને ચળકાટવાળું થાય એટલે ગજિયાણીનું કાપડું તૈયાર થયું એમ કહેવાય. આને ગડીબંધ વાળો તો અઢી ગજનું કાપડું સાડા છ ઈંચના ભાગમાં સમાઈ જાય. આમ, એક જ પડ ઉપર ગુંદર અને પાણી ફૂંકારીને ટીપવાથી તેની આઠેય ગડીમાં ચમક આવી જાય. સંપૂર્ણ કાપડ ટીપવામાં આવતું નહોતું છતાં પૂરું રેશમી કાપડ ચળકાટ અને ચમકવાળું કડક થઈ જતું હતું. આ રીતે કુંદી-કસબથી તૈયાર થયેલાં ગજિયાણી વસ્ત્રો વર્ષો પછી ફાટે પણ એની ચમક અને રંગ અકબંધ રહેતાં.[5] આજે ઓછી મહેનતે વધુ કમાવાના વલણને લઈને અને કાપડમિલો અને રોલપ્રેશર મશિનો આવતાં આ હસ્તકલાનો કસબ સાવ તૂટી પડ્યો છે અને કુંદીકલા ભુલાઈ ગઈ છે.

સંદર્ભ

૧. **Monograph on Silk Fabircs - Compiled by A. Yusuf Ali. Oudh, The N.W. Province and Oudh Govt. Press, 1900**

2. Shinning Cloth / Victoria Z. Rivers. Londen Thames & Hudson, 1999

3. 'ગુજરાતનું પાટનગર અમદાવાદ' — રત્નમણિરાવ ભીમરાવ અમદાવાદ, ગુજરાત સાહિત્યસભા, ૧૯૨૯ ❒

૫. અમદાવાદમાં વણાટ, રંગ, ધોલાઈ કારીગરી, કુંદી વગેરે તો એવું તો સારું થતું કે એટલું સારું કામ અમદાવાદથી ચાર ગાઉ છેટે પણ થઈ શકતું નહોતું (અર્થાત્ અમદાવાદથી ઊતરતું થતું હતું.) ફિરદૌસે આરામગાહ (દિલ્હીનો બાદશાહ મુહમ્મદશાહ)ના સમયમાં અંબરના રાજા જયસિંહે પોતાની રાજધાની જયનગરમાં અમદાવાદના વણકરો અને ધોબી તથા કુંદી કરનારાઓનું એક સંસ્થાન વસાવ્યું. પરંતુ ત્યાં બનાવેલો માલ વધારેમાં વધારે સંભાળ લીધા છતાં અને મોટી મોટી બક્ષિસો આપ્યા છતાં રંગમાં, કુમાશમાં અને સૌન્દર્યમાં અમદાવાદ કરતાં ઊતરતો જ નીકળ્યો. ('ગુજરાતનું પાટનગર અમદાવાદ'. પૃ. ૫૦૬)

કલાવાર્તા

નયના દલાલ

વડોદરાની ખ્યાતનામ ફૅકલ્ટિ ઑવ્ ફાઈન આર્ટ્સમાંથી જે સ્ત્રીકલાકારો બહાર પડ્યાં તેમાં



પોર્ટ્રેટ સ્ટડી ઑવ્ નયના દલાલ - ૧૯૬૧માં રતન પારિમુએ લંડનમાં કરેલું

નયના દલાલનું નામ નોંધપાત્ર છે. ૧૯૩૫માં વડોદરામાં જન્મેલાં નયનાબહેને સર્જનાત્મક ચિત્રકલાનો અભ્યાસ ફૅકલ્ટિ ઑવ્ ફાઈન આર્ટ્સ, વડોદરામાં એન.એસ. બેન્દ્રે તથા કે.જી. સુબ્રમણ્યન જેવા જાણીતા કલાઅધ્યાપકો પાસે કર્યો અને ચિત્રકલામાં બી.એ. (ફાઈન) તથા એમ.એ. (ફાઈન)ની ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરી, લંડનમાં લિથોગ્રાફી તથા ન્યૂ યૉર્કમાં એચિંગનો અભ્યાસ કરી પ્રિન્ટ-મેકિંગ પ્રક્રિયાની ઉચ્ચ તાલીમ મેળવી અને સ્વયં એક જાણીતાં સર્જક પ્રિન્ટમેકર બન્યાં. તેમણે ભારતમાં તથા પરદેશમાં ૧૯૬૧થી લઈ ૧૯૯૯ સુધીમાં જૂથ



નયના દલાલની પ્રિન્ટ 'મા' ડ્રાયપોઇન્ટ, ૧૯૯૩/૯૪



'માતા અને શિશુ' માતૃત્વને વ્યક્ત કરતી કૃતિ

પ્રદર્શનોમાં તથા વૈયક્તિક પ્રદર્શનોમાં ભાગ લીધો. ૧૯૬૫-'૬૯માં વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીની હોમ સાયન્સ ફૅકલ્ટિના વિદ્યાર્થીઓને આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ વિષયો શીખવ્યા. ૧૯૮૪થી ૧૯૯૦ સુધીમાં ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીએ આપેલા પ્રિન્ટમેકિંગના વર્કશૉપમાં વ્યાખ્યાન-નિદર્શનો આપ્યાં. તેમને વૈકલ્પિક પ્રિન્ટમેકિંગ ટેક્નિકના સંશોધન માટે મિનિસ્ટ્રી ઑવ્ એડ્યુકેશન, ભારત સરકારની ફેલોશિપ પણ મળી. અન્ય સન્માનોથી વિભૂષિત નયનાબહેને તેમના કલાકાર-કલાવિવેચક વિદ્વાન પતિ શ્રી રતન પારિમુ સાથે મુંબઈ, દિલ્હી તથા વડોદરામાં સહપ્રદર્શન પણ યોજ્યાં.

નયનાબહેને પેન ઍન્ડ ઇન્કમાં, ચારકોલમાં, જળરંગોમાં, તૈલરંગોમાં, પેસ્ટલરંગોમાં ચિત્રસર્જન કર્યું છે. તેમણે ઉત્તમ ગુણવત્તાવાળી ડ્રાઇપૉઇન્ટ, લિથો, એચિંગ કોલોગ્રાફ પ્રિન્ટો પણ કાઢી છે. મુખ્યત્વે તેમનાં કલાસર્જનોનો વિષય માનવીય પાત્રોની વિવિધ લાગણીઓને ચિત્રિત કરવાનો છે. તેમણે તેની રજૂઆતમાં પ્રતીકવાદ, અભિવ્ય-ક્તિવાદનો તો વળી કેટલીક વાર વિરૂપતાનો કલાત્મક, સર્જનાત્મક વિનિયોગ કરી આપણા અસંપ્રજ્ઞાત મનને ઊંડે સુધી અસર કરે એવી સંરચનાઓ સર્જી છે. માનવ-કૃતિઓમાં પણ ખાસ તો માનવચહેરાઓના નયનાબહેને કરેલાં નિરૂપણો ખાસ આકર્ષ્યા છે. કેટલીક વાર લાંબી ડોક તથા લંબચહેરાની યાદ આપતી તેમની ૧૯૬૨ની લિથોકૃતિઓ તથા મનોવૈજ્ઞાનિક ઊંડાણવાળી ભાવાત્મક નગ્ન દેહ તથા ચહેરાવાળી ૧૯૯૩/૯૪ની સ્ત્રીઓની ડ્રાઇપૉઇન્ટની સંરચનાઓ સાચેસાચ આપણા મનને ઊંડે સુધી સ્પર્શી જાય છે. જુઓ તેમની ૧૯૯૩/૯૪ની ડ્રાઇપૉઇન્ટ કૃતિ 'મા'. કોઈ ભૂતાવળની માફક આ કૃતિઓ આપણા મનોપ્રદેશ પર છવાઈ જાય છે. તેમાં તથા તેમની જળરંગી, તૈલરંગી તથા શાહી, ચારકોલ, પેનમાં સર્જાયેલી કૃતિઓમાં ઉત્તમ ડ્રૉઇંગની ગુણવત્તા ઉપરાંત રૂપલક્ષી ગુણવત્તા, સૌંદર્યાનુભૂતિ તથા ભાવા-ભિવ્યક્તિ અને આ બધાંને વ્યક્ત કરવા માટેની આધુનિક સંવેદના છે.

-બંસીલાલ દલાલ



નયના દલાલની 'સ્ત્રીઓ' નામની પેન એન્ડ ઇન્કમાં તૈયાર થયેલી કૃતિ

—કલાસ્મૃતિ—

શહનાઈ શહેનશાહ બિસ્મિલ્લાખાન

આપણને સૌને અનુભવ છે તેમ, શહનાઈના મધુર સ્વર વાતાવરણમાં આનંદ અને ઉલ્લાસના ભાવ ભરી દે છે. આપણા દેશમાં કોઈ પણ મંગલમય અવસર શહનાઈના સુમધુર સ્વરો



વગર અધૂરો લાગે છે. શહનાઈનો અવાજ સાંભળતાં જ સગાઈ, વિવાહ સંતાન-જન્મ-દિવસ, ઉદ્‌ઘાટન કે ભૂમિપૂજન જેવા ખુશીના અવસર આંખો સામે દેખાવા લાગે છે.

ઘણાં વર્ષો સુધી, લોકોના માનસપટ ઉપર શહનાઈનો સંબંધ માત્ર વિવાહના પ્રસંગો, મંદિરો કે નોબતખાના જેટલો જ હતો. અતીતનાં એ વર્ષોમાં શહનાઈવાદન માટે કલાકારોને બોલાવવા તે સામાન્ય માણસનું કામ નહોતું. કેવળ રાજા-રજવાડા, સામંત-જમીનદાર, ઉદ્યોગપતિ-વ્યાપારી જેવા લોકો જ શહનાઈ વાદન કરાવી શકતા હતા. બદલાતા સમય સાથે વીડિઓ-ઑડિઓ કૅસેટ્સની ઉપલબ્ધિને કારણે, ગરીબ-તવંગર સર્વનાં ઘેર મંગલ પ્રસંગે શહનાઈના સૂરો વાતાવરણને ભરી દેતા અનુભવાય છે.

શહનાઈનું નામ પડતાં જ બિસ્મિલ્લાખાન સાહેબનું નામ જીભ ઉપર આવી જાય છે. એમની મીઠી શહનાઈના સ્વરો કાનમાં ગુંજવા લાગે છે. શહનાઈ વગાડવામાં અઘરું વાદ્ય ગણાય છે, જેને વગાડવા માટે, શ્વાસની આવન-જાવન ઉપર પૂર્ણ નિયંત્રણ રાખવું પડે છે. મોટા ભાગનાં વાજિંત્રો હાથથી વગાડવામાં આવે છે, જેમાં થોડાક સમયના અભ્યાસથી કલાકારો તેમાં ફાવટ કેળવી શકે છે. ગાયન માટે કલાકારો પોતાના ગળાની સ્વરપેટી ઉપરના નિયંત્રણથી અવનવાં ગાયનનો અભ્યાસ કરીને તેમાં પારંગત થઈ શકે છે. વાદનની સરખામણીમાં ગાયનમાં વધારે શ્રમ અને શક્તિની અને અનુશાસનની જરૂર પડે છે. જ્યારે શહનાઈમાં ખૂબ જ પરિશ્રમ, શક્તિ અને સાધનાની જરૂર પડે છે, કારણ કે શહનાઈના વાદનમાં સ્વરોતો ઉતાર-ચઢાવમાં શ્વાસ સાથે સીધો સંબંધ છે.

શહનાઈ-જગતના આવા બેતાજ બાદશાહ બિસ્મિલ્લાહખાનનો જન્મ બિહારની કુમરાવ રિયાસતમાં સન ૧૯૧૬માં થયો હતો. તેમના પૂર્વજો આ રિયાસતમાં દરબારી શહનાઈવાદકો હતા. ખાનસાહેબનું કહેવું છે કે, હું નાનપણમાં ગિલ્લીદંડા રમવાનું અને શહનાઈ વગાડવાનું લગભગ સાથે જ શીખેલો. ભણવા-લખવામાં મને જરા પણ રસ નહોતો. જેમ પાણીમાં માછલી જન્મ સાથે તરવાનું પોતાની જાતે જ શીખી લે છે તેમ મેં શહનાઈ વગાડવાનું શીખી લીધું હતું. તેમના શહનાઈના શૉખને જોઈને તેમના મામાએ છ વર્ષની ઉંમરે જ તેમને શહનાઈ ભેટ આપી હતી. તે દિવસે જે શરણાઈ પકડી તે પૂર્ણ શ્રદ્ધા અને વિશ્વાસપૂર્વક આજે પણ પકડી રાખી છે. ખાનસાહેબ છેલ્લાં ૭૦ વર્ષથી એકધારી શહનાઈ વગાડતા આવ્યા છે. તેઓએ દેશ-વિદેશની રાજધાનીના ઉત્સવો મહોત્સવોમાં શહનાઈના કાર્યક્રમો આપ્યા છે. તેમનું સમગ્ર જીવન શહનાઈ અને સંગીતને સમર્પિત છે.

ખાનસાહેબે સંગીતનું શિક્ષણ પોતાના મામા અલીબક્ષ વિલાયત અને અહમદહુસેન પાસેથી લીધું. અલીબક્ષ ગંગા કિનારે આવેલા બનારસના કાશીવિશ્વનાથ મંદિરના શહનાઈ-વાદક હતા તેઓ કઠોર રિયાઝ કરતા. પોતાના શહનાઈ વાદનથી તેઓ વરસાદતો નહોતા વરસાવી શકતા પણ મંદિરનાં દર્શનાર્થીઓની આંખોમાં અશ્રુધારા વહાવી શકતા હતા. અલીબક્ષ પોતે એક ફકીર જેવા હતા. અઢી મીટરનું એક જ વસ્ત્ર પહેરતા. પોતાની જરૂરીઆતો ઓછી રાખતા, કહેવાય છે કે શહનાઈ તેમણે ગંગાકિનારાના કોઈ સાધુ મહારાજ પાસેથી શીખી હતી. બિસ્મિલ્લાખાને ૧૪ વર્ષની ઉંમરમાં પ્રથમ વાર ૧૯૩૦માં અલ્હાબાદના અખિલ ભારતીય સંગીત સંમેલનમાં ભાગ લીધો. તેઓને માત્ર થોડાક સમય પૂરતું જ વગાડવાનું કહેવામાં આવેલું. પણ પોતાની કલાથી એમણે એવું વાતાવરણ સર્જાવી દીધું કે સાંભળનારા સ્તબ્ધ થઈ ગયા અને સ્વરધારામાં ડૂબી ગયા. ૧૯૩૭માં કલકત્તાના સંગીત-અધિવેશનમાં ભાગ લીધો ત્યારે તેઓ માત્ર ૨૦ વર્ષના હતા. ખ્યાતિ સાથે તેમને ક્યારેક સંઘર્ષના દિવસો પણ પસાર કરવા પડ્યા હતા. ભારતની સ્વતંત્રતાની ઉજવણીમાંનો શહનાઈ વગાડવા માટે તેમને પસંદ કરવામાં આવ્યા અને આ સાથે દેશભરમાંથી તેમના ઉપર સન્માનોની જાણે કે વર્ષા વરસવાની શરૂ થઈ ગઈ.

બિસ્મિલ્લાખાનને પદ્મશ્રી, પદ્મભૂષણ પદ્મવિભૂષણ જેવા ખિતાબોથી નવાજવામાં આવ્યાં. શાંતિનિકેતનની માનદ્ 'ડૉક્ટરેટ'ની પદવી મળી. લાખો રેકોર્ડ્ઝ અને કસેટ્સ એ તેમની કીર્તિનું સાક્ષી છે. ફિલ્મ 'ગુંજી ઊઠી શહનાઈ'માં તેમની કલાએ લોકોને ડોલાવી દીધા હતાં. પોતાના જૂના-મકાનોના કસ્બામાં કુટુંબ-કબીલા સાથે તેઓ રહે છે, વિમાન કરતાં રેલવેમાં મુસાફરી કરવાનું વધારે પસંદ કરે છે. તેઓને સિગારેટ પીવાનો શૉખ છે. તેમ છતાં તેઓ કહે છે કે આ બુરી આદત છે. તેઓ સગાં-વહાલાંઓને પ્રસંગોપાત્ત મદદ કરે છે. સંગીતના કલાકારોને શિષ્યવૃત્તિમાં સહાય કરે છે. ખૂબ જ ભાવુક, ધાર્મિક અને સંવેદનશીલ છે. તેઓ જેમ ખડખડાટ હસી શકે છે તેમ ભાવવિભોર થાય તો રડવા પણ લાગી જાય છે. તેઓ સવારની નમાજ પઢ્યા વગર શહનાઈને મોંઢે લગાડતા નથી. તેઓ કહે છે કે સંગીત, સૂર, અને નમાઝ બધું એક જ છે. આ બધા રસ્તાઓથી આપણે પ્રભુ પાસે પહોંચી શકીએ છીએ.

આવી બહુ જ પ્રતિભાશાળી વ્યક્તિને આ વર્ષે ભારતના સર્વશ્રેષ્ઠ ખિતાબ 'ભારતરત્ન'થી નવાજવામાં આવ્યા છે, જે તેમના શહનાઈવાદનના પ્રદાન માટે યોગ્ય જ છે. સંગીતના શોખીન શ્રોતાઓએ ખાંસાહેબની ઠુમરી, કજરી, ચૈતી, અને પૂર્વી ધૂનોનો આનંદ લેવા જેવો છે. તેમાં પણ જયારે ઝરમર વર્ષા થતી હોય, વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હોય અને શહનાઈના સૂરો રેલાતા હોય તે સમયનો આનંદ અલૌકિક છે. બિસ્મિલ્લાખાન સાહેબ હજુ વધારે આયુષ્ય ભોગવે અને આપણા દેશને વધારે રચના દ્વારા સમૃદ્ધ કરે એ જ, એમને સાચી સલામ.

-ગજેન્દ્ર શાહ

૩૦૧ વર્ષનું કેલેન્ડર

માધવજી દેવળીઆ

No. 1 ....વર્ષ માટેનો કોઠો.......

લીપ યીઅર વગરના ૧૮૦૦થી ૨૧૦૦ સુધીના વર્ષો

૧૮૦૧	૧૮૨૯	૧૮૫૭	૧૮૮૫	૧૯૧૪	૧૯૪૨	૧૯૭૦	૧૯૯૮	૨૦૨૬	૨૦૫૪	૨૦૮૨
૧૮૦૭	૧૮૩૫	૧૮૬૩	૧૮૯૧	૧૯૨૫	૧૯૫૩	૧૯૮૧	૨૦૦૯	૨૦૩૭	૨૦૬૫	૨૦૯૩
૧૮૧૮	૧૮૪૬	૧૮૭૪	૧૯૦૩	૧૯૩૧	૧૯૫૯	૧૯૮૭	૨૦૧૫	૨૦૪૩	૨૦૭૧	૨૦૯૯
૧૮૦૨	૧૮૩૦	૧૮૫૮	૧૮૮૬	૧૯૧૫	૧૯૪૩	૧૯૭૧	૧૯૯૯	૨૦૨૭	૨૦૫૫	૨૦૮૩
૧૮૧૩	૧૮૪૧	૧૮૬૯	૧૮૯૭	૧૯૨૬	૧૯૫૪	૧૯૮૨	૨૦૧૦	૨૦૩૮	૨૦૬૬	૨૦૯૪
૧૮૧૯	૧૮૪૭	૧૮૭૫	૧૯૦૯	૧૯૩૭	૧૯૬૫	૧૯૯૩	૨૦૨૧	૨૦૪૯	૨૦૭૭	૨૧૦૦
૧૮૦૩	૧૮૩૧	૧૮૫૯	૧૮૮૭	૧૯૨૧	૧૯૪૯	૧૯૭૭	૨૦૦૫	૨૦૩૩	૨૦૬૧	૨૦૮૯
૧૮૧૪	૧૮૪૨	૧૮૭૦	૧૮૯૮	૧૯૨૭	૧૯૫૫	૧૯૮૩	૨૦૧૧	૨૦૩૯	૨૦૬૭	૨૦૯૫
૧૮૨૫	૧૮૫૩	૧૮૮૧	૧૯૧૦	૧૯૩૮	૧૯૬૬	૧૯૯૪	૨૦૨૨	૨૦૫૦	૨૦૭૮	
૧૮૦૫	૧૮૩૩	૧૮૬૧	૧૮૮૯	૧૯૦૭	૧૯૩૫	૧૯૬૩	૧૯૯૧	૨૦૧૯	૨૦૪૭	૨૦૭૫
૧૮૧૧	૧૮૩૯	૧૮૬૭	૧૮૯૫	૧૯૧૮	૧૯૪૬	૧૯૭૪	૨૦૦૨	૨૦૩૦	૨૦૫૮	૨૦૮૬
૧૮૨૨	૧૮૫૦	૧૮૭૮	૧૯૦૧	૧૯૨૯	૧૯૫૭	૧૯૮૫	૨૦૧૩	૨૦૪૧	૨૦૬૯	૨૦૯૭
૧૮૦૦	૧૮૨૩	૧૮૫૧	૧૮૭૯	૧૯૧૩	૧૯૪૧	૧૯૬૯	૧૯૯૭	૨૦૨૫	૨૦૫૩	૨૦૮૧
૧૮૦૬	૧૮૩૪	૧૮૬૨	૧૮૯૦	૧૯૧૯	૧૯૪૭	૧૯૭૫	૨૦૦૩	૨૦૩૧	૨૦૫૯	૨૦૮૭
૧૮૧૭	૧૮૪૫	૧૮૭૩	૧૯૦૨	૧૯૩૦	૧૯૫૮	૧૯૮૬	૨૦૧૪	૨૦૪૨	૨૦૭૦	૨૦૯૮
૧૮૦૯	૧૮૩૭	૧૮૬૫	૧૮૯૩	૧૯૧૧	૧૯૩૯	૧૯૬૭	૧૯૯૫	૨૦૨૩	૨૦૫૧	૨૦૭૯
૧૮૧૫	૧૮૪૩	૧૮૭૧	૧૮૯૯	૧૯૨૨	૧૯૫૦	૧૯૭૮	૨૦૦૬	૨૦૩૪	૨૦૬૨	૨૦૯૦
૧૮૨૬	૧૮૫૪	૧૮૮૨	૧૯૦૫	૧૯૩૩	૧૯૬૧	૧૯૮૯	૨૦૧૭	૨૦૪૫	૨૦૭૩	
૧૮૧૦	૧૮૩૮	૧૮૬૬	૧૮૯૪	૧૯૧૭	૧૯૪૫	૧૯૭૩	૨૦૦૧	૨૦૨૯	૨૦૫૭	૨૦૮૫
૧૮૨૧	૧૮૪૯	૧૮૭૭	૧૯૦૦	૧૯૨૩	૧૯૫૧	૧૯૭૯	૨૦૦૭	૨૦૩૫	૨૦૬૩	૨૦૯૧
૧૮૨૭	૧૮૫૫	૧૮૮૩	૧૯૦૬	૧૯૩૪	૧૯૬૨	૧૯૯૦	૨૦૧૮	૨૦૪૬	૨૦૭૪	

No. 1 લીપ યીઅર ૧૮૦૪થી ૨૦૯૬ સુધીતાં વર્ષોનો કોઠો

૧૮૦૪	૧૮૩૨	૧૮૬૦	૧૮૮૮	૧૯૨૮	૧૯૫૬	૧૯૮૪	૨૦૧૨	૨૦૪૦	૨૦૬૮	૨૦૯૬
૧૮૦૮	૧૮૩૬	૧૮૬૪	૧૮૯૨	૧૯૦૪	૧૯૩૨	૧૯૬૦	૧૯૮૮	૨૦૧૬	૨૦૪૪	૨૦૭૨
૧૮૧૨	૧૮૪૦	૧૮૬૮	૧૮૯૬	૧૯૦૮	૧૯૩૬	૧૯૬૪	૧૯૯૨	૨૦૨૦	૨૦૪૮	૨૦૭૬
૧૮૧૬	૧૮૪૪	૧૮૭૨	૧૯૧૨	૧૯૪૦	૧૯૬૮	૧૯૯૬	૨૦૨૪	૨૦૫૨	૨૦૮૦	
૧૮૨૦	૧૮૪૮	૧૮૭૬	૧૯૧૬	૧૯૪૪	૧૯૭૨	૨૦૦૦	૨૦૨૮	૨૦૫૬	૨૦૮૪	
૧૮૨૪	૧૮૫૨	૧૮૮૦	૧૯૨૦	૧૯૪૮	૧૯૭૬	૨૦૦૪	૨૦૩૨	૨૦૬૦	૨૦૮૮	
૧૮૨[illegible]	[illegible]	૧૮૮૪	૧૯૨૪	૧૯૫૨	૧૯૮૦	૨[illegible]	[illegible]	૨૦૬૪	૨૦૯૨	

No. 2 મહિનાઓ માટેનો કોઠો

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	[illegible]
જા.	ફે.	મા.	એ.	મે	જૂ	જુ	ઓ.	સ	ઓ	ન	[illegible]
૪	૭	૭	૩	૫	૧	૩	૬	૨	૪	૭	[illegible]
૫	૧	૧	૪	૬	૨	૪	૭	૩	૫	૧	[illegible]
૬	૨	૨	૫	૭	૩	૫	૧	૪	૬	૨	[illegible]
૨	૫	૫	૧	૩	૬	૧	૪	૭	૨	૫	[illegible]
૩	૬	૬	૨	૪	૭	૨	૫	૧	૩	૬	[illegible]
૭	૩	૩	૬	૧	૪	૬	૨	૫	૭	૩	[illegible]
૧	૪	૪	૭	૨	૫	૭	૩	૬	૧	૪	૬
	૨૯										
૭	૩	૪	૭	૨	૫	૭	૩	૬	૧	૪	૬
૫	૧	૨	૫	૭	૩	૫	૧	૪	૬	૨	[illegible]
૩	૬	૭	૩	૫	૧	૩	૬	૨	૪	૭	[illegible]
૧	૪	૫	૧	૩	૬	૧	૪	૭	૨	૫	૭
૬	૨	૩	૬	૧	૪	૬	૨	૫	૭	૩	૨
૪	૭	૧	૪	૬	૨	૪	૭	૩	૫	૧	[illegible]
૨	૫	૬	૨	૪	૭	૨	૫	૧	૩	૬	૧

No. 3 દિવસ માટેનો કોઠો

રવિવાર	૧	૮	૧૫	૨૨	૨૯	૩૬
સોમવાર	૨	૯	૧૬	૨૩	૩૦	૩૭
મંગળવાર	૩	૧૦	૧૭	૨૪	૩૧	૩૮
બુધવાર	૪	૧૧	૧૮	૨૫	૩૨	
ગુરૂવાર	૫	૧૨	૧૯	૨૬	૩૩	
શુક્રવાર	૬	૧૩	૨૦	૨૭	૩૪	
શનિવાર	૭	૧૪	૨૧	૨૮	૩૫	

૧૮૦૦ થી ૨૧૦૦ સુધીનાં ૩૦૧ વર્ષમાં કોઈ પણ તારીખે કયો વાર આવે છે, તે આ સાથેના કેલેન્ડરથી શોધી શકાશે. તેમાં નંબર ૧ વર્ષ માટેનો કોઠો. નંબર ૨ મહિનાઓ અને નંબર ૩ દિવસ માટેના કોઠાઓ છે.

સૌથી પહેલાં જે વર્ષનો દિવસ જોવો હોય, વર્ષના કોઠા નંબર ૧ માંથી શોધી કાઢીને તે વર્ષના ખાનાની સામે આવતા કોઠા નંબર ૨માં માગેલા મહિનાના ખાનામાં જે આંકડો હોય તે આંકડો આપેલી તારીખમાં ઉમેરવો. ઉમેરતાં જે આવે તે કોઠા નંબર ૩ દિવસના કોઠામાં તે આંકડાની સામે આવતો દિવસ જાણવો. જેમ કે ૧૫મી ઓગસ્ટ ૨૦૦૧ના દિવસે કયો વાર હશે ?

રીત : વર્ષ ૨૦૦૧ના ખાના ની સામે 'ઓ' ઓગસ્ટ માસના ખાનામાં આવેલ '૩' આંકડાને આપેલી તારીખ ૧૫માં ઉમેરતાં ૧૮ થાય. જેની સામે દિવસના કોઠા નંબર ૩ માં બુધવાર આવે છે. એટલે આપણે કહી શકીએ ૧૫મી ઓગસ્ટ બુધવાર ૨૦૦૧.

મહિનાઓ માટેના કોઠામાં દરેક અંગ્રેજી મહિનાના પહેલા અક્ષરથી અને તેની ઉપર જણાવેલ આંકડા વર્ષનો કેટલામો મહિનો છે તે દર્શાવે છે. દા.ત. ઓ. ઓગસ્ટ. ડિ. ડિસેમ્બર.

લીપ યીઅપ ૨ વર્ષો માટેનો જુદો કોઠો બનાવેલ છે કેમકે તે વર્ષના મહિનાઓ માટેના આંકડાઓ જુદા જ આવે છે. પરંતુ તેની રીત ઉપર પ્રમાણે જ છે. તેમાં કંઈ ફેરફાર થતો નથી. સૈંકડાના વર્ષના પહેલા બે આંકડાને ૪ થી નિ:શેષ ભાગી શકાય તેને લીપ યીઅર તરીકે ગણવામાં આવે છે. એટલે ૧૮૦૦, ૧૯૦૦, ૨૧૦૦ એ વર્ષોને લીપ યીઅર તરીકે ગણવામાં નથી આવતા. ૨૦૦૦ના વર્ષને લીપ યીઅર તરીક ગણવામાં આવેલ. એટલે એમ કહી શકાય કે દર ચારસો વર્ષે એક સૈંકડાને લીપ યીઅર વર્ષ તરીકે ગણવામાં આવે છે. ઉપરોકત રીત પ્રમાણે ૧૮૦૦ થી ૨૧૦૦ સુધીનાં ૩૦૧ વર્ષમાંથી કોઈ પણ સારીખનો વાર શોધી શકાય છે.

સાહિત્યસંપર્ક

વિદ્યાલોકવાસી જયંત કોઠારી

પહેલી એપ્રિલ ૨૦૦૧ રવિવારની વહેલી સવારે જયંત કોઠારી વિદ્યાલોકવાસી બન્યા છે. ૨૮ જાન્યુઆરી ૧૯૩૦ના રોજ રાજકોટમાં એમનો જન્મ. મૂળ વતન ચોટીલા પાસેનું થાન,



પિતા સુખલાલ કુટુમ્બને રાજકોટ રાખી વિદેશ રળવા ગયેલા. જયંતભાઈ અઢી વરસના હતા ત્યારે તેમના પિતાનું અવસાન થયેલું. પિતાના મોટાભાઈને રાજકોટમાં કટલેરીની દુકાન. અભ્યાસકાળ દરમિયાન અને મૅટ્રિક પછી પણ થોડો સમય જયંતભાઈ કટલેરીની દુકાને બેઠા છે. ૧૯૫૬માં રાજકોટમાં લગ્ન, ૧૯૫૭માં રાજકોટથી બી.એ. ૧૯૫૯માં કવીશ્વર દલપતરામ સુવર્ણચંદ્રક સાથે એમ.એ. થઈ એ જ વર્ષે અમદાવાદની પ્રકાશ આર્ટ્સ કૉલેજમાં અધ્યાપક તરીકે નિમાયા. ૧૯૬૦માં જયંતભાઈનો પહેલો લેખ, એ જ વર્ષે આરંભ પામેલા ગુજરાતી સાહિત્ય પરિષદના મુખપત્ર 'પરબ'ના પહેલા અંકમાં પ્રસિદ્ધ થયો અને આ જ વર્ષે 'ભારતીય કાવ્ય સિદ્ધાંત', (પ્રા. નટુભાઈ રાજપરા સાથે) ગુજરાતી વિષય લઈને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના સંદર્ભગ્રંથ તરીકે પ્રકાશન પામ્યો ! વિવેચક અને શિક્ષક તરીકેના જયંતભાઈનાં બન્ને પાસાંઓના એકસાથે થયેલા આ અભ્યુદયને સત્કારતાં અનંતરાય રાવળે લખ્યું : 'હજુ તો એમ.એ.ની ઉત્તરપોથીઓ પર શાહી પણ સૂકાઈ નથી કે આ પુસ્તક !' પછીનાં એકતાલીશ વર્ષ જયંતભાઈનું એક પગલું વિવેચન સંશોધનનું છે તો બીજું પગલું શૈક્ષણિક સંદર્ભનું છે ! એમની ગતિ સીધી અને સતત વિદ્યાલોક ભણી રહી છે ! 'ભારતીય કાવ્ય-(સિદ્ધાંત' (૧૯૬૦) સાથે 'પ્લૅટો ઍરિસ્ટોટલની કાવ્યવિચારણા' (૧૯૯૯)થી સૈદ્ધાંતિક વિવેચનનું એક વર્તુલ પૂરું થાય છે તો 'ઉપક્રમ,' 'અનુક્રમ' સાથે 'વિવેચનનું વિવેચન'નો જે ક્રમ ચાલ્યો, તેની સાથે નિબંધ, ટૂંકીવાર્તા અને એકાંકી વિષયક શૈક્ષણિક સામગ્રીથી એક બૃહદ્ વર્તુલ સધાયું છે !

જયંતભાઈની જિંદગી એક વિદ્યાતપનિષ્ઠ શુદ્ધ સારસ્વતની જિંદગી હતી, જેમાં સાહિત્યવિવેચન અને શૈક્ષણિક વાસ્તવ એકમેકનાં સહારે સતત વર્તુલાતાં રહ્યાં છે ! સાહિત્ય પરિષદ અને અધ્યાપક સંઘની પ્રવૃત્તિના તાણાવાણા પણ જયંતભાઈના સાહિત્યિક-શૈક્ષણિક વ્યક્તિત્વની ઉજ્જ્વલ રેખાઓ છે. ૧૯૭૮માં એમણે 'અધીત' વાર્ષિકનો આરંભ કર્યો અને એક શૈક્ષણિક પરંપરા ઊભી થઈ, ૧૯૮૦માં સાહિત્યપરિષદ સાથે જોડાયા અને 'કોશ'ની મહાન પરંપરાનું સર્જન થયું. માત્ર પુસ્તકપ્રકાશન નહિ, માતૃભાષાના સંરક્ષણ અર્થે તેઓ આંદોલનકાર પણ બન્યા છે ! ૧૯૭૫ પછી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ વચ્ચે ! 'ઉચ્ચતર માધ્યમિક'નો ગાળો મૂકવાની હિલચાલમાં ગુજરાતીનો અભ્યાસક્રમ અન્ય ભાષા સાથે ટૂંકાવી નાખવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો હતો, આની ભાવિ અસર માતૃભાષાના સ્થાનને ગૌણ બનાવનાર તથા માતૃભાષાના શિક્ષકોની સંખ્યાને ઉત્તરોત્તર ઘટાડનાર હતી. આ પરિસ્થિતિ પરત્વે જયંતભાઈએ સંઘનું ધ્યાન દોર્યું અને ૧૯૭૮ના ઈડર અધિવેશનમાં એના વિરોધનો ઠરાવ થયો. આ ઠરાવના અમલીકરણ માટે મિત્રો સાથે રૂબરૂ રજૂઆત કરવા પણ તેઓ ગયા. પ્રાથમિક કક્ષાથી ઉચ્ચ શિક્ષણ સુધી માતૃભાષાનું સ્થાન યથાવત્ અને ગૌરવાંક્તિ રહે તે માટે તેમણે મિત્રો સાથે ધોરણ પાંચથી દશનાં વ્યાકરણો લખ્યાં અને ધોરણ આઠથી અગિયાર સુધીની 'ગુજરાતી વાચનમાળા'ઓ તૈયારી કરી તેમ 'સુદામાચરિત્ર' આદિનાં સંપાદનો, કાવ્યાસ્વાદો અને 'ભાષા પરિચય' આપ્યાં. જયંતભાઈ હાડોહાડ શિક્ષક હતા. એક શિક્ષકની સરલતા અને તટસ્થતા, એક શિક્ષકના અધીત અને અદ્વેષ જયંતભાઈના વ્યક્તિત્વના મૂળભૂત અંશો હતા.


શિક્ષકની નિષ્ઠાનું એકનિષ્ઠ ફળ તે જયંતભાઈનો મધ્યકાલીન સાહિત્યનો અભ્યાસ છે. નરસિંહ અને અખો, જયંતપૂત થઈને નીતર્યા નીર સમા બન્યાં છે ! 'સાહિત્યકોશ' (મધ્યકાળ) અને 'મધ્યકાલીન ગુજરાતી શબ્દકોશ' તો શિરીષ પંચાલ કહે છે તેમ 'આપણી વિદ્વત્તાને આંતરરાષ્ટ્રિય સ્તરે મૂકી આપે છે.' સહેજ પણ નમતું જોખ્યા વિના કે શ્વાસ ખાધા વિના પૂરેપૂરા ચાર દાયકા માત્ર શબ્દની સાધના પાછળ જ આપવા તે જેવાતેવા જીવતરનું કામ નથી ! જયંતભાઈ, વીસમી સદીની છેલ્લી પચીસીના આપણી સાહિત્યની આરાધ્યમૂર્તિ હતા.

•

આમ તો જયંતભાઈનું 'ભારતીય કાવ્ય-સિદ્ધાંત' લઈને મેં મારી બી.એ.ની પરીક્ષા ૧૯૬૩માં જૂનાગઢથી પસાર કરેલી પણ પ્રત્યક્ષ પરિચયમાં આવવાનું ૧૯૮૦ની આજુબાજુ. ખાસ તો ગુજરાતીનો અધ્યાપક સંઘના આદિપુર (કચ્છ) અધિવેશન દરમિયાન બનેલું. 'મધ્યકાલીન સાહિત્ય સાંસ્કૃતિક સંદર્ભ વિના ન જ ઉકેલી શકાય' 'એવા મારા પ્રતિપાદન સાથે જયંતભાઈ સહમત હતા અને ઘણા પ્રેમથી મારા પ્રવાસો વિશે પૃચ્છા કરતા તથા પત્રો લખી, નાનીમોટી જાણકારી મંગાવતા-આપતા. મેં એમને હંમેશાં એક પ્રેમાળ મિત્ર તરીકે અનુભવ્યા છે. સાહિત્ય પરિષદના હૈદરાબાદ અધિવેશન (૧૯૮૧) દરમિયાન સાથે પ્રવાસ કરેલો અને અજંતા-ઈલોરાનાં ચિત્રો તથા શિલ્પો વિશે વણથક વાતો કરેલી. છેલ્લી ગુફામાં દેહત્યાગની ઘટના, શિલ્પમાં કેવી રીતે રજૂ થઈ છે તે મેં સ્પષ્ટ કર્યું એનાથી આનંદિત થઈને : 'ગુજરાતનાં ઉત્તમ શિલ્પો વિશે આસ્વાદો લખવાં ઘટે' એવું સૂચન કરેલું. હું જોઈ શક્યો કે એમનું ભાવવિશ્વ સ્હેજ પણ સાંકડું નથી. બધી જ કલાઓ વિશે અને ગૌર કપાળમાં મોટો ચાંદલો મંગળાબહેનને કેવો શોભે છે તેની સપ્રસન્ન વાતો કરી શકતા ! એમના સત્યકામ સોસાયટીના ઘરના નામ વિશે મને આશ્ચર્ય થયેલું. 'ઝબક' કંઈક આગંભીર નામ લાગેલું. પણ જ્યારે જાણ્યું કે એમની માતાનું લાડનું નામ 'ઝબક' હતું ત્યારે એમની કુટુમ્બ-વત્સલતાનું ઊંડાણ અનુભવેલું ! આ પ્રવાસમાં એમની વહેવારકુશળતાનો પરિચય પણ થયેલો. લક્ઝરીના બધા યાત્રીઓની લાગણી હતી કે આ પ્રવાસની કાયમી યાદગીરી માટે કોઈક એક વસ્તુ સરખી ખરીદવી. નક્કી કરવાનું અને ખરીદવાનું જયંતભાઈ ઉપર છોડવામાં આવ્યું. જયંતભાઈએ રસ્તામાં આવતા શોલાપુરી મિલમાંથી બરાબર કસીને એક સરખી ૬૨ ચાદરો ખરીદી ! ૫૮ યાત્રીઓ માટે અને ૪

સર્જકસૃષ્ટિ : વ્યંગદૃષ્ટિ

[કેરિકેચર : નિર્મિશ ઠાકર]





એ ક્ષોભથી મેં ના કર્યો ઉલ્લેખ આપનો,
લાગે ન ક્યાંય ફૂલને નાનમ વસંતમાં.

•

ગયો એ હાથથી છટકી, હવે શું બાંધશે દુનિયા !
બધાંયે બંધનો ત્યાગી, અમર હમણાં જ સૂતો છે.

-અમર પાલનપુરી

રમતાં રમતાં લડી પડે ભૈ, માણસ છે !
હસતાં હસતાં રડી પડે ભૈ, માણસ છે !

•

મને જિંદગીને મરણની ખબર છે,
કબર પર ફૂલો ને ફૂલો પર કબર છે.

-જયંત પાઠક

ડ્રાઈવર-કન્ડક્ટરને ભેટ આપવા ! જયંતભાઈની દૃષ્ટિ, જીવનના સ્થૂળ વહેવારમાં પણ ઊણી ઊતરે એવી નો'તી ! બહુ ઓછા મિત્રોને અનુભવ હશે કે જયંતભાઈ ઓરડો ભરાઈ જાય તેવું ખડખડાટ હસી શકતા !

એક પરિસંવાદમાં એક મુખ્ય વક્તાએ અતિ ઘણો સમય લીધો અને મૂળ વિષય પર આવ્યા જ નહિ ! ભોજનખંડમાં જતાંજતાં મેં અમારા પંથકની વાત કરી કે મૂળ મુદ્દો હોય નહિ અને આખા ગામનો વખત બગાડે ત્યારે ચોરે બેઠેલો વડીલ આ ઉક્તિ બોલે. મેં ઉક્તિ બોલી સંભળાવી તે સાંભળતાં જ જયંતભાઈ અતિ મોટા અવાજ સાથે બેવડા વળીવળીને હસવા લાગ્યા ! એમને આવી રીતે સાવ મુક્તમને હસતા જોવા તે એક લ્હાવો હતો.

'સાહિત્યકોશ' (મધ્યકાળ) વિશે મારી એક ફરિયાદ હંમેશાં હું એમને કહેતો, 'શા માટે ચારણકવિઓના અધિકરણો નહિ ? ડિંગળી ઉપરાંત ચારણકવિઓની જૂની ગુજરાતી અને ગુજરાતી રચનાઓ પણ સેંકડોની સંખ્યામાં મળે છે, છતાં તમે મૌન કેમ ?' 'જયંતભાઈએ આનો ખુલાસો કદીય કરેલો નહિ ! એમના જેવો વિદ્વાન માત્ર જૈન સાહિત્યને જ મહત્ત્વ આપે તે મને આજે ય વિચારવું ગમતું નથી. આવું જ હ્રસ્વ-ઉના લિપિસુધાર વિશે બનેલું : 'તમે સરલતાના મોહમાં સાંસ્કૃતિક સંદર્ભ ઉપરાંત લિપિનું સૌંદર્ય હણવા તૈયાર થયા છો. શીક્ષક, સાહીત્ય, વીવેચન-આમાં હ્રસ્વ ઇ નું સૌંદર્ય ક્યાં ? છેલ્લે છેલ્લે આ વિશે અમારી વચ્ચે પત્રયુદ્ધ થયેલું અને તે પણ અનુષ્ટુપમાં ! હા, જયંતભાઈ પોતાના વિચારો અને ઊર્મિઓ છંદોમાં વ્યક્ત કરી શકતા ! એમનું તળ એક કવિનું હતું ! આનંદઘન કહે, જસા, સુનો બાતાં' એ પંક્તિ વિશે 'ગોરખ કહે, મંછા, સુનો બાતાં' એ પંક્તિ મેં કહી તે ઉપર વિસ્ફારિતનેત્ર થઈને જયંતભાઈ આખા ને આખા ખુલ્લા થયા હતા ! આનંદઘન જાણે એમનો આદર્શ હતો.

જયંતભાઈ એકોતેર વર્ષનું પૂર્ણ આયુ જીવીને વિદાય થયા છે. એમનાં નાનાંમોટાં પ્રકાશનોની સંખ્યા પણ એકોતર છે. એમને યાદ કરતાં 'કુળ એકોતર તાર્યાં રે'ની ધન્યતાનાં અનુભવ થાય છે.

-નરોત્તમ પલાણ

પ્રાપ્ત પ્રકાશનો

ઈમેજ પબ્લિકેશન્સ પ્રા.લિ. (૧-૨, અપરલેવર, સેન્ચૂરી બજાર, આંબાવાડી સર્કલ, અમદાવાદ-૩૮૦ ૦૦૬)નાં પ્રકાશનો

વિચાર-વિહાર (વિચારબિંદુઓની નોંધ) લે. હરિવલ્લભ ભાયાણી, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૦૪, રૂ. ૬૦. મહિયારાનાં મુક્તક (અંગ્રેજી મુક્તસંગ્રહ) અનુ. હરિવલ્લભ ભાયાણી, ડિમાઈ સાઈઝ, પૃ. ૫૬, રૂ. ૩૦. દેશ-વિદેશની રંગભૂમિ (રંગભૂમિવિષયક લેખો) લે. ઉત્પલ ભાયાણી, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૦, રૂ. ૭૦. મરીઝ : અસ્તિત્વ અને વ્યક્તિત્વ (જીવન અને કવન) લે. રઈશ મનીઆર, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૮, રૂ. ૮૦. તમે અને તમારું નીરોગી બાળક (બાળવિકાસ અને બાળઉછેરની માહિતી) લે. ડૉ. રઈશ મનીઆર, ડિમાઈ પૃ. ૮૮, રૂ. ૬૦. કંસારા બજાર (કાવ્યસંગ્રહ) લે. મનીષા જોષી, ડિમાઈ સાઈઝ, પૃ. ૮૮, રૂ. ૬૦. મનોમેળ તે મૈત્રી (લેખસંગ્રહ) લે. જયન્ત પાઠક, ડિમાઈ સાઈઝ, પૃ. ૮૦, રૂ. ૫૦. તાજા કલમમાં એ જ કે (ગઝલસંગ્રહ) લે. મુકુલ ચોકસી, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૩૪, રૂ. ૮૦. મુનશીનો વૈભવ (કનૈયાલાલ મુનશી-વિશેષ) સં. દીપક મહેતા, ડિમાઈ સાઈઝ, પૃ. ૪૭૨, રૂ. ૩૦૦. કાવ્યવિશ્વ (૫૦ દેશોની ૭૭થી વધુ ભાષાનાં કાવ્યોનો ગુજરાતી અનુવાદ) સંપાદક : સુરેશ દલાલ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૪૪૫, રૂ. ૩૦૦. સમય સમય (કાવ્યસંગ્રહ) લે. લાભશંકર ઠાકર ડિમાઈ સાઈઝ, પૃ. ૯૬, રૂ. ૪૦. એકવેરિયમમાં દરિયો (કાવ્યસંગ્રહ) લે. પ્રીતમ લખલાણી, ડિમાઈ ૧/૧૬ સાઈઝ, પૃ. ૬૦, રૂ. ૨૫. ભજ ગોવિન્દમ્ શંકરાચાર્ય : આસ્વાદ અને અર્થસંકર : સુરેશ દલાલ, ડિમાઈ ૧/૧૨ સાઈઝ, પૃ. ૧૮૦, રૂ. ૭૦. કોરે કાગળ સહી (કાવ્યસંગ્રહ) લે. મહેશ દવ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૮૦, રૂ. ૭૦. ભમ્મરિયા કૂવાને કાંઠડે (લોકગીત સંગ્રહ) સંપાદન : સુરેન ઠાકર 'મેહુલ' ડિમાઈ સાઈઝ પૃ. ૧૭૪, રૂ.૧૧૦.

દર્શન ટ્રસ્ટ (એ/૯, બંકિમ સોસાયટી, બિમલ) આઝાદ સોસાયટી પાસે, પોલિટેકનિક અમદાવાદ-૩૮૦ ૦૧૫)નાં પ્રકાશનો.

ગુરુવંદના (બ્રહ્મર્ષિ કે.કા. શાસ્ત્રી વિષેના જુદા જુદા છ લેખકોના લેખો), ડિમાઈ સાઈઝ, પૃ. ૧૬, કિંમત જણાવી નથી. ઈતિહાસ સંસ્કૃતિ-દર્શન (લેખસંગ્રહ) લે. અધ્યા (ડૉ.) કેશવરામ કાશીરામ શાસ્ત્રી, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૪૪, રૂ. ૬૫. સંસ્કૃત સંસ્કૃતિ-દર્શન (લેખસંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૬૮, રૂ. ૭૫. નભોવાણી અને બીજા લેખો : લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૬૪, રૂ. ૩૫. સામાજિકાદિ દિશા-દર્શન (લેખસંગ્રહ) લે. પ્ર ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૬૦, રૂ. ૭૫. ભાષાકીય દિશા-દર્શન (લેખસંગ્રહ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૫૬, રૂ. ૭૫. મહાભારત : ૨. સભાપર્વ (સમશ્લોકી અનુવાદ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૮૮, રૂ. ૯૦. મહાભારત : ૪. વિરાટ પર્વ (સમશ્લોકી અનુવાદ) લે. પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૪૮, રૂ. ૭૫. વિદુરનીતિ અને ઋષ્યશૃંગાખ્યાન (પદ્યાનુવાદ) અનુવાદ : શાસ્ત્રીજી કાશીરામ કરસનજી બાંભણિયા, પ્ર. શ્યામસુંદર કેશવરામ શાસ્ત્રી, મધુવન, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ક્રાઉન સાઈઝ, પૃ. ૧૧૨, રૂ. ૧૬.

અન્ય પ્રકાશકોનાં

ચં.ચી. મારા ગુરુ (સંસ્મરણો) લે. ડૉ. ગોપાલ શાસ્ત્રી, પ્ર. સાધના શાસ્ત્રી, નરસિંહજીની પોળ, ભાની શેરી, વડોદરા-૧. ડિમાઈ સાઈઝ, પૃ. ૧૫૨, પાકું પૂઠું, રૂ. ૧૦૦. દર્પણ (કાવ્યસંગ્રહ) લે. ફાલ્ગુની અનિલ પટેલ 'પલક', પ્ર. પોતે, ૪ બી, રામનાથ સોસાયટી, પી.ટી. કૉલેજ રોડ, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ડિમાઈ સાઈઝ, પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૫. અદૃશ્ય દીવાલો (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. માવજી મહેશ્વરી, પ્ર. પોતે જ, 'સારંગ', ૬, મહાદેવનગર, અંજાર (કચ્છ), ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૮, કિ. રૂ. ૮૦. પુણ (પદ્યમાં લખાયેલી સાંસારિક નવલકથા) લે. ગોવિન્દભાઈ, પ્ર. પ્રણવ પ્રકાશન, બી/૩૩, પ્રિયદર્શિની એપાર્ટમેન્ટ્સ-૨, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૧૫, ક્રાઉન સાઈઝ, પૃ. ૨૩૨, રૂ. ૭૦. કાંઠા વિનાની વાત (કાવ્યસંગ્રહ) લે. ચંદ્રકાન્ત સાધુ, પ્ર. પોતે, અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કૉમ્પ્લેક્ષ, ખત્રી પોળ, પાડાપોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ ૩૮૦ ૦૦૧. ડિમાઈ સાઈઝ, પૃ. ૮૦, રૂ. ૬૦. અગિયારમી દિશા (કાવ્યસંગ્રહ) લે. વીરુ પુરોહિત, પ્ર. પોતે, ૨૩-એ, રાધેકૃષ્ણનગર, મોતી બાગ માર્ગ, જૂનાગઢ-૩૬૨ ૦૦૧ ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૦, રૂ. ૧૨૦. જૂનાગઢ-૩૬૨ ૦૦૧ ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૦, રૂ. ૧૨. હથેળીમાં નક્ષત્ર (લઘુકથાઓ) લે. નટવર આહલપરા, પ્ર. હેતલ ન. આહલપરા, 'શ્રીપવન તનય', ૩, સુનિત ફ્લૅટ્સ વિરાણી હાઈસ્કૂલ પાસે, ટાગોર માર્ગ, રાજકોટ-૩૬૦ ૦૦૨. ક્રાઉન સાઈઝ, પૃ. ૫૬, રૂ. ૧૫. નેતાજી સુભાષચંદ્ર બોઝ (લઘુજીવન ચરિત્ર) લે. માધવજી નરસી દેવળિયા, કૉવેન્ટ્રી ઈંગ્લન્ડ, પ્ર. વિશ્વભારતી પ્રકાશન, ૩, વિનોદ ખિમજી રોડ, ભારત કોલ કમ્પાઉન્ડ, બૈલ બજાર, જૂના કુર્લા, મુંબઈ-૪૦૦ ૦૭૦ ડિમાઈ સાઈઝ, પૃ. ૪૩, કિ. જણાવી નથી. પ્રભાશંકર પટ્ટણી (પ્રેરક પ્રસંગો) લે. સંત પુનિત મહારાજ, પ્ર. શિશુવિહાર, કૃષ્ણનગર, ભાવનગર-૩ ૬૪૦ ૦૦૧ ક્રાઉન સાઈઝ, પૃ. ૫૨, રૂ. ૯. મિલાપને મળીએ (વિરાટ વાચનપુંજમાંથી સત્ત્વની તારવણી) સંપાદક : મહેન્દ્ર મેઘાણી, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પૃ. ૪૪, રૂ. ૮. હજી તારી રીતે (કાવ્યસંગ્રહ) લે. નિરંજન દેસાઈ 'અમીયાન', પ્ર. ડાં. હરેશ તથાગત, ૩૦૩, ગોકુલ કૉમ્પ્લેક્ષ, રાજકોટ જિલ્લા કોર્ટની સામે, રાજકોટ ૩૬૦ ૦૦૧, ક્રાઉન સાઈઝ, પૃ. ૪૦, રૂ. ૩૫. સંગમ (કાવ્યસંગ્રહ) લે. ગભરુ ભડિયાદરા, પ્ર. પોતે, ગાંધી વિદ્યાપીઠ, વેડછી તા. વાલોડ, જિ. સુરત), ક્રાઉન સાઈઝ, પૃ. ૭૬, રૂ. ૩૦. નાટ્યાનુભૂતિ (નાટકવિષયક લેખો) લે. વિનોદ અધ્વર્યુ, પ્ર. પોતે, ૫૩, કામેશ્વર ટ્વીન્સ, માણેકબાગ સોસાયટી પાછળ, અમદાવાદ-૩૮૦ ૦૧૫, ડિમાઈ સાઈઝ, પૃ. ૨૦૦, રૂ. ૧૦૦. વીરપ્રભુનાં વચનો - ભાગ પહેલો (ભગવાન મહાવીરનાં વચનોના લેખો) લે. રમણલાલ ચી. શાહ, પ્ર. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૮૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૪, ક્રાઉનસાઈઝ, પાકુંપૂઠું, પૃ. ૧૪૮, રૂ. ૫૦. સાંપ્રત સહચિંતન (જુદા જુદા વિષયોના લેખો) લેખક-પ્રકાશક ઉપર મુજબ. ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૫૦. અંદાઝે બયાં (ઉર્દૂ-ગુજરાતી ગઝલો) સંપાદક : આશિત હૈદરાબાદી પ્ર. ચંદ્રિકા સુ. કોટક, એફ/૧૧૪, પ્લીઝન્ટ પાર્ક, મીરા-ભાયન્દર રોડ, મીરારોડ (ઈસ્ટ) ૪૦૧૧૦૪ (જિ. થાના-મહારાષ્ટ્ર), ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૦, રૂ. ૪૦. પરણવાની સજા દીધી (ગઝલસંગ્રહ) સંપાદક-પ્રકાશક ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૬૮, રૂ. ૩૦. નરસિંહનાં પદોમાં સિદ્ધરસ (અભ્યાસલેખ) લે. મકરન્દ દવે, પ્ર. આદ્યકવિ નરસિંહ મહેતા સાહિત્યનિધિ, ૯, દાણાપીઠ સોસાયટી, કૉલેજ રોડ, જૂનાગઢ, ડિમાઈ સાઈઝ, પૃ. ૬૦, રૂ. ૩૫. શબ્દની આરપાર (વિવેચનસંગ્રહ) લે. યોસેફ મૅકવાન, સી/૪, સનશાઈન એપાર્ટમેન્ટ્સ, ડૉ. રાધાકૃષ્ણ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૧૫. રન્નાદે પ્રકાશન, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦૦૦૧. ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૦, રૂ. ૬૦. અવાજના એક્સ રે (કાવ્યસંગ્રહ) લે. પ્ર. મુજબ, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૮, રૂ. ૬૫. લલિત કલા સંપદા (કલા રસદર્શન કરાવતું પુસ્તક) લે. કનુનાયક 'અંકન', પ્ર. એન.એમ. ઠક્કરની કંપની, ૧૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૪૦૦ ૦૦૨, ડિમાઈ સાઈઝ, પૃ. ૧૬૮, રૂ. ૧૨૫. તનાવ (સમસ્યા અને સમાધાન) લે. ચંદ્રહાર ત્રિવેદી, પ્ર.

સુહાસ સમ્યક્ પ્રકાશન, ૬૪, જૈનનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૭, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૭૦. <u>લીલુંછમ</u> (કાવ્યસંગ્રહ) લે. ગિરીશ ભટ્ટ, પ્ર. પોતે, વિશ્વગાથા, મહાવીર ચેમ્બર્સ, પહેલો માળ, સુરેન્દ્રનગર-૩૬૩ ૦૦૧ ક્રાઉન સાઈઝ, પૃ. ૮૦, રૂ. ૪૦. <u>ગુફતગુ</u> (ગઝલસંગ્રહ) લે. હનીફ સાહિલ, પ્ર. ધબક પ્રકાશન. ૧૫૫, સલીના પાર્ક, આજવા રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯ ડિમાઈ સાઈઝ, પૃ. ૧૦૮, રૂ. ૭૫. <u>ઊર્મિનાં મોતી</u> (મુક્તકો અને તઝમીન સંગ્રહ) લે. 'રાઝ' નવસારવી, પ્ર. 'નાઝ' પબ્લિકેશન્સ. ૨/૨૬૨૬, ચારપુલ રોડ, નવસારી-૩૯૬૪૪૫, ડિમાઈ સાઈઝ. પૃ. ૭૨, રૂ. ૪૦. <u>એક મૃત્યુ ઘણું સરળ</u> (વિશ્વશ્રેષ્ઠ લઘુનવલ) અનુવાદ : ડૉ. નલિન પંડ્યા, પ્ર. સૌ. ગીતા એન. પંડ્યા, ૬, નિત્યાનંદિની, વિ-૨, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧, ડિમાઈ સાઈઝ પૃ. ૧૩૬, રૂ. ૮૦. <u>અજંપોત્સવ</u> (કાવ્યસંગ્રહ) લે. 'અંજુમ' વાલોડી, પ્ર. કંકાવટી પ્રકાશન ૧૩-૧૪ સાંઈ સમર્પણ સોસાયટી, બામરોલી રોડ, ઉધના, સુરત-૩૯૪૨૧૦ ડિમાઈ સાઈઝ, પૃ. ૧૨૨, રૂ. ૭૦. <u>ગૃહલક્ષ્મી અને સમાજ</u> (લેખસંગ્રહ) લે. ભગવતી શાહ, પ્ર. કલ્પેશ શાહ, શાહ પબ્લિકેશન્સ, ૯૧, પ્રિન્સ્ટન ગાર્ડન, પીસ્કાટવે, ન્યૂ જર્સી ૩૨૮૮૫૪. ડિમાઈ સાઈઝ, પૃ. ૫૨, કિં. ડૉલર ૩. <u>સદ્‌ગુણદર્શન</u> (જીવનપાથેયલક્ષી જીવનચરિત્રો) લે. અવંતિકા ગુણવંત, પ્ર.આર. આર. શેઠની કંપની, ૧૧૦-૧૧૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, કેશવબાગ, મુંબઈ-૪૦૦ ૦૦૨ અને ફુવારા પાસે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું પૃ. ૧૭૨. રૂ. ૮૦. <u>સાહિત્યસંકેત</u> (લેખસંગ્રહ) લે. મોહનલાલ પટેલ, પ્ર. પોતે, ૫૦૧/૨૧, સત્યાગ્રહ છાવણી, સેટેલાઈટ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૫, ક્રાઉન સાઈઝ પાકું પૂઠું, પૃ. ૧૯૨, રૂ. ૧૦૦. <u>વેદનાનું વાચન</u> (સમાજને ચેતવણીરૂપ લેખો) સં. જમનાદાસ કોટેચા, પ્ર પોતે, માનસ પ્રદૂષણ નિવારણ કેન્દ્ર જોરાવરનગર-૩૬૩૦ ૨૦, ક્રાઉન સાઈઝ, પૃ. ૧૨૮, કિંમત જણાવી નથી. <u>સ્થિત પ્રજ્ઞ-લક્ષણ</u> (સામાન્ય વિવેચન) લે બાળકોના ભાવે પ્ર. સરોજ રા. પટેલ, ૩૫, આનંદવિહાર, આબાદ નગર, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮. <u>એકાદશ વ્રત</u> (વ્રતકથા) લે. બાળકોબા ભાવે, પ્ર. પજ્ઞ પ્રકાશન, ભૂમિ પુત્ર, હુજરાત પાગા, વડોદરા-૩૯૦ ૦૦૧, ડિમાઈ ૧/૩૨ સાઈઝ, પૃ. ૬૪, રૂ. ૧૦. <u>ફાઈલ-M</u> (રહસ્યકથાઓ) લે. જિતેન્દ્ર દવે. પ્ર. અરુણોદય પ્રકાશન, ૨૦૨, હર્ષ કૉમ્પલેક્ષ, ખત્રીપોળ, પાડાપોળ સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧ ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૧૨, રૂ. ૮૦. <u>મુસ્કરાયન</u> (હાસ્યકટાક્ષ વાર્તાસંગ્રહ) લે. નસીર ઈસમાઈલી, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૧૨૮, રૂ. ૫૦. <u>શોધ</u> (નવલકથા) લે. નિરંજન યાજ્ઞિક, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૪૦૮, રૂ. ૧૬૦. ચેતનાનો ઉજાસ (વિચારસંગ્રહ) લે. કાન્તિ ભટ્ટ, પ્ર. ઉપર મુજબ, ડબલ ક્રાઉન સાયઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૭૬, રૂ. ૨૦૦. <u>પ્રતિ</u> (લઘુકથા સંગ્રહ) લે. હરીશ મહુવાકર. પ્ર. પાર્શ્વ પબ્લિકેશન, નિશાપોળ નાકા, ઝવેરીવાડ, રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ક્રાઉન સાઈઝ, પૃ. ૫૬. રૂ. ૩૦. <u>વાર્તા આમ છે...</u> (વાર્તાસંગ્રહ) સંપાદન : હરીશ મહુવાકર / નટવર વ્યાસ, પ્ર. ઉપર મુજબ, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૬૪, રૂ. ૭૦. <u>કિલ્લેબંધી</u> (કાવ્યસંગ્રહ) લે. સંજુ વાળા, પ્ર. વ્યંજના, ૩, મારુતિનગર, 'દિનકર', એરોડ્રોમ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૧૦૦, રૂ. ૧૦૦. <u>ક્ષિતિકર્ષ</u> (કાવ્યસંગ્રહ) લે. મહેન્દ્ર જોશી, પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૯૬. રૂ. ૧૦૦. <u>અગ્નિપુંજ</u> (કાવ્યસંગ્રહ) લે. મહેન્દ્ર જોશી પ્ર. ઉપર મુજબ, ડિમાઈ સાઈઝ, પાકુ પૂંઠુ, પૃ. ૧૦૦, રૂ. ૧૦૦. <u>રામકૃષ્ણ દર્શન દોહન</u> (પદ્યભાવાનુવાદ) લે. ઉશનસ્, પ્ર. ઓમકાર ધામ, સનરાઈઝ એપાર્ટમેન્ટ્સ નવસારી-૩૯૬૪૪૫, ક્રાઉન ૧/૩૨ સાઈઝ, પાકુ પૂઠું પૃ. ૧૬૪, અમૂલ્ય. મરુભૂમિનું મેઘધનુષ : ડૉ. જયંત ખત્રી (ડૉ. ખત્રીનાં અપ્રકટ અલભ્ય સાહિત્યસંગ્રહ) સંપાદન : નીપાઠક્કર માણેકલાલ પટેલ, પ્ર. મનાંકરી પ્રકાશન, જૂની રામકૃષ્ણ હાઈસ્કૂલ પાસે, શ્યામજી કૃષ્ણ વર્મા રોડ, માંડવી-કચ્છ-૩૭૦૪૬૫. ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૩૩૯, રૂ. ૧૫૦. <u>બંધારણ સુધારાનાં સુચનાં :</u> લે. નાનુભાઈ નાયક, પ્ર. સાહિત્ય સંકુલ. ચૌટા બજાર, સુરત-૩૯૫૦૦૩ ડિમાઈ સાઈઝ, પૃ. ૪૮, <u>અમુલ્ય. બૃહદ વહીવટી શબ્દકોશ</u> (અંગ્રેજી ગુજરાતી) પ્ર. ભાષા નિયામક, ભાષાનિયામકની કચેરી, ગુજરાત, બ્લૉક નં. ૬૮૨, ડાં. જીવરાજ મહેતા ભવન ગાંધીનગર - ૩૮૨૦10 ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું પૃ. ૪૧૮, કિંમત જણાવી નથી. <u>કાંઠાનું જળ</u> (ટૂંકી વાર્તાસંગ્રહ) લે. કંદર્પ ર. દેસાઈ, પ્ર. ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. ડિમાઈ સાઈઝ પૃ. ૧૩૬, રૂ. ૭૦. <u>તડપ</u> (ગઝલસંગ્રહ) લે. દિનેશ ડોંગરે, પ્ર. નિયન્ત પ્રકાશન, ૩૯/સી, રામવાટિકા સોસાયટી, વૃંદાવન સોસાયટી પાસે, આયુર્વેદિક કૉલેજ રોડ, વડોદરા-૩૯૦ ૦૧૯ ડિમાઈ સાઈઝ, પૃ. ૧૦૦, રૂ. ૫૦. <u>સંભવામિ ગઝલે ગઝલે</u> (ગઝલસંગ્રહ) લે. રિષભ મહેતા, પ્ર. પોતે, રાગ-સ્વર પ્રકાશન, ૩૫-બી સમ્રાટ નગર, ગોધરા-૩૮૯૦૦૧, ડિમાઈ સાઈઝ, પૃ. ૬૪, રૂ. ૪૫. <u>એક દર્પણ પારદર્શક</u> (કાવ્યસંગ્રહ) લે. મંગળ રાવળ 'સ્નેહાતુર', પ્ર. ડૉ. દેવયોગી ફાઉન્ડેસન, મમતા કેન્દ્ર, નાની કડી-૩૮૨૭૧૫, ડિમાઈ સાઈઝ, પૃ. ૭૬, રૂ. ૪૦. <u>મતિર્મમ</u> (વેવેચનાત્મક નિબંધો) લે. રક્ષા દવે, પ્ર. પ્રા. ડૉ. રક્ષાબહેન પ્ર. દવે, જીવન કૉટેજ, ૪૩૯એ, અજવાસ, પ્રભુદાસ તળાવ ચોક, ભાવનગર-૩૬૪ ૦૦૧. ડિમાઈ સાઈઝ, પૃ. ૨૦૦, રૂ. ૮૫. <u>કૃષ્ણમયી</u> (કાવ્યસંગ્રહ) લે. પલ્લવી ભટ્ટ, પ્ર. પોતે, 'અભીપ્સા' ૨૨, ગોકુલ સોસાયટી, સાંઈનાથ રોડ, પેટલાદ, ડિમાઈ સાઈઝ. પૃ. ૮૪, રૂ. ૧૨૫. <u>વસ્લ</u> (કાવ્યસંગ્રહ) લે. રજ્જુ ઝવેરી, પ્ર. ગૌરાંગ ઝવેરી, સેન્કી કોર્ટ, ૧૯૩, સેન્કી રોડ, બેંગલોર-૫૬૦૦૮૦, ડિમાઈ સાઈઝ, પૃ. ૭૨, રૂ. ૩૫. <u>બા લાગે વહાલી</u> (કાવ્યસંગ્રહ) સંપાદક પ્રવીણ ભુતા. પ્ર. આર.આ. શેઠની કંપની. મુંબઈ - ૪૦૦ ૦૦૨-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ડિમાઈ સાઈઝ, પાકું પૂઠું. પૃ. ૨૩૨, રૂ. ૧૧૦. <u>મુક્ત પુષ્પાંજલિ</u> (સ્તોત્રસંગ્રહ) સંકલન-પ્રકાશકઃ ડાં. દેવશંકર પોપટલાલ દીક્ષિત, પાનેતર પાર્ટી પ્લાંટ પાસે, થલતેજ. અમદાવાદ ૫૯, ક્રાઉન સાઈઝ, પાકું પૂઠું, પૃ. ૨૭૬, રૂ. ૭૫. <u>ગીત પંખી</u> (કાવ્યસંગ્રહ) લે. જીત જોબન-પુત્રા, પ્ર. એસ.એસ. બી. પબ્લિકેશન, નાગોરીશાળા, રતનપોળ, અમદાવાદ-૩૮૦ ૦૦૧. ક્રાઉન સાઈઝ પૃ. ૧૦૬, રૂ. ૨૦. <u>ધારો કે એક સાંજ આપણે મળ્યાં....</u> (લઘુનવલ) લે. હેમંત મદ્રાસી, પ્ર. પોતે, 'લય' આર્ટ ગેલેરી, ૨-૬૫૧, છેલ્લો મોહોલ્લો, રૂસ્તમપુરા, સુરત, ક્રાઉન સાઈઝ, પૃ. ૧૬૪, રૂ. ૪૦. <u>તુટેલી</u> (એક) પાંખના પંખીની વ્યથા-કથા (ખંડિત દામ્પત્યની મનોવ્યથા) સંકલનઃ નાનુભાઈ જ. પંડ્યા, પ્ર. ભાવનગર વાન-પ્રસ્થવૃંદ, 'વંદના', પ્લોટ નં. ૨૯, વિદ્યાનગર, ચિત્તરંજન ચોક, ભાવનગર ૩૬૪ ૦૦૨ ડિમાઈ સાઈઝ, પૃ. ૬૦. રૂ. ૨૦. <u>નવી સમાજ વ્યવસ્થા</u> (એક વિચારણા) લે. નારાયણ હ. જાની, પ્ર. પોતે, 'પરમધામ', પ્લૉટ નં. ૧૬૮૮/બી, સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧ ક્રાઉન સાઈઝ, પૃ. ૨૪, રૂ. ૫, <u>બંદગી</u> (ભક્તિભાવ સભર ગઝલસંગ્રહ) લે. મનુભાઈ ત્રિવેદી 'ગાફિલ', પ્ર. સુબોધભાઈ ત્રિવેદી, 'સરોદ', નં. ૩, 'ગંગા-જમના-સરસ્વતી', યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧ ક્રાઉન સાઈઝ, પૃ. ૬૪, રૂ. ૨૦. <u>રામરસ</u> (ભક્તિરસના ૧૦૮ મણકાની માળા) લે. મનુભાઈ ત્રિવેદી 'સરોદ', પ્ર. આબુરાજ અન્ન ક્ષેત્ર, પાટડી, ક્રાઉન સાઈઝ, પૃ. ૯૬, રૂ. ૧૦.

સ્પિતિ
(દેશાટન-૨૮)



પૂર્વ તરફથી તિબેટ, ઉત્તર તરફથી લદ્દાખ અને દક્ષિણ તરફથી કુલૂ ઘાટીથી ઘેરાયેલો સ્પિતિ અને લાહૌલ ઘાટીનો પ્રદેશ ભારત-તિબેટ સંસ્કૃતિનું પ્રાકૃતિક સૌન્દર્યધામ છે.

સમુદ્રકિનારાથી ૪૫૮૦ મીટરની ઊંચાઈએ આવેલી કુંજુમ ખીણથી આ બે ઘાટીઓમાં જઈ શકાય છે. રામપુર અને મનાલીવાળા રસ્તેથી સ્પિતિ પહોંચી શકાય છે. મનાલીવાળો રસ્તો ભયાનક અને નિર્જન છે. બર્ફીલી શૃંખલાઓવાળું સ્પિતિ હિમાલયની મધ્યમાં આવેલું મરુસ્થળ છે. સમુદ્રતટથી ૧૪૨૦ ફુટની ઊંચાઈ પર આવેલું ત્યાંનું ખિબ્બર ગામ દુનિયાનું સૌથી ઊંચું આવાસીય સ્થળ મનાય છે. મનાલીથી ૪૫ કિ.મી. દૂર આવેલું રોહતાંગ પર્યટકો માટે પહેલો પડાવ હોય છે. સ્પિતિનું મુખ્ય નિવાસસ્થળ કાજા રોહતાંગથી ૧૫૦ કિ.મી. દૂર છે. પાકી સડક વગરનો રસ્તો પર્યટકોની કસોટીરૂપ છે. કુંજમ ખીણ પર પહોંચતાં જ પ્રાકૃતિક સૌન્દર્ય દશ્યમાન થાય છે. કુંજુમ ખીણ સ્પિતિનું પ્રવેશદ્વાર છે. કુંજુમદેવીના નામ પરથી કુંજુમ ખીણ નામ પડ્યું છે અને કુંજુમ દેવી યાત્રિકોનું રક્ષણ કરતી હોવાનું મનાય છે. કહેવાય છે કે કરોડો વર્ષ પહેલાં સ્પિતિનો ઘણો મોટો ભાગ સમુદ્રની નીચે હતો, ઊંચા પહાડો પરથી સમુદ્રી અવશેષો અત્યારે પણ મળી આવે છે. મનાલીથી કાઝી જીપ દ્વારા ૧૧ કલાકે પહોંચી શકાય છે. સ્પિતિમાં કી, તાબો અને ધન્કડ મુખ્ય મઠ છે. ૧૦૦૦ વર્ષ પુરાણો તાબો મઠ કાઝાથી ૪૭ કિ.મી. દૂર આવેલો છે. કી મઠમાં બૌદ્ધધર્મનાં પુસ્તકો, ભીંતચિત્રોનો ભંડાર છે. સોનાની, રત્નજડિત ચમ્બાની સુંદર પ્રતિમા ધન્કડમઠમાં આવેલી છે. સ્પિતિ જવા માટે જુલાઈથી ઑક્ટોબરમાસ સુધી રસ્તો ખુલ્લો હોય છે. એ સિવાય રસ્તા બરફથી ઢંકાયેલા હોય છે.

('યોગક્ષેમ'ને આધારે)



આર્દ્ર ક્ષણો

ચારે બાજુ લીલોતરી ને વચ્ચે નાનું વહેણ
ક્યારેક ક્યારેક સર્પ થઈને પવન ઉપાડે ફેણ
જગથી જૂનાં ઝાડ ઊભાં: પલાંઠી વાળી પહાડ
આ બંનેને વચ્ચે રહીને સૂરજ કરે ઉઘાડ
અંગે અંગે લીલા રંગનું મને ચડે છે ઘેન... ચારે બાજુ

('કોરે કાગળ સહી'માંથી) -મહેશ દવે

શિક્ષણમાં પરિવર્તનના પ્રણેતા વજુભાઈ દવે

સૌરાષ્ટ્રે સંતો આપ્યા, સાહિત્યકારો આપ્યા, રાજકારણીઓ આપ્યા, મૂક સેવકો આપ્યા એમ શિક્ષણ શાસ્ત્રીઓ પણ આપ્યા છે અને તેમાં મોખરાનું સ્થાન કોઈને આપવાનું હોય તો શ્રી વજુભાઈ દવેને આપી શકાય.

ગુજરાતમાં ગાંધીજીના આગમન પછી નૂતન શિક્ષણની હવા ઊભી થયેલી, જેમાં ગિજુભાઈથી શરૂ થયેલી આ પરંપરામાં વજુભાઈનું પ્રદાન પણ નોંધપાત્ર રહ્યું છે. આ શિક્ષણ શાસ્ત્રીએ તો મોન્ટેસરીના સિદ્ધાંત સાથે ગાંધીજીએ પ્રેરેલી રાષ્ટ્રભક્તિની દીક્ષા લીધેલી. તેઓ તો જન્મજાત શિક્ષક. એમનું વ્યક્તિત્વ પણ નિરાળું કોઠાસૂઝ તો એમની જ. ગિજુભાઈની જેમ જ વજુભાઈ પણ પ્રયોગશીલ શિક્ષક હતા. એમની શાળા કેળવણીના મૌલિક પ્રયોગોનું અનોખું ક્ષેત્ર બની રહી હતી.

બાળકો અને વાલીઓ તો વજુભાઈએ એવા પ્રેમથી જીતી લીધેલાં કે વાલીઓ પોતાનાં બાળકોને આ ગૌરવવંતા ગુરુજી પાસે મૂકી જાય.

'શારદામંદિર'માં ભણી ગયેલાં તો એમનાં માતાપિતા કરતાં એમના આ શિક્ષકનું વધું સ્મરણ કરે છે.

'શિક્ષકની મોટામાં મોટી મૂડી તેમના શિષ્યો છે.' આ સત્ય ચાલીસેક વર્ષની શૈક્ષણિક સેવાઓ પછી વજુભાઈની બાબતમાં સાચું ઠરે છે.

શાળાના સંચાલક તરીકે તેમજ દૃષ્ટિમંત શિક્ષક તરીકે તેમણે વાલીઓનો વિશ્વાસ સંપાદન કરી સહકાર્યકર્તાઓનો સાથ લઈ વિદ્યાર્થીઓના વિકાસનું કાર્ય જે સરસ રીતે કર્યું છે તે ખૂબ જ અભિનંદનીય છે. વર્ષો પહેલાંનો જમાનો અમદાવાદમાં એક હવા ચાલે કે બાળકોને પાયાની કેળવણી આપવી હોય તો શારદામંદિરમાંજ અપાય, બીજે ક્યાંય નહીં. આવું વાતાવરણ સર્જવાનો યશ વજુભાઈના ફાળે જાય છે. બીજી પ્રવૃત્તિની વાત કરીએ તો એમાં પણ શારદામંદિર એટલું જ આગળ. સંગીત અને અભિનયના ક્ષેત્રે પણ આ સંસ્થાનું મોટું નામ. આ સંસ્થાના વિદ્યાર્થીઓમાં નીડરતા, સ્પષ્ટ વક્તાપણું એ પણ આ સંસ્થાની જ ભેટ.



૧૯૨૪થી ૧૯૬૫ સુધી શારદામંદિરનો સુવર્ણકાળ એના યશભાગી તો વજુભાઈ જ.

આમ તો આ શિક્ષણગુરુ વજુભાઈ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ શહેરના વતની. તેઓ તેમનાં માતા-પિતાનું એકમાત્ર સંતાન. ૧૮૯૯ના મે મહિનાની બારમી તારીખે વઢવાણમાં તેઓશ્રીનો જન્મ થયેલો.

વજુભાઈની વિચારસરણી પણ અદ્‌ભુત. પરીક્ષા માટેની એમની વ્યાખ્યા જ જુદી 'નાપાસ થવું એટલે થાક ખાવા.' નાપાસ થવાનાં કારણો અનેક હોય છે. મોટામાં મોટું કારણ બાળકોનો સ્વભાવ હોય છે.'

તેઓ તો કહેતા કે 'કિમ્ કર્તવ્યમ્ કિમ્ અકર્તવ્ય'નો વિવેક સમજવામાં આવે તો વિદ્યાર્થી-આલમ અનેક આકર્ષણોમાંથી બચે,

તો જ સાચા અર્થમાં વિદ્યાર્થી રહી શકે. આ માટે માતાપિતાએ પોતાના અનેક પ્રકારના શોખ ઉપર કાબૂ મૂકવો જોઈએ. હિંસક પશુ પણ, પોતાનું બચ્ચું જગતમાં સ્વતંત્ર વિહાર ના કરી શકે ત્યાં સુધી પોતાનો સ્વભાવ-પલટો કરી તેની સંભાળ લે છે. જ્યારે માનવ માતા-પિતાના રાહતે એના એ જ છે. પશુપંખી પોતાના બચ્ચાં પાછળ તપસ્યાં કરે છે. જ્યારે માનવી તેવાં કોઈ સંયમ કે પરિવર્તનોમાં જાણે માનતો જ નથી... આ સ્થિતિમાંથી ઉગારવા દરેકે કાયાપલટ કરવી જોઈએ. પણ આ વિચાર કોણ સ્વીકારે ? રેડિયો, નાટક, સિનેમા જેવાં આકર્ષણો ઉપર સંયમ મૂકી તેનો લાભ લેવામાં વિવેક વાપરી કાયાપલટના મંગલાચારણ કરવાનું મન કોણ કરે ?

શારદામંદિર-વિનયમંદિરની મુખ્ય બે લૉબીની દીવાલ ઉપર વજુભાઈએ પોતાના જીવન-આદર્શોને અનુલક્ષતાં ચિત્રો દોરાવ્યાં. એક કૃષ્ણસુદામા અને સાંદિપનિ ગુરુ-શિષ્યનું ભાવ-મિલન દર્શાવતું ચિત્ર, બીજું એકલવ્ય અને ગુરુ-દક્ષિણાનું ગુરુ-શિષ્ય ના આ આદર્શો આ રીતે શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં મનમાં સતત મૌન પ્રેરણા આપ્યા કરે તે માટે દોરાવ્યાં હતાં.

શારદામંદિરના આંગણે માત્ર જ્ઞાનસરિતા જ વહેતી એમ કહીએ તો કાંઈક ખૂટતું લાગે. અહીં તો જરૂર પડ્યે ત્યાગ અને સમર્પણની સરિતાઓ વહેતી પણ જોવા મળી છે અને આનો યશ વજુભાઈના ફાળે જાય છે. શારદામંદિરના શિક્ષકગણને જો જપમાળાનું પ્રતીક ગણીએ, તો વજુભાઈ એ માળામેર (મુખ્ય પારો) હતા એમ કહેવું જ યોગ્ય લેખાય. આમ તો તેઓ કેળવણીના કારીગર એક આર્ષદ્રષ્ટા આચાર્ય હતા.

બાળકોના તો તેઓ ખૂબ જ પ્રિય. ગિજુભાઈ પછી 'મૂછાળીબામા'નું બિરુદ વજુભાઈને મળેલું. તેઓ શિક્ષકોને હમેશાં કહેતા 'બાળા તેના શા દકાળા ?' જેની નજીક બાળક હોય, જે બાળકોની નજીક હોય તેને દુઃખ (કાળ) શા માટે હોય ? આ સૂત્રમાં સૌ વિશ્વાસ ધરાવતા.

બાળકના સાર્વત્રિક વિકાસ સાથે, સંસ્થાનો શિક્ષક સુખમય જીવન જીવી શકે એ ભાવનાને સ્થાપનાર આ ગરવા ગુરુજીને કેવી રીતે ભૂલી શકીશું ? કોટી કોટી વંદન એ ! -યશવંત કડીકર

તરબૂચ

આયુર્વેદમાં તરબૂચનું કાલિંદ અને કલિંદ નામ છે. તરબૂચ કાંઠા સુધી ભરેલા માટીના ઠંડા મોટા ઘડા જેટલું શીતળ અને મધુર પાણી આપે છે એટલે અથવા કલિંદ નામના પર પ્રથમ ઉત્પન્ન થયું હતું તથી તેને કાલિંદ કહે છે. તેનો ગર્ભ રાતો, મધુર, ઠંડો, સ્વાદિષ્ટ અને રુચિકર હોઈ ઉનાળાની સખત ગરમીમાં તરબૂચ બરફની ગરજ સારે છે. તેથી લોકો લાડમાં તેને 'લાલ-કલિંગર' પણ કહે છે.

ફારસી બોલીમાં તેનું નામ 'હિંદવાના' છે. તેથી લાગે છે કે આપણા ભારત દેશમાં સદીઓથી તરબૂચ થતાં હશે.

ખેડૂતો નદીના કાંઠા પર આવેલાં તેમનાં ખેતરોની જમીનમાં તથા નદીના રેતાળ પટમાં વાડા બાંધીને તેમાં તરબૂચનાં બીજ રોપે છે. તરબૂચનાં બીજમાંથી વેલા થાય છે. વેલાને એરંડાનાં પાનને મળતા આકારનાં તેનાથી નાનાં પાંચ ખાંચાવાળાં પાન થાય છે. પાન પડખે સફેદ ફૂલ અને ફૂલમાં તરબૂચ થાય છે. સફેદ તરબૂચ લીલા તથા સફેદ પટ્ટાવાળાં અને લંબગોળ હોય છે. કાળાં તરબૂચ સંપૂર્ણ કાળાં, ગોળ અને બહુ મીઠાં હોય છે. કૂણાં કાચાં તરબૂચની કઢી તથા શાક બનાવીને ખેડૂતો ખાય છે તે સ્વાદિષ્ટ લાગે છે.

કાચાં તરબૂચ ઝાડાને રોકે તેવાં ઠંડાં અને પચવામાં ભારે છે તેથી આંખની રોશની, પિત્ત તથા વીર્ય ઘટે છે. પાકેલાં તરબૂચ ગરમ, કંઈક ખારાં તથા પિત્ત કરતાં હોઈ કફ તથા વાયુને મટાડે છે. (ભાવપ્રકાશ નિઘંટુ આમ્રાદિ વર્ગ શ્લોક ૪૨).

આયુર્વેદના અન્ય ગ્રંથોમાં તેને શીતળ, બળકારક, મીઠું, તૃપ્તિકર, ગુરુ-ભારે, પુષ્ટિકારક, મળને રોકનાર તથા કફકારક કહ્યું છે. તે ઠંડા અને પચવામાં ભારે હોઈ લાંબા વખત સુધી દરરોજ વધુ પડતું ખવાય તો પિત્ત, વીર્ય તથા ધાતુઓને ઘટાડે છે.

સરસ પાકેલાં તરબૂચના લાલ ગર્ભના ટુકડા ચાવીને રસ પેટમાં ઉતારવો અને તેના **fibres** રેસા રહે તે ગળી જવા. રેસા દીપન-પાચન અને બળકારક હોય છે તેથી પાચનશક્તિ વધે છે અને શરીર પુષ્ટ થાય છે. રસની શીતળતાથી ગરમીને લીધે થતો દાહ, મૂત્રકૃછ (પેશાબ ઓછો ઊતરતો હોય અને પેશાબ કરતી વખતે બળતરા થતી હોય તે) તથા ચાંદીનો રોગ મટે છે.

ઉનાળાના સખત તાપમાં બહાર ફરવાથી લૂ લાગવાથી માણસને શરીરની અંદર તથા બહાર બળતરા અને મૂત્રકૃછ થઈ જવાથી બળતરા સાથે ટીપે ટીપે પેશાબ થતો હોય છે ત્યારે પાકેલા રાતા મીઠા તરબૂચનો દોઢ-બે કપ રસ કાઢી તેમાં એક ગ્રામ જીરાનું ચૂર્ણ તથા દસ-પંદર ગ્રામ સાકર મેળવીને પીવાથી ગરમી તથા બળતરા મટે છે અને પૂર્વવત્ પેશાબ ઊતરવા માંડે છે.

પાન-સોપારીના વ્યસની માણસોને વધુ પડતી સોપારી ખાવાથી વિકાર થાય છે. તેના પર તરબૂચ સારું કામ કરે છે. દરરોજ વારંવાર અતિશય સોપારી ખાનાર વ્યક્તિની ભૂખ મરી જાય છે અને કફનો રોગ થાય છે. તેના પર પાકેલા તરબૂચનો રાતો મીઠો ગર્ભ ખાવાથી સારું થાય છે. સોપારી ઉપવિષ-ઘેન સાથે નશો ચઢે અને દિવસે દિવસે ધીમે ધીમે સ્મૃતિ, બુદ્ધિ, બળ તથા શક્તિનો નાશ થાય તેવું ધીમું ઝેર હોઈ લીલી કે નવી સોપારી ખાવાથી નશો ચઢે છે. તરબૂચ ખાવાથી તે નશો ઊતરે છે.

મૂત્રેંદ્રિય પર ગરમીને લીધે ચાંદી પડી હોય કે ઝીણી ફોડકીઓ થઈ હોય તો તરબૂચની ચોરસ ડગળી કાઢી, તેમાં તરબૂચના કદના પ્રમાણમાં ૫૦થી ૧૦૦ ગ્રામ ખાંડ નાખી, ડગળી પાછી બેસાડી તેને રાત્રે ચંદ્રની શીતળ ચાંદની તથા ઝાકળમાં રાખવું અને સવારે લઈ લેવું. પછી થોડી થોડી વારે તેમાંનું ઠંડું મીઠું પાણી પીવું તથા ગર્ભ ખાવો તેથી ચાંદી તથા ફોડકીઓ મટે છે અને દાહનું શમન થાય છે.

તરબૂચમાં કાળાં બીજ થાય છે. તેમાંથી મીંજ નીકળે છે, તે સફેદ હોય છે. તેનું તેલ કાઢીને ઘા કે પાકીને ફૂટેલા ગૂમડામાં જંતુ પડ્યાં હોય તેના પર લગાવવાથી જંતુ-જીવડાં મરે છે અને ગૂમડાનું નારું ઝડપથી રુઝાય છે. ચોમાસાના દિવસોમાં કીચડમાં ફરવાથી અને કાંટાઝાંખરાંમાં ફરવા-ચરવા જવાથી પશુઓની ખરીમાં તથા અન્ય સ્થળે વ્રણ થયાં હોય અને તે પાકીને ઊંડાં ઘારાં પડીને તેમાં જંતુઓ થઈ ગયાં હોય તેમાં તરબૂચનાં મીંજનું તેલ ભરવાથી જંતુઓ મરે છે અને ઘારુંનારું ઝડપથી રુઝાય છે. આથી ખબર પડશે કે આપણે જેને નકામાં માનીને ફેંકી દઈએ છીએ તે તરબૂચનાં બીજમાં ઉત્તમ પ્રતિરોધક, ઝડપથી રૂઝ લાવે તેવું અને જંતુનાશક તેલ હોય છે.

કાળાં તરબૂચ ગુણમાં ઉત્તમ, મીઠાં, બળવર્ધક, નાડીઓ તથા સ્નાયુમાં રસ વધારીને શરીરને પુષ્ટ કરનાર મનાય છે. સફેદ તરબૂચમાં કંઈક ઓછો ગુણ તથા મીઠાશ ઓછી હોય છે. સિવાય તેના ગુણ પણ કાળાં તરબૂચ જેવા હોય છે.

('નવનીત સમર્પણ'માંથી ટૂંકાવીને) -વૈદ્ય રમણિકલાલ ઠાકર

સોનેરી ચોખા

વિટામિન 'એ'ની ઊણપ કેટલાક રોગોને નોંતરે છે. દક્ષિણ એશિયા, આફ્રિકા, લૅટિન અમેરિકા જેવા દેશોના ચોખા ખાનાર લોકોમાં આ ખામીને લીધે ૫૦ લાખ બાળકો આંખના રોગોથી દર વરસે પીડાય છે. તેમાંના ઘણાખરાં આંખો ગુમાવે છે. જીવનભર અંધાપાના ભોગ બને છે. વિટામિન 'એ'ની ખામી VAD વાડના નામે ઓળખાય છે. યુનિસેફના અંદાજ પ્રમાણે દુનિયાનાં ૧૨-૧૩ કરોડ બાળકો વાડથી પીડાય છે. વાડ દૂર થાય તો વરસેદહાડે ૧-૪ વર્ષનાં ૧-૨ કરોડ બાળકો તથા ૦.૨૫-૦.૫ કરોડ મોટાં બાળકોને મોતના પંજામાંથી બચાવી શકાય. આ માટે સોનેરી ચોખા ઉપયોગી નીવડશે.

સોનેરી ચોખાને દુનિયાભરમાં પહોંચાડવા માટે એક સંગઠન - હ્યુમેનિટેરીઅન બૉર્ડની રચના કરવામાં આવી છે. તેમાં તેના સંશોધક વૈજ્ઞાનિકો, સ્વિટ્ઝરલૅન્ડના પ્રોફેસર પોટ્રિક્સ અને જર્મનના પ્રોફેસર પીટર લૅયર, કૉરબેલ યુનિવર્સિટીના ડૉ. રોની, સીગ્નેટા કુ.ના સેક્રેટરી ડૉ. ઍડ્રેઇન ડ્યૂબોક, આંતરરાષ્ટ્રિય ચોખા સંશોધન કેન્દ્રના ઇરીના વૈજ્ઞાનિક ડૉ. વિલિયમ પેડોલીના, વર્લ્ડ બૅન્કના પ્રતિનિધિ ડૉ. અશોક શેઠ, રૉકફેલર ફાઉન્ડેશનના ડૉ. ગ્રે, ઇન્ડો-સ્વિસ બાયોટેકનોલૉજી લૅબના ડૉ. જેનીની નિમણૂક કરવામાં આવી છે. આ ખાનગી અને જાહેર ક્ષેત્રના સહકારથી ચાલનારું સંગઠન છે.

સોનેરી ચોખામાં બિટા-કેરોટીન અને બીજા કેરોટીનૉઇડ જે વિટામિન એ 'બનાવી શકે છે તે હોવાથી વાડ દૂર થાય છે. લીલાં શાકભાજી અથવા પ્રાણીજન્ય પદાર્થો અથવા વિટામિનની ટીકડીઓ લેવાથી વાડ દૂર થાય છે, જે ગરીબો માટે મુશ્કેલ છે. તેથી સોનેરી ચોખા ઉપયોગી નીવડશે.

રૉકફેલર ફાઉન્ડેશન, સ્વિસ ફેડરલ ઇન્સ્ટિટ્યૂટ ઑવ્ ટેકનોલૉજિ, યૂરોપીયન કૉમ્યુનિટી બાયોટેક પ્રોગ્રામના સંયુક્ત ભંડોળથી ૧૯૯૩થી આ સંશોધન શરૂ થયું છે. પ્રયોગશાળામાં સોનેરી ચોખા સફળ થયાં પછી તેને ખેતરોમાં ખેડૂતો સુધી પહોંચાડવા માટે જાન્યુઆરી ૨૦૦૧માં તેને ઇરીમાં આપ્યા છે. ઇરી ૧૧ દેશોની પ્રયોગશાળામાં ચકાસશે. તેમાં જરૂરી સુધારા-વધારા કરશે. તે માટે ૩-૪ વર્ષે લાગશે. તે પછી સફળ થતાં એશિયા-આફ્રિકાના ખેડૂતોનાં ખેતરોમાં તેની ચકાસણી કરવામાં આવશે.

ઇરીના સોનેરી ચોખાના વિકાસના કાર્યક્રમમાં ઉપરોક્ત સંસ્થાઓ ઉપરાંત જપાન, નેધરલૅન્ડ, અમેરિકા, યૂરપ, વિદેશોની જાહેર સંસ્થાઓ તેમજ ખાનગી વ્યાપારી કંપનીઓ આર્થિક સહાય કરશે. વિશ્વનાં ૧૬ આંતરરાષ્ટ્રિય કૃષિ સંશોધન કેન્દ્રોમાંનું એક ઇરી છે. સી.જી.આઇ.એ.આર. ક્યુમ્યુલૅટિવ ગ્રૂપ ઑવ્ ઇન્ટરનૅશનલ એગ્રિકલ્ચર રીસર્ચ પણ સોનેરી ચોખાના સંશોધનને મદદ કરશે, તથા તેની માન્ય સંસ્થા ફ્યુચર હાર્વેસ્ટ દ્વારા સોનેરી ચોખાને દુનિયાના ગરીબ ખેડૂતો સુધી પહોંચાડાશે. ફ્યુચર હાર્વેસ્ટ સંસ્થાના પ્રતિનિધિમાં ડૉ. સ્વામીનાથન, અમેરિકન માજી પ્રમુખ રેગન, નૉર્મન બોરલોગ, મહંમદ યુનુસ, ફ્રાન્સિસ પીટર, મેકનારા, રાણી નૂર, આદિ. ખ્યાતનામ વ્યક્તિઓને લીધી છે. સોનેરી ચોખાના સંશોધનને વહેલી તકે ગરીબ દેશોના ખેડૂતો અને ચોખા ખાનારાઓ સુધી પહોંચાડવા પોતાની સેવાઓ આપવાની ઇચ્છા વ્યક્ત કરી છે. સોનેરી ચોખાના સંશોધનમાં આર્થિક મદદ કરનારી ખાનગી વ્યાપારી કંપનીઓ પોતાનો હક્ક રાખશે નહિ.

એકવીસમી સદીમાં, ત્રીજી સહસ્રાબ્દીમાં, વૈશ્વિક સ્તરે બાયો ટેકનોલૉજિની સફળતા માનવ કલ્યાણ માટેની એક અમૂલ્ય દેણગી, એક નજરાણું, સોનેરી ચોખા બની રહેશે. -રાજુભાઈ જંત્રાણિયા (વ્યારા)

પ્રકૃતિનું પાવરહાઉસ આગિયો

વિધાતાની અજબ સૃષ્ટિમાં ગજબનું સર્જન હોય તો તે છે આગિયો. વર્ષાઋતુમાં ગાઢ જંગલની ગીચ વનરાજિમાં ટમટમ પ્રકાશ સાથે ચારે દિશામાં તે ઊડતો દેખાય છે. આદિકાળથી તે માનવજાતિને આકર્ષી રહ્યો છે. એમાંથી કુદરતી નાની આગ જેવો પ્રકાશ રેલાતો હોવાથી તેને આગિયો કહેવામાં આવે છે. એને અંગ્રેજીમાં firefly કહે છે.

નર અને માદા આગિયા આકારમાં એકમેકથી ભિન્ન હોય છે અને માદા નરથી મોટો આકાર ધરાવે છે. સામાન્ય રીતે આગિયાની લંબાઈ બેથી ત્રણ સેન્ટિમીટર જેટલી હોય છે. એનો દેહ સ્લેટિયા ભૂરા રંગનો હોય છે, પણ પેટનો નીચલો ભાગ સફેદ કે મહદંશે પારદર્શક હોય છે. આ જગ્યાએથી જ પ્રકાશનો ચમકારો પ્રકટ થતો હોય છે. માદાના બેસવાથી એનું પેટ ઉપર ઊંચકાય છે અને એ કારણથી એમાંથી પ્રગટ થતો પ્રકાશ દૂર સુધી દેખાવા પામે છે.ઊડતા દેખાતા આગિયા પૈકી મોટા ભાગના નર આગિયા હોય છે, કેમ કે માદા આગિયા બહુ ઊડી શકતી નથી. પણ ઊલટી રીતે નર આગિયાનો ચમકારો કે ઝબકારો માદા આગિયા કરતાં ઓછો ને ફિક્કો હોય છે. આમ હોવાથી નર આગિયાનો વિશિષ્ટ ચમકારો માદા આગિયાને શોધી કાઢવામાં મદદરૂપ થતો હોય છે. આ ચમકારો તેને કાર્યસાધક બનતો હોય છે. માત્ર ચમકારાની વિશિષ્ટતાથી કોઈ નર આગિયો અયોગ્ય માદા આગિયા પાસે પહોંચી જાય તો તેનું આવી જ બને, કારણ કે એ પરાયા ને અજાણ્યા એવા પોતાના પ્રશંસકને તે મોતને ઘાટ જ ઉતારી દે છે. રાતના સમયે જંગલોમાં ઊડતી વખતે નર આગિયો લયબદ્ધ રીતે ચમકારો-ઝબકારો પ્રકટ કરે છે અને તે ઝાડ પર બેઠેલ માદા આગિયાને આકર્ષે છે.

આગિયાના એક ઝબકારા અને બીજા ઝબકારા વચ્ચેના સમયનું અંતર ચાર-છ સેકંડનું હોય છે. એવું નથી કે માત્ર મોટા આગિયા જ ઝબકારો પ્રકટ કરતા હોય છે, પણ એનાં ઈંડાં તથા નાનાં બચ્ચાં પણ અજવાળું પ્રકટ કરતાં હોય છે. એમને ગ્લોવર્મ નામ અપાય છે. આગિયામાંથી પ્રકટ થતા ઝબકારના તીવ્ર અજવાળાની મદદથી પુસ્તકની એક એક લીટી ક્રમશઃ વાંચી શકાય છે. બહુ જૂના સમયમાં ચીન ને જાપાનમાં વિદ્યાર્થીઓએ આવો ઉપયોગ કર્યાનું નોંધાયું છે. એક આગિયાનો ઝબકારો એ મીણબત્તીના ચાલીસમા ભાગ જેટલા પ્રકાશ બરાબર હોય છે. આગિયાનો ઝબકારો એક રાસાયણિક પ્રક્રિયાને કારણે પ્રકટતો હોય છે. આગિયાને પેટી જેવું નાનકડું અવયવ પેટના પાછલા ભાગમાં હોય છે. એના બે સ્તર હોય છે. એ કોશિકાનો નીચલો સ્તર પ્રકાશ પેદા કરે છે ને ઉપલો સ્તર તેનું પરાવર્તન કરે છે. એનો ઝબકારો પેદા કરનારા અવયવમાં હવામાં પ્રસારિત કરનારી સૂક્ષ્મ ને ખૂબ નાની નળીઓ હોય છે. પેટની નીચલા ભાગમાં લ્યૂમિફેટિન નામક રસાયણ ભરેલું હોય છે. હવાના સંપર્કથી જ્યારે એ રસાયણ ન્યૂમિફેટિન ઍન્જાઈનના સંસર્ગમાં આવે છે ત્યારે એ ઑક્સિલ્યૂમિફેટિનમાં પલટાઈ જાય છે. આ પ્રક્રિયા દરમ્યાન વધારાની ઊર્જા અજવાળાના ઝબકારાના રૂપે પેદા થતી હોય છે. આવી પ્રક્રિયા વારંવાર થતી હોવાથી આગિયો ચમક ચમક થયા કરતો હોય છે. એનો પ્રકાશ ૪૫૦થી ૬૦૦ નૈનો મીટરની લંબાઈનો હોય છે. એનો રંગ સફેદ, દૂધિયો, નીલો, લીલો કે લાલ હોય છે. -ડૉ. ધર્મેન્દ્ર માસ્તર

> અધરાત હો, મધરાત હો, ઘર હો કે હો મેદાન ત્યાં
> ટચલી ગ્રહી તુજ આંગળી, સારા જગતમાં જઉં વહી.
>
> — સુન્દરમ્

એક વાર બુદ્ધ શ્રાવસ્તી આવ્યા ત્યારે ત્યાંના રાજા વિદુદર્ભે બુદ્ધની રાજમહેલમાં પધરામણી કરીને તેનાં કુટુંબીઓએ તેને દાસીપુત્રી પરણાવી અન્યાય કર્યાની વાત ક્રોધપૂર્વક જણાવી. બુદ્ધે શાન્તિથી જવાબ આપ્યો કે, અગાઉ શાણા નગરજનોએ એક લાકડાં વીણતી કઠિયારાની કન્યાને મહારાણીપદે સ્વીકારી હતી અને તેનો પુત્ર વારાણસીનો મહારાજા થયો હતો, જેનું નામ હતું કાઠિવાહન. શ્રાવસ્તીના રાજાનો ક્રોધ આ સાંભળી શમી ગયો અને કુટુંબીઓ પ્રત્યે પ્રેમાદરથી વર્તવા લાગ્યો.

*

કાકડાશીંગી, નાગરમોથ અને અતિવિષ આ ત્રણે ઔષધો સરખા ભાગે લઈ તેનું ચૂર્ણ એક ચમચી મધમાં ચણાના દાણા જેટલું સવારસાંજ ચટાડવાથી બાળકોને ઉધરસ, તાવ અને ઝાડા મટે છે.

*

ઈ.સ. ૧૪૮૨માં ટપાલની વહેંચણી કરવાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. ત્યારે ઘોડાઓ ઉપર ટપાલ લઈ જવામાં આવતી. ઘોડાઓને આરામ મળે તે માટે દરેક ૨૦ માઈલના અંતરે તેને બદલી નાખવામાં આવતા.

*

હિંગ, કપૂર અને આંબાની ગોટલી સરખે ભાગે લઈ ફુદીનાના રસમાં ઘૂંટી ચણા જેવડી ગોળીઓ બનાવી લેવાથી કૉલેરામાં ફાયદો થાય છે.

*

ઈ.સ. ૧૬૫૭માં પૅરિસમાં સૌપ્રથમ ફાઉન્ટન પેન અને પગનાં મોજાં બનાવવામાં આવ્યાં હતાં.



કુંજો આકારમાં
કુંજો શબ્દ
(મહેબૂબ એ. સૈયદ)

दुमपत्तए पंडुयए जहा णिवडइ राइगणाण अच्चए ।
एवं मणुयाण जीवियं समयं गोयम मा पमायए ॥

જેમ રાત્રિ અને દિવસનો કાળ વીતતાં ઝાડનાં પીળાં પડી ગયેલાં પાંદડાં ખરી પડે છે તેવી રીતે મનુષ્યનું જીવન-આયુષ્ય પણ સમાપ્ત થઈ જાય છે. માટે હે ગૌતમ, સમયમાત્રનો પ્રમાદ કર નહિ.

સાઈરન ટ્રી : સુદાનના જંગલી વિસ્તારમાં એક વૃક્ષ થાય છે. આ વૃક્ષ જૂનું થાય કે તરત જ જંગલી કીડીઓ તેના થડને કોતરી ખાવાનું શરૂ કરે છે, જેના કારણે તેમાં કાણું પડે છે. આ કાણામાંથી પવન જ્યારે પસાર થાય છે ત્યારે જાણે કોઈ કંપનીની સાઈરન વાગતી હોય તેવો તીણો અવાજ ઉત્પન્ન થાય છે.

*

ગણિતગમ્મત

નવેમ્બર ૧૯, ૧૯૯૯ એ ગઈ સદીના કૅલૅન્ડરની છેલ્લી તારીખ હતી કે જેમાં દરેકે દરેક આંકડો એકી હતો.

આવી પરિસ્થિતિ ફરીને હવે જાન્યુઆરી પહેલી, ૩૧૧૧ની સાલ પહેલા પરિણમશે નહિ, અને તે દિવસ જોવા માટે આપણામાંથી કોઈ જીવિત હશે નહિ !

-કિશોર ન. ગોરધનદાસ

*

શિક્ષક : રાજુ, તું આવતા જન્મમાં શું બનવા માગે છે ?

રાજુ : જીરાફ !

શિક્ષક : કેમ ?

રાજુ : એટલા માટે કે તમે મને તમાચો ન મારી શકો ?

*

ઈ.સ. ૧૫૭૭થી ૧૫૮૦ના સમય દરમિયાન ઈંગ્લિશ દરિયાખેડુ ફ્રાન્સીસ ડ્રૅકે સમગ્ર પૃથ્વીની દરિયાવાટે સફર કરી હતી.

ઈંગ્લન્ડની રાણી વિક્ટોરિયાએ તેની હકૂમતનાં ૫૦ વર્ષ ઈ.સ. ૧૮૮૭માં પૂરાં કર્યાં ત્યારે તેની સુવર્ણજયંતી ઊજવવામાં આવી હતી. તે ઈંગ્લન્ડની ગાદીએ ઈ.સ. ૧૮૩૭માં બેઠી હતી. તેનું અવસાન ૧૯૦૧માં થયું હતું.



હિલ સ્ટેશને શાંતિ અને ઠંડક મળશે એમ સમજીને આવ્યાં તો ખરાં, પણ અહીં તો માણેકચોક કરતાં વધુ ગિરદી છે અને ગરમી તો શહેરનેય શરમાવે તેમ છે !

*

કલાકણિકા : તાન્ગ વંશનો માટીનો બનેલો ચીની કૂંજો, જેનો હાથો ડ્રૅગનના આકારનો છે અને સમગ્ર કૂંજા પર ફૂલવેલની ભાત છે. તેમાં પશ્ચિમી અસરનો અણસાર વર્તાય છે.

